# વીણેલા મોતી - ભાગ ૧

કીતાબોમાં કોઇ પણ ભુલ દેખાય તો જાણ કરવા વીનંતી

hajinajitrust@yahoo.com

# અનુક્રમણીકા

ખુદા પરસ્તી અને ઈમાન..........................................19

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને ઇબ્ને અલીલ અવજાની વાતચીત..................................19

ઇન્સાનની વ્યાકુળતા પણ ખુદાની દલીલ છે. .............22

અબુલ હસન અલી બિન મયસમ અને એક નાસ્તિકનો વાર્તાલાપ......................................................24

ખુદાને ઓળખતું બાળક ........................................29

ખુદાને ઓળખનાર વઝીર .....................................33

ખુદાને ઓળખનાર વૃધ્ધા.......................................37

દરેક હસ્તીનું હોવુ ખુદાના હોવાની દલીલ છે.............40

ઈમાન સદા અણીશુધ્ધ હોવુ જોઈએ..........................43

એક રાહિબનું માર્ગદર્શન..........................................47

બહેલૂલ દાના અને અબૂ હનીફા...................................52

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ખુદાના વજૂદની શું દલીલ બયાન કરે છે ? ..........................58

લોકોની મહત્તાનું ત્રાજવુ..........................................60

ધ્યાન પાત્ર વિષય..................................................63

હઝરત અબ્દુલ અઝીમ હસનીનો અકીદો....................65

આ દલીલ પર ધ્યાન આપો.......................................73

કેટલીક રિવાયતો...................................................78

આડંબર કુફ્ર અને શિર્કનું ગુપ્ત.......................................84

એક મુર્ખનો દાવો........................................84

બુત પરસ્ત કાફિરનો અંજામ..................................88

ખુદા પરસ્ત, મોઅતઝલી અને મુશબ્બહા..................101

શદ્દાદ અને તેની જન્નત.....................................104

દંભી અને કયામત...........................................114

આડંબરથી બચવાનો એક દ્રષ્ટાંત..........................119

રિયા (દંભ) કેટલો ગુપ્ત હોય છે. ..........................121

રિયાકારી આબિદ.............................................123

ઘણી ગમગીન હવા..........................................127

રિયાકાર હડધૂત કેમ થાય છે...............................130

કેટલીક રિવાયતો....................................................136

નબીઓની પયરવીનું પરિણામ....................................142

મોઅમિનની મહત્તા ..............................................142

દેખતા અને આંધળો...............................................148

જન્નતમાં મોમિનના ઘરનું ક્ષેત્રફળ ............................151

સય્યદ રઝી અને સત્ય સંકલ્પ ...................................155

જો લોકો અલ્લાહની ફરમાબરદારી કરતે તો ભક્ષક પ્રાણીઓ તેમની તાબેદારી કરતે.............................159

ઇમામની અનુયાયીઓ પર મમતા...........................162

એહલેબૈત અલય્હેમુસ્સલામનો સંપર્ક સાધો...............168

ઇમામના અનુયાયીઓની મૌત...............................175

હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ અને તબીબ......................................................179
ઇમામના અનુયાયીઓ નિર્ધન નથી હોતા..................183
ઇમામનું લશ્કર...................................................186
રોશીદ હજરીની તાક્ત...........................................190
ઇમામની શક્તિનો આછો પરિચય...........................199
કુમેત અને તેમનો અકીદો......................................205
જ્યારે સિંહ ઘેટાંઓનો રખેવાળ બને........................209
સલમાનને ઓળખો...............................................219
મયસમે તમ્મારની મહત્તા.......................................223
કેટલીક રિવાયતો...............................................228

મા બાપની આજ્ઞા પાળવી........................................232

મા બાપની સેવા કરનાર, નબીઓનો સહવાસી..........232

ફઝલ બરમકીની બીમારી અને બાપની નારાજી.........237

મા-બાપની નારાઝી મૌતને દુષ્કર બનાવે છે. ...........244

કપાતર સંતાનો................................................248

કાફર મા-બાપનો આદર .......................................252

જેહાદ કે મા-બાપની સેવા ચાકરી..........................259

મા-બાપની ફરમાબરદારી અને રોઝી બહોળી થવી.....261

ઇમામ અલય્હિસ્સલામ કોનાથી મોહબ્બત કરે છે? ......268

ઇમામે ઝમાના અ.ત.ફ.શ. ની પિતા માટે ભલામણ ....271

ઉવય્સે કરની અને માની ચાકરી............................277

બાપની બદદુઆની અસર......................................280

માનો હક કેટલો છે?..........................................292

રૂહાની બાપનું પણ ઋણ અદા કરો..........................296

કેટલિક રિવાયતો.................................................304

કુટુંબીઓથી દયાભાવ................................................311

ઇમામ સાદિક અલય્હિસ્સલામ અને મન્સૂર દવાનકી...311

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સિલે રહમી........................................322

બંદાઓના કાર્યો ઇમામ અલય્હિસ્સલામની સામે રજૂ થાય છે..............................................................330

આપ્તજનોથી ન લડો.........................................334

કત્એ રહમથી વય ઘટી જાય છે...........................338

સગાઓથી ગેરવર્તાવ કરનારને દોસ્ત ન બનાવો......341

સિલેરહમીનો જીવન સાથે સીધો સબંધ....................346

સગાવ્હાલાઓને મળવાથી પ્રેમની લાગણીઓને ઉત્તેજન મળે છે...........................................................353

કત્એ રહેમ (સગાવિરોધી) ને આ સઝા પણ મળી શકે છે. ..................................................................362

કેટલિક રિવાયતો..............................................373

સય્યદોના આદરમાન (સાદાતોનો એહતેરામ)..............377

એક વેપારી અને સાદાતનો હિસાબ.........................377

ઇસાઈ અને એહલેબૈતની સહાયતા.........................384

જયારે એક સય્યદાણીથી સાદાત હોવાની ગવાહી માંગવામાં આવી...................................................393

એક સય્યદાણી અને અબ્દુલ્લાહ બિન મુબારક..........404

મુતવક્કિલ અબ્બાસીની માનો સય્યદો સાથે વર્તાવ....410

સાદાતની સાથે ભલાઈ.........................................420

નસરૂલ્લાહ બિન અયનયન અને સાદાત બની દાઊદ.427

સાદાત સાથે કેવો વર્તાવ કરવો જોઈએ...................434

સાદાત બુઝુર્ગો માટે કલંકનો ટીકો ન બને................440

સાદાત સાથે ઉધ્ધતાઈ.........................................449

ઇમામે બાકિર અલચ્હિસ્સલામથી સાંભળો.................452

કેટલિક રિવાયતો.................................................455

કમજોરો અને યતીમો પર મહેરબાની..........................462

ઇમામો અલય્હેમુસ્સલામ આ રીતે મદદ ર્ક્યા કરતા હતા. ..................................................................462

સય્યદ જવાદ આમેલી અને નિર્ધન પાડોશી.............467

ઇસ્લામ ગરીબને બહુ મહત્વ આપે છે......................473

ભુખ્યા કુતરા પર દયા..........................................476

મુકદ્દસે અર્દબેલી અને દુકાળ.................................478

અલ્લામા મજલિસીના મકબૂલ આમાલ....................481

જરૂરતમંદોની સહાય, માંગવા પહેલા કરવી જોઈએ....496

દયાપાત્ર લોકો.....................................................499

હઝરત ઇમામ અલી અલય્હિસ્સલામથી સબક લ્યો.....508

અનાથના પાલન પોષણનું ફળ..............................513

ઇમામ હુસૈન અલય્હિસ્સલામ અને જનાબે મુસ્લિમના યતીમો ........................................................518

આ પણ વાંચો...................................................521

કૌટુંબિક પરંપરાની ફરી સ્થાપના............................525

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ચારિત્ર્ય........................................................533

જનાબે ઝેહરા સલામુલ્લાહે અલય્હાથી સખાવત શીખો.540

જનાબે સલામુલ્લાહે અલય્હા ના હારની બરકત.........549

કેટલિક રિવાયતો...............................................561

બંદાઓના હક્કો.........................................................567
લોકોના માલથી બચવું. .........................................567
ગળાનો હાર અને અલી બિન અબી રાફેઅ...............570
બાળક પર દૂધની અસર.........................................574
હારૂન રશીદ અને બહેલુલ દાના..............................582
બહેલુલ દાનાની હિંમત અને નિડરતા ......................585
ખલીફાનો ખોરાક...................................................589
માનવાધિકારનો એક નમૂનો...................................591
મુકદ્દસ અર્દબેલીનો સંયમ .......................................593
અકીલની માંગણી...................................................595

શું બહેલુલ દાના ખરેખર પાગલ હતા ? ..................600

કાઝીનો હોદ્દો અને લોકોના અધિકાર........................604

કાઝીએ આ રીતે ફેંસલો કરવો જોઈએ.....................608

માનવાધિકારોનું સુક્ષ્મ દર્શન .................................611

ગરીબ અને નિરાધાર ..........................................614

અંગૂઠીના હિસાબથી ડરવાવાળો ..............................617

કયામતના હિસાબનો એક દાખલો ..........................630

હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી
વસલ્લમનું ચારિત્ર્ય ...........................................633

હઝરત અલી અલય્હિસ્સલામના દોસ્તોને ઓળખો. .....642

કેટલિક રિવાયતો.............................................653

અમાનતની હિફાઝત..............................................658

શેખ અબી ઉસ્માનની પ્રમાણિક્તા ...........................658

ઇબ્રાહીમ અધમની બાગબાની.................................665

વિશ્ર્વાસઘાતી અત્તરવાળો ......................................671

એક બીજો વિશ્ર્વાસઘાતી.......................................679

દરેક શખ્સ અમીન બનવાને લાયક નથી.................684

જરૂરી ખુલાસો...................................................688

જેટલુ જેનું પાત્ર છે એટલો જ એ શાંત (ચૂપ) છે.......690

હકના રહસ્યો જાણવાની સહનશીલતા.....................694

કોઈની અમાનતમાં ખયાનત ન કરો.......................697

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની નસીહત ......699
ખયાનતની સઝા ..................................................705
આપણે તબ્લીગ કેવી રીતે કરવી.............................719
કેટલિક રિવાયતો.................................................723
જૂઠ બોલવાના નુક્સાનો...........................................728
જૂઠી કસમ ખાવાનું પરિણામ...................................728
મન્સૂર હલ્લાજના ખોટાપણાની પોલ ખૂલી ગઈ .........737
ઝકરિયા રાઝીનું જૂઠું લખાણ...................................742
જૂઠ બધા ગુનાહોની જડ છે.....................................747
સલૂનીના જૂઠા દાવેદારોની બદનામી.......................749

જૂઠું બોલવાવાળાને સઝા મળી ગઈ.........................762

જૂઠની ભારી કિંમત................................................767

જૂઠનો અઝાબ......................................................775

જૂઠો ખુશામદખોર..................................................777

આવો એક સાચાને ઓળખીએ..................................784

અબૂઝર જૂઠી મસ્લેહતમાં પણ માનતા નહોતા...........796

ખુશામદ કમીનાપણાની નિશાની છે..........................798

# ખુદા પરસ્તી અને ઈમાન

## હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ અને ઇબ્ને અલીલ અવજાની વાતચીત

બેહારુલ અન્વારમાં  અલ્લામા મજલિસી લખે છે કે હિશામ બિન અલ્હકમ કહે છે કે હું હઝરત ઇમામે જઅફરે  સાદિક અલયહિસ્સલામની સેવામાં હાજર થયો. થોડી વાર પછી મશહૂર નાસ્તિક ઇબ્ને અલીલ અવજાઅ ઇમામ આલી મકામની સેવામાં હાજર થયો.

તેણે ખુદા એક હોવાના પ્રશ્ન વિશે આપ અલયહિસ્સલામથી ચર્ચા કરી. આપ

અલય્હિસ્સલામએ તેને ફરમાવ્યું :
શું તારો કોઈ બનાવવાવાળો પણ છે ? અને શું તું કોઈ કારીગરની કળા છે કે તું વગર બનાવે છો. અર્થાત શું તને કોઈએ બનાવ્યો છે અને આ જગતમાં મોકલ્યો છે કે કોઈના બનાવ્યા વગર તું ખુદ પોતે પૈદા થઈ ગયો ?

ઇબ્ને અલીલ અવજાએ કહ્યું : મને કોઈએ નથી બનાવ્યો.

આ સાંભળી આપે ફરમાવ્યું : વારૂ એ બતાવ કે જો તને કોઈએ બનાવ્યો હોત તો પછી તારૂ રંગ રૂપ અને ઢંગ કેવા હોત ? અર્થાત તારા આ રૂપ રંગમાં

આ નાસ્તિકથી આ સવાલનો કોઈ જવાબ ન બની શક્યો અને શરમાઈને બહાર ચાલ્યો ગયો.

## ઇન્સાનની વ્યાકુળતા પણ ખુદાની દલીલ છે.

અલ્લામા મજલિસી બેહારુલ  અન્વારમાં લખે છે કે એક શખ્સે ઇમામ સાદિક અલયહિસ્સલામથી અરજ કરી કે: મૌલા ! નાસ્તિકો મારાથી ખુદાના અસ્તિત્વ વિશે ઘણા ઝઘડે છે. આપ ખુદાના વજૂદ માટે  કોઈ નક્કર દલીલ બતાવો કે હું તેઓને ચુપ કરી શકું.

આપ અલયહિસ્સલામએ ફરમાવ્યું : શું તને કદી એવો પ્રસંગ નડયો છે કે વહાણ       ડુબવા નજીક પહોંચી ગયું હોય અને દેખીતી રીતે કોઈ બચવાની આશા ન રહી હોય અને કોઈને તાક્ત ન હોય કે તેને બચાવી શકે ?

તેણે કહ્યું : જી હા , આવો અકસ્માત નડયો છે.

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તો એવા નિરાશાના સમયમાં તારા દિલમાં બચવાની કોઈ આશાનું કરિણ હતું ? અર્થાત તું એવે સમયે સમજતો હતો કે કોઈ ગૈબી શક્તિ તને આ આપત્તિમાંથી ઉગારી શકે છે ?

તેણે કહ્યું : જી હા.

તો આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એ અલ્લાહની હસ્તી હતી.

## અબુલ હસન અલી બિન મયસમ અને એક નાસ્તિકનો વાર્તાલાપ

અલી બિન મયસમ જે બે સબંધોથી હઝરત મયસમે તમ્મારના વંશ માંથી હતા. અને પોતાના સમયના અત્યંત બુધ્ધિશાળી અને વિદ્વાન ઇન્સાન હતા. એક દિવસ તેઓ મામુન રશીદના વઝીર ફઝલ બિન સુહૈલની બેઠકમાં ગયા. તો તેમણે ત્યાં જોયુ કે એક નાસ્તિક ભૌતિક્વાદી મજલિસના એક અગ્ર ભાગમાં ઉંચા સ્થાને બેઠેલો છે અને બાકી બધા લોકો તેનાથી નીચેના સ્થાને બેઠેલા છે. અને એ શખ્સ ખુદાનો છડેચોક ઇન્કાર કરી રહયો હતો. અને હાજર લોકો ઘણા ધ્યાન પુર્વક તેની વાતો

સાંભળી રહ્યા હતા. આ દ્રશ્ય જોઈને અલી બિન મયસમને ઘણુ દુ:ખ થયું અને એ નાસ્તિકની વાત કાપતા તેમણે વઝીરને સંબોધી કહ્યું : માનનીય વઝીર આજ આપના ઘરની બહાર એક વિચિત્ર દ્રશ્ય જોયું.

વઝીરે અચરજથી પૂછ્યું : આપે શું જોયું ?

અલી બિન મયસમે કહ્યું : "મેં એક વહાણને જોયુ જેમાં કોઈ નાવિક ન હતો , પણ તે વહાણ કોઈ ખારવાની સહાય વગર આપો આપ ધક્કા પર આવીને લાગી ગયું. અને ત્યાંથી સવારોને પોતાની અંદર સવાર ર્ક્યા પછી વહાણ ચાલી નીકળ્યું. અને

લોકોને આપના ઘરની પાસે ઉતાર્યા પછી અહીંથી સવારીઓ ઉઠાવી અને પોતાની મંઝિલે ચાલી નીકળ્યું અને તેણે ત્યાં બધા મુસાફરોને ઉતાર્યા. ”

વઝીરના જવાબ દેવા પહેલા તે નાસ્તિક બોલી પડયો અને કહ્યું : માનનીય વઝીર ! આ શખ્સની અક્કલમાં કુતૂર (ખરાબી) આવી ગયો છે. અને આ શખ્સ પાગલ જેવી વાતો કરી રહયો છે. અને આ શખ્સ અશક્ય અને અસંભવિત વાતોનો દાવો કરે છે. તમે પોતે વિચારો કે નાખુદા વગર વહાણ દરિયાની સફર કેવી રીતે કરી શકે છે ? અને ખારવા વગર પોતાના ધાર્યા સ્થળે કેવી રીતે પહોંચી શકે છે ?

નાસ્તિકની આ વાત સાંભળી અલી બિન મયસમે કહ્યું : મુર્ખ હું નથી તું છો. જયારે કોઈ વહાણ નાખુદા વગર એક દરિયાને આપો આપ ઓળંગી શક્તુ નથી તો અસ્તિત્વનો આ અગાધ સમંદર જે તને દેખાય છે તેમાં અસ્તિત્વો કેવી રીતે સફર કરી શકે છે. નાખુદા વગર નાવ પણ નથી ચાલી શક્તી તો ભલા ખુદા વગર આ વિશ્ર્વ કેવી રીતે ચાલી શકે છે ?

આ હજારો આકાશગંગાઓ , તારાઓ, ગ્રહો પોતપોતાની ધરી પર કોઈ પણ સર્જનહાર અને સંચાલક વગર કેવી રીતે સફર કરી શકે છે ?

હવે તું પોતે બતાવ કે મેં અશક્ય વતાનો દાવો ક્ર્યો છે કે તે ?

નાસ્તિકથી આ પ્રશ્નનો કોઈ જવાબ ન બની શક્યો અને અત્યંત લિજ્જત થયો અને તેને ખાતરી થઈ ગઈ કે અલી બિન મયસમે તેને પરાજિત અને લાજવાબ કરવાના હેતુથી વહાણની દાસ્તાન ઘડી છે. એટલે તે શરમાઈને બહાર ચાલ્યો ગયો. વઝીર ફઝલ બિન સુહયલ આ વાર્તાલાપ સાંભળી ઘણો પ્રભાવિત થયો.

જયારે હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામની સદભાગી વિલાદતનો સમય નજીક આવ્યો તો જ્યોતિષીઓએ નમરૂદને ખબર આપી કે આ વરસે એક એવુ બાળક જન્મનારૂ છે જે તારી હુકૂમતને ખેદાન મેદાન કરી નાખશે અને તને હડધૂત કરશે.

નમરૂદે આ ખબર સાંભળી હુકમ આપ્યો કે આ વરસે દેશમાં જે પણ બાળક જન્મે તેને કત્લ કરી નાખવામાં આવે.

હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામનો પવિત્ર જન્મ થયો તો તેમની પુજ્ય માતાએ નમરૂદના સિપાઈઓના ડરથી પોતાના દિલના ટુકડાને એક કપડામાં વિંટાળીને તેને એક ગુફામાં લઈ આવી. પુત્રને ગુફામાં સુવરાવ્યો અને ગુફાના મોઢા ને સારી રીતે બંધ કરી દીધુ. અને પોતાના ઘરે પાછી આવી ગઈ.

બીજા દિવસે તેને તક મળી તો ગુફાની પાસે આવી અને ગુફાના મોઢાને ખોલી નાખ્યું અને પુત્રને જોયો તો તેને પોતાનો બેટો સહીસલામત નજરે પડયો અને બાળકે અંગુઠાને પોતાના મોંમા નાખ્યો

હતો અને તેને  ચુસી રહયો હતો અને અલ્લાહની કુદરતથી તેમાંથી દૂધ નિકળી રહ્યું હતું અને બાળક તેનાથી તૃપ્ત થઈ રહ્યું હતું.

બીબીને જયારે પણ તક મળતી. ગારમાં આવી પોતાના બાળકને જોતી હતી. અને તેને દૂધ પીવરાવતી રહેતી હતી. આવી રીતે સાત  વરસનો ગાળો વિતી ગયો. ઇબ્રાહીમ અલહિસ્સલામ સંપૂર્ણ રીતે સમજભાન અને ચપળતા રાખતા હતા.

એક દિવસ તેમણે પોતાની માતૃશ્રીને પૂછ્યું કે આપણને પૈદા કરનાર કોણ છે ?

માએ કહ્યું કે નમરૂદ દાવો કરે છે કે તેણે આપણને પૈદા કર્યા છે.

ઇબ્રાહીમે માને પૂછ્યું તો પછી નમરૂદને પૂછવું જોઈએ કે તને કોણે પૈદા કર્યો છે ?

માએ જયારે પુત્રની આ દલીલ સાંભળી તો સમજી ગઈ કે નમરૂદની હુકૂમતનો અંત એમના જ હાથે થવાનો છે.

# ખુદાને ઓળખનાર વઝીર

એક બાદશાહ કુફ્ર અને નાસ્તિક્તા તરફ ઢળી ગયો. એ બાદશાહનો એક વઝીર તવહીદમાં માનનારો હતો અને તેનાથી બાદશાહની આ સ્થિતિ પર સખ્ત ગુસ્સો ચડતો રહતો. અને હંમેશા એ વિચારતો હતો કે બાદશાહને આ કુફ્ર અને અંધકારમાંથી કઈ રીતે કાઢવામાં આવે. અને આ રાજયની એક પરંપરા હતી કે હર સાલ વઝીર પોતાના બાદશાહને એક આરોગ્યદાયક સ્થળ પર દાવત આપતો હતો. જેવો જ તે દાવતનો સમય નિકટ આવ્યો તો વઝીરે બાદશાહને કહ્યું : કે આ વરસે હું તમને ફલાણા

નિર્જન અને ઘાસચારા વગરના સ્થળે દાવત આપવા માંગુ છું.

બાદશાહે કહ્યું : કે એ જગ્યા તો રહેવાને લાયક નથી. ત્યાં ન તો કોઈ ઇમારત છે અને ન તો કોઈ પ્રકારના ઝાડપાન. એવી પડતર ઝમીન પર દાવત સારી નથી લાગતી.

વઝીરે કહ્યું : રાજ્યપાળ ! આપને એ સાંભળી ઘણો આનંદ આવશે કે ત્યાં સુંદર ઝરણાઓ ફુટી નિકળ્યા છે અને કોઈના બનાવ્યા વગર ત્યાં ભવ્ય મહેલો ઊભા થઈ ગયા છે.

આ સાંભળી બાદશાહ હસ્યો અને વઝીરને કહ્યું : કે શું તમે પાગલ થઈ ગયા છો. એ વાત કેવી રીતે બુધ્ધિમાન્ય થઈ શકે કે મિસ્ત્રી વગર ઇમારત બંધાઈ જાય અને ખેડુત વગર કોઈ ખેતર આપોઆપ ઉગી આવે અને માળી વગર બગીચો બની જાય.

વઝીરે આ તકનો લાભ લેતા કહ્યું : બાદશાહ સલામત જયારે વગર કડિયે એક નાની એવી ઇમારત નથી બંધાતી અને માળી વગર બાગ ઉભો નથી થતો તો આ અનેક દુનિયાઓ , ચાંદ, તારા, ગૃહો, આવડી મોટી ધરાની સમૃધ્ધિઓ અને

આસમાનની વસ્તીઓ બનાવવાવાળા વગર આપો આપ કેવી રીતે બની શકે છે ?

બાદશાહે જયારે આ વાત સાંભળી તો તેને પોતાના વિચારોની ભુલ સમજાણી અને ખુદાના અસ્તિત્વનો સ્વિકાર કરી લીધો.

## ખુદાને ઓળખનાર વૃધ્ધા

એક વખત હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ   પોતાના અનુયાયીઓની એક જમાત સાથે ક્યાંક જઈ રહ્યા હતા રસ્તામાં તેઓ અલય્હિસ્સલામને એક વૃધ્ધા દેખાણી જે ચરખામાં સુતર કાંતી રહી હતી.

અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામએ એ વૃધ્ધાને પૂછ્યું : તે તારા ખુદાને કેવી રીતે ઓળખ્યો ?

આ સાંભળી વૃધ્ધાએ ચરખા પરથી હાથ ઉપાડી લીધો. થોડીજ પળોમાં ચરખો રોકાઈ ગયો.

વૃધ્ધાએ કહ્યું : મેં મારા પાલનહારને આ ચરખાને લીધે ઓળખ્યો આ નાનો એવો ચરખો પોતાની ગતિ માટે મારો મોહતાજ છે. જો હું હાથ ખેંચી લઉ તો આ ચરખો થંભી જાય છે. જયારે એક ચરખો કોઈ ચાલક વગર ચાલી નથી શક્તો તો આ મહાન આકાશી મંડળો કોઈ સર્જક તથા ચાલક વગર કેવી રીતે હરક્ત કરી શકે છે ?

આ મંડળોની ચાલ એકજ પ્રમાણમાં ચાલે છે. સૂરજ અને ચાંદ સદા પોતાના સમયે જ ઉગે , અને આથમે છે. તેનાથી મને સમજાયું કે વિશ્ર્વનો એક પાલનહાર છે જે ઘણો હિકમત વાળો છે.

હઝરત અલી અલય્હિસ્સલામ એ પોતાના અનુયાયીઓ સામે જોયું અને ફરમાવ્યું : તમારે આ વૃધ્ધ સ્ત્રીની જેમ ખુદાને ઓળખવો જોઈએ.

## દરેક હસ્તીનું હોવુ ખુદાના હોવાની દલીલ છે.

એક વટેમાર્ગુ કોઈ જંગલમાંથી પસાર થઈ રહયો હતો તેણે જોયું કે ઝાડ પર કોઈ ચકલીનો માળો છે અને તે ચકલી એટલી સખત  ગભરાયેલી છે અને વિહવળતામાં ચૂં ચૂં કરી રહી છે. તેની અવાજ સાંભળી વટેમાર્ગુને ખાતરી થઈ ગઈ કે અત્યારે આ ચકલીને કોઈ ખતરો છે જેના કારણે તે  ભયભીત થઈ ગઈ છે એટલે એ વટેમાર્ગુએ ઝાડને ધ્યાનથી જોયું તો તેને દેખાયું કે  એક કાળો નાગ વૃક્ષ પર ચડી રહયો છે. હવે તેને સમજમાં આવ્યું કે ચકલી

બિચારી આ કારણે હાયવોય કરી રહી છે કેમકે આ નાગ માળામાંથી તેના બચ્ચાને ખાઈ જશે.

એ જ અરસામાં તે વટેમાર્ગુએ જોયુ કે ચકલી ઉતાવળે ઉતાવળે એક બીજા ઝાડ તરફ ગઈ અને ત્યાંથી તેણે પાંદડા કાપ્યા અને  પોતાના માળાના ફરતા પાથરી દીધા અને પછી બીજી ડાળી ઉપર જઈ બેસી ગઈ.

વટેમાર્ગુ આ દ્રશ્યને  ઘણા રસપુર્વક જોવા  લાગ્યો. તેણે જોયું કે કાળો નાગ ઝાડ પર ચડયો એ માળા તરફ ધસ્યો પરંતુ જયારે  તેણે એ પાંદડા જોયા તો માળાથી દુર હટી ગયો અને પાછો ચાલ્યો ગયો.

વટેમાર્ગુને યકીન થઈ ગયું કે ચકલીએ જે   પાંદડા પોતાના માળાની આસપાસ પાથર્યા હતા તે સાપના માટે કાતિલ ઝેર હતા. એટલે નાગે પોતાની ખેર એમાંજ સમજી કે તે માળાથી દૂર થઈ જાય.

તો આ નાના જાનવરોને આવી જડીબુટ્ટીઓની અસરનું જ્ઞાન કોણે દિલમાં નાખ્યું. આ વસ્તુઓને જોઈ બુધ્ધિવાન એજ ફેંસલો કરશે કે વિશ્ર્વના દરેક જીવનું જીવન ખુદાના અસ્તિત્વની દલીલ છે.

## ઈમાન સદા અણીશુધ્ધ હોવુ જોઈએ.

હઝરત સુલેમાન અલય્હિસ્સલામ કોઈ સ્થળેથી પસાર થઈ રહ્યા હતા કે તેમણે એક નર કીડાને પોતાની કીડીથી એમ કહેતા સાંભળ્યો  કે તું અંતે આટલી દૂર કેમ રહે છે. જયારે કે હું એટલો તાકાતવાન છું કે જો ઈચ્છું તો સુલેમાનના તખ્તના કુરચા બોલાવી સમંદરમાં ફેંકી દઉં.

હઝરત સુલેમાને તેની વાત સાંભળી સ્મિત  વેર્યું અને હઝરત સુલેમાને તે નર કીડાને પોતાની પાસે બોલાવ્યો અને તેને  પૂછ્યું : બતાવ શું તારી પાસે તખતને દરિયામાં ફેંક્વાની તાક્ત છે ?

કીડાએ જવાબ આપ્યો લેશ માત્ર નહીં મારી તાક્તની તો આપને ખબર છે. પરંતુ નરે માદાને પ્રભાવિત કરવા આવી જાતની વાતચીત કરવી જોઈએ જેથી માદા તેનાથી દબાઈને રહે અને બીજી વાત એક આશિક હંમેશા મજબૂર હોય છે અને આશિકને નિંદાપાત્ર ન સમજવો જોઈએ.

ત્યાર પછી માદા કીડીને હઝરત સુલેમાન અલય્હિસ્સલામએ ફરમાવ્યું : તું તારા ધણીનું કહેવુ કેમ નથી પાળતી ? જ્યારે કે તે તને અત્યંત ચાહે છે.

માદા કીડીએ કહ્યું : તે પોતાના પ્રેમદાવામાં ખોટો છે. તે મારાથી પ્યાર મોહબ્બતનો દાવો તો કરે છે , પરંતુ બીજાઓની મોહબ્બત પણ તેના દિલમાં મૌજૂદ છે.

માદાની આ વાતચીતથી હઝરત સુલેમાન ઘણા પ્રભાવિત થયા અને ખુદાના પ્રેમમાં રોવા લાગ્યા અને પુરા ચાલીસ દિવસ સૂધી તેમણે લોકોને હળવું મળવું બંધ કરી દીધુ. અને લગાતાર દુઆ માંગતા રહ્યા કે એ પાલનહાર મારા દિલમાંથી અન્યોની મોહબ્બત કાઢી નાખ અને તારો અણીશુધ્ધ આશિક બનાવ.

આજથી થોડા અરસા પહેલા પશ્ચિમ આફ્રિકામાં સખત લડાઈ થઈ હતી અને તેમાં હજારો ઇન્સાન કપાઈ મર્યા હતા. લડાઈના અંત પછી એક ઇસાઈ પાદરી પોતાના દેવળમાંથી બહાર નિકળ્યો તો તેણે એક સિપાહીને અત્યંત ઝખ્મી હાલતમાં જોયો. તે તેને ઘણી મહેનતે પોતાના દેવળમાં લઈ આવ્યો અને તેનો ઇલાજ કરતો રહયો. ઘણા સમય પછી એ સિપાહી તંદુરસ્ત થઈ ગયો અને રાહિબ હંમેશા તેની સામે પોતાની ધાર્મિક ક્રિયાઓ બજાવી લાવતો હતો અને ખુદાની સ્તૃતિ અને પ્રાર્થના ક્ર્યા

કરતો હતો. પાદરીને આશા હતી કે ઝખ્મી પણ તેને જોઈને ઇબાદત કરવા લાગશે પણ સિપાહી પર તેની ઇબાદતની કોઈ અસર ન થઈ.

પાદરીએ સિપાહીને કહ્યું કે તમે તમારા ખુદાની ઇબાદત કેમ નથી કરતા ? જેણે તમને ફરી જીવન આપ્યું.

સિપાહીએ કહ્યું કે હું એક કાલ્પનિક ખુદાની ઇબાદત હરગિઝ નથી કરી શક્તો. ખુદાનું કોઈ અસ્તિત્વ નથી. આ બધા તમારા વહેમ છે.

પાદરીએ સિપાહીને જવાબ સાંભળ્યો તો ચૂપ થઈ ગયો. પછી આ વિષય પર ઘણા દિવસો સૂધી તેનાથી કોઈ વાત ન ઉચ્ચારી.

એક દિવસ પાદરી સિપાહીને લઈને સહેલ સપાટા માટે બહાર નિકળ્યો , જમીન પર તેને એક જાનવરના પગલાના નિશાન દેખાયા. પાદરીએ સિપાહીને પૂછ્યું આ શું છે ? સિપાહીએ કહ્યું અહીંથી કોઈ પ્રાણી પસાર થયું છે અને આ તેના પગલાના નિશાન છે.

પાદરીએ કહ્યું : આપણે તો કોઈ પ્રાણીને નથી જોયુ. આપણે કેમ માની લઈએ કે અહીંથી કોઈ જાનવર પસાર થયું છે ?

સિપાહીએ કહ્યું : આપણુ જોવુ જરૂરી નથી. આ પગલાના ચિહ્નો એ પ્રાણીની દલીલ છે.

પાદરીએ કહ્યું : વારૂ , એ બતાવો જયારે તમે જાનવરને નથી જોયુ તેના પગલા જોઈને ફેંસલો કરી લીધો કે અહીંથી જાનવર પસાર થયું છે, તો તમે ખુદાને પણ નથી જોયો. પરંતુ શું તમે ખુદાએ ઘડેલી મખ્લૂકને પણ કદી નથી જોઈ ? આ ધરતી,

આકાશ, ચાંદ, સુરજ આખર આ પણ તો ખુદાના હોવાની દલીલ છે.

પાદરીની આ દલીલ સાંભળી સિપાહી શરમીંદો થઈ ગયો અને અલ્લાહ પર ઈમાન લઈ આવ્યો અને પાદરીના માર્ગદર્શનનો આભાર માન્યો.

## બહેલૂલ દાના અને અબૂ હનીફા

એક વખત બેહલૂલ અબૂ હનીફાની મજલિસ પાસેથી પસાર થયા. અબૂ હનીફા સબક ભણાવવામાં પ્રવૃત હતા અને કહી રહ્યા હતા કે મને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના ત્રણ મસઅલાથી વિરોધ છે.

૧) હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ કહે છે કે ક્યામતના દિવસે ઇબ્લીસને દોઝખની આગમાં નાખવામાં આવશે. અને હું આ વાતથી સહમત નથી કેમકે ઇબ્લીસની ઉત્પત્તિ આગમાંથી

થઈ છે, ભલા આગને આગ કેવી રીતે બાળી શકે છે ?

૨) હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ કહે છે કે ખુદાના દીદાર અશક્ય છે. પણ હું આ બાબતમાં તેમનાથી વિરુધ્ધ છું.  કેમકે ખુદા મૌજૂદ છે અને દરેક મૌજૂદ જોઈ શકાય છે.

3) હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ કહે છે કે ઇન્સાન ખુદ મુખ્તાર છે જયારે કે હું કહુ છું કે બંદો પોતાના કાર્યોનો ઘડનાર નથી. બધા કાર્યો અલ્લાહ તરફથી છે.

હઝરત બેહલૂલે ત્રણે મસઅલા ધ્યાનથી સાંભળ્યા અને એક માટીનું ઢેફુ ઉપાડીને અબૂ હનીફાને માર્યું અને ભાગી ગયા.

માટીનું એ ઢેફુ અબૂ હનીફાના કપાળે લાગ્યું અને અબૂ હનીફાને સતત દુ:ખાવો થયો. અબૂ હનીફા પોતાના શાગીર્દો સાથે બહેલુલની પાછળ દોડયા અને તેમને પકડી પાડયા અને પકડીને તેમને ખલીફાના દરબારમાં લઈ ગયા.

બેહલૂલે ખલીફાના દરબારમાં પૂછ્યું કે તમે મને અહીં શા માટે લાવ્યા છો ? આખર મેં તમારૂ શું બગાડયું છે ?

અબૂ હનીફાએ ખલીફાથી કહ્યું કે તેણે મને માટીનું ઢેકુ માર્યું છે અને મને તેના કારણે સતત દુ:ખાવો થાય છે.

બેહલૂલે કહ્યું : અગર તમે સાચા છો તો મને તમારૂ દર્દ દેખાડો.

અબૂ હનીફાએ કહ્યું : જનાબ એણે મને માટીનું ઢેકુ માર્યું છે.

બેહલૂલે કહ્યું એ અબૂ હનીફા આ માટી તમને કઈ રીતે ઇજા પહોંચાડી શકે. તમે પોતે પણ તો માટીના બનેલા છો. અને તમે હમણા કહી રહ્યા

હતા કે ઇબ્લિસને દોઝખની આગ કઈ રીતે બાળશે કે ઇબ્લિસની ઉત્પત્તિ આગથી થઈ છે અને આગ આગને કેવી રીતે બાળશે.

ફરી બહેલૂલે કહ્યું : ખલીફા સાહેબ હું તદ્દન નિર્દોષ છું. આ લોકો મને નાહક સજા કરાવવા માંગે છે.

અબૂ હનીફાએ કહ્યું : તે મને ઢેકુ માર્યુ તો તું નિર્દોષ કેમ થઈ શકે છે ?

બેહલૂલે કહ્યું પરંતુ થોડીવાર પહેલા તમે તમારી પાઠશાળામાં એમ કહી રહ્યા હતા કે બંદો પોતે કંઈ નથી કરી શક્તો. આ જગતમાં જે કંઈ થઈ રહ્યું છે

તે ખુદા તરફથી જ થઈ રહ્યું છે. હવે જો તમને ઢેકુ લાગ્યું છે તો ઢેકુ મારનાર હું નહીં બલ્કે ખુદા છે.

આ સાંભળી અબૂ હનીફાને પોતાની ભૂલ સમજાણી અને સમજી ગયો કે બેહલૂલના એક ઢેફાએ તેના ત્રણે દ્રષ્ટિકોણોનું ખંડન કર્યુ છે.

હારૂન રશીદ બેહલૂલની વાતો સાંભળી હસ્યો અને બંન્ને પક્ષવાળાઓને દરબારમાંથી જવાની રજા આપી.

## હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ખુદાના વજૂદની શું દલીલ બયાન કરે છે ?

ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછવામાં આવ્યું કે આપની પાસે ખુદાના વજૂદની શું દલીલ છે ?

ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ જવાબ આપ્યો કે મારો વજૂદ અને મારી હસ્તી ખુદાની દલીલ છે. કેમકે જો હું કહુ કે હું મારી  જાતને બનાવનાર પોતે જ છું તો આ દાવો બે સ્થિતિથી ખાલી નથી.

૧) મેં મારી જાતને એ સમયે બનાવી જયારે હું મૌજૂદ હતો તો આ વ્યર્થ છે.

૨) મેં મારી જાતને એ સમયે બનાવી જયારે હું મૌજૂદ નહોતો. એ અસંભવિત છે. કેમકે શુન્ય પોતાને વજૂદમાં નથી લાવી શક્તી. એટલે મને યકીન છે કે એક હસ્તીએ મને પૈદા ર્ક્યો છે અને તેના પર ન હોવુ (અદમ) અશક્ય છે.

## લોકોની મહત્તાનું ત્રાજવુ

એક આલિમના શિક્ષણ વર્ગમાં સદા હજારો વિદ્યાર્થીઓ હાજર રહેતા હતા અને તેમાં કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ હતા, જેમણે પોતાની વહાલી જીંદગીનો એક મોટો ભાગ શિક્ષણ લેવામાં વિતાવ્યો હતો.

એજ વિદ્યાર્થીઓમાં એક અલ્પવયનો વિદ્યાર્થી પણ હતો. ઉસ્તાદ સાહેબ બીજાઓની તુલનામાં તેના પર વધારે મહેરબાન હતા અને તેનું માન જાળવતા હતા. ઉસ્તાદની આ મહેરબાની કેટલાક

પૂર્વગામી વિદ્યાર્થીઓને પસંદ ન આવી અને તેમણે ઉસ્તાદથી આ વાતની શિકાયત કરી.

ઉસ્તાદે એક દિવસ બધા વિદ્યાર્થીઓને એકઠા કર્યા અને હુકમ આપ્યો કે કાલે તમો દરેક એક એક મુરઘી એવે સ્થળે ઝબ્હ કરીને લઈ આવજો જયાં તેને જોવાવાળુ કોઈ પણ ન હોય.

વિદ્યાર્થીઓએ ઉસ્તાદના કહેવા પ્રમાણે કોઈ ન કોઈ એકાંત સ્થળે મુરઘી ઝબ્હ કરી. બીજા દિવસે કાપેલી મુરઘી સહિત બધા વિદ્યાર્થીઓ ઉસ્તાદ પાસે હાજર થયા.

પરંતુ એ અલ્પવયનો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓની સરખામણીમાં થોડો મોડો આવ્યો અને તેના હાથમાં જીવતી મુરઘી હતી.

ઉસ્તાદે તેને પૂછ્યું કે બધા વિદ્યાર્થીઓ તો એકાંતમાં મુરઘીઓ ઝબ્હ કરીને લાવ્યા છે, પરંતુ તે મુરઘી કેમ ન કાપી ?

તેણે કહ્યું : માનનીય ઉસ્તાદ સાહેબ ! મારી લાચારી હતી, આપે ફરમાવ્યું હતું કે મુરઘી એવા સ્થળે કાપવામાં આવે જયાં કોઈ જોવાવાળો ન હોય. હું મુરઘી લઈને લાંબા સમય સૂધી અહીં તહીં ભટક્તો રહયો. પરંતુ જયાં પણ જતો ત્યાં ખુદા

મૌજૂદ હતો અને તે મને જોઈ રહયો હતો એટલે હું મુરઘી ઝબ્હ ન કરી શક્યો.

ઉસ્તાદે વિદ્યાર્થીની પીઠ થાબડી અને બીજા વિદ્યાર્થીઓને કહ્યું આ નવયુવાનનું માન તેના ખરા ઈમાનને કારણે છે.

## ધ્યાન પાત્ર વિષય

વર્તમાન યુગમાં આપણે જોઈ રહ્યા છીએ કે માદા (ભૌતિક)પરસ્ત લોકો નવજવાન નસ્લને વિવિધ તરકીબોથી ગુમરાહ કરી રહ્યા છે. અને તેઓના ગુમરાહ કરવાની રીત એ છે કે તેઓ નવજવાનને

એવા પ્રશ્નોમાં  ગુંચવી નાખે છે કે જેનો સબંધ અમુક અકીદાઓ સાથે હોય છે અને જેની વિગતો જાણવી જરૂરી નથી અને નવજવાન નસ્લને એ અંગે વધુ જાણકારી હોતી નથી એટલે તેઓ આમ તેઓને પોતાની જાળમાં ફસાવી લે છે. દાખલા તરીકે તેઓને પૂલે સેરાતની વિગત અને  કબ્રમાં સવાલ જવાબની વિગત અને ક્યામતના દિવસે જઝા અને સઝા કેવી રીતે મળશે. સારાંશ કે આવા પ્રકારના પ્રશ્નોમાં ગુંચવી તેઓના માનસને વિષમય બનાવતા રહે છે.

એટલે મેં પ્રકરણના અંતમાં જરૂરી સમજ્યું કે હઝરત અબ્દુલ અઝીમ હસનીની રિવાયત રજૂ કરવામાં આવે જેથી આપણી નવજવાન નસ્લને ખબર પડે કે આપણી માન્યતાઓ કેવી હોવી જોઈએ.

## હઝરત અબ્દુલ અઝીમ હસનીનો અકીદો

શેખ સદૂકે ભરોસા પાત્ર સનદોથી રિવાયત કરી છે કે શેહઝાદા અબ્દુલ અઝીમ હસની કહે છે કે દસમા ઇમામ હઝરત અલી નકી અલય્હિસ્સલામની ખિદમતમાં હું હાજર થયો. આલી મકામે મને

આવકાર આપ્યો અને ફરમાવ્યું: અબુલ કાસિમ ભલે પધાર્યા નિશંક તમે અમારા દોસ્ત છો.

મે અરજ કરી ફરઝંદે રસૂલ હું ચાહુ છું કે મારો દીન આપની સામે રજૂ કરૂ જો તે ખરો હોય તો હું તેના પર જીંદગી ભર અડગ રહેવા ચાહુ છું.

ઇમામ અલી નકી અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમે તમારો અકીદો બયાન કરો.

મેં કહ્યું : મારો અકીદો એ છે કે અલ્લાહ     એક છે, તેની કોઈ મિસાલ કે જોડ નથી. હું અલ્લાહની ઝાતને ખોટી ઠેરવવા કે  કોઈના જેવી બતાવવાની

સીમાથી પર સમજુ છું. અને હું અકીદો રાખુ છું કે ખુદાની ઝાત ન તો જિસમ છે ન આકાર , ન તત્વ ન સત્વ , બલ્કે તે બધા જિસ્મોને અસ્તિત્વનો આંચળો પહેરાવનાર અને બધા અકારોનો બનાવનારો છે. તત્વો અને સત્વોનો રચયંતા અને દરેક વસ્તુનો પાલનહાર અને બધી વસ્તુઓનો માલિક અને સર્જનહાર છે. અને હું એ માન્યતા ધરાવુ છું કે હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે અને આપ અંતિમ નબી છે. આપના પછી ક્યામત સૂધી કોઈ નબી ઉઠનાર નથી અને આપની શરીઅત પર બધા દીનો અને શરીઅતોનો

અંત આવી ચૂક્યો છે અને ક્યામત સૂધી કોઈ નવી શરીઅત નહીં આવે.

અને જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પછી તેમના જાનશીન અને વલીએ અમ્ર અને ઉમ્મતના ઇમામ અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ અલય્હેમુસ્સલામ છે. તેમના પછી હઝરત હસન અલય્હિસ્સલામ ઇમામ છે. પછી હઝરત હુસૈન અલય્હિસ્સલામ ઇમામ છે.પછી હઝરત અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ ઇમામ છે. પછી હઝરત ઇમામ મોહમ્મદે બાકિર

અલય્હિસ્સલામ પછી હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ પછી હઝરત મૂસા બિન જઅફર કાઝિમ અલય્હિસ્સલામ પછી હઝરત અલી બિન મૂસા રઝા અલય્હિસ્સલામ પછી હઝરત મોહમ્મદ બિન અલી જવાદ અલય્હિસ્સલામ પછી આપ અલય્હિસ્સલામ મારા ઇમામ છો.

આ સાંભળી ઇમામ અલી નકી અલય્હિસ્સલામએ ફરમાવ્યું: મારા પછી મારા પુત્ર હસન બિન અલી ઇમામ થશે. પછી ફરમાવ્યું : મારા પુત્ર પછી તેમના જાનશીનના જમાનામાં લોકોની શું હાલત હશે ? મેં અરજ કરી કે ફરઝંદે રસૂલ તે શા માટે ?

હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામ એ ફરમાવ્યું : એટલા માટે કે તે આંખથી ઓજલ હશે અને તેમના જાહેર થવા સૂધી તેમનું નામ લેવુ હરામ છે. તેઓ દુન્યાને ન્યાય અને ઇન્સાફથી ભરી દેશે, જયારે તે ઝુલ્મ અને જોરથી ભરેલી હશે.

મેં કહ્યું : હું તેઓની ઇમામતનો પણ ઇકરાર કરૂ છું અને મારો એ અકીદો છે કે આપનો દોસ્ત ખુદાનો દોસ્ત છે, આપનો દુશ્મન ખુદાનો દુશ્મન છે અને આપની તાબેદારી ખુદાની તાબેદારી છે અને આપનો વિરોધી ખુદાનો વિરોધી છે. તદુપરાંત હું મેરાજમાં માનું છું , કબ્રના સવાલ-જવાબ, જન્નત,

દોઝખ, સિરાત, મીઝાનનો ઇકરાર કરૂ છું કે આ બધી વસ્તુઓ હક છે અને ક્યામતનો દિવસ આવશે તેના થવામાં કોઈ શંકા નથી અને ખુદા બધા કબ્રવાસીઓને સજીવન કરશે.

આપની વિલાયત અને ઇમામતના અકીદા પછી હું નમાઝ, રોઝા, ઝકાત, હજ અને જેહાદ અને અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરને વાજિબ ગણું છું.

આ સાંભળી હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામએ ફરમાવ્યું : એ અબૂલ કાસિમ! ખુદાની ક્સમ આજ અલ્લાહનો દીન છે જેને તેણે

પોતાના બંદાઓ માટે પસંદ ફરમાવ્યો છે તમે તેના પરજ અડગ રહો. અલ્લાહ તઆલા  તમને દુનિયા અને આખેરતમાં તેમાં સાબિત કદમ રાખે.

## આ દલીલ પર ધ્યાન આપો.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના જમાનામાં એક શખ્સ હતો. જેનું નામ અબૂ શાકિર દીશાની હતું. જે ખુદા અને મઆદનો  મુન્કિર હતો. એક દિવસ તે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં  આવ્યો અને કહ્યું જઅફર બિન મોહમ્મદ ! મને પોતાના પરવરદિગાર તરફ સ્પષ્ટ દલીલ અને નિશાનીઓથી માર્ગદર્શન આપો.

આ પ્રશ્ન કરીને એ શખ્સ ઇમામ આલી મકામની મજલિસમાં બેઠો જ હતો કે એવામાં એક બાળક

બહાર નિકળ્યો , તેના હાથમાં મુરધીનું ઇંડુ હતું. ઇમામ આલી મકામે બાળક પાસેથી એ ઇંડુ લઈ લીધુ અને દીશાનીને બતાવ્યું અને ફરમાવ્યું : આ મુરધીના ઇંડાને ધ્યાનથી જુઓ આ એક મજબૂત કિલ્લાની જેમ અખંડ છે. અને તેની બધી બાજુઓ સારી પેઠે બંધ છે. અને તેની બાજુઓને જાડા ફોતરાથી મજબૂત કરી દેવામાં આવ્યું છે. બહારથી કોઈ વસ્તુ અંદર દાખલ નથી થઈ શક્તી અને તેના સખ્ત ફોતરાની નીચે એક બારિક છાલ બનાવવામાં આવી છે અને તેમાં ઇંડાની પ્રવાહી સફેદી છે. અને એ સફેદીની બિલ્કુલ વચ્ચે ઝરદી છે. સફેદી અને ઝરદી વચ્ચે કોઈ આડશ નથી અને

કોઈ સીમા અંતર નથી. આમ છતાં ઝરદી સફેદીથી નથી મળતી અને સફેદી ઝરદીમાં નથી ભળી જતી. તો શું તમે બતાવી શકો છો કે કઈ ઝાત છે જેણે આ બે રંગોને એકમેકમાં ભળવાથી અલગ રાખ્યા છે ?

ઇંડાની અંદર બચ્ચાનું રૂપ આકાર બનતો રહયો , જેના વિશે તમને કંઈ જાણ નથી. ઇંડામાંથી બહાર નિકળનાર બચ્ચુ નર હશે કે માદા.

પોતાના સમય પ્રમાણે એ જ ઇંડુ ફાટે છે અને તેમાંથી રંગરૂપથી આભુષિત બચ્ચુ નિકળે છે.

દીશાની તમારો શું અભિપ્રાય છે , આ બધુ કોઈ હોશિયાર અને કુશળની કારિગરી છે કે માત્ર અકસ્માતે જ આમ બની ગયું છે ?

અબૂ શાકિરે થોડી વાર માથુ નમાવી લીધુ અને ચિંતન મનન કરતો રહયો પછી તેણે માથુ ઉંચુ કર્યું અને કહ્યું : “અશ્હદો અલ લાએલાહ ઇલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ વ અશ્હદો અન્ન મોહમ્મદુન અબ્દોહૂ વરસૂલોહુ. વ અન્નક ઇમામો વ હુજ્જતો અલા ખલ્કેહી વઅના તાએબુમ મિમ્મા કુન્ત ફીહે.’’

“હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને પાત્ર નથી. તે એકલો અને ભાગીદાર

વગરનો છે , અને હું ગવાહી આપુ છું કે હઝરત મોહમ્મદ અલ્લાહના બંદા અને રસૂલ છે. અને હું સાક્ષી પુરાવુ છું કે આપ અલય્હિસ્સલામ ઇમામ છો અને ખુદાના સર્જનો પર હુજ્જત કરો છો અને હું મારા પહેલાના વિચારોથી તૌબા કરૂ છું.''

જોઅલબ યમાનીએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી પૂછ્યું : આપે પોતાના રબને કેવી રીતે ઓળખ્યો ? આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : ઇરાદાઓના તૂટવાથી અને હામ પડી ભાંગવાથી મેં મારા રબને ઓળખ્યો. કેમકે મેં જયારે કોઈ પ્રયત્ન ર્ક્યો તો મારી કોશિશની વચ્ચે કોઈ વસ્તુ આડે આવી ગઈ અને મેં કોઈ કામ માટે પાકો નિર્ણય ર્ક્યો પણ ભાગ્ય મારા ઇરાદા અને નિર્ણયની આડે આવી ગયું. એથી મેં જાણ્યુ કે મારા

જીવન અને મૃત્યુનું નિર્માણ કરનાર મારા સિવાય કોઈ અન્ય છે.

એક શખ્સે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી પૂછ્યું : આપ કઈ વસ્તુની ઇબાદત કરો છો ?

આપે અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અલ્લાહની. એ શખ્સે પૂછ્યું : શું તમે અલ્લાહને જોયો છે ? આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું : "આંખો તેને અવલોકન વડે નથી જોઈ શક્તી. દિલ ઈમાનની હકીક્તના કારણે તેને જુએ છે. સર્જનો પર અનુમાન કરવાથી તેને નથી ઓળખી શકાતો અને ન તો

લોકોથી તેની ઉપમા આપી શકાય છે. અવશેષો અને નિશાનીઓથી તેના તરફ માર્ગદર્શન થાય છે. તે પોતાના ફેંસલામાં કદી ઝુલ્મ અને સિતમને જગ્યા દેતો નથી એ જ મારો પરવરદિગાર છે. તેના સિવાય કોઈ ઇબાદતને લાયક નથી. તેના પર મને ભરોસો છે. અને તેનું જ હું ધ્યાન ધરૂ છું."

હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામના સબંધમાં નકલ થએલ છે કે આપ અલય્હિસ્સલામએ સજદો ર્ક્યો અને પછી ફરમાવ્યું : "અય ખુદા તું પાક અને પવિત્ર છો. અય ખુદા એ લોકોએ ન તો તને ઓળખ્યો અને ન તો તારી

તવહીદનો તેઓએ ઇકરાર કર્યો એટલે જ તો તેઓએ તેમના મનમાં જે આવ્યુ એ સિફતોથી  તને સંબોધ્યો. અય ખુદા ! જો તેઓ તને ઓળખતે તો તારી એજ સિફતો તેઓ બયાન કરત   જે તે પોતે પોતાની સિફત ગણાવી છે.” પછી ફરમાવ્યું : “અય ખુદા ! હું તારી એજ     સ્તૃતિ કરૂ છું જે તે પોતે પોતાના સ્તવનમાં બતાવી છે.   ” પછી ફરમાવ્યું અય મોહમ્મદ ! (હદીસ રિવાયત કરનાર રાવીનું નામ) જે ગુણોની કુરઆન અને સુન્નત ગવાહી આપે અમો તેને માનીએ છીએ.

મોહમ્મદ ઇબ્ને અબીદ કહે છે કે હું હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો. આપ અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું : અબ્બાસીને કહો તે તવહીદ વિશે વાતચીત કરવાથી દૂર રહે. લોકોને તવહીદના સબંધમાં બસ એટલુ જ કહે જેને લોકો જાણતા હોય અને જે ચીઝનો લોકો ઇન્કાર કરતા હોય એવી વાત ન કરે અને જયારે તે તારાથી તવહીદ અંગે સવાલ કરે તો તમે જવાબમાં 'સૂરએ કુલહોવલ્લાહ' પડી સંભળાવો અને જયારે તે સ્વરૂપ વિશે પૂછે તો કુરઆનની આ આયત 'લયસ કમિસ્લેહી શયઉન ' (તેના જેવી કોઈ ચીઝ નથી) પડીને સંભળાવો અને જયારે તે તમોને

અલ્લાહની સિફત  ‘શ્રવણ’ વિશે પૂછે તો તેને ‘વહોવ સમીઉલ અલીમ’ (અને તે સાંભળનાર તથા જાણનાર છે) ની આયત પડીને સંભળાવો. લોકોથી તવહીદ વિશે એ જ વાતો કરો જેને તેઓ જાણતા હોય

# આડંબર કુફ્ર અને શિર્કનું ગુપ્ત

## એક મુર્ખનો દાવો

મિસરમાં રહેવાવાળો એક શખ્સ અંગૂરનો એક લૂમખો લઈને ફિરઓનના દરબારમાં આવ્યો અને તેનાથી એ ઇચ્છા કરી કે તે આ અંગૂરના ઝૂમખાને મોતીઓમાં ફેરવી નાખે. ફિરઓન એ લૂમખો લઈને ઘરમાં આવ્યો અને અત્યંત વિહ્વળ બની વિચારવા લાગ્યો કે તે આ લૂમખાને મોતીમાં કેવી રીતે પલટાવી નાખે. જે તેના માટે તદ્દન અશક્ય હતું અને જો તે તેને મોતીઓમાં ફેરવી ન શક્યો તો પછી ખુદાઈના દાવાની પોકળતા ઉઘાડી પડી જાય

છે. એટલે તે ચિંતાગ્રસ્ત સ્થિતિમાં ઘરમાં બેઠો હતો કે એ સમયે ઇબ્લિસ તેને મળવા માટે તેના દરવાજે આવ્યો અને દરવાજો ખટખટાવ્યો.

ખટખટાહટ સાંભળી ફિરઓને પૂછ્યું કોણ છે ?

શયતાને કહ્યું એવા ખુદાના માથામાં ધૂળ પડે જેને એ પણ ખબર નથી કે દરવાજો ખટખટાવનાર કોણ છે ?

ઇબ્લિસ ઘરમાં દાખલ થયો અને તેના પાસેથી દ્રાક્ષની લૂમ લીધી અને અલ્લાહના નામોમાંથી એક

નામ પડયો. એ નામ પડતા જ        દ્રાક્ષની લૂમ મોતીઓની માળામાં પલટાઈ ગઈ.

પછી ફરિઔનથી કહ્યું : ફિરઓન ! મારામાં  એટલા ચમત્કારો છે એ છતાં મેં ખુદાઈનો દાવો નથી ક્યોઁ , જ્યારે કે તું અત્યંત બેકાર અને ખરદિમાંગ શખ્સ છે એ છતાં તે ખુદાઈનો દાવો ક્યોઁ છે.

ફિરઓને પૂછ્યું : તે આદમને સજદો કેમ ન ક્યોઁ અને બારગાહથી હડધૂત થવાનું પસંદ ક્યુઁ ?

ઇબ્લીસે કહ્યું : મેં આદમને એટલા માટે સજદો નહોતો ક્યોં કેમકે હું જાણતો હતો કે તેના વંશમાં તારા જેવા પલીદ પેદા થવાના છે.

જે જમાનામાં મહેંદી અબ્બાસી 'રય' (ઈરાન) માં રહેતો હતો તો તેને ભણાવવા કેળવવા માટે મન્સૂર દવાનકીએ શરફી બિન કત્તામીને તેનો શિક્ષક નક્કી ક્ર્યો.

એક રાતે મહેંદીએ પોતાના ઉસ્તાદ શરફી બિન કત્તામીને વિનંતી કરી કે તે તેને કોઈ રસિક બનાવ સંભળાવે જેને સાંભળવાથી અણગમો દૂર થઈ જાય.

પછી શરફીએ આ કથા સંભળાવી કે હીરાના રાજાને બે મિત્રો હતા. રાજાને એ બંને મિત્રોથી અનહદ પ્રેમ હતો અને તેઓને પોતાથી અળગા કરતો નહીં.

એક રાતે બાદશાહે વધારે પડતી શરાબ પી લીધી. શરાબના નશામાં મસ્ત થઈને તેણે તલ્વાર ઉપાડી અને પોતાના બંને વહાલા  દોસ્તોને કાપી નાખ્યા. જ્યારે સવાર થઈ તો તેણે હોશમાં આવતાની સાથે સૌ પ્રથમ પોતાના એ બંને મિત્રો વિશે પૃચ્છા કરી.

તેને બતાવવામાં આવ્યુ કે ગઈ રાત્રે એ બંનેને તેણે પોતાની તલવારથી પોતે જ વાઢી નાખ્યા છે. તેને આ સાંભળી અત્યંત  સદમો થયો. અને ઘણી વાર

સૂધી રોતો રહ્યો અને ઘણા દિવસો સૂધી તેના વિયોગમાં ખાવાનું સુધ્ધા ન ખાધું. પછી હુકમ આપ્યો કે તેઓના શબોને દાટી દેવામાં આવે અને તેઓની કબ્રો પર એક ભવ્ય કૂબો ચણી લેવામાં આવે.

એટલે આજ્ઞા મુજબ તેઓની કબ્રો પર સૂંદર કૂબો બનાવવામાં આવ્યો અને એ જગ્યાનું નામ ગુરીયત રાખવામાં આવ્યું.

પછી બાદશાહે પોતાના દરબારના દરવાજા ઉપર થોડા અંગરક્ષકો ઊભા કરી દીધા અને હુકમ આપ્યો કે અહીંથી જે કોઈ પસાર થાય તે આ કબ્રોને

ફરજિયાત સજદો કરે. જો કોઈ શખ્સ સજદો કરવા તૈયાર ન થાય તો તેને કત્લ કરી દેવામાં આવે , પરંતુ કત્લ કરવા પહેલા તેની બે હાજતો પૂરી કરવામાં આવે.

હુકમની વાર હતી કે લોકોએ એ કબ્રો પર સજદા કરવા શરૂ કરી દીધા. એક દિવસ એક ધોબી ત્યાંથી પસાર થયો. તેણે પોતાના ખભા પર મેલા કપડાનું પોટકુ ઉપાડેલુ હતું અને તેના હાથમાં લાકડાનો બનેલો ડંડો હતો જેનાથી તે કપડા ધોતો હતો.

'ગરયેન'ના ચોકીદારોએ જેવો તેને જોયો તો તેને ત્યાં સજદો કરવા કહ્યું , પરંતુ ધોબી ખુદા પરસ્ત

હતો, તેણે સજદો કરવાથી ઇન્કાર કરી દીધો. ચોકીદારો તેને પકડીને રાજા પાસે લઈ આવ્યા અને બતાવ્યું કે આ શખ્સ સજદો કરવાનો ઇન્કાર કરે છે.

રાજાએ કહ્યું: “વાય હો તારા પર તે સિજદો કેમ ન ર્ક્યો?”

તેણે કહ્યું: “મેં સિજદો ર્ક્યો હતો આ ચોકીદાર જુઠ બોલે છે.”

રાજાએ કહ્યું: “હું તને કત્લ કરાવી નાખવા માંગુ છું પરંતુ મરવા પહેલા તું મને તારી બે ઇચ્છાઓ રજૂ કરી શકે છે. અમે તેને જરૂર પૂરી કરીશું.”

ધોબીએ કહ્યું: “જો વાત આમ છે તો મારી પહેલી ઇચ્છા એ છે કે મને આ ધોકો રાજાની ગરદન પર મારવા દેવામાં આવે.”

રાજાએ કહ્યું: “જાહિલ મુર્ખ ! આ હાજતથી તને કોઈ લાભ નહીં થાય , વધારે સારૂ એ છે કે કોઈ એવી ચીઝ માંગ જે તને અને તારા ખાનદાન માટે લાભકારક હોય.”

ધોબીએ કહ્યું: "હરગીઝ નહીં મારી પહેલી ઇચ્છા આ જ છે."

બાદશાહે મુંજાઈને પોતાના વઝીરોથી મશ્વેરો ક્ર્યો અને કહ્યું કે બતાવો આ મૂરખ સાથે શું કરવું જોઈએ ?

વઝીરોએ કહ્યું: "આલીજાહ ! આપ બે હાજતો માટે કહી ચૂક્યા છો એટલા માટે વાયદો કરી ફરી જવું બાદશાહોના વર્તનથી વિરુધ્ધ છે. તેને તેની હાજત પૂરી કરવા આપો."

આ સાંભળી બાદશાહે કહ્યું: "તમારા પર ઘણો અફસોસ છે. તમે કોઈ ન કોઈ રીતે આ ધોબીને રાજી કરો તે એના બદલે અન્ય કોઈ વસ્તુ માંગી લે, જો તે મારાથી મારૂ અર્ધુ રાજપાટ માંગે તો હું એ પણ દેવા તૈયાર છું. પણ ધોબીના હાથે ડંડો ખાવો ઘણુ આકરૂ છે."

ધોબી પોતાની પહેલી માંગણી પર હઠાગ્રહી રહયો અને કહ્યું કે બસ મારી પહેલી ઇચ્છા આ જ છે કે બાદશાહની ગરદન પર મને ડંડો મારવા દેવામાં આવે.

લાચારીએ રાજાને ધોબીની શરત માનવી પડી. ધોબીએ પોતાનો ડંડો ઉંચો ક્ર્યો અને પૂરા જોરથી રાજાની ગરદન પર વીંઝયો. બાદશાહ બેભાન થઈ ગયો. ઘણા દિવસો સૂધી તે ભાનમાં ન આવ્યો રૂ ભીંજાવીને ટીપુ ટીપુ પાણી તેના ગળામાં નાખવામાં આવતું. પૂરા એક વરસ સૂધી તે બીમાર રહયો. એક  વરસ પછી તે તંદુરસ્ત થયો. તંદુરસ્તીનું સ્નાન કરી તાજો થયો અને દરબારીઓથી ધોબીના વિશે પૂછ્યું તો તેઓએ બતાવ્યુ કે અમે એ જ દિવસથી કેદ કરી જેલમાં નાખી રાખ્યો છે.

બાદશાહે કહ્યું ધોબીને અમારી સામે લાવવામાં આવે. ધોબીને બાદશાહની સામે ઊભો કરવામાં આવ્યો. તો બાદશાહે ક્રોધાવેશમાં કહ્યું કે હવે તમે જલ્દીથી તમારી બીજી હાજત બતાવો , પછી હું તમને કત્લ કરાવી નાખીશ.

ધોબીએ કહ્યું: “મારી બીજી ઇચ્છા એ છે કે મને એ જ ડંડો બાદશાહની ગરદનની બીજી બાજુ મારવા દેવામાં આવે , ત્યાર પછી બેશક મને મારી નાખવામાં આવે.”

બાદશાહ ધોબીની આ ઇચ્છા સાંભળી ઘણો મુંઝાણો અને કહ્યું: “નાદાન મારાથી કોઈ એવી ચીઝ માંગ જે તને ફાયદો પહોંચાડે.”

ધોબીએ કહ્યું: “બિલ્કુલ નહીં મારી બીજી ઇચ્છા માત્ર આ જ છે આ સિવાય મારી કોઈ ઇચ્છા નથી.”

બાદશાહે પોતાના વઝીરોથી મશ્વેરો ક્યોં તો તેઓએ કહ્યું: “જનાબ, શરત કબૂલ ર્ક્યા વિના કોઈ ચારો નથી.”

બાદશાહે કહ્યું: “અફસોસ તેના એક ઘાએ મને એક વરસ સૂધી બિસ્તર પર સુવાડી રાખ્યો. હવે જો તેણે મને બીજો ડંડો માર્યો તો હું મરી જઈશ.”

છેવટે બાદશાહે ધોબીને કહ્યું કે જે દિવસે       તને ચોકીદારો મારી પાસે લાવ્યા હતા તે દિવસે તો તે કહ્યું હતું કે તે સજદો  ર્ક્યો હતો, ચોકીદાર જુઠ બોલે છે.

ધોબીએ કહ્યું: “જી હા, મેં એ દિવસે વાત કહી હતી પરંતુ તમે મારી એ વાતને માની નહીં.”

બાદશાહ આ સાંભળી ઊભો થયો અને ધોબીને ચૂમવા લાગ્યો અને કહ્યું: “હું સાક્ષી પૂરાવુ છું કે તું સાચુ કહે છે, ચોકીદારો જુઠા છે.”

મહેદી આ કથા સાંભળી ઘણો ખૂશ થયો અને પોતાના ઉસ્તાદને ઇનામ આપ્યું.

એક વખત હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની પાસે ત્રણ શખ્સો આવ્યા. તેઓમાંથી એક શખ્સ મોઅતઝલા ફિરકાથી સંબંધ રાખતો હતો, અને બીજો મુશબ્બહા ફિરકાથી હતો. હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ એ મોઅતઝલીથી પૂછ્યું: તું કોની ઇબાદત કરે છે ? તેણે કહ્યું: હું એ ખુદાની ઇબાદત કરૂ છું જેની કોઈ સિફત નથી. ત્યાર પછી આપે મુશબ્બેહા પંથીને પૂછ્યું: તું કોની ઇબાદત કરે છે ?

તેણે કહ્યું: હું એ ખુદાની ઇબાદત કરૂ છું    જે ઇંદ્રિય ગોચર સિફાતો રાખે છે. ત્યાર પછી આપે શીઆ ધર્મ પાળનારને પૂછ્યું:  તું કોની ઇબાદત કરે છે   ? શીઆએ કહ્યું: હું એ ખુદાની ઇબાદત કરૂ છું જેમાં પરિપૂર્ણ સિફતો મળી આવે છે અને ઇન્સાન પોતાની બુધ્ધિ અને સમજ શક્તિથી તેની    સિફતો બયાન કરવાથી લાચાર છે.

આ ત્રણે જવાબો સાંભળી ઇમામ અલચ્હિસ્સલામ એ  મોઅતઝલીથી ફરમાવ્યું: તું શુન્યની ઇબાદત કરે છે, અને મુશબ્બહાથી  ફરમાવ્યું: તું પ્રતિમાની

ઇબાદત કરે છે અને શીઆથી ફરમાવ્યું: તું વિશ્ર્વના ધણી અલ્લાહની ઇબાદત કરી રહયો છે.

# શદ્દાદ અને તેની જન્નત

શદ્દાદના શાસનકાળમાં હઝરત હૂદ અલય્હિસ્સલામનબી હતા અને આપ હંમેશા શદ્દાદને ઈમાનની દાવત આપતા.

એક દિવસ શદ્દાદે પૂછ્યું : જો હું તમારા કહેવા પર ઈમાન લઈ આવુ તો તમારો ખુદા મને શું બદલો આપશે ?

હઝરત હૂદ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું : અલ્લાહ તને જન્નત આપશે જેમાં તું સદાકાળ જીવન વિતાવશે.

શદ્દાદે હૂદ અલય્હિસ્સલામથી જન્નતની માહિતી પૂછી. તો તેમણે તેની વિશિષ્ટતાઓ બયાન કરી. આ સાંભળી શદ્દાદે કહ્યું: મને અલ્લાહની જન્નતની કોઈ જરૂર નથી , આવી જન્નત તો હું પોતે બનાવીશ. તે દિવસથી શદ્દાદની લગાતાર કોશિશ રહી કે તે એક એવુ શહેર ઊભુ કરે કે જે દરેક રીતે જન્નતને મળતું આવતું હોય. તેણે પોતાના ભાણેજ ઝેહાકના પાસે સંદેશ મોકલ્યો, અને એ સમયે ઝેહાકની ઈરાન પર હુકૂમત હતી. કે તમે જેટલી વધારે પ્રમાણમાં સોના ચાંદી મોકલી શક્તા હો રવાના કરો ઝેહાક જેટલી સોના ચાંદી મોકલી શક્તો હતો રવાના કરી.

અને રાજધાનીની આસપાસ તેણે પોતાના એલચીઓ મોકલ્યા, જેઓ ઘણી વિપૂલ સંખ્યામાં સોના ચાંદી ભેગી કરીને લઈ આવ્યા. તેણે ચણતરના નિષ્ણાંતોને પોતાને ત્યાં બોલાવ્યા. તેણે જન્નતના માટે શામના પ્રદેશમાં એક આરોગ્યજનક સ્થળની ચૂંટણી કરી અને ત્યાં એક મજબૂત અને અભેદ ગઢ બનાવરાવ્યો. વચમાં તેણે સોના અને ચાંદીનો મહેલ ચણાવરાવ્યો. તેની દિવારોને મુલ્યવાન હીરા જવાહેરથી શણગારી. તેણે શહેરની વચમાં એક એવી નહેર બનાવરાવી જેના પાણીમાં કાંકરાઓને બદલે જવાહેરાત વહેતા હતા અને તેણે સોનાના ખૂબસૂરત વૃક્ષો લગાવરાવ્યા જેની

ખુશબૂમાં કસ્તૂરી અને અંબર વાપરવામાં આવ્યા અને જેવી હવા ચાલતી કસ્તુરી અને અંબરની સૌરભ પૂરા શહરેમાં પ્રસરી જતી.

બયાન કરવામાં આવે છે કે મહેલની આસપાસ તેણે સોનાના બાર હજાર કમરાઓ ચણાવ્યા અને આ સુવર્ણ ઓરડાઓને યાકૂત અને જવાહેરથી સજી દેવામાં આવ્યા અને આસપાસથી સૂંદર અને યુવાન સ્ત્રીઓને ત્યાં લાવવામાં આવી. ટુંકમાં આ ભવ્ય જન્નત સમાન મહેલ પાંચસો વરસમાં સંપૂર્ણ થયો અને શદ્દાદને તેના સંપૂર્ણ થઈ જવાની ખબર આપવામાં આવી. એ સમયે શદ્દાદ હઝરમૂતમાં

હતો. આ ખબર મળતા જ પોતાની સાથે ઘણુ મોટુ લશ્કર લઈ પોતાની જન્નત ભણી રવાના થયો. હજી શહેરથી એક પડાવના અંતરે હતો કે તેણે એક હરણ જોયુ, જેના પગો ચાંદીના અને શીંગ સોનાના હતા. હરણને જોઈ તેણે તેને પકડવાનો નિર્ણય કર્યો અને તેની પાછળ પોતાનો ઘોડો દોડાવી દીધો. થોડીવાર પછી પોતાના લશ્કરથી વિખૂટો પડી ગયો. તે જંગલમાં એકલો અટૂલો ઘોડો દોડાવી રહયો હતો કે અચાનક તેને એક સવાર દેખાણો જે ભયાનક રૂપ અને આકાર રાખનારો હતો. તેણે શદ્દાદને પોકારીને કહ્યું: શદ્દાદ તે ભવ્ય મહેલ

ચણાવી સમજી લીધુ કે તું હવે મૌતના પંજામાંથી પણ આઝાદ થઈ ગયો છે?

આ સાંભળી શદ્દાદનું રૂવેં રૂવુ કંપવા લાગ્યું અને તેણે પૂછ્યું કે તું કોણ છે?

તેણે જવાબ આપ્યો: હું મલેકુલ મૌત (યમદૂત) છું. શદ્દાદે કહ્યું: અત્યારે મારાથી તને શું કામ છે ? અને મારી આડે કેમ આવી રહયો છે ?

મલેકુલ મૌતે કહ્યું: હું રણમાં તારી રૂહ કબ્જે કરવા આવ્યો છું. શદ્દાદે કહ્યું: મને ઓછામાં ઓછી એટલી મહોલત આપ કે જેથી હું એ શહેરમાં જઈને મારી

આંખો વડે જોઈ લઉં. મલેકુલ મૌતે રજા ન આપી. એટલે શદ્દાદ ઘોડા ઉપરથી પડયો અને જંગલમાં મરણ પામ્યો અને તેના લશ્કરે એક આસમાની ત્રાડ સાંભળી તો પુરેપુરૂ લશ્કર એક પળમાં વિનાશ પામ્યું અને જન્નત જવાને બદલે કબ્રમાં જઈ વસ્યા.

કહેવામાં આવે છે કે એક વખત અલ્લાહ તઆલાએ ઇઝરાઈલ (યમદૂત)ને પૂછ્યું: રૂહ ખેંચતી વખતે તને કોઈ પર દયા પણ આવી ?

મલેકુલ મૌતે અરજ કરી: જી હા , બે વખત મને ઘણી તરસ આવી. પ્રથમ વાર એ વખતે મને દયા આવી જયારે સમંદરમાં એક મા પોતાના

નવજન્મિત બાળકની સાથે સફર કરી રહી હતી. સમંદરમાં તોફાન આવ્યું. કશ્તી ટૂકડે ટૂકડા થઈ ગઈ. તે મા એક ટૂકડા (પાટીયા) પર પોતાના નવજન્મિત બાળકને લઈને સમંદરમાં સફરમાં લીન હતી. તે સમયે મને તારો હુકમ મળ્યો કે એ સ્ત્રીની રૂહ કબ્ઝ કરી લઉં. એટલે મેં એ સ્ત્રીની રૂહ કબ્ઝ કરી લીધી અને એ બાળક એ પાટિયા પર એકલો રહી ગયો અને એ પાટિયું એક બેટ પર જઈ થંભ્યુ. અને બીજી વાર મને શદ્દાદની રૂહ કબ્ઝ કરવા સમયે તરસ આવી જો કે તે ખુદાનો દુશ્મન હતો પરંતુ તેણે ઘણી મહેનતથી જન્નત બનાવરાવી હતી અને તેં એને જોવાનો મૌકો ન આપ્યો.

જયારે મલેકુલ મૌત બંને પ્રસંગો બયાન કરી ચૂક્યો તો ખુદા તઆલા તરફથી અવાજ આવી કે મલેકુલ મૌત તમે બંનેવાર એકજ શખ્સ પર દયા કરી. પાટિયા પર જે બાળકને તમે જોયો હતો અમે તેનો ઉછેર ર્ક્યો, તેને માન અને મહાનતા આપી , તેને સત્તા આપી અને તે કમબખ્ત અમારો જ ઇન્કાર કરી બેઠો. અને અમારી જન્નતના સામે પોતાની જન્નત બનાવવા લાગ્યો. હકીક્તમાં શદ્દાદ જ એ નવોદિત બાળક હતું , જેની માની તમે રૂહ ખેંચી હતી. ખુદાના આ ઇન્કારનું આ પરિણામ તો દુનિયામાં છે અને આખેરતનો અઝાબ તો તેનાથી ક્યાંય વધારે છે.

જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે , ક્યામતના દિવસે ત્રણ જણાને સૌથી પહેલા અલ્લાહના દરબારમાં ઊભા કરવામાં આવશે, અને તે આ લોકો છે. [૧] જેણે કુરઆન મોઢે યાદ કર્યુ હશે.[૨] જેણે ખુદાના માર્ગમાં જેહાદ કર્યો હશે. [૩] પૈસાપાત્ર શખ્સ.

ખુદાવંદે આલમ પ્રથમ કુરઆનના કારીને ફરમાવશે મેં તારા માટે કુરઆનને આસાન બનાવ્યુ હતું તે કુરઆન યાદ કર્યા પછી શું કર્યુ?

તે વખતે તે જવાબ આપશે અય ખુદા ! હું રાત-દિવસ કુરઆન પઢતો રહેતો હતો. ખુદાવંદે આલમ ફરમાવશે તું જુઠો છે અને ફરિશ્તાઓ પણ કહેશે તું જુઠો છે તું એટલા માટે કુરઆન પઢયા કરતો હતો કે લોકો તારા વખાણ કરે અને કહે કે ફલાણો શખ્સ કારી છે. તને તારી નિય્યત મુજબ દુનિયામાં બદલો મળી ચુક્યો છે.

ત્યાર પછી ખુદાવંદે આલમ પૈસાપાત્ર શખ્સને પૂછશે. મેં તને વિશાળ રોજી આપી હતી કોઈનો મોહતાજ નહોતો બનાવ્યો તે આ દૌલતનું શું કર્યું ?

દૌલતમંદ શખ્સ અરજ કરશે પરવરદિગાર ! તે મને ધનથી નવાજ્યો હતો, હું પુરૂ જીવન સગાઓનું ધ્યાન રાખતો હતો અને તારા માર્ગમાં ધન વાપરતો હતો.

કુદરતનો અવાજ આવશે તું જુઠો છે અને ફરિશ્તાઓ પણ કહેશે તું જુઠો છે તું એટલા માટે ઉદારતા અને દાનધર્મ કરતો હતો કે લોકો તારા સબંધે કહે કે ફલાણો શખ્સ કેવો દાનવીર છે. તારી મનેચ્છા મુજબ તને બદલો મળી ચુક્યો છે.

ત્યાર પછી અલ્લાહ તઆલા યુધ્ધવીર મુજાહિદને સંબોધન કરશે તે દુનિયામાં શું કર્યું ?

તે અરજ કરશે અય ખુદા ! તે જેહાદનો હુકમ આપ્યો હતો, મેં તારા હુકમ મુજબ જેહાદ ક્યૉ. તે સમયે અવાજ આવશે તું જુઠો  છે અને ફરિશ્તાઓ પણ કહેશે તું જુઠો છે તે મારી રઝા પ્રાપ્ત કરવાની ભાવનાથી  જેહાદ નથી ક્યૉ  ,  તું એટલા માટે યુધ્ધોમાં ભાગીદાર રહયો કે લોકો તારી હિંમત અને બહાદૂરીની વાહવાહ કરે અને તારો આ હેતુ દુનિયામાં સિધ્ધ થઈ ગયો છે.

જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે એ જ લોકો દ્વારા જહન્નમની આગ સળગાવવામાં આવશે.

## આડંબરથી બચવાનો એક દ્રષ્ટાંત

એક દિવસ જનાબ અબ્દુલ્લાહ શુસ્તરી શેખ બહાઈની મુલાકાત કરવા તેમના ઘરે ગયા અને થોડો સમય શેખ બહાઈને ત્યાં બેસી રહ્યા એ જ અરસામાં અઝાન થઈ ગઈ.

શેખ બહાઈએ અબ્દુલ્લાહ શુસ્તરીને નમાઝ પડાવવાની દરખાસ્ત કરી અને શોખ દેખાડયો કે તેઓ તેમની પાછળ નમાઝ પડવા ઇચ્છે છે.

અબ્દુલ્લાહ શુસ્તુરીએ થોડો સમય વિચાર મનન ક્યોઁ અને ઇમામત કરવાથી માફી માગીને પોતાના

ઘરે પાછા આવી ગયા. કોઈએ તેમને  પૂછ્યું હતું કે આપે એ દિવસે શેખ બહાઈની દરખાસ્ત કેમ ન સ્વીકારી ?

તો તેમણે જવાબ આપ્યો: જ્યારે શેખ બહાઈએ મને નમાઝ પડાવવાનો હુકમ આપ્યો તો મેં મારા મનમાં એક પ્રકારની ક્રાંતિ    અનુભવી અને મારા મનમાં એક પ્રકારનો અહંકાર જાગૃત થયો કે શેખ બહાઈ જેવા મહાન  મારી પાછળ નમાઝ પડવાને પોતાના માટે ગૌરવ સમજે છે. એટલે હું અહંકાર અને દંભના ડરથી પોતાના ઘરે પાછો આવી ગયો.

# રિયા (દંભ) કેટલો ગુપ્ત હોય છે.

એક આબિદ શખ્સે પોતાની ત્રીસ વરસની ઇબાદતનું પુનરાવર્તન કર્યું અને એ પણ એવી ત્રીસ વરસની નમાઝો ફરી પડી , જેને તે જમાઅતની પહેલી સફમાં અદા કરી ચૂક્યો હતો.

જ્યારે તેને તેનું કારણ પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે ત્રીસ વરસ સૂધી હું લગાતાર પહેલી સફમાં જમાઅતની સાથે નમાઝો પડતો રહયો. પરંતુ એક દિવસ કોઈ કારણસર મને મોડુ થઈ ગયું. જ્યારે હું મસ્જિદમાં પહોંચ્યો તો પહેલી સફ ભરાઈ ચુકી હતી અને મને બીજી સફમાં ઊભુ રહેવું પડ્યું ને જેવો હું

બીજી સફમાં ઊભો થયો તો મને એક પ્રકારની ભોંઠપ લાગી કે સદા પ્રથમ સફમાં ઊભો થનારો શખ્સ બીજી સફમાં કંઈ સારો નથી લાગતો. તેનાથી મને અનુમાન થયું કે મારી ત્રીસ વરસની નમાઝોમાં અહંકાર અને દંભનો અંશ  શામેલ હતો. એટલે મેં એ નમાઝોનું પુનરાવર્તન કર્યું.(નમાઝો ફરી પડયો)

બની ઇસરાઈલમાં એક આબિદ થઈ ગયો છે. જેણે વરસો વરસ ખુદાની ઇબાદત કરી હતી. એક વખત તેણે અલ્લાહ તઆલાથી વિનંતી કરી કે તેને તેનું સ્થાન બતાવવામાં આવે. જો મારા અમલ સ્વિકાર્ય હશે તો હું પછી વધારે મહેનતથી નેક અમલ બજાવી લાવીશ. અને જો તે તારી રઝા પ્રમાણે નહી હોય તો વધારે ઇબાદત અને પરહેઝગારી દ્વારા તેનો ઉપાય કરીશ.

સ્વપ્નમાં તેને આ જવાબ સંભળાવવામાં આવ્યો કે ખુદાની નિકટ તારો કોઈ અમલ મૌજૂદ નથી. કેમકે

તેં જ્યારે પણ કોઈ નેક કામ ર્ક્યું તો લોકોને તેનાથી પરિચિત ર્ક્યાં અને તારો બદલો બસ આ જ છે કે લોકોએ તારા કામોના વખાણ ર્ક્યાં.

આબિદને પોતાની ઉણપ પર ભોંઠપ થઈ. થોડા દિવસ  પછી તેને સ્વપ્નમાં બતાવવામાં આવ્યું: પોતાના જીવને જહન્નમથી બચાવવા માંગતો હો તો પોતાના જિસ્મની બધી રગો જેટલો રોજ સદકો આપો.

તેણે અરજ કરી: અય ખુદા ! તું સારી પેઠે  જાણે છે કે હું રંક છું મારી પાસે એટલો પૈસો નથી કે મારી રગોની સંખ્યા પ્રમાણે રોજ સદકો આપી શકું. તેને

જવાબ સંભળાયો અમે કોઈને તેની તાક્તથી વધુ તકલીફ નથી આપતા. તમે રોજ ત્રણસો સાઠ વખત

“સુબ્હાનલ્લાહે વલ્હમ્દોલિલ્લાહે વલા એલાહ ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર , વલા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ.”

પડયા કરો દરેક કલમો તારી દરેક રગનો સદકો ગણાશે. આબિદ આ સાંભળી ઘણો ખૂશ થયો અને કહ્યું : અય ખુદા ! મને આથી વધારે પડવાનો હુકમ આપ્યો હોત, તો અવાજ આવી આ પ્રમાણથી જેટલુ વધારે પડશો તમારા વળતરમાં વધારો થશે.

## ઘણી ગમગીન હવા

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી અન્વારે નોમાનિયાના પેજ નં ૨૫૧ પર લખે છે. એક શખ્સને રિયાકારી (દંભ)ની આદત હતી. તે પોતાની બધી ઇબાદતો લોકોને દેખાડવા ખાતર કરતો હતો. એક વખત તેણે પોતાના મનમાં વિચાર્યું કે પૂરી જીંદગી દંભી ઇબાદત કરી છે. એક રાત દંભને હટાવી ઇબાદત કરી  લઉં. તેણે મનમાં નક્કી કર્યું કે ફલાણા મોહલ્લામાં એક નિર્જન જેવી મસ્જિદ છે આજ રાત હું ત્યાં જઈને નમાઝ પડીશ. જેવુ માણસોનું આવવું જવું બંધ થયું તે એ

મસ્જિદમાં ચાલ્યો ગયો અને ત્યાં એકાંતમાં જઈને નમાઝ પડવા લાગ્યો.

એ જ અરસામાં તેણે મસ્જિદનો દરવાજો ઉઘડવાની અવાજ સાંભળી, તો તેના દિલમાં દંભની લાગણી ઉભરી અને મનોમન કહ્યું ચલો સારૂ છે, આ મોહલ્લા વાળા મારી નમાઝોથી પરિચિત નહોતા. કોઈ ન કોઈ તો આ મસ્જિદમાં આવી ગયો જે મારી નમાઝો જોશે અને લોકોને મારી ઇબાદતની ખબર કરશે.

એટલે તેણે પૂરી રાત ઇબાદતમાં વિતાવી દીધી. જેવી સુબ્હ થઈ અને અજવાળુ પ્રસર્યું તો તેણે જોયું

કે મસ્જિદના એક ખૂણામાં  કાળા રંગનો એક કૂતરો સુતેલો છે ,  જે રાતના વરસાદથી ભાગીને આ ઉજ્જડ મસ્જિદમાં ચાલ્યો આવ્યો હતો.

આ જોઈને તે અત્યંત દૂ:ખી થયો અને પોતાના  મોં પર થપ્પડો મારી પોતાના મનને કહેવા લાગ્યો: હું કેટલો બદનસીબ છું કે હું      પૂરી રાત એક કાળા કુતરા માટે ઇબાદત કરતો રહયો, આના પહેલા તો હું મારા જેવા ઇન્સાનોને મારી ઇબાદતમાં ભાગીદાર કરતો હતો અને આજ રાત મેં એક કાળા કુતરાને મારી ઇબાદતમાં ભેળવ્યો.

## રિયાકાર હડધૂત કેમ થાય છે

અસઅમી કહે છે કે કૂફાથી બિલાલ બિન અલી બરદા નામી એક શખ્સ ઉમ્ર બિન અબ્દુલ અઝીઝની પાસે શામ આવ્યો. અને એ શખ્સે સાધારણ અલેક સલેક પછી મસ્જિદને જ પોતાનું રહેઠાણ બનાવી લીધુ. મસ્જિદના એક ખૂણામાં બેસી સદા ખુદાના ઝિક્રમાં લીન રહેતો હતો. ઉમ્ર બિન અબ્દુલ અઝીઝ  તેની જાહેરી ઇબાદત જોઈ ઘણો પ્રભાવિત થયો.

તેણે એક દિવસ પોતાના સાથી અલાઅ બિન મુગયરાને કહ્યું કે હું આ શખ્સની ઇબાદત જોઈ

ઘણો પ્રભાવિત થયો છું જો તેનું અંતર તેના બાહ્યની જેમ છે તો પછી આ શખ્સ ઇરાકની ગવર્નરી માટે યોગ્ય છે.

અલાઅ બિન મુગયરાએ કહ્યું કે હું એને અજમાવું છું અને તેના ભીતરની આપને ખબર કરી દઈશ.

અલાઅ બિન મુગયરા મસ્જિદના એ સ્તંભ પાસે ગયો જ્યાં તે નમાઝમાં પ્રવૃત હતો. તેણે કહ્યું આપ નમાઝ ટુંકાવો હું તમારાથી એક વાત કરવા માંગુ છું.

તેણે નમાઝ ટુંકાવી તો અલાઅએ કહ્યું કે તું   સારી પેઠે જાણે છે કે હું અમીરનો નિકટનો સાથી છું અને તે મારા પર અનહદ   ભરોસો કરે છે જો હું તારા માટે ભલામણ કરૂ તો તે તને ઇરાકનો ગવર્નર બનાવી દેશે. પરંતુ પ્રથમ તું મને એ બતાવ કે તું એ બદલામાં મારી શું સેવા કરશે?

એ શખ્સે કહ્યું જો તું મને ઇરાકનો ગવર્નર બનાવી દેશે તો હું તને એકલાખ વીસ હજાર દિરહમ આપીશ.

અલાઅ બિન મુગયરાએ કહ્યું  કે એમ કર કે તું મને એ લખી આપ જેથી હું નચિંત થઈ જાઉં. તેણે એક લાખ વીસ હજાર દિરહમનું લખાણ લખી આપ્યું.

ત્યાર પછી અલાઅ બિન મુગયરા એ લખાણ લઈ ઉમર બિન અબ્દુલ અઝીઝની પાસે આવ્યો અને તેને તે લખાણ વંચાવ્યુ.

ઉમ્ર બિન અબ્દુલ અઝીઝે કૂફાના ગવર્નરને પત્ર લખ્યો જેમાં લખેલું હતું.

બિલાલ બિન અબી બરદા પોતાની ઇબાદત અને રિયાઝતથી અમને ધોકો દેવા માંગતો હતો અને

અમે પણ ધોકામાં આવી જનારા હતા , હવે જયાં અમે તેની ક્સોટી કરી તો અમે તેને લુચ્ચો જોયો.

‘અલ અઝકિયા’ના ક્ર્તા અલ્લામા ઇબ્ને જવઝી આ કહાની પછી લખે છે કે એક મીઠાબોલા ઉપદેશકે એક બાદશાહને શીખ અને નસીહત કરી. ઉપદેશકના જવા પછી બાદશાહે ઘણો માલ તેના ઘરે મોકલી દીધો. માલ પહોંચાડનાર નોકર જયારે પાછો આવ્યો તો બાદશાહે પૂછ્યું કે ઉપદેશકે અમારી ભેટ સ્વિકારી લીધી કે નહીં ?

નોકરે કહ્યું : ઉપદેશકે ઘણી ખૂશી સાથે ઘણો માલ પોતાની પાસે રાખી લીધો. તો બાદશાહે કહ્યું :

આપણે બધા શિકારી છીએ  પરંતુ દરેક જણ પાસે જાળ વિવિધ છે.

જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ નું ફરમાન છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે હું કોઈને ભાગીદાર બનાવવાથી બેપરવા છું. જેણે પણ કોઈ સારૂં કામ કર્યુ અને તેમાં મારા ગૈરને ભાગીદાર બનાવ્યો તો જો એ કામમાં અમુક અંશે નિર્ભેળ મારા માટે હશે તો પણ હું એ અંશ પણ એ ગૈરને આપી દઈશ. બસ માત્ર એજ અમલ સ્વિકારીશ જે મારા માટે અણીશુધ્ધ હોય.

કુરઆને મજીદની આ મુબારક આયત "વમા યોઅમેનૂન અક્સરોહુમ બિલ્લાહે ઇલ્લા વહુમ મુશરેકૂન" ની નફસીર કરતા ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું શિર્કનો એક પ્રકાર એ પણ છે કે એક શખ્સ કોઈ બીજા વિશે આ શબ્દો વાપરે કે જો ફલાણો ન હોત તો હું હલાક થઈ જાત, જો ફલાણો શખ્સ ન હોત તો મને એ વસ્તુ ન મળત, જો ફલાણો ન હોત તો મારૂ ખાનદાન નષ્ટ થઈ જતે. શું તમે નથી જોતા કે તેણે આ શબ્દો દ્વારા લોકોને અલ્લાહના ભાગીદાર બનાવ્યા જે તેનાથી નુક્સાની દૂર કરે છે અને માલ અને રોઝી પણ પૂરી પાડે છે.

રાવી કહે છે કે મેં પૂછ્યું કે જો આવા પ્રસંગોએ કોઈ શખ્સ એમ કહે કે જો ફલાણા શખ્સ મારફત ખુદા મારા પર ઉપકાર ન કરતે તો હું હલાક થઈ જતે તો શું આવા શબ્દો કહેવા બરાબર છે ? ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: "જી હા, આવા શબ્દો કહેવામાં કોઈ વાંધો નથી."

ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જો ઇન્સાનોનો એક સમૂહ અલ્લાહ તઆલાની ઇબાદત કરે અને નમાઝ પડે અને ઝકાત આપે અને બયતુલ્લાહની હજ કરે અને રમઝાન માસના રોઝા રાખે પછી ખુદાના કોઈ હુકમ અથવા રસૂલ

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કોઈ ફરમાન વિશે એમ કહે કે આવો હુકમ દેવાના બદલે અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમઆ રીતે હુકમ આપતે તો વધારે સારૂ હતું. અથવા ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી  વસલ્લમના ફેસલા વિરુધ્ધ પોતાના દિલમાં કોઈ કચવાટ કે અણગમો અનુભવે તો તે મુશરિક થઈ જશે. પછી આપે "ફલા વ રબ્બેક......" ની આયત પડી હબીબ તમારા પરવરદિગારની કસમ તેઓ મોમિન નથી બની શક્તા જયાં સૂધી પોતાના બધા આપસના ઝઘડાઓમાં આપને લવાદ ન માની લે પછી

આપના ફેસલા વિરુધ્ધ પોતાના દિલમાં કોઈ પણ પ્રકારનો કચવાટ ન રાખે અને આપના ફેસલાને એવી રીતે માન્ય રાખે જેવી રીતે     માન્ય રાખવો જોઈએ.

પછી હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમારે સ્વિકારથી કામ લેવું જોઈએ.

ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામનું ફરમાન છે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ વચ્ચે હઝરત અલી અલય્હિસ્સલામને પરચમ   બનાવ્યા. જેણે તેમને ઓળખ્યા તે મોમિન બન્યો અને જેણે તેમનો ઇન્કાર ક્ર્યો તે કાફિર થયો અને જે તેનાથી

અજ્ઞાન રહ્યો તે ગુમરાહ થયો અને જેણે હઝરત અલી  અલય્હિસ્સલામના સ્થાનમાં કોઈ બીજાને ભાગીદાર બનાવ્યો તે મુશરિક ગણાયો અને હઝરત અલી અલય્હિસ્સલામની વિલાયત લઈને અલ્લાહની સામે પહોંચ્યો તે જન્નતમાં  દાખલ થયો અને જો કોઈ હઝરત અલી અલય્હિસ્સલામની દુશ્મની લઈને આવ્યો તે દોઝખમાં દાખલ થયો.

# નબીઓની પયરવીનું પરિણામ

## મોઅમિનની મહત્તા

ઇબ્ને શહાબ ઝેહરી રિવાયત કરે છે કે અબ્દુલ મલિક બિન મરવાને કેટલાક સિપાહીઓને હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામને કૈદ કરવા માટે મદીના મોકલ્યા. સિપાહીઓ મદીના આવ્યા અને ઇમામે આલી મકામને તેઓએ તૌક અને ઝંજીર પહેરાવ્યા અને તેમને પોતાની સાથે શામ તરફ લઈ ગયા. હું સિપાહીઓ પાસે ગયો અને એ ઇચ્છા વ્યક્ત કરી કે મને ઇમામથી મળવાની રજા આપવામાં આવે. તેઓએ મને રજા

આપી. હું ઇમામ અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો તો તેમને સાંકળોમાં જકડાએલા જોયા ઇમામ અલય્હિસ્સલામની આ હાલત જોઈને હું રડવા લાગ્યો અને અરજ કરી કે કાશ આ સાંકળો મારા ગળામાં હોતે અને આપ આઝાદ હોતે આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામ મલકાયા અને કહ્યું કે શું તમે એમ સમજો છો કે આ ઝંજીર મને તકલીફ આપી રહી છે. સાંભળો એવું હરગીઝ નથી. એ સમયે ઇમામે પોતાના હાથ-પગ સાંકળોમાંથી બહાર કાઢયા અને ફરમાવ્યું કે ઝેહરી , તમારા પર જયારે પણ કદી આવો મૌકો આવે તો પોતાના અલ્લાહને પોકારો અને તેના અઝાબને યાદ કરો

અને એ પણ સાંભળી લ્યો કે હું આ સિપાહીઓ સાથે બે મંઝિલોથી વધારે નહીં રહું.

આ બનાવને ત્રણ દિવસ વિત્યા કે મેં એ સિપાહીઓને ગભરાયેલા થઈને મદીના પાછા ફરતા જોયા અને તેઓ હઝરત ને મદીનામાં શોધી રહ્યા હતા , પણ હઝરત ત્યાં મૌજૂદ ન હતા. મેં સિપાહીઓને પૂછ્યું કે  મામલો શું છે  ?તેઓએ બતાવ્યું કે અમે ઇમામ અલય્હિસ્સલામની આસપાસ બેઠા હતા કે  એકાએક ઇમામ અલય્હિસ્સલામની સાંકળો તૂટીને દૂર જઈ પડી અને હઝરત અમારી  આંખોથી અદ્રશ્ય થઈ ગયા.

હવે અમે તેમને શોધી રહ્યા છીએ પણ ક્યાંય દેખાતા નથી.

ઝેહરી કહે છે કે હું શામ ગયો અને અબ્દુલ મલિક બિન મરવાની મુલાકાત કરી , તેણે મને ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ વિશે પૂછ્યું તો મેં તેમના અદ્રશ્ય થઈ જવાનો બનાવ સંભળાવ્યો.

અબ્દુલ મલિકે કહ્યું કે થયું એમ કે ઇમામ જેવા સિપાહીઓની નઝરોથી ઓઝલ થયા , એ જ સમયે મારી પાસે શામમાં પહોંચ્યા અને મને ફરમાવ્યું: ‘મા અન વ અન્ત ’ તારી સાથે મારે શું લેવા દેવા છે ?

મેં કહ્યું: હું ઇચ્છુ છું કે આપ મારી સાથે રહો. તેમણે ફરમાવ્યું: પણ હું તારી સાથે રહેવા નથી માંગતો.

આમ કહી મારી પાસેથી ઉઠીને ચાલ્યા ગયા અને હું તેમના રોબ દાબમાં એટલો આવી ગયો કે તેમના ડરથી મારા કપડા પણ નજીસ થઈ ગયા.

મેં બાદશાહને કહ્યું કે તમારે ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામથી કોઈપણ પ્રકારે ડરવાની જરૂર નથી અને તેમને તમારી  હુકૂમતથી કોઈ લેવા દેવા નથી તેઓ તો હંમેશા અલ્લાહની યાદમાં જ ડૂબેલા રહે છે.

અબ્દુલ મલિકે કહ્યું: ખરેખર , આવા ઇન્સાનો સદભાગી છે જે હર વખત ખુદાની યાદમાં રહેતા હોય.

## દેખતા અને આંધળો

અબૂ બસીર કહે છે કે હું હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામની સેવામાં મસ્જિદે નબવીમાં ગયો. મસ્જિદમાં લોકોની અવર જવર ચાલુ હતી. હઝરતે ફરમાવ્યું એ લોકોથી પૂછો કે તેઓને હું (ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ) દેખાઉં છું?

મેં લોકોથી પૂછવું શરૂ કર્યું કે શું તમે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામને જોયા છે?

તો બધા મને એ જ જવાબ આપતા રહ્યા કે અમે હઝરત ને નથી જોયા જયારે કે હઝરત બધાની સામે બેઠા હતા પણ કોઈ શખ્સ તેમને જોઈ નહોતો રહયો. એટલામાં અબૂ હારૂન નાબીના (અંધ) ત્યાં આવ્યો. ઇમામ અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું કે આને પૂછો તો મેં આ આંધળાથી પૂછ્યું કે તમે ઇમામ બાકિર અલય્હિસ્સલામને જોયા ? તો તેણે કહ્યું જી હા , તેઓ અલય્હિસ્સલામ સામે તો બેઠેલા છે. મેં પૂછ્યું: તમે આલી મકામને કેવી રીતે જોઈ લીધા જયારે કે તમે તો અંધ છો.

તેણે કહ્યું: કેમ ન ભાળું આપ અલયહિસ્સલામ તો ઝળહળતું નૂર છે અને રોશન સૂરજ છે.

હિશામ બિન હકમ રાવી કહે છે કે હઝરત ઇમામ જઅફર સાદિક અલય્હિસ્સલામની ખિદમતમા એક કોહિસ્તાની શખ્સ આવ્યો અને આપને દસ હજાર દિરહમ આપ્યા અને એ ઇચ્છા વ્યક્ત કરી કે હું હમણા હજ પર જઈ રહયો છું. આપ આ રકમથી મારા માટે એક મકાન ખરીદી લ્યો. હું ઇચ્છુ છું કે હજથી પાછા ફર્યા પછી હું આ મકાનમાં મારા બાલ બચ્ચાઓ સહિત રહું.

એ શખ્સ હજના માટે રવાના થઈ ગયો. હજથી પરવારી તે શખ્સ ઇમામ અલય્હિસ્સલામની

સેવામાં આવ્યો. ઇમામ અલય્હિસ્સલામ એ તેને એક રસીદ લખી આપી. જેમાં લખ્યું હતું કે મેં તારા માટે જન્નતમાં એક મકાન ખરીદ્યું છે જેની પહેલી સીમા હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ઘરથી મળે છે અને બીજી સીમા હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના ઘરથી મળે છે. અને ત્રીજી હદ હઝરત હસન અલય્હિસ્સલામના ઘરની સાથે લાગે છે અને તેની ચોથી હદ હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામના ઘર સાથે મળે છે.

કોહિસ્તાની શખ્સ જન્નતના મકાનની રસીદ લઈ ઘણો ખૂશ થયો અને ઇમામ અલય્હિસ્સલામએ તેની રકમ  ઇમામ હસન અલય્હિસ્સલામ અને ઈમામ હુસૈન અલય્હિસ્સલામની અવલાદમાં વ્હેંચી દીધી.

થોડા દિવસ પછી તે શખ્સ બીમાર પડયો અને પોતાના સગા વ્હાલાઓને પોતાની પાસે બોલાવ્યા અને તેઓને કહ્યું કે મને યકીન છે કે જે કંઈ ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ એ મને લખીને આપ્યું છે તે સાચુ  છે હું ઇચ્છુ છું કે જયારે હું મરી

જાઉં તો આ રસીદને મારી સાથે કબ્રમાં  દફન કરી દેજો.

થોડા દિવસ પછી એ શખ્સ મરી ગયો. કુટુંબીઓએ તેની વસીયત પ્રમાણે ઇમામ અલય્હિસ્સલામએ લખેલી રસીદ તેના કફનમાં રાખી દીધી. બીજે દિવસે એ જ રસીદ કબ્ર ઉપર મૌજૂદ હતી. જેની બીજી તરફ આ લખાણ લખેલુ હતું. અલ્લાહના વલી જનાબ સાદિક અલય્હિસ્સલામ એ જે વાયદો ક્યોં હતો તેને અલ્લાહે પૂરો કરી દીધો.

# સય્યદ રઝી અને સત્ય સંકલ્પ

એક દિવસ સય્યદ રઝી (રહે.) એ પોતાના ભાઈ મુરતઝા અલમુલ્હોદાની ઇમામતમાં નમાઝ પડી , જયારે નમાઝ પુરી થઈ ગઈ તો તેમણે પોતાના ભાઈથી કહ્યું કે હવેથી હું આપની પાછળ નમાઝ નહીં પડું. તેમણે પૂછ્યું એમ શા માટે ? તો સય્યદ રઝીએ કહ્યું મેં જોયું કે તમે સ્ત્રીઓના ખૂનમાં રગદોળાએલા છો.

સય્યદ મુરતઝાએ સમર્થન ક્ર્યું અને કહ્યું કે જે કંઈ આપે જોયું છે, ખરૂ છે. હું નમાઝમાં હયઝના ખૂનના મસઅલામાં ગુંચવાએલો હતો.

આજ રિવાયત એક અન્ય રીતે પણ નકલ થએલ છે કે સય્યદ રઝી સય્યદ મુરતઝાની પાછળ નમાઝ પડી રહ્યા હતા તેમને સ્વયંસ્ફૂર્ણા થઈ  કે તેમના ભાઈ ખૂનમાં લોથપોથ છે. તેમણે નમાઝ તોડી નાખી અને મસ્જિદમાંથી બહાર  આવી ગયા અને પૂરા રસ્તામાં એમજ કહેતા રહ્યા કે અફસોસ મેં જે કંઈ જોયું.

સય્યદ મુરતઝા નમાઝ પડાવ્યા પછી ઉતાવળે ઉતાવળે ઘરે આવ્યા અને પોતાની વહાલી માતાથી ભાઈની વર્તણુંકની ફરિયાદ કરી.  માએ પોતાના પુત્ર રઝીને આ વાત પર ઠપકો આપ્યો તો સય્યદ

રઝીએ કહ્યું: માજી ! મેં ભાઈને જોયો કે તેઓ સ્ત્રીઓના ખૂનમાં નખશીખ ડુબેલા છે. આવી સ્થિતિમાં હું તેમની આગેવાનીમાં કેવી રીતે નમાઝ પડું?

આ સાંભળી સય્યદ મુરતઝાએ ફરમાવ્યું: આપની વાત ખરી છે , એક સ્ત્રીએ મારાથી હયઝના મસઅલા પૂછ્યા હતા. એટલે હું નમાઝમાં પણ મસઅલામાં ગુંચવાએલો હતો.

(આ બંને ભાઈઓની મઝાર કાઝમૈનમાં હરમની બહાર છે.)

## જો લોકો અલ્લાહની ફરમાબરદારી કરતે તો ભક્ષક પ્રાણીઓ તેમની તાબેદારી કરતે

શેખ અલી હાઝિમ બિન અબ્દુલ ગફાર રિવાયત કરે  છે કે હું અને ઇબ્રાહીમ અધમ મન્સૂર દવાનકીના રાજયકાળમાં કૂફા ગયા. એજ દિવસોમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયિહિસ્સલામ પણ કુફા આવેલા હતા. થોડા દિવસ પછી ઇમામે મદીના જવાની તૈયારી કરી તો કૂફા વાળાઓ મોટી સંખ્યામાં વિદાય કરવા માટે ભેગા થઈ ગયા. ભેગા થવાવાળાઓમાં ઇબ્ને સૂરી અને ઇબ્રાહીમ અધમ પણ હતા અને એવા ટોળામાં હતા જેઓ ઇમામની

આગળ આગળ ચાલી રહ્યા હતા. રસ્તામાં એક સિંહ ઊભેલો દેખાણો. પૂરો કાફલો સિંહના કારણે રોકાઈ ગયો અને ઇબ્રાહીમ અધમે કહ્યું: તમે બધા પોતાની જગ્યાએ ઊભા રહી જાવ અને ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના આવવાની વાટ જુઓ. જ્યારે ઇમામ જઅફર સાદિક અલય્હિસ્સલામ આવ્યા તો લોકોએ તેમને બતાવ્યું કે માર્ગમાં સિંહ ઊભેલો છે. ઇમામ અલય્હિસ્સલામ આગળ વધ્યા અને ત્યાં આવ્યા જ્યાં સિહે કાફલાનો માર્ગ રોક્યો હતો. ઇમામ અલય્હિસ્સલામ એ તેને કાનથી પકડી દૂર હઠાવી દીધો અને સિંહે કોઈ પણ પ્રકારનો અવરોધ ન કર્યો. પછી ઇમામ અલય્હિસ્સલામ એ

ફરમાવ્યું: જો લોકો પોતાના પરવરદિગારની તાબેદારી કરત તો ભક્ષક પ્રાણીઓ તેમને તાબે હોત. લોકો પોતાના સામાન પણ ભક્ષક પ્રાણીઓ પર લાદયા કરત.

અલ્લામાં તબરસી 'અઅલામુલવરા'માં લખે છે કે અબ્દુલ્લાહ બિન સનાન કહે છે કે અનેક ઉમદા લિબાસો કોઈએ હારૂન રશીદને ભેટ મોકલ્યા. હારૂન રશીદે પોતાના માણસને કહ્યું કે એ મુલ્યવાન લિબાસો પોતાના વઝીર અલી બિન યક્તીનને આપી દયો. અને માણસોએ એ લિબાસો અલી બિન યક્તીનના ઘરે મોકલી દીધા. આ વસ્ત્રોમાં એક ઉઘાડા ગળાની ખમીસ હતી જેને 'દરાઆ' કહેવામાં આવે છે. અને એ ખમીસ કિંમતી રેશમની બનાવેલી હતી અને ઘણી કળાત્મક રીતે તેના પર

ઝરી ભરવામાં આવી હતી ટુંકમા તે ખમીસ દરેક રીતે બાદશાહને જ શોભે એવી હતી

અલી બિન યક્તીને આ શાહી ખમીસ સાથે બધા ઉમદા લિબાસ અને બીજી ભેટો હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામની સેવામાં મદીના મોકલી દીધી. ઇમામ અલય્હિસ્સલામએ એ સમયે એ માલ સ્વિકારી લીધો અને સાથે જ એક બીજા ખેપિયા સાથે આપે તે શાહી ખમીસ અલી બિન યક્તીનને પાછુ મોકલી દીધુ અને સાથે લખી મોકલ્યું કે આને સંભાળીને રાખજો એક દિવસ તમને આ ખમીસની જરૂરત પડશે.

બનવાકાળ, એક વખત અલી બિન યક્તીન પોતાના કોઈ ગુલામ પર નારાજ થયો અને એ ગુલામને એ વાતની ખબર હતી કે અલી બિન યક્તીન બાદશાહની ભેટ હઝરત ઇમામ મૂસા અલય્હિસ્સલામને આપી ચુક્યા છે. એટલે એ ગુલામે હારૂન રશીદને ત્યાં જઈને ચાડી ખાધી કે અલી બિન યક્તીન ઇમામ કાઝિમ અલય્હિસ્સલામની ઇમામતમાં માને છે અને દર વરસે ખુમ્સ અને બીજો માલ તેમને મોકલતા રહે છે. અને સૌથી મોટો પુરાવો એ છે કે એ શાહી ખમીસ 'દરાઆ' જે આપે તેમને આપી હતી અને

તેણે ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ પાસે મોકલી દીધી છે.

આ સાંભળી હારૂનને ઘણો ગુસ્સો ચડયો અને ગુલામને કહ્યું: જો તારી વાત ખોટી ઠરી તો તને કત્લ કરાવી નાખીશ. ગુલામે  કહ્યું: ઠીક છે, હું દરેક સજા માટે તૈયાર છું. ત્યાર પછી અલી બિન યક્તીનને દરબારમાં બોલાવવામાં આવ્યા. હારૂન રશીદે કહ્યું: મેં ભૂલથી શાહી ખમીસ ‘દરાઆ’ તમને આપી દીધી હતી મને તેની જરૂરત છે હવે તે ક્યાં છે ?

અલી બિન યક્તીને કહ્યું: તે મારા ઘરમાં  પડી છે. અને તેને મેં ઘણી સાચવણી પુર્વક ખૂશ્બુ લગાડી કબાટમાં રાખેલી છે  અને ભાવના પૂર્વક તેને રોજ ચૂમું છું. હારૂને કહ્યું: તે ખમીસ જલ્દી મંગાવો.

અલી બિન યક્તીને પોતાના ગુલામને કહ્યું કે  તું મારા ઘરે જા , ફલાણા કબાટમાં ફલાણી પેટીમાં તે ખમીસ રાખેલી છે તે લઈ આવ. ગુલામ ગયો અને ઉપરોક્ત ખમીસ લઈ આવ્યો.

હારૂન આ જોઈને ખૂશ થયો અને કહ્યું કે હવે  હું તમારી વિરુધ્ધ કોઈપણ વાતનો ભરોસો નહીં કરૂ. ચાડી ખાનાર ગુલામ વિશે  હારૂને હુકમ આપ્યો કે

તેને હજાર કોરડા મારવામાં આવે , પણ પાંચસો કોરડા ખાવા પછી એ ગુલામ મરણ પામ્યો.

આ રિવાયત પણ અલ્લામા તબરસીએ અઅલામુલ વરામાં નકલ કરી છે કે મોહમ્મદ બિન ફુઝૈલ કહે છે એક વખત આપણા હદીસવેત્તાઓ માં એ મતભેદ ઊભો થયો કે પગનો મસાહ પગની આંગળીઓથી શરૂ કરી ઘૂંટણી પર ખતમ કરવો જોઈએ કે ઘૂંટીથી શરૂ કરી આંગળીઓ પર પૂરો કરવો જોઈએ.

અલી બિન યક્તીને ઇમામ મૂસા કાઝિમ અલચ્હિસ્સલામના નામે એક પત્ર લખ્યો , જેમાં લખ્યું કે આપણા હદીસવેત્તાઓ વચ્ચે પગના

મસહમાં મતભેદ ઊભો થયો છે. આપથી વિનંતી છે કે આપ તેનું સ્પષ્ટીકરણ કરો.

થોડા દિવસ પછી ઇમામ આલી મકામના તરફથી જવાબ મળ્યો જેમાં લખેલુ હતું: અલી બિન યક્તીન ! જ્યારે તમે વુઝૂનો ઇરાદો કરો તો ત્રણ વખત કોગળા કરો, ત્રણ વખત નાકમાં પાણી નાખો , ત્રણ વખત પોતાના ચહેરાને બંને હાથોથી ધૂઓ. પછી પોતાના હાથોને ધૂઓ , ત્યાર પછી માથા અને ગરદનનો મસાહ કરો. અને અંતે પોતાના પગો ધોઈ નાખો અને ખબરદાર મારા હુકમની વિરુધ્ધ ન કરજો.

ઇમામ આલી મકામનો પત્ર જેવો અલી બિન યક્તીનને મળ્યો તે ઘણોજ અચરજ પામ્યો કેમકે આ તરીકો સામાન્ય મુસલમાનોનો હતો જેને એહલેબૈત અલય્હેમુસ્સલામના મઝહબથી કંઈ લેવાદેવા નથી. અલી બિન યક્તીને કહ્યું ગમે તે થાય મારા ઇમામનું ફરમાન છે. મારે એ પ્રમાણે કરવું જોઈએ. એટલે તેમણે સામાન્ય મઝહબ પ્રમાણે વુઝૂ કરવું શરૂ કરી દીધુ.

એ જ અરસામાં એક દરબારીએ હારૂનની પાસે અલી બિન યક્તીનની શિકાયત કરી કે તે શીઆ મઝહબ પાળે છે. હારૂને દરબારીને કહ્યું: પહેલા પણ

મને આવી જાતની શિકાયતો મળી છે , પરંતુ મેં જયારે પણ ચોક્સાઈ કરી તો તે શિકાયત સદા ખોટી પૂરવાર થઈ છે.

એક દરબારીએ કહ્યું શીઆઓ વુઝૂના મામલામાં આપણાથી વિરુધ્ધ કરે છે. આપ કોઈ વખત તેના આ તરીકાનું એવી રીતે નિરિક્ષણ કરો કે તે આપને ન જોતો હોય અને આપ તેને જોઈ શકો તો તે સમયે તેનું શીઆપણુ ખૂલીને સામે આવી જશે. કેમકે શીઆઓ અંતમાં પગ ધોવાને બદલે પગનો મસહ કરે છે. હારૂન મોકો શોધતો રહયો કે તેને એ મોકો જલ્દી મળી ગયો. છેવટે નમાઝનો સમય

થયો અલી બિન યક્તીન પોતાના ઘરમાં બેસી વુઝૂ કરવા લાગ્યો અને એ સાથે જ એક ઉંચી ઇમારતની છત પર બેસી હારૂન તેનું વુઝૂ જોવા લાગ્યો. તેણે ઇમામના ફરમાન મુજબ તદ્દત એવુ જ વુઝૂ ર્ક્યુ જેવુ કે સવાદે આઝમના લોકો કરે છે. આ જોઈ હારૂને કહ્યું: હવે પછી કદી આના વિરુધ્ધ કોઈ શિકાયત કાન પર નહીં ધરૂ. હારૂનના દરબારમાં અલી બિન યક્તીનના માન મોભામાં વધારો થઈ ગયો. આ બનાવના બીજે દિવસે ઇમામ કાઝિમ અલય્હિસ્સલામનો એક પત્ર અલી બિન યક્તીનને મળ્યો. માં લખેલુ હતું અય અલી! આજના પછી એવી રીતે વુઝૂ કરો જેવુ કે અલ્લાહ તઆલાએ

કુરઆન મજીદમાં  હુકમ આપ્યો છે. ચહેરાને એક વખત વાજિબ એક વાર સુન્નતની નિય્યતથી ધુઓ. પોતાના હાથોને કોણીઓથી આંગળીઓ સૂધી ધૂઓ. ત્યાર પછી માથાનો મસહ કરો     ,  પછી પગની આંગળીઓથી ધૂંટીઓ સૂધી મસહ કરો. મને તમારા વિશે જે ડર હતો તે ટળી ગયો છે. વસ્સલામ.

અલી બિન યક્તીન એ વ્યક્તિ છે કે તેમના   સબંધે દાવૂદ રતી બયાન કરે છે કે હું કુરબાનીની ઇદના દિવસે હઝરત ઇમામ મૂસા                    કાઝિમ અલય્હિસ્સલામની સેવામાં હાજર હતો તો તેમણે ફરમાવ્યું: મેં જેટલો સમય     અરફાતમાં વિતાવ્યો

અલી બિન યક્તીન મારા દિલ અને દિમાગમાં મૌજૂદ રહયો.

આ એ અલી બિન યક્તીન છે કે એક વરસ અરફ઼ાતના સ્થળે તેના તરફથી તલબિયા કરવાવાળાઓની ગણત્રી કરવામાં આવી તો તે પચાસ જણા હતા, જે તેના તરફથી રકમ લઈને તેની નયાબતમાં હજ કરવા આવ્યા હતા.

## ઇમામના અનુયાયીઓની મૌત

શેખ સદૂકે પોતાની સનદોથી ઇમામ હસન અસ્કરી અલયહિસ્સલામથી રિવાયત કરી છે અને તેમણે પોતાના પવિત્ર વડવાઓની સનદથી જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ થી રિવાયત કરી. આપ સલ્લલ્લાહો  અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: મોઅમિનને પોતાના અંજામની સદા ચિંતા રહે    છે. અને તે સદા એ વાતની આકાંક્ષા રાખે છે કે તેનો અંત સારો આવે અને અલ્લાહની મરજી પ્રમાણે હોય. જયારે તેની મૌતનો સમય આવે છે અને મલેકુલ મૌતને   જુએ

છે તો માનવ સુલભ લાગણીઓથી પોતાના માલ અને સંતાનના વિયોગના કારણે  શોકાતુર બને છે. તો એ સમયે મલેકુલ મૌત તેને અવાજ આપી કહે છે, શું કોઈ બુધ્ધિશાળી એવા માલ અને સંતાન માટે ચિંતિત થાય છે. જે તેને માટે લાભદાયક ન   હોય? અને જયારે કે ખુદા તઆલાએ તેને આ વ્યર્થ માલ અને દૌલતના બદલે હજારો ગણી    વધારે દોલત અને ધન આપ્યું હોય. તો મોઅમિન કહે છે નહીં એવી પરિસ્થિતિમાં ગમગીન ન થવું જોઈએ. તો એ સમયે મલેકુલ મૌત ઇશારો કરીને કહે છે ઉપર નજર ઉપાડી જો. જ્યારે મોઅમિન ઉપર નજર કરે છે તો તેને જન્નતના ભવ્ય મકાનો નજરે પડે છે  જે

તેની આકાંક્ષાઓની સીમાથી પણ વધારે સારા હોય છે. મલેકુલ મૌત કહે છે કે આ જન્નતમાં તારૂ મકાન છે અને તારા કુટુંબના નેક લોકોને પણ નજીકમાં અલ્લાહ તારા પાડોશી બનાવી દેશે. તો શું દુનિયાની તુચ્છ માલ દૌલતના બદલે જન્નતની આ નેઅમતો તમારા માટે વધારે સારી નથી?

તે સમયે મોઅમિન કહે છે ખુદાની કસમ હું રાઝી છું. ત્યાર પછી મલેકુલ મૌત મોઅમિનને કહે છે કે એક વાર ફરી ઉપર જો. હવે મોઅમિન ઉપર જોશે તો રસૂલે કરીમ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમ,અમીરુલ મોઅમેનીન

અલય્હિસ્સલામ,હસને મુજતબા અલય્હિસ્સલામ,અને હુસૈન અલય્હિસ્સલામ ,ને અતિ ઉત્કૃષ્ટ (આલા ઇલ્લીયીન) સ્થળે જોશે. મલેકુલ મૌત તેને કહેશે કે આ  હસ્તીઓ તારા સાથી અને હમદર્દ છે. હવે જે લોકોને તું પાછળ મુકી જઈ રહયો છે તેઓ તને વધારે વહાલા છે કે આ પાક હસ્તીઓ વધારે વહાલી છે ?

મોઅમિન કહેશે મને આ પવિત્ર હસ્તીઓ સૌથી વધારે પ્યારી છે, હું તેમના સાંનિધ્યથી રાઝી છું.

# હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલયહિસ્સલામ અને તબીબ

કિતાબ રિયાઝુલ કુદસમાં એક હજાર વાર્તાઓ આપેલી છે. તેમાંની એક કથા એ પણ છે કે એક વખત હઝરત ઇમામ મૂસા કાઝિમ  અલયહિસ્સલામ બીમાર પડયા અને તેમના ઇલાજ માટે એક યહૂદી હકીમને બોલાવવામાં               આવ્યો. આપ અલયહિસ્સલામએ તબીબને ફરમાવ્યું: ઇલાજમાં ઉતાવળ ન કરો. મારો એક    મિત્ર છે પ્રથમ મને તેનાથી મશવેરો કરવા દયો. ત્યાર પછી આપ

અલયહિસ્સલામએ તબીબથી મોં ફેરવ્યું અને કિબ્લા તરફ મોં કરી આ બે શેર પડયા.

ખુદાયા તેં મને બીમાર ર્ક્યો છે અને તું જ મારો તબીબ છે.

પોતાનો ફઝલ કરીને આ બંદા ઉપર દયા દ્રષ્ટિ દાખવ.

તારી મોહબ્બત અને પ્રેમનો મને જામ પિવરાવ.

અને તેમાં તારા સાંનિધ્યની મીઠાશનો વધારો કર.

ઇમામ અલય્હિસ્સલામએ આ શેરો હજી પુરા કર્યા જ હતા કે તંદુરસ્તીની અસરો દેખાવા લાગી અને તબીબ ઘણી અચરજથી જોતો રહયો. થોડીવાર પછી ઇમામ અલય્હિસ્સલામ તદ્દન સ્વસ્થ થઈ ચૂક્યા હતા.

જ્યારે યહૂદી તબીબે આ દ્રશ્ય જોયું તો ઇમામના હાથો ચૂમી લીધા અને કહ્યું કે પ્રથમ હું સમજતો હતો કે હું તબીબ છું અને આપ બીમાર છો. પણ હવે મને ખબર પડી કે હું બીમાર છું અને આપ તબીબ છો. મહેરબાની કરીને મારો ઇલાજ કરો.

ઇમામ અલય્હિસ્સલામ એ તેને ઇસ્લામની દાવત આપી અને તે મુસલમાન થઈ ગયો.

## ઇમામના અનુયાયીઓ નિર્ધન નથી હોતા

એક શીઆ હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો અને ઇમામ સાદિક અલય્હિસ્સલામની પાસે પોતાની ગરીબી અને નિર્ધનતા ગાવા લાગ્યો.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: તું અમારો શીઆ થઈને મુફલિસીનો દાવો કરે છે ? જ્યારે અમારા બધા શીઆ બેપરવા અને શ્રીમંત છે. તારી પાસે તો એક લાભદાયક વેપાર છે , જેણે તને બેપરવા કરી દીધો છે.

તેણે અરજ કરી: ભલા મારી પાસે કઈ તિજારત છે?

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: વારૂ ! એ બતાવ કે કોઈ પૈસાદાર તને કહે કે હું પૂરી ધરતી પરની ચાંદી ભરીને તને દઉં એ   શરત પર કે તું પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની તથા તેઓ   સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના એહલેબયતની મોહબ્બત દિલમાંથી કાઢી નાખ અને તેમના દુશ્મનોથી દોસ્તી કર. તો શું તું અમારી મવદ્દતના બદલે આ ધન સ્વિકારી લેશે?

તો તેણે કહ્યું: ફરઝંદે રસૂલ ! કદાપિ નહીં , જો પૂરી ઝમીન સોનાથી ભરીને પણ મને દેવામાં આવે તો પણ એમ નહીં કરૂ.

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: પછી તો તું ગરીબ નથી, દુનિયામાં અનાધાર તો એ છે જેની પાસે એ ધન નથી જે તારી પાસે છે. ત્યાર પછી ઇમામ અલય્હિસ્સલામએ તે મોઅમિનને અમુક માલ દોલત આપી વિદાય ર્ક્યો.

## ઇમામનું લશ્કર

એક વખત મુતવક્કિલે પોતાની બધી ફૌજને હુકમ ક્ર્યો કે ફલાણા દિવસે મારા સામે હાજર થાય. મુતવક્કિલ હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામને લઈને શહેરની બહાર આવ્યો. મુતવક્કિલે ફૌજને હુકમ આપ્યો કે હર ફૌજી માટીનો એક ટોપલો ભરીને એક ખાસ સ્થળે નાખતા જાય.

એટલે મુતવક્કિલની ફૌજે સવારથી સાંજ સૂધી એક સ્થળે એક એક માટીનો ટોપલો નાખવો શરૂ ક્ર્યો. ત્યાં એક પહાડ જેવો ટેકરો  વજૂદમાં આવી ગયો.

આ ટેકરાને ‘તલ્લલ મખાની ’ કહેવામાં આવતો હતો. અર્થાત ટોપલાવાળો ટેકરો.

મુતવક્કિલ હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામને લઈને એ ટેકરા પર ચઢી ગયો અને કહ્યું કે આપે મારૂ લશ્કર જોયુ? આ લશ્કર જોઈ કોણ મારો વિરોધ કરી શકશે?

હકીક્તમાં તે આ ફૌજી પ્રદર્શન અને પોતાના આ શબ્દોથી હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામને પ્રભાવિત કરવા માંગતો હતો. કેમકે સદા તેને એ વહેમ વળગેલો રહેતો હતો કે

શક્ય છે કે ઇમામ અલય્હિસ્સલામ કોઈ વખત તેની વિરુધ્ધ બળવો કરે.

ઇમામ અલય્હિસ્સલામ એ મુતવક્કિલને ફરમાવ્યું: ઘણુ સારૂ તેં તો મને પોતાનું લશ્કર દેખાડયુ , શું તું પણ અમારૂ લશ્કર જોવા માંગે છે?

તેણે કહ્યું: કેમ નહીં, જો આપની પાસે પણ લશ્કર છે તો અમને બતાવો. તેના કહેવાની વાર હતી કે ઇમામે પોતાના હાથ દુઆ માટે ઉંચા ર્ક્યા. એ સમયે મુતવક્કિલે જોયુ કે પૂર્વથી પશ્ચિમ સૂધી અને જમીનથી આસમાન સૂધી ફરિશ્તાઓના લશ્કરના લશ્કર છે.

આ દ્રશ્ય જોઈ મુતવક્કિલ એટલો ગભરાઈ ગયો કે બેહોશ થઈ જમીન પર પડી ગયો.

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: મુતવક્કિલ ગભરા નહીં, અમે તારી સાથે કોઈ પણ પ્રકારની જંગ નહીં કરીએ, અમે તો આખેરતના કામમાં લીન છીએ. અમે તારાથી કોઈપણ પ્રકારની ટક્કર ઇચ્છતા નથી.

અલ્લામા મજલિસી બેહારૂલ અન્વારમાં   નવ(૯)માં ભાગમાં લખે છે કે        ‘રોશીદ’  રા પર પેશથી પડવામાં આવે છે. અને હજરી        હજરની સાથે સબંધના કારણે છે. અને હજર બહરયનનું પાયતખ્ત છે. અને શબ્દ હજરમાં હે અને જીભ પર ઝબર પડવામાં આવે છે.

હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ તેને ‘રશીદુલ બલાયા વલ મનાયા ’ કહયા હરતા હતા. અને હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામએ તેને      ‘ઇલ્મે મનાયા અને

બલાયા' (મૌત અને મૂસીબતનું જ્ઞાન) શિખવ્યુ હતું. આ જ્ઞાન વડે તેઓ જેને જોતા બતાવી દેતા કે તેને ફલાણો રોગ  લાગુ પડશે. અથવા ફલાણો તેને ક્તલ કરી નાખશે અને તેઓ જેવુ કહેતા તેવું જ બનતું હતું.

કિતાબ ઇખ્તેસાસમાં છે કે ઇબ્ને ઝિયાદ લઈને રોશીદ હજરીની શોધનો હુકમ આપ્યો તો રોશીદ હજરી તેના ડરથી છુપાઈ ગયા. એક  દિવસ અબૂ અરાકાના ઘરે તેઓ પહોંચી ગયા.

અબૂ અરાકાનો સબંધ હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામના ખાસ સાથીઓમાંથી હતો અને

કેટલાક આલિમો તેને 'અસલમ બિન નબાતા ' માલિકે અશ્તર અને કુમય્લ બિન ઝિયાદની જેમ હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામના ખાસ સાથીઓમાંથી ગણે છે. અને શીઆ પુરૂષોના વૃતાંતમાં આલે અબી અરાકાને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત છે.

અબૂ અરાકા ઘણા દોસ્તો સાથે પોતાના ઘરના આંગણામાં બેઠા હતા કે રોશીદ હજરી તેના ઘરમાં પ્રવેશ્યા. રોશીદને જોઈ અબૂ અરાકા ઘણો પરેશાન થયો અને ઘરમાં દાખલ થઈ એ ઓરડામાં આવ્યા જ્યાં રોશીદ બેઠેલા હતા અને આવતા વેંત રોશીદ

પર નારાઝી વ્યક્ત કરી અને કહ્યું કે રોશીદ   ઘણો અફસોસ છે. તમે મને કત્લ કરવા અને મારા બાળકોને અનાથ કરવા માંગો છો.

રોશીદે કહ્યું: એનું શું કારણ છે?

અબૂ અરાકાએ કહ્યું: કદાચ તમને ખબર જ નથી  કે ઇબ્દે ઝિયાદ લઈન તમારી ખોજમાં છે. તેના જાસૂસો પગલે પગલે તમારી તલાશ    કરતા ફરી રહ્યા છે. હવે જો તમે મારા ઘરમાં દાખલ થયા છો અને તમને બીજા લોકોએ  પણ પ્રવેશતા જોયા છે તો મને ખાતરી છે કે તમે તમારી સાથે મને પણ સંકટમાં નાખી દેશો.

આ સાંભળી રોશીદે કહ્યું કે આપ જરા પણ ન ગભરાઓ આપના સિવાય કોઈએ આપના ઘરમાં આવતા મને નથી જોયો.

અબૂ અરાકાએ કહ્યું તો જાણે તમે મારી લાચારીની ઠેકડી ઊડાઓ છો?

અબૂ અરાકાએ સાવચેતી રૂપે તેમને એક ઓરડામાં બંધ કરી ઉપરથી તાળુ મારી દીધુ.

આશય એ હતો કે અન્ય લોકોને રોશીદના વિશે ખબર ન પડે અને માની લ્યો કે ઇબ્ને ઝિયાદને

પત્તો લાગી જાય તો પણ અબૂ અરાકા  એમ કહી શકે મેં તેમને કૈદ કરી લીધા છે.

ત્યાર પછી અબૂ અરાકા પોતાના એ દોસ્તો પાસે આવ્યા જેઓ ઘર ની બહાર આંગણામાં ઊભા હતા તેઓથી અબૂ અરાકાએ પૂછ્યું કે શું  તમે કોઈ સફેદ દાઢીવાળા બુઝુર્ગને અમારા મકાનમાં દાખલ થતા તો નથી જોયા ને?

બધાએ ના માં માથુ ધુણાવ્યું અને કહ્યું નહીં એવી કોઈ વાત નથી , અમે કોઈ પણ બુઝુર્ગને આપના ઘરમાં પ્રવેશતા નથી જોયા.

અહીંથી નચિંત થઈ અબૂ અરાકા ઇબ્ને ઝિયાદના દરબારમાં એ જોવા માટે ગયા કે દરબારમાં તો રોશીદ હજરીની કોઈ ચર્ચા તો નથી થઈ રહી.

અબૂ અરાકા કહે છે કે હું ત્યાં જઈ એક ખુરસી પર હજી બેઠો જ હતો કે મેં જોયુ કે રોશીદ હજરી મારા ખચ્ચર પર સવાર થઈ રાજભવનમાં આવી રહ્યા છે. આ જોઈને મારા ચહેરાનો રંગ ઊડી ગયો.

ઇબ્ને ઝિયાદે જેવા તેમને આવતા જોયા તેમના સ્વાગત માટે દોડતો દોડતો આવ્યો અને તેમને ભેટી પડયો, તેમના મોઢા પર ચુંબન કર્યાં અને વારંવાર તેમને પૂછી રહયો હતો. આપ ક્યારે

પધાર્યા અને ક્યા માર્ગે અહીં પહોંચ્યા અને આપ ક્યાં ઊતર્યા છો? વગેરે વગેરે.

થોડીવાર પછી રોશીદ રાજભવનમાંથી ઊઠીને ચાલ્યા ગયા. તેમના જવા પછી મેં ઇબ્ને ઝિયાદને પૂછ્યું કે આ બુઝુર્ગ કોણ હતા?

ઇબ્ને ઝિયાદે કહ્યું આ મારા એ શામી વડીલ છે. અને મને મળવા માટે અહીં ફૂફા પધાર્યા છે.

હવે જયારે અબૂ અરાકા ઘરે પાછા ફર્યા તો રોશીદ હજરીને એ તાળુ મારેલા ઓરડામાં બંધ જોયા. અબૂ અરાકાએ સહસા કહ્યું રોશીદ અલ્લાહે તમને

આ સ્થાન આપ્યું છે હવે તમે જયારે પણ ઇચ્છો મારા ઘરે આવી  શકો છો. હું સદા તમારા સત્કાર માટે તૈયાર રહીશ.

એક દિવસ જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારી હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામની સેવામાં હાજર થયા. અને પોતાની કફોડી  પરિસ્થિતી અને તંગદસ્તીની શિકાયત કરી. ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું અત્યારે અમારી પાસે એક કોડી સુદ્ધાં નથી.

એ સમયે કુમેત જેઓ આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના મુખલિસ શીઆ અને સિધ્ધ હસ્ત શાઈર હતા. તેઓ પણ  દીદારના આશયથી ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં

હાજર થયા અને અરજ કરી કે મેં            આપની પ્રશંસામાં એક નઝમ લખી છે. જો આપ રજા આપો તો સંભળાવું.

ઇમામ અલય્હિસ્સલામ એ રજા આપી. કુમેતે પોતાની નઝમ સંભળાવી

ઇમામ અલય્હિસ્સલામ એ ગુલામને હુકમ આપ્યો કે બાજૂના કમરામાં જાઓ અને ત્યાંથી એક થેલી લાવો. જેમાં દસ હજાર દિરહમ છે. ગુલામ તે થેલી લાવ્યો આપે તે થેલી કુમેતને ભેટ આપી.

કુમેતે કહ્યું: આપની રજા હોય તો હું આપને મારી બીજી નઝમ સંભળાવું ? આપ અલય્હિસ્સલામએ રજા આપી. કુમેતે રજા મળતા બીજી નઝમ પણ ઇમામ અલય્હિસ્સલામને સંભળાવી. ઇમામ અલય્હિસ્સલામએ ગુલામને ફરી આજ્ઞા કરી કે જાઓ એ જ ઓરડામાંથી એક બીજી થેલી લઈ આવો તેમાં દસ હજાર દિરહમ છે. ગુલામ થેલી લઈને આવ્યો આપ અલય્હિસ્સલામએ એ થેલી કુમેતને અર્પણ કરી.

કુમેતે અરજ કરી: મૌલા ! આપ રજા આપો તો હું આપને મારી એક અન્ય નઝમ પણ સંભળાવું.

ઇમામ અલય્હિસ્સલામ એ રજા આપી. કુમેતે ત્રીજી નઝમ પણ સંભળાવી.

ઇમામે આ નઝમ સાંભળી ગુલામને હુકમ કર્યો કે જાઓ એ જ કમરામાંથી એક બીજી થેલી લાવો જેમાં દસ હજાર દિરહમ છે.

ગુલામ હુકમ પ્રમાણે એક બીજી થેલી લાવ્યો. આપ અલય્હિસ્સલામએ એ થેલી પણ કુમેતને અર્પણ કરી.

કુમેતે કહ્યું: મૌલા ! મેં આ શેરો દુનિયાના લાભ ખાતર નહોતા લખ્યા. મેં તો મવદ્દતનું ઋણ અદા

કરવા આટે આ શેરો  કહ્યા છે. મને આ પૈસાની જરૂરત નથી. પણ ઇમામ અલય્હિસ્સલામએ એ રકમ પાછી લેવાથી  ઇન્કાર કરી દીધો. કુમેત ચાલ્યા ગયા. ત્યાર પછી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહે અન્સારીએ અરજ કરી: મૌલા ! મેં તો મારી તંગદસ્તીની આપની પાસે શિકાયત કરી હતી, પરંતુ આપે તો મને એમ ફરમાવ્યું કે આજે મારી પાસે એક દિરહમ પણ નથી. પણ  આપે કુમેતને ત્રીસ હજાર દિરહમ આપી દીધા. આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જાબિર તમે ઓરડામાં જાઓ અને જઈને ત્યાં જુઓ કે ત્યાં કોઈ દિરહમ છે ?

જાબિર કહે છે કે હું એ ઓરડામાં ગયો તો તેમાં એક દિરહમ પણ નહોતો.

જાબિર આ દ્રશ્ય જોઈ હેરાન થયા ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું જાબિર અચરજ ન પામો જે કંઈ તમે જોયુ તે અમારી શક્તિનો એક ઝાંખો પરિચય હતો. અમે ઈચ્છયું કે તમને પણ કંઈક ઝલક દેખાડવામાં આવે.

# કુમેત અને તેમનો અકીદો

મોહમ્મદ બિન સુહૈલ કહે છે કે હું એક વખત કુમેતના સાથે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો. કુમેતે અરજ કરી, મેં થોડા શેર લખ્યા છે , જો આપ રજા આપો તો હું સંભળાવું.

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: આ ઘણો મોટો દિવસ છે. (તેમાં શેર પડવુ સારૂ નથી.)

કુમેતે કહ્યું: મૌલા આ શેરો આપના ખાનદાન વિશે છે જે મેં લખ્યા છે. ઇમામ અલય્હિસ્સલામએ

ફરમાવ્યું: તો સારૂ ફરમાવો. કુમેતે શેર પડવા શરૂ કર્યા. ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ શેરો સાંભળી ઘણુ રૂદન કર્યુ અને જયારે કુમેત આ શેર પર પહોંચ્યા.

તેઓના પરાયા પોતાના તીરોથી ખરો નિશાનો લગાવી રહ્યા છે અને તેઓના પહેલાએજ છેલ્લા શખ્સ સૂધી ગુમરાહી ફેલાવી.

તો ઇમામ અલય્હિસ્સલામ એ દુઆ માટે હાથ ઉંચા કર્યા અને ફરમાવ્યું: એ ખુદા કુમેતના આગલા પાછલા બધા ગુનાહો માફ કરી દે અને તેમના છુપા અને જાહેર ગુનાહોથી દરગુઝર કર અને તેમને

તારી કૃપા અને  મહેરબાનીથી એટલુ બધુ અર્પણ કર કે તે રાઝી થઈ જાય. ત્યાર પછી આપે હજાર દીનાર ભેટ આપ્યા. અને તેની સાથે નવા કપડા પણ આપ્યા.

કુમેતે કહ્યું: આકા, ખુદાની ક્સમ, હું દુનિયાના કારણે આપને દોસ્ત નથી રાખતો , જો દુનિયા પ્રાપ્તિ જ મારૂ લક્ષ્ય  હોત તો હું એ લોકો પાસે જાત જેના હાથમાં દુનિયા છે. હું તો મારી આખેરત      સજાવા માટે આપથી મોહબ્બત રાખું છું. મહેરબાની કરીને આપ બધો માલમતા મારાથી પાછો લઈ લ્યો અને તેના બદલે મને તમારો કોઈ વાપરેલો પહેરવેશ

અર્પણ કરો જે મારા માટે કલ્યાણકારી હોય. ઇમામ અલય્હિસ્સલામએ તેના આગ્રહ પર માલદોલત પાછી  લઈ લીધી અને પોતાની વાપરેલી એક ખમીસ તેને સુપુર્દ કરી.

## જ્યારે સિંહ ઘેટાંઓનો રખેવાળ બને

શેખ સદૂક અમાતીમાં ફરમાવે છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામએ અબૂઝરના ઈમાન લાવવાનો પ્રસંગ આ રીતે બયાન ર્ક્યો છે.

અબૂઝર મક્કાથી એક મંઝિલ દૂર પોતાની દૂંબીઓ ચરાવી રહ્યા હતા કે જમણી તરફથી એક વરૂએ તેમના ધણ પર પર હુમલો કરી દીધો. અબૂઝરે પોતાની લાઠી વડે તેને દૂર ર્ક્યો. થોડીવાર પછી એજ વરૂએ ડાબી બાજૂથી હૂમલો ર્ક્યો અબૂઝરે તેને ફરી હટાવ્યો અને કહ્યું ખુદાની ક્સમ ! મેં મારા જીવનમાં આનાથી ખરાબ વરૂ ક્યારેય નથી જોયો.

વરૂએ ચપળ ભાષામાં જવાબ આપ્યો કે મેં મક્કાના લોકોથી વધારે ખરાબ કોઈ જણ નથી જોયો. અલ્લાહે તેઓમાં એક મહાન શખ્સને નબી બનાવી મોકલ્યો અને તેઓ તેને ગાળો ભાંડવા લાગ્યા. અને તેના મરતબાને નથી જાણતા. વરૂની આ વાતચીતે અબૂઝરના દિલ પર એક ઉંડી અસર કરી. તેમણે પોતાની બહેનને કહ્યું: તું મારા માટે ભાતું તૈયાર કર. હું મક્કા જઈને ખરી હકીક્ત જાણવા માંગું છું.

મોસમ અત્યંત ગરમીની હતી. ગરમ લૂના ઝપાટા ચાલી રહ્યા હતા કે અબૂઝર મક્કામાં આવી

પહોંચ્યા. અને પાણી પીવા માટે ઝમઝમના કૂવા પર આવ્યા તેમણે જેવી ડોલ કૂવામાં નાખી તો તેમની ડોલમાં પાણીના બદલે દૂધ આવ્યું. તેણે કહ્યું આ વરૂની સચ્ચાઈનો પહેલો પુરાવો છે.

ત્યાર પછી તેઓ ખુદાના ઘરમાં આવ્યા અને તેમણે જોયું કે મસ્જિદે હરામની એક તરફ ઘણા લોકો એકઠા છે અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને બુરૂં ભલું કહી રહ્યા છે. એટલામાં દૂરથી હઝરત અબૂતાલિબ અલય્હિસ્સલામ આવતા દેખાયા અને અબૂ

તાલિબને આવતા જોઈ લોકો કહેવા લાગ્યા વાત ટૂંકી કરો કેમકે તેનો કાકો આવી રહયો છે.

હઝરત અબૂ તાલિબ અલય્હિસ્સલામ આવ્યા અને લાંબા સમય સૂધી તેઓથી વાતચીત કરતા રહ્યા , ત્યાં સૂધી કે તેઓની સભા વિખરાઈ ગઈ અને દરેક જણ પોતપોતાના ઘરે ચાલ્યા ગયા. અબૂઝર હઝરત અબૂતાલિબ અલય્હિસ્સલામની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

રસ્તામાં હઝરત અબૂ તાલિબ અલય્હિસ્સલામએ તેમને પૂછ્યું: તને મારાથી કંઈ કામ છે?

અબૂઝરે કહ્યું: હું હઝરત મોહમ્મદે મુસ્તફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને મળવાનો ઇચ્છુક છું અને હું તેમના હાથ પર ઈમાન લાવવા માંગું છું.

હઝરત અબૂ તાલિબ અલય્હિસ્સલામ તેમને હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં લઈ ગયા. અબૂઝરે  વરૂનો કિસ્સો સંભળાવ્યો અને પછી મુસલમાન થઈ ગયા. જનાબે રસૂલે ખુદા   સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું હવે તમે પાછા તમારા કબીલામાં જાઓ તમારો કાકાનો દિકરો ભાઈ મરણ

પામ્યો છે, તેના માલ દૌલતની સાચવણી કરો અને જ્યાં સૂધી મારો હુકમ જાહેર ન થાય તમે ત્યાં રહો.

અને અબૂઝર પાછા આવ્યા અને આવીને જોયું કે તેમનો પિત્રાઈ ભાઈ મરી ચૂક્યો છે તેમણે તેનો માલ ભેગો ર્ક્યો અને પોતાના કબીલામાં ઇસ્લામનો પ્રચાર કરતા રહ્યા.

જ્યારે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ હિજરત કરી તો અબૂઝરે પણ હિજરત કરી અને મસ્જિદે કુબામાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મુલાકાત કરી અને અરજ કરી કે યા

રસૂલલ્લાહ ! મારી પાસે અત્યારે સાઇંઠ ભેડો છે અને હું નથી ઇચ્છતો કે પૂરો દિવસ તેઓને ચરાવતો રહુ, પણ શું કરૂ લાચાર છું. મારી પાસે એટલુ ધન નથી કે કોઈ ચરાવનારો રાખી લઉં.

જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું તમે જાઓ અને પોતાની ભેડો ચરાવો ત્યાં સૂધી કે અલ્લાહ તઆલા કોઈ ન કોઈ વ્યવસ્થા કરી દે. અબૂઝર ગયા અને છ દિવસ સૂધી પાછા ન આવ્યા. અને જ્યારે સાતમે દિવસે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા તો આપ

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: ભેડો કોને સોંપીને આવ્યા?

તેમણે અરજ કરી કે હું રણમાં નમાઝ પડવામાં તલ્લીન હતો કે એક વરૂ આવ્યો અને મારી એક ભેડ ઉપાડી લીધી. મેં નમાઝ ન તોડી અને એ દરમિયાન શયતાન મારા દિલમાં વસવસો નાખતો રહ્યો કે જો તું આમ જ નમાઝ પડતો રહયો તો તારૂ પૂરૂ ધણ વરૂ ખાઈ જશે. પણ મેં ઇબ્લીસના આ વસવસા પર ધ્યાન ન આપ્યું, પછી એ વરૂ ફરી આવ્યું અને એક બીજી ભેડ ઉપાડી લીધી , તો પણ મેં મારી નમાઝ ન તોડી, હું નમાઝમાં મગ્ન રહયો

એવામાં મે જોયુ કે એક સિંહ આવ્યો , જેણે વરૂના ટુકડા કરી નાખ્યા અને મારી ભેડોના ઘણમાં સાથે આવ્યો. અને સુંદર ભાષામાં મને સંબોધીને કહ્યું: એ અબૂઝર નમાઝમાં લીન રહો , અલ્લાહ તઆલાએ મને તમારી ભેડોનો ચારનારો બનાવ્યો છે. નમાઝ પછી સિંહ મારી પાસે આવ્યો અને કહ્યું હું તમારા ભેડોના ઘણની રખેવાળી કરીશ અને તમે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાસે જાઓ અને ત્યાં જઈને મારા સલામ અરજ કરો.

જનાબે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું અય અબૂઝર તમે સારી રીતે અલ્લાહની ઇતાઅત (તાબેદારી) કરી તો અલ્લાહે તમારા માટે હૈવાનને તાબે કરી દીધો. જે તમારા માટે બીજી મુંઝવણોથી છૂટકારો અપાવે છે.

એક દિવસ હઝરત સલમાન અને હઝરત અબૂઝર સાથે બેસીને વાતો કરી રહ્યા હતા અને વચ્ચે એક તપેલી આગ પર પડાવેલી હતી અને તપેલી ઉકળી રહી હતી. અચાનક એ તપેલી પથ્થરોથી નીચે પડી પરંતુ તેમાંથી એક દાણો પણ ન વેરાયો. હઝરત સલમાને પોતાના ખાલી હાથે પકડી તેને ફરી પથ્થરો પર રાખી દીધી. થોડીવાર પછી એ તપેલી ફરીવાર ઉંધી વળી ગઈ પણ આ વખતે પણ તેમાંથી કંઈ બહાર ન આવ્યું. હઝરત સલમાને ખાલી હાથે તેને પકડી ફરી ચૂલા પર રાખી દીધી.

હઝરત અબૂઝર આ જોઈને ઘણા અચંબામાં પડી ગયા. અને ત્યાંથી ઊભા થઈ સીધા હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામની પાસે આવ્યા અને બધો બનાવ આપને કહી સંભળાવ્યો. અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: અબૂઝર જે કંઈ સલમાન જાણે છે , જો તે પોતાનું બધુ ઇલ્મ તમારી સામે બયાન કરે તો તમે કહેશો કે અલ્લાહ સલમાનના કાતિલ પર દયા કરે.

યાદ રાખો સલમાન અલ્લાહનો દરવાજો છે , જેણે તેને ઓળખ્યો તે મોઅમિન છે અને જેણે ઇન્કાર ર્ક્યો તે કાફિર છે.

એક વખતનો ઝિકર છે કે જ. મિકદાદ જનાબે સલમાનની પાસે ગયા તો ત્યાં એક વિચિત્ર દ્રશ્ય જોયું કે એક તપેલી પત્થરો પર  રાખેલી છે અને તે વગર કોઈ બળતણે ઉકળી રહી છે. મિકદાદે ચકિત થઈને સલમાનને કહ્યું: અય બંદએ ખુદા ! તપેલી નીચે આગ નથી છતાં ઉકળી રહી છે. સલમાને આ સાંભળી બે પથ્થર ઉપાડયા અને તપેલીની નીચે નાખી દીધા તો તે અંગારાની જેમ   બળવા લાગ્યા. અને તપેલી વધારે ઉકળવા લાગી. સલમાને મિકદાદને કહ્યું કે      તપેલીનો જોશ ઓછો કરો. મિકદાદે કહ્યું મારી પાસે એવી કોઈ ચીઝ નથી જેને હું તપેલીમાં નાખું. અર્થાત કોઈ ચમચો કે કફગીર

નથી. સલમાને પોતાના હાથને ચમચાની જેમ તપેલીમાં નાખ્યો જેનાથી તેનો જોશ ઓછો થયો અને હાથેથી થોડુક પ્રમાણ બહાર કાઢી મિકદાદના સામે રાખ્યુ અને બંનેએ મળીને ખાધું.

આ બનાવ જોઈ મિકદાદ ઘણા ભયભીત થઈ ગયા અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને જઈને આ કથા સંભળાવી.

# મયસમે તમ્મારની મહત્તા

જે વરસે ઇમામ હુસૈન અલય્હિસ્સલામએ મદીનાથી હિજરત ફરમાવી. હઝરત મયસમે તમ્માર એજ વરસે મક્કા ગયા હતા. પછી મક્કાથી મદીના ગયા અને હઝરત ઉમ્મે સલમા ઉમ્મુલ મોઅમેનીનના ઘરે હાજરી આપી. હઝરત ઉમ્મે સલમા (રઝ.) એ પૂછ્યું કોણ છો ?

તેમણે કહ્યું હું મયસમે તમ્માર છું. હઝરત ઉમ્મે સલમાએ ફરમાવ્યું ખુદાની કસમ મેં ઘણીવાર રાતના અંધકારમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને તારો ઉલ્લેખ કરતા

સાંભળ્યા છે. અને હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અમીરુલ મોઅમેનીનને તમારી ભલામણ કરતા હતા.

મયસમે ઉમ્મુલ મોઅમેનીનને હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ વિશે પૂછ્યું તો તેમણે ફરમાવ્યું તેઓ અત્યારે પોતાના એક બાગમાં ગયેલા છે.

મયસમે કહ્યું જયારે આપ અલય્હિસ્સલામ પધારે તો તેમને મારા સલામ આપી દેજો અને તેમને કહેજો કે ટૂંકમાં જ અલ્લાહની બારગાહમાં એક બીજાને મળશું. જ.ઉમ્મે સલમાએ પોતાની એક દાસીને હુકમ આપ્યો કે અત્તર લાવી મયસમની

દાઢી પર લગાવો. કનીઝે તેમના ચહેરા પર અત્તર લગાડ્યું, તો મયસમે કહ્યું આપે હમણા મારૂ મોં અત્તરથી સુગંધી ક્યું છે, પણ થોડા દિવસ પછી આ જ મુખ એહલેબયતની મોહબ્બતમાં રક્તથી રંગાશે.

હઝરત ઉમ્મે સલમાએ ફરમાવ્યું ઇમામ હુસૈન અલય્હિસ્સલામ તમને ઘણા યાદ કરે છે. મયસમે જવાબમાં કહ્યું  હું પણ તેમને સદા  યાદ કરૂ છું , પરંતુ અત્યારે મને જલ્દી છે, એટલે હું રોકાઈ નથી શક્તો, મને પણ એક કામનો સામનો છે અને મારા મવલાને પણ એક કામનો સામનો છે. અમો બંનેએ પોતપોતાના ભાગના કામને પતાવવાનું છે. પછી

ઉમ્મે સલમાની પાસેથી આપ ચાલ્યા ગયા, રસ્તામાં અબ્દુલ્લાહ બિન અબ્બાસને બેઠેલા જોયા તો મયસમે કહ્યું: ઇબ્ને અબ્બાસ ! તમારે કુરઆનની જે કંઈ તફસીર પૂછવી હોય તો મને મૂછી લ્યો.      મેં અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ થી કુરઆન પડયું હતું અને કુરઆનની તાવીલ  પણ તેમનાથી શીખી હતી.

ઇબ્ને અબ્બાસે કાગળ અને કલમ મંગાવ્યા અને ખાસ ખાસ સ્થળોની તફસીર મયસમથી પૂછતા ગયા અને લખતા ગયા. પછી મયસમે કહ્યું :  અય ઇબ્ને અબ્બાસ એ સમયે તમારી હાલત કેવી હશે

જયારે મને નવ જણાઓ સાથે શૂળીએ ચડાવી દેવામાં આવશે. આ સાંભળી ઇબ્ને અબ્બાસ લખેલા પાનાઓ ફાડવા લાગ્યા અને કહ્યું કે તમે જયોતિષ અને જાદૂગર છો. મયસમે કહ્યું આ પાના ન ફાડો , જો ભાવિમાં મારી વાત જૂઠી પુરવાર થાય તો બેશક, તમે આ પાનાઓ ફાડી શકો છો.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે ઘણા વિખરાએલા વાળોવાળા અને ધૂળ ભરેલા ચહેરા ઓ અને જુના કપડાં પહેરનારાઓ અને લોકોના ઘરો પર ખુવાર થનારાઓ એવા પણ છે કે જો તેઓ બેપરવાના દરબારમાં કોઈ હાજત માંગે અને તેઓ ખુદાને ક્સમ આપે તો અલ્લાહ તેઓની હાજતો પુરી કરી આપે અને તેઓની દુઆઓને રદ ન કરે.

જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે અલ્લાહ ફરમાવે છે કે

બંદો હંમેશા ખાલિસ મારા માટે નાફેલા અદા કરીને મારી નિકટ થતો રહે છે. ત્યાં સૂધી કે હું તેને ચાહવા લાગુ છું. અને જયારે હું તેને પ્રેમ કરૂ છું તો હું તેનો એ કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે અને તેની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે અને હું તેનો હાથ બની જાઉ છું, જેનાથી તે વસ્તુઓ પકડે છે. જો તે મારાથી  માંગે તો હું તેને આપું છું અને જો મારાથી પનાહ માંગે તો હું તેને રક્ષણ આપું છું.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : અમારા શીઆ કેટલા ભાગ્યશાળી છે અને ખુદાની

નિકટ અમારા શીઆ કેટલા સામિપ્ય ધરાવે છે. અને ક્યામતના દિવસે અલ્લાહ તેઓના સાથે કેટલો સારો વર્તાવ કરશે. જો લોકો એ વાતને મોટાઈ ન ગણતે અર્થાત લોકોને ભટકવાનો સંભવ ન હોત અથવા એ વાતની ચિંતા થતી ન હોત કે તેઓ એકબીજા પર ગર્વ કરશે તો એ ફરિશ્તા જાહેર થઈને અમારા શીઆઓને સલામ કરતે.

ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: જો જમીનના પટ પર અમારા શીઆઓ ન હોત તો ખુદાની ક્સમ જમીન પર લીલોતરી ન ઉગત અને જો દુનિયામાં તમે લોકો ન હોત તો

અલ્લાહ તઆલા અમારા વિરોધીઓને અને બંડખોરોને લેશભાર પણ ન્યામત ન આપત. અને તેઓ જીવનના રસા સ્વાદોથી દુનિયા અને આખેરતમાં કદી મજા ન માણતે.

# મા બાપની આજ્ઞા પાળવી

## મા બાપની સેવા કરનાર, નબીઓનો સહવાસી

હઝરત મૂસા અલય્હિસ્સલામએ એક વખત અલ્લાહ તઆલાથી યાચના કરી કે મને મારા જન્નતના સાથીના દર્શન કરાવવામાં આવે. જેથી હું તેને જોઈ શકું કે તે કેવો માનવી છે?

જનાબે જિબ્રઈલે અમીન આવ્યા અને કહ્યું કે મૂસા ! ફલાણો કસાઈ જે ફલાણા મોહલ્લામાં રહે છે તે જન્નતમાં તમારો પડોશી હશે.

હઝરત મૂસા અલય્હિસ્સલામ તેને મળવા માટે તેની દુકાન પર ગયા અને જોયું કે તે બીજા કસાઈઓની જેમ ગોશ્ત વેચવામાં પરોવાયેલો છે.

અસરના સમયે તે યુવાન નિવૃત થયો અને પોતાના ભાગનું ગોશ્ત ઉપાડી પોતાના ઘર તરફ ચાલતો થયો. હઝરત મૂસા અલય્હિસ્સલામ તેની પાછળ પાછળ તેના દરવાજા પર આવ્યા અને કહ્યું કે આજે હું તારો મહેમાન છું. જવાને આવકાર આપ્યો. અને તે આપને સાથે લઈને ઘરની અંદર ગયો. તેણે પ્રથમ તો ખાવાનું તૈયાર કર્યું , પછી

ઘરના બીજા માળે ગયો જયાંથી એક મોટી ટોપલી ઉપાડી નીચે લાવ્યો.

જનાબે મૂસા અલય્હિસ્સલામે જોયું કે એ  ટોપલીમાં એક વૃધ્ધ સ્ત્રી છે જવાને એ સ્ત્રીને ટોપલામાંથી કાઢી તેને પોતાના  હાથથી નવરાવી પછી પોતાના હાથેથી એ બુઢીને ખાવાનું ખવરાવ્યું. પછી તેણે વૃધ્ધાને ટોપલામાં સુવાડી અને તેને પૂર્વવત સ્થાને રાખવા માટે ઊભો થયો તો  તે સ્ત્રીએ કંઈક શબ્દો કહ્યા જે વૃધ્ધાવસ્થાના કારણે સમજી શકાય તેવા નહોતા.

ત્યારપછી યુવાન મૂસા અલય્હિસ્સલામના માટે ખાવાનું લાવ્યો. હઝરત મૂસા અલય્હિસ્સલામ એ જવાનને પૂછ્યું: આ સ્ત્રી સાથે તારૂ શું સગપણ છે?

જવાને બતાવ્યું કે આ મારી વૃધ્ધ માતા છે  અને હું પૈસેટકે નબળો છું એટલે તેની સેવા માટે નોકરાણી રાખી નથી શક્તો , એટલે હું પોતેજ તેની સેવા ચાકરી કરૂ છું.

હઝરત મૂસા અલય્હિસ્સલામ એ પૂછ્યું: તમારી મા ખાવાનું ખાધા પછી શું કહી રહી હતી?

જવાને જવાબ આપ્યો કે મારી મા નો નિત્યક્રમ  છે કે જયારે પણ હું તેને નવરાવું અને ખાવાનું ખવરાવું તો તે હંમેશ દુઆ  કરીને કહે છે ખુદા તને બખ્શી આપે અને ક્યામતના દિવસે તને મૂસાનો સાથી બનાવે. તને એ જ જન્નતમાં એજ દરજ્જામાં જગ્યા દે જયાં મૂસા હોય.

હઝરત મૂસા અલય્હિસ્સલામ એ ફરમાવ્યુંઃ જવાન હું તને મુબારકબાદી આપું છું કે અલ્લાહે તારી માની દુઆ કબૂલ કરી લીધી છે  મને જિબ્રઈલે આ ખબર સંભળાવી કે તું જન્નતમાં મારો સાથી હશે. અને હું જ મૂસા છું.

## ફઝલ બરમકીની બીમારી અને બાપની નારાજી

ફઝલ બિન યહ્યા બરમકીની છાતી પર કોઢનું ચિહ્ન દેખાણું અને તે તેનાથી ઘણો ચિંતામાં પડી ગયો. એજ કારણે તેણે દિવસના સમયે હમામમાં જવાનું બંધ કરી દીધુ , જેથી કરીને કોઈ શખ્સ તેના આ દાગથી જાણકાર ન થાય.

એક વખત તેણે પોતાના દરબારીઓથી પૂછ્યું કે આ જમાનાનો સૌથી મોટો તબીબ કોણ છે? તો બધા દરબારીઓએ જાસલીક પારસીનું નામ દીધું, જે શીરાઝમાં રહેતો હતો.

તેણે એ હકીમને શીરાઝથી બગદાદ બોલાવ્યો અને તેની ક્સોટી કરવા માટે તેણે હકીમને બતાવ્યું કે મારા પગમાં દુ:ખાવો રહે છે   આપ તેનો ઇલાજ કરો.

હકીમે કહ્યું એના માટે તમારે પહેલાતો   દૂધની બનેલી બધી ચીજો અને ખાટી ચીજો તજવી પડશે. અને ચણાને સાદા પાણીમાં પકાવીને ખાવા જોઈએ. અને એજ સાથે તેણે એક વરસની મુરધી  , હલવો અને ઇંડાની  ઝરદીને મધમાં મેળવી દવા તૈયાર કરી અને ફઝલને કહ્યું કે તે આ દવા ખાય.

ફઝલે દવા તો ખાધી પરંતુ તેની સાથે તેણે પરહેઝી ન રાખી અને ખાટી વસ્તુઓ ખાતો રહયો.

બીજે દિવસે હાકિમ આવ્યો અને ફઝલનો પેશાબ ટેસ્ટ કરવાની માંગણી કરી અને જેવો તેની સામે પેશાબ રજૂ કરવામાં આવ્યો તો તેણે કહ્યું કે હું તમારો ઈલાજ નહીં કરૂ કેમકે તમે બદપરહેઝી કરી છે અને મારા કહેવા છતાં તમે ખાતું ખાવું છોડ્યું નથી.

આ જોઈ ફઝલને ભરોસો પડી ગયો કે તે ખરેખર એક શ્રેષ્ઠ હકીમ છે. તેણે તેને એકાંતમાં કહ્યું કે મેં આ બધુ તમારી પરિક્ષા કરવા માટે ર્ક્યું હતું.

હકીક્તમાં શિકાયત એ છે કે મારી છાતીમાં કોઢનો દાગ છે હું તમારાથી તેનો ઇલાજ કરાવવા માંગુ છું.

જાસલીકે કહ્યું કે હું તેનો ઇલાજ કરીશ અને આપ થોડા જ દિવસોમાં નીરોગી થઈ જશો. એટલે તેણે ફઝલનો ઇલાજ શરૂ ક્ર્યો. તે આ રોગના જેટલા પણ ઇલાજ જાણતો હતો , તેણે એ બધા ઇલાજો કરી જોયા પણ ફઝલને કોઈ આરામ ન થયો.

તબીબ ધણો ચિંતાતુર થયો કે આખર આ રોગ ખત્મ કેમ નથી થતો.

અને ફઝલ પણ ચિંતાગ્રસ્ત હતો કે આવો મોટો હકીમ તેનો ઇલાજ કરવામાં નિષ્ફળ કેમ થઈ ગયો.

એક દિવસ ફઝલે ઇલાજ નિષ્ફળ જવાની ફરિયાદ કરી તો હકીમે કહ્યું : તમે પહેલા તમારા બાપને રાજી કરો. જયાં સૂધી તે તમારાથી રાજી નહીં થાય મારી દવા કામ નહીં આપે. ફઝલ પોતાના પિતા યહ્યા પાસે ગયો અને તેઓથી માફી માંગી. પિતાએ સહ હૃદય તેને માફ કરી દીધો અને એજ દવાઓથી થોડાજ દિવસોમાં તે સાજો થઈ ગયો.

ફઝલે હકીમને પૂછ્યું કે આખર આપને કોણે બતાવ્યુ કે મારો પિતા મારાથી નારાજ છે?

હકીમે કહ્યું કે મેં દરેક શક્ય રીતે આપનો ઇલાજ ર્ક્યો, પણ કોઈ પણ ઇલાજ કારગર ન નિવડયો તો મને ખાતરી થઈ ગઈ કે ખુદાના બંદાઓમાંથી કોઈ બંદો તમારાથી નારાજ છે. અને અહીં મે જોયુ કે કોઈ માંગણ આપના દરવાજેથી ખાલી હાથ નથી જતો એટલે મને યકીન થઈ ગયું કે બાકી બધા લોકો તમારાથી રાઝી છે કદાચ તમારા પિતાશ્રી જ તમારાથી નારાજ છે. જેના કારણે મારી કોઈ પણ દવા કામ નથી આપતી.

હવે જયારે કે આપે પિતાજીને રાઝી કરી લીધા તો એજ દવાઓથી અલ્લાહે આપને તંદુરસ્તી અતા કરી.

## મા-બાપની નારાઝી મૌતને દુષ્કર બનાવે છે.

એક શખ્સ મૃત્યુ વેળા વેદનાથી ટળવળી રહયો હતો અને અંતિમ પળો હતી. જનાબે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેના સિરાને પહોંચ્યા. એ શખ્સને મોતની સકરાત લાગેલી હતી. પણ તેની જાન નિકળતી નહોતી.

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેને અવાજ આપી. તેણે જવાબ આપ્યો. આપે ફરમાવ્યું: અત્યારે તને શું નજર આવે છે?

તેણે કહ્યું: યા રસૂલલ્લાહ ! મને બે ડરાવણા શખ્સ મારી સામે દેખાય છે તેઓ આ વખતે મારી સામે ઊભા છે.

આપે ફરમાવ્યું: શું આ જવાનની મા જીવે છે?

લોકોએ બતાવ્યુ કે જીહા , તેની મા જીવે છે. ફરમાવ્યું: તેને અહીં લઈ આવો. જયારે તે આવી તો આપે તેને ફરમાવ્યું: અય વૃધ્ધા ! શું તું તારા પુત્રથી નારાજ છો ? અને જો નારાજ હોય તો તેને માફ કરી દે.

વૃધ્ધાએ કહ્યું: યા રસૂલલ્લાહ ! ખરેખર હું તેનાથી નારાજ હતી અને હવે હું આપના કહેવા મુજબ તેને માફ કરી દઉં છું.

એ વખતે જવાન બેભાન થઈ ગયો અને જયારે ભાનમાં આવ્યો તો આપે તેને ફરી આવાજ આપી. અને પૂછ્યું હવે તને શું દેખાય છે?

જવાને કહ્યું: યા રસૂલલ્લાહ એ કાળા ચહેરાઓ ચાલ્યા ગયા છે. હવે મહેરબાન અને માયાળુ ચહેરાઓ વાળા બે શખ્સ મારી પાસે આવ્યા છે તેઓને જોઈને હું ઘણો ખૂશ છું. પછી તેની રૂહ ઉડી ગઈ.

દુનિયામાં કુપાત્ર સંતાનો પણ થતા આવ્યા છે. એક શખ્સની નાલાયકી નિહાળો.

કિતાબુલ કલામ યજરૂલ કલામના ર્ક્તા પોતાની કિતાબના પે. ૨૯ પર લખે છે કે એક શખ્સ ઝન્જાનના આલિમોમાંથી એક આલિમે દીન પાસે આવ્યો અને કહ્યું કે તેનો ભાઈ માતાજીની ખાધા ખોરાકી માટે કંઈ મદદ નથી કરતો.

એ આલિમે દીને એક શખ્સને તેની સાથે રવાના ક્ર્યો જેથી તેના ભાઈને ઠપકો આપીને તેને માના ગુજરાનમાં ભાગીદાર બનાવે.

તે શખ્સ કહે છે કે હું એ શખ્સ પાસે ગયો અને તેને પ્યારથી સમજાવ્યું કે તું માના ગુજરાનમાં પોતાના ભાઈની મદદ કર.

તેણે જવાબમાં કહ્યું કે મારા પર માની કોઈ જવાબદારી નથી આવતી. મેં પૂછ્યું: એ કેવી રીતે?

તો તેણે કહ્યું આજથી થોડા વરસ પહેલા સખત દુષ્કાળ પડયો એ સમયે અમારા મા-બાપ બન્ને

જીવતા હતા. અમે બન્ને ભાઈઓએ આપસમાં નક્કી કર્યું કે આપણે તેની સેવા કરવી જોઈએ. એટલે બાપની ખિદમત મારા ભાગે આવી અને માની સેવા મારા ભાઈના ભાગમાં આવી. મારા સારા નસીબ કે પિતા જલ્દી મરણ પામ્યા અને તેનું કમ ભાગ્ય કે મા હજુ સૂધી જીવતી છે.

હવે કરાર મુજબ માની સેવા ભાઈના ઝિમ્મે છે. મારો તેનાથી કોઈ સરોકાર નથી.

આ નાલાયક પુત્રની વાત સાંભળી હું હસ્યો અને તેને કહ્યું કે શરમ કરો, તમે આપસમાં માલ નહોતો વ્હેંચ્યો, બલ્કે મા-બાપની ખિદમત કરવાનું

પોતપોતાના માથે લીધુ હતું. જયાં સૂધી તમારી મા જીવે છે, તમારા પર તેનો હક છે. તમે તેની ખિદમત કરો અને ભરણપોષણમાં પોતાના ભાઈનો હાથ પકડો.

કાફીમાં ઝકરિયા બિન ઇબ્રાહીમથી રિવાયત છે , તે કહે છે કે હું પહેલા ઈસાઈ હતો. મારા પર અલ્લાહની મહેરબાની થઈ , હું મુસલમાન બની ગયો અને થોડા સમય પછી હજ પડવા મક્કા ગયો અને ત્યાં મેં હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની ઝિયારતનું માન મેળવ્યું. મેં તેમને બતાવ્યું કે હું પહેલા ઈસાઈ હતો અને પાછળથી મુસલમાન બન્યો. આપે ફરમાવ્યું: તું કઈ વાતથી પ્રભાવિત થઈ મુસલમાન બન્યો?

મેં બતાવ્યું કે મેં કુરઆને મજીદની આ આયતથી પ્રભાવિત થઈ ઇસ્લામ સ્વિકાર્યો: પયગમ્બર ! તું જાણતો નહોતો કે કિતાબ શું છે અને ઈમાન શું છે ? પરંતુ અમે તેને નૂર બનાવ્યું તેના ધ્વારા અમે જેને ઇચ્છીએ છીએ હિદાયત કરીએ છીએ.

આપે ફરમાવ્યું: નિશંક અલ્લાહે તમારા પર અહેસાન ર્ક્યો છે ત્યારપછી આપે ત્રણ વખત ફરમાવ્યું: (અલ્લાહુમ્મ એહદેરી) અય અલ્લાહ ! તેને ઈમાનનો માર્ગ દેખાડ અને ફરમાવ્યું: તારે જે કંઈ પૂછવું હોય તે મને પૂછ.

મેં કહ્યું કે મારા મા-બાપ અને સગા વ્હાલા  ઇસાઈ છે અને મારી મા આંધળી છે શું હું તેઓની સાથે રહી શકુ છું? અને શું તેના વાસણોમાં ખાવાનું ખાઈ શકું છું ?

આપે પૂછ્યું શું તેઓ સુવ્વરનું ગોશ્ત ખાય છે ?

મેં કહ્યું: નહીં તેઓ તેને હાથ લગાડવું પણ પસંદ નથી કરતા.

આપે ફરમાવ્યું: તમે તેની સાથે રહી શકો છો , અને મને હુકમ આપ્યો કે આજ પછી પોતાની માની સાથે માયાળુપણે વર્તો અને જયારે તે મરી જાય તો

તમે પોતેજ તેને કફન દફન કરશો. અને મીનામાં મને ફરી મળવા પહેલા કોઈને એ ન બતાવજો કે તમે મને મળી ચુક્યા છો.

જયારે મેં મીનામાં ઇમામ અલય્હિસ્સલામથી મુલાકાત કરી તો મેં જોયું કે લોકો વિદ્યાર્થીઓની જેમ ઇમામ અલય્હિસ્સલામની સામે બેઠેલા છે અને તેઓથી સવાલો કરી રહ્યા છે.

જયારે હું કૂફા આવ્યો તો મેં ઇમામની આજ્ઞા મુજબ પોતાની મા સાથે સારો વર્તાવ કરવા લાગ્યો અને તેમની વધારેમાં વધારે સેવા ચાકરી કરવા લાગ્યો. પોતાના હાથે તેને ખાવાનું ખવરાવતો અને તેના

કપડા સાફ કરતો અને તેમનું માથું ધોયા કરતો હતો. આ સદવર્તન જોઈ મારી માએ મને કહ્યું : બેટા જયાં સૂધી તું આપણા મઝહબમાં હતો ત્યારે તો તું મારી આટલી ચાકરી કરતો નહોતો , હવે તું મારી એ સેવા ક્યા હેતુથી કરી રહયો છે.

મેં કહ્યું: અમારા પયગમ્બરના ખાનદાનમાંથી એક બુઝુર્ગે મને એમ કરવાનો હુકમ આપ્યો છે.

મારી માએ મને પૂછ્યું તો શું તેઓ પણ નબી છે ?

મેં કહ્યું: ના, તેઓ નબી નથી, નબીના વંશમાંથી છે. ઇસ્લામના અકીદા પ્રમાણે નબુવ્વત ખતમ થઈ ચૂકી છે, તે બુઝુર્ગ રસૂલે ખુદાના જાનશીન છે.

આ સાંભળી મારી માએ કહ્યું : બેટા તને મુબારક થાય. તે સારો દીન અંગીકાર કર્યો છે. મને પણ એ દીનની તાલીમ આપ. હું પણ મુસલમાન બનવા માંગું છું.

મેં મારી માને શહાદતનો કલમો શિખવાડયો અને તેને નમાઝ શિખાવી. મારી માએ જીવનમાં પ્રથમવાર જોહર, અસર, મગરિબ, ઇશાની નમાઝો પડી અને એજ રાત્રે તેનું મરણ થયું. સવારે મેં

તેમને ગુસલ કફન આપ્યા, તેની જનાઝાની નમાઝ પડી તેમને દફન કર્યા.

શેખ સદૂક અમાલીમાં નકલ કરે છે કે એક શખ્સ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ મને જેહાદનો ઘણો શોખ છે. આપે ફરમાવ્યું: ખુદાના માર્ગમાં જેહાદ કરો જો જેહાદમાં કત્લ થઈ ગયા તો તમને અમર જીવન મળશે અને અલ્લાહ તમને શ્રેષ્ઠ બદલો આપશે. અને જો તમે જેહાદથી જીવતા પાછા ફર્યા અને પોતાના વતન સલામત પહોંચ્યા તો અલ્લાહ તઆલા તમારા ગુનાહો માફ કરી દેશે. અને તમે પોતાના ગુનાહોથી

એવા પાક થઈ જશો જેવા તમે જન્મ સમયે પાક હતા.

એ શખ્સે અરજ કરી: યા રસૂલલ્લાહ ! મારા મા-બાપ વૃધ્ધ અને નિર્બળ છે અને તેઓ ચાહે છે કે હું જેહાદના બદલે તેઓની સાથે રહું.

રસૂલુલ્લાહે ફરમાવ્યું : એ બરહક ઝાતની કસમ જેના કબ્ઝામાં મારી જાન છે , મા-બાપ સાથે એક રાત દિવસનો સહવાસ એક વરસની જેહાદથી શ્રેષ્ઠ છે.

## મા-બાપની ફરમાબરદારી અને રોઝી બહોળી થવી.

ઓયૂનુલ અખબારે રઝામાં બઝન્તી હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી રિવાયત કરે છે બની ઇસરાઈલમાંથી એક શખ્સે પોતાના  સગાને કતલ કરી તેના શબને બની ઇસરાઈલના માર્ગમાં ફેંકી દીધું. અને પછી તેના  ખૂંબહાની તેઓથી માંગણી કરી. ઇસરાઈલ જનાબે મૂસાની પાસે આવ્યા અને યાચના કરી     કે તેઓ કાતિલનો સુરાગ મેળવે.અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે તેઓ એક ગાય ઝબહ કરે અને તેના ગોશ્તને મરનારના

જિસમને લગાડે. તે પોતાના કાતિલને ખૂદ બતાવશે.

હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું કે જો બની ઇસરાઈલ કોઈ પણ ગાય ઝબ્હ કરી નાખતે તો તેમનો આશય પૂરો  થઈ જતે પરંતુ તેઓ જેટલી વિગતમાં ગયા અલ્લાહે તેઓ પર એટલી સખ્તી કરી.

ઇસરાઈલીઓએ કહ્યું કે ગાય કેવી હોવી જોઈએ ? તો અલ્લાહે ફરમાવ્યું ન તો છેક નાની હોય ન બહુ મોટી હોય બલકે દરમિયાની ઉમરની હોય.

પછી એ લોકોએ પૂછ્યું કે ભલા ગાય કયા રંગની હોવી જોઈએ ?

અલ્લાહના તરફથી હઝરત મૂસા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: પીળા રંગની ગાય હોવી જોઈએ જે ન તો સફેદીથી મળતી હોય ન તો કાળાશ ઉપર હોય.

તેમણે હઝરત મૂસા અલય્હિસ્સલામથી વિનંતી કરી કે આનાથી પણ વધારે સ્પષ્ટતા કરવામાં આવે. કેમકે આવા પ્રકારની તો ઘણી ગાયો છે.

તેના જવાબમાં અલ્લાહે ફરમાવ્યું: એવી ગાય હોવી જોઈએ જે જમીન પર ન હળ ચલાવતી હોય કે ન

તો ખેતરોને પાણી પીવરાવતી હોય. નિષ્કલંક ગાય હોય તેમાં તેના મૂળ રંગ ઉપરાંત કોઈ બીજો રંગ ન હોય.

આ ચોક્કસ હુકમ સાંભળી ઇસરાઈલ ગાયની શોધમાં નિકળી પડયા. અને ઉપરોક્ત ગુણો વાળી ગાય એક નવજવાન પાસે મૌજૂદ હતી. જયારે લોકોએ તેને ગાય વેચવાનું કહ્યું તો તેણે કહ્યું કે મારી ગાયની કિંમત એ છે    કે તેની ખાલને તમે સોના મહોરથી ભરી દયો.

ઇસરાઈલીઓ હઝરત મૂસા અલય્હિસ્સલામ પાસે ગયા અને મોમાંગી કિંમતની શિકાયત કરી. હઝરત

મૂસા અલયહિસ્સલામ એ ફરમાવ્યું: એ સિવાય કોઈ ચારો નથી કેમકે જોઈતા ગુણો માત્ર આજ ગાયમાં મળી આવે છે. એટલે તેમણે જવાનને મોમાંગી કિંમત આપીને ગાય ખરીદી લીધી.

ગાયને ઝબ્હ કરવામાં આવી અને તેની પૂંછને મરનારના દેહ પર લગાડવામાં આવી તો તે જીવતો થઈ ગયો અને કહ્યું: કે અય ખુદાના પયગમ્બર ! મને મારા કાકાના દીકરા ભાઈએ કત્લ કર્યો છે. જેના વિરુધ્ધ એ દાવો કરે છે તે તદ્દન જૂઠ છે. આ બની ઇસરાઈલને ખૂનીનું ઇલ્મ થઈ ગયું.

એક વખત હઝરત મૂસા અલય્હિસ્સલામના અનુયાયીઓ એ કહ્યું કે આ ગાયનો પણ એક રસિક કિસ્સો છે. હઝરત મૂસા અલય્હિસ્સલામએ ફરમાવ્યું તેનો કિસ્સો શું છે?

એ શખ્સે બતાવ્યું કે જે જવાનની આ ગાય હતી. તે જવાન પોતાના મા-બાપનો અત્યંત આજ્ઞાંકિત હતો અને પોતાના પિતાની અનહદ ઇઝઝત કરતો હતો.

એક દિવસ એ યુવાને કોઈ વસ્તુનો સોદો કર્યો અને પૈસા ચુક્વવા માટે પોતાના પિતાની પાસે આવ્યો. ચાવીઓ પિતાના તકીયા નીચે હતી અને એ સમયે તેનો પિતા સૂતેલો હતો. નવજવાને બાપની

નીંદમાંથી જગાડવું યોગ્ય ન સમજ્યું. અને માલનો સોદો જતો ર્ક્યો. જયારે તેનો બાપ જાગ્યો તો તેણે પોતાના બાપને બધો કિસ્સો કહી સંભળાવ્યો. બાપે કહ્યું સારૂ થયું. આ સોદામાં તને નફો મળવાની શક્યતા હતી એટલે આ શક્ય નફાના બદલામાં હું તને આ ગાય આપું છું. અને આ એજ ગાય હતી જેની તેને એટલી મોટી કિંમત મળી હતી.

આ બનાવ સાંભળી જનાબે મૂસા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: લોકો તમે જોયું ? મા-બાપની ચાકરી કરવાથી કેટલો મોટો દુન્યવી ફાયદો થયો?

## ઇમામ અલયહિસ્સલામ કોનાથી મોહબ્બત કરે છે?

અમ્માર બિન હબ્બાન કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામની સેવામાં અરજ કરી કે મારો દિકરો ઇસ્માઈલ મારી સાથે ભલાઈ કરે છે.

આપે ફરમાવ્યું: હું તેને દોસ્ત રાખુ છું અને હવે મારી મોહબ્બતમાં વધારો થઈ ગયો છે. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની એક દૂધ બહેન હતી. એક દિવસ તેણી હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થઈ. આપે જેવી તેને જોઈ ઘણા

રાઝી થયા. આપે તેના માટે પોતાની ચાદર પાથરી દીધી અને હસતે વદને અને માન પૂર્વક તેની સાથે આપ વર્તયા અને સ્નેહના કારણે આપ તેની સામે હસતા રહ્યા. થોડી વાર પછી તેણીનો ભાઈ આપની સેવામાં આવ્યો. પરંતુ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી  વસલ્લમની એ મોહબબત અને લક્ષ તેને ન મળ્યું. જે તેની બહેનને મળ્યું.

કેટલાક સહાબીઓએ આપથી દુર્લક્ષનું કારણ  પૂછ્યું તો આપે ફરમાવ્યું: મેં આ સ્ત્રીને એટલા માટે વધારે માન આપ્યું કે   તેણી પોતાના મા-બાપની વધારે ચાકરી કરતી હતી.

## ઇમામે ઝમાના અ.ત.ફ.શ. ની પિતા માટે ભલામણ

આકાએ સય્યદ મોહમ્મદ મૂસવી નજફી અલ મઅરૂફ હિંદી એક અત્યંત પ્રમાણિક આલિમ હતા અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના હરમમાં ઇમામતની ફરજો સંભાળતા હતા. તેમણે આ રિવાયત શેખ બાકિર-શેખ હાદી કાઝમૈનીના પુત્રથી રિવાયત કરી છે , તેમણે એક ભરોસાપાત્ર શખ્સથી રિવાયત કરી. તે શખ્સ હમામમાં માલિસ ક્યાં કરતો હતો. એ શખ્સનો એક બુઢો બાપ હતો અને તે તેની સેવા કરવામાં એક પળ માટે પણ વિલંબ કરતો નહોતો.

ત્યાં સૂધી કે તે પોતાના વૃધ્ધ બાપના માટે સંડાસમાં પાણી સુધ્ધા રાખતો હતો.

પુરૂ અઠવાડિયું તે આ રીતે બાપની ચાકરી  બજાવી લાવતો હતો, પણ બુધની રાત્રે તે બાપની સેવા કરતો નહોતો. કેમકે એ    રાત્રે તે મસ્જિદે સહલા જાયા કરતો હતો અને પૂરી રાત ત્યાં અલ્લાહની ઇબાદત કરતો હતો. પરંતુ એક દિવસ ઘણા લાંબા સમય પછી મસ્જિદે સહલા જવાનું મૂકી દીધુ.

મેં તેને આમ કરવાનું કારણ પૂછ્યું તો તેણે બતાવ્યું કે તે લગાતાર ચાલીસ રાત સૂધી બુધની રાતે મસ્જિદે સહલા જાયા કરતો   હતો, અને ચાલીસમી

રાતે મને ત્યાં પહોંચવામાં મોડું થઈ ગયું અને દિવસ આથમવા લાગ્યો હતો. મને ત્યાં પહોંચવામાં ઘણુ બધુ મોડું થઈ ગયુ હતું. અને ચાંદ નિકળી આવ્યો જેના કારણે રાતનો અંધકાર કંઈક ઓછો થઈ ગયો અને હું મારી ધૂનમાં મગ્ન થઈ મસ્જિદે સહલા તરફ ચાલતો રહ્યો .એ અરસામાં મે જોયું કે એક રણનિવાસી શખ્સ ઘોડા પર સવાર થઈને મારી તરફ આવી રહ્યો છે. મેં દિલમાં કહ્યું હો ન હો આ લૂંટારો છે અને હવે એ અમે લૂંટી લેશે.

એ શખ્સ જેવો મારી નજીક આવ્યો , તેણે બદુની ભાષામાં મને પૂછ્યું: ક્યા જઈ રહયો છે?

મેં કહ્યું : હું મસ્જિદે સહલા જઈ રહ્યો છું. તેણે કહ્યું : તારી પાસે ખાવાની કોઈ વસ્તુ છે?

મેં જવાબ આપ્યો: નહીં , મારી પાસે કોઈ વસ્તુ નથી. તેણે કહ્યું: તમે પોતાનો હાથ ખીસ્સામાં નાખો. મેં કહ્યું: મારા ખીસ્સામાં કંઈ નથી.

તેણે થોડીક કડક અવાજમાં કહ્યું કે તમે પોતાનો હાથ ખીસ્સામાં નાખો. મેં તેના કહેવા પ્રમાણે ખીસ્સામાં હાથ નાખ્યો તો તેમાં થોડી કિશમિશ મૌજૂદ હતી. હકીક્તમાં મેં દિવસના સમયે કિશમિશ મારા બાળકો માટે ખરીદી હતી પણ હું તેને અત્યારે

ભૂલી ગયો હતો. મેં તે કિશમિશ સવારને આપી દીધી.

એ સમયે એ સવારે મને ત્રણ વખત કહ્યું: ‘ઉસીક બિલ ઊદ’ બદદુઓની અરબી ભાષામાં ‘ઊદ’ બુઢા બાપને કહે છે. તો તેની વાતચીતનો તરજુમો એ થતો હતો કે હું તને તારા બુઢા બાપની વસીય્યત કરૂ છું. ત્યાર પછી અચાનક સવાર મારી નઝરથી ઓજલ થઈ ગયા.

મને ખાતરી થઈ ગઈ કે તેઓ ઇમામે ઝમાના અલય્હિસ્સલામ હતા. અને હું સમજી ગયો કે દર બુધની રાતે મારા અહીં આવવા પર આપ રાઝી

નથી. તેના બદલે મારે મારા પિતાની ચાકરી કરવાનો હુકમ આપ્યો. એટલા માટે મેં મસ્જિદે સહલા જવાનું છોડી દીધુ.

## ઉવય્સે કરની અને માની ચાકરી

હઝરત ઊવયસ કરની ભાડા પર લોકોના ઊંટ ચરાવ્યા કરતા હતા. અને એ ભાડાથી પોતાની માની સારસંભાળ રાખતા હતા.

એક વખત તેમણે માતાથી રજા માંગી કે તેને મદીના જવાની ઇજાઝત આપવામાં આવે , જેથી કરીને તેઓ અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના દીદારથી ધન્ય બને.

માએ કહ્યું: હું તને એ શરતે રજા આપું છું કે અર્ધા દિવસથી વધારે તમે મદીનામાં નહીં રોકાવ.

ઉવયસ રવાના થયા અને મદીના મુનવ્વરામાં જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ઘર પર આવ્યા અને એ  સમયે હુઝૂરે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પોતાના નિવાસ સ્થાને  મૌજૂદ ન હતા. તેઓ ત્યાં બે કલાક રોકાયા અને પછી યમન તરફ રવાના થઈ ગયા.    તેમના જવા પછી હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઘરે પધાર્યા અને ફરમાવ્યું: આ કોનું નૂર છે જેનાથી આપણુ ઘર ઝગમગે છે?

આપને બતાવવામાં આવ્યું કે એક ઊંટવાળો આવ્યો હતો. જેનું નામ ઊવયસ હતું.

આપે ફરમાવ્યું: નિ:શંક આ નૂર ઊવયસ અહીં મૂકીને ગયા છે.

રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઊવયસના વિશે ફરમાવ્યા કરતા હતા કે કરનની તરફથી જન્નતની સૌરભ આવે છે. અય ઊવયસે કરની ! હું તમારા દીદારનો આતૂર છું.

સય્યદ ઇબ્ને તાઊસ પોતાની કિતાબ મેહજુદઅવાતમાં લખે છે કે હઝરત સય્યદુશ્શોહદા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: અમે અમારા પિતાશ્રીની સાથે રાત્રીના અંધકારમાં ખાનએ કાબાના તવાફમાં પ્રવૃત્ત હતા. એ અરસામાં અમે હૃદયદ્રાવક અવાજ સાંભળી કોઈ શખ્સ વિશ્વના પાલનહારના દરબારમાં કરગરીને દુઆ કરી રહયો હતો અને દુઆ સાથે ધાર ધાર રોતો હતો.

મારા પિતાજીએ ફરમાવ્યું: હુસૈન ! તમે ગુનેહગારની ફરિયાદ સાંભળી જે ખુદાના

દરબારમાં ફરિયાદ કરી રહયો છે. અને પ્રાયશ્ચિતના આંસૂઓથી વુઝૂ કરી રહયો છે. જાઓ તેને શોધી મારી પાસે લઈ આવો.

ઇમામ હુસૈન અલય્હિસ્સલામ ફરમાવે છે કે હું આ અંધારી રાતમાં લોકોને એક તરફ હટાવતો હટાવતો તેના સૂધી જઈ પહોંચ્યો.એ શખ્સ રૂકન અને મકામની વચ્ચે રોકકળ કરી રહયો હતો. હું તેને મારા માનનીય વાલિદની પાસે લઈ આવ્યો. તે એક ખૂબસૂરત નવજવાન હતો. હઝરત અલી અલય્હિસ્સલામએ પૂછ્યું: તું કોણ છે?

તેણે જવાબ આપ્યો હું અરબોમાંથી એક શખ્સ છું. આપે ફરમાવ્યું: તમારી આ દર્દનાક ફરિયાદો શા કારણે છે?

તેણે કહ્યું: મૌલા ! આપ મને પૂછીને શું કરશો ગુનાહના ભારે મને બેવડ વાળી દીધો છે. અને બાપની નાફરમાની અને તેની બદદુઆએ મારી ઝિંદગીના પાયાઓ હલાવીને રાખી દીધા છે. અને મારી સલામતી અને મારી તંદુરસ્તી મારાથી આંચકી લીધી છે.

આપે ફરમાવ્યું: તું તારી આપવીતી સંભળાવ.

એ જવાને કહ્યું: મારો વૃધ્ધ બાપ હતો, જે મારા પર ઘણો મહેરબાન હતો. પરંતુ હું રાત દિવસ ખરાબ અને વ્યર્થ કામોમાં લાગ્યો રહેતો હતો. એ બિચારો મને જેટલી પણ નસીહત કરતો હતો મેં તેને કદી કબૂલ કરી નહોતી. બલ્કે કેટલીક વખત હું મારા પિતાને દુ:ખ આપતો હતો અને તેમને ગાળો ભાંડતો હતો.

મને ખબર પડી કે મારા બાપ પાસે એક પટારી છે, જેમાં કંઈક રકમ મૌજૂદ છે. હું એ રકમ લેવા માટે પટારી પાસે ગયો , મારા પિતાએ મને રોક્યો. મેં જોરથી તેનું બાવડુ પકડી તેને ઝટક્યો અને જમીન

પર ધક્કો માર્યો. વૃધ્ધ શખ્સ હતો બીચારો જમીન પર પડયો. ફરીવાર ઊભા થવાની કોશિષ કરી, પણ દર્દના કારણે ઉઠી ન શક્યો. મેં પટારીમાંથી રકમ કાઢી અને બહાર ચાલ્યો ગયો.

એ વખતે મારા બાપે મને કહ્યું કે હું ખાનએ કાબામાં જઈને તારા માટે બદદુઆ કરીશ.

પછી મારા બાપે થોડા દિવસ રોઝા રાખ્યા અને નમાઝો પડી. પછી મુસાફરીનો સામાન ભેગો ર્ક્યો અને ઊંટ પર સવાર થઈને મક્કા ચાલ્યો ગયો અને ખાનએ કાબા પહોંચ્યો. હું એ વખતે મૌજૂદ હતો.

મારા પિતાએ મારી સામે કાબાનો પર્દો પકડી રોઈ રોઈને મને બદદુઆ દીધી.

ખુદાની ક્સમ મારા વાલિદની હજી બદદુઆ પૂરીએ નહોતી થઈ ત્યાં મારૂ આરોગ્ય છીનવાઈ ગયું. પછી એ જવાને પોતાની ખમીસ ઊંચી કરી અમને પોતાનું શરીર દેખાડ્યું , તેના શરીરનો એક ભાગ લાકડીની જેમ સુકાઈ ગયો હતો અને હલન ચલન કરી શક્તો નહોતો.

જવાને કહ્યું: મૌલા ! આ બનાવ પછી હું ઘણો પછતાયો અને ઘણી વાર મારા પિતાથી માફી

માંગી, પણ તેણે માફ ન કર્યું અને પોતાના ઘરે પાછો ચાલ્યો ગયો.

ત્રણ વરસનો સમય વિતી ગયો. હું આ જ રીતે લગાતાર મારા પિતાથી માફી માંગતો રહયો , પણ તે માફ કરવા તૈયાર ન થયો. અંતે ત્રણ વરસના લાંબા ગાળા પછી તે કંઈક નરમ પડયો. મેં તેને વિનંતી કરી કે તે કાબા શરીફ પહોંચી મારા માટે એજ જગ્યાએ દુઆ કરે જયાં તેણે બદદુઆ કરી હતી. શક્ય છે કે અલ્લાહ તઆલા તેની દુઆના કારણે મારી ક્ષતિઓને માફ કરી દે.

મારા પિતાએ મારી યાચના કબૂલ કરી. હું પિતાને ઊંટ પર સવાર કરી, ઊંટ પર સવાર થયો. પ્રવાસ કરતા અમે અરાકની ખીણમાં પહોંચ્યા. રાત અત્યંત અંધારી હતી અને અમે પ્રવાસમાં પ્રવૃત્ત હતા. અચાનક એક પક્ષી ઉડયુ, તેના ઊડવાના કારણે મારા પિતાનો ઊંટ દોડવા લાગ્યો અને મારા પિતા ઊંટ પરથી નીચે પડી ગયા. તેનું માથુ નીચે બે પથ્થરો સાથે અફળાયું અને તે ત્યાંજ મરણ પામ્યો. મેં બાપને એ જ સ્થળે દફન કર્યો અને ખૂદ એકલો બયતુલ્લાહ પહોંચી પોતાના ગુનાહોની માફી માંગી રહયો છું. કોણ જાણે મને મારા ગુનાહોની માફી મળશે કે નહીં?

હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ફરમાવ્યું: હું તારી મદદ માટે પહોંચી ગયો છું. જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો   અલય્હે વઆલેહી વસલ્લમએ મને એક દુઆ શિખવી હતી. હું તને એ જ દુઆ બતાવીશ. આ  દુઆમાં અલ્લાહ તઆલાનું ઇસ્મે અઅઝમ મૌજૂદ છે. આ દુઆને જે શખ્સ પડશે તેની ચિંતા દૂર થઈ જશે ને તેનું દર્દ  , રોગ, ગરીબી અને નાદારીનો અંત આવશે. અને      તેના ગુનાહ માફ કરી દેવામાં આવશે. આ ઉપરાંત પણ વિશ્ર્વના મૌલાએ આ દુઆના          ગુણો બયાન ફરમાવ્યા.

હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ ફરમાવે છે કે હું જવાનથી વધારે દુઆના ગુણો સાંભળી ખૂશ થયો. હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ એ ફરમાવ્યું ઝિલહજ્જની દસમી રાતે આ દુઆને પડવી અને સવારના સમયે મારી પાસે આવજે. ત્યાર પછી આપે દુઆનો લખેલો નુસ્ખો જવાનને આપ્યો.

દસ ઝિલહજ્જના સવારે એ જવાન અમારી પાસે આવ્યો અને તે સંપૂર્ણ તંદુરસ્ત હતો અને જવાન કહેવા લાગ્યો: ખુદાની કસમ આ દુઆમાં ઇસ્મે અઅઝમ છુપાએલુ છે. પરવરદિગારની કસમ !

મારી દુઆ કબૂલ થઈ. મેં જેવી દુઆને પડી લીધી મને ઊંઘ આવી ગઈ અને સ્વપનાવસ્થામાં જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના દીદાર નસીબ થયા. અને આપે મારા બદન પર હાથ ફેરવ્યો અને ફરમાવ્યું: "મહાન ખુદાને યાદ કરો તમને ભલાઈ મળશે." હું સ્વપ્નમાંથી જાગૃત થયો તો મને પોતાને સ્વસ્થ અને નીરોગી જોયો.

હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ એ જે દુઆ જવાનને આપી હતી તે એજ દુઆ છે જેને

આપણે દુઆએ મશ્લૂલના નામે ઓળખીએ છીએ અને મફાતીહુલ જીનાનમાં આપેલી છે.

ઇમામ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત છે કે એક શખ્સ પ્યગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો અને અરજ કરી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મારા મા-બાપ ઘણા વયોવૃધ્ધ થઈ ચુક્યા છે. મારા પિતા ગુજરી ગયા , અલબત્ત અત્યારે મારી મા જીવે છે. અને તે અત્યારે એટલી બુઢી થઈ ચુકી છે કે તે સખત ખોરાક નથી ખાઈ શક્તી. એટલે હું ખોરાક નરમ કરીને મારા હાથે તેને નાના બાળકોની જેમ ખવરાવું છું. અને

બાળકોની જેમ તેને કપડામાં લપેટી પંગોડામાં સુવરાવું છું. અને પારણુ હલાવતો રહુ છું ત્યાં સૂધી કે તેને ઊંઘ આવી જાય અને હવે એ એટલી  ક્ષીણ થઈ ગઈ છે કે મને તેની વાતની પણ સમજ નથી પડતી.

એટલા માટે મેં અલ્લાહ તઆલને પ્રાર્થના કરી છે કે મને એવી છાતી આપ કે જેમાં દુધ નિકળતું હોય અને હું મારી માને છાતીએ લગાડી દુધ પિવરાવું.

અલ્લાહ તઆલાએ મારી દુઆ કબૂલ કરી અને મારી છાતીમાં દૂધ વહેવા લાગ્યું. પછી તે શખ્સે

પોતાના સ્તનો દેખાડયા જેને  દબાવવાથી દૂધ નીકળતું હતું.

આ સાંભળી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની આંખોમાં આંસુ તરી આવ્યા અને ફરમાવ્યું: બેટા ! તે કામયાબી  મેળવી લીધી. તે ખુદા તઆલાથી શુધ્ધ અને સ્વચ્છ નિય્યતથી દુઆ માંગી અને રબ્બુલ ઇઝઝતે તારી દુઆ કબૂલ કરી. એ શખ્સે મને પૂછ્યું: મહેરબાન અય રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમશું મેં મારી માના હક્કો અદા કરી દીધા?

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું : હરગિઝ નહીં, તારા જન્મ વખતે પ્રસવ વેદનામાં મજબૂર થઈ તારી માએ જે ફરિયાદ કરી હતી, તેં તો તેની એક ફરિયાદનો હક અદા નથી ક્ર્યો.

જી હા, દુનિયામાં એવી ઘણી માઓ થઈ ગઈ જે બચ્ચાને જન્મ આપી મરણાધિન થઈ ગઈ. અને પોતાના બાળકનું મોં સુધ્ધા જોવા ન પામી.

## રૂહાની બાપનું પણ ઋણ અદા કરો.

મુબારક માસ રમઝાનની ઓગણીસમી સવારના ઇબ્ને મુલ્જિમ લઈને મૌલાએ કાએનાત હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામના મુબારક માથા પર વાર ર્ક્યો. લોકો આપ અલય્હિસ્સલામને ઉપાડી આપ અલય્હિસ્સલામના ઘરે લઈ ગયા અને ઘરની પાસે ઊભા રહી ધાર ધાર રોવા લાગ્યા.

એટલામાં હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામ ઘરમાંથી નિકળ્યા અને બધા શોકગ્રસ્તોને હુકમ આપ્યો કે તેઓ પોતપોતાના ઘરે ચાલ્યા જાય. અત્યારે ઇબ્ને મુલ્જિમ અમારી કૈદમાં છે જો મારા

પિતા તંદુરસ્ત થઈ ગયા તો તેના સંબંધમાં તેઓ અલય્હિસ્સલામ ખૂદ ફેંસલો કરશે.

આ સાંભળી બધા લોકો ઘરે ચાલ્યા ગયા પણ અસબગ બિન નબાતા ત્યાંજ ઊભા રહ્યા અને જોરજોરથી રોવા લાગ્યા. તેના રોવાની અવાજ સાંભળી હઝરત ઇમામ હસન મુજતબા અલય્હિસ્સલામ ફરી બહાર પધાર્યા અને ફરમાવ્યું: અસબગ ! તમે મારા પિતાનો હુકમ નથી સાંભળ્યો?

અસ્બગે કહ્યું: મૌલા સાંભળ્યો છે , પણ હું મારા મૌલા અને સરદારને જોવા ઇચ્છુ છું અને તેમનાથી હદીસ સાંભળવા માંગું છું.

હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામ ઘરમાં ગયા અને હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામની ખિદમતમાં અસબગની ઇચ્છા રજૂ કરી. કાએનાતના મૌલાએ રજા આપી.

અસબગ કહે છે કે હું અંદર આવ્યો , મેં જોયુ કે હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામના માથા પર પીળા રંગનો રૂમાલ બાંધેલો છે પણ

હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામનું મુબારક વદન એ રૂમાલ થી પણ વધારે પીળુ છે.

આપ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમે મારો હુકમ સાંભળ્યો નહોતો?

મેં કહ્યું: મૌલા ! સાંભળ્યો હતો , પરંતુ ઇચ્છતો હતો કે આપની કોઈ હદીસ સાંભળું.

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: અસબગ ! મારાથી જરૂર હદીસ સાંભળો પછી તમને મારી પાસેથી હદીસ સાંભળવી નસીબ નહીં થાય. આપે ફરમાવ્યું: અસબગ અત્યારે જેવી રીતે તમે મારા

માથે બેઠા છો. હું પણ આવી  રીતે હઝૂર કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના મસ્તક આગળ બેઠો હતો.

હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ મને આજ્ઞા કરી કે અલી અલય્હિસ્સલામ ! મસ્જિદમાં જાઓ. મારા  મિમ્બરનું એક પગથિયુ છોડી મિમ્બર પર બેસી જાઓ અને લોકોને ભેગા કરી મારો આ  સંદેશ સંભળાવો કે જે શખ્સ પોતાના મા-બાપને છોડી દે અને તેની અવગણના કરે અને  જે ગુલામ પોતાના આકાને છોડી ભાગી જાય અને જે શખ્સ મઝદૂર પર ઝુલ્મ

કરે અને તેનો પગાર ન આપે તેના પર અલ્લાહની લઅનત છે.

મેં હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના હુકમ પ્રમાણે અમલ ક્ર્યો અને મિમ્બરથી નીચે ઉતર્યો તો મસ્જિદના એક ખૂણાથી એક શખ્સે પોકારીને કહ્યું તમે હુકમ સંભળાવી દીધો પણ તેની તમે સ્પષ્ટતા નથી કરી.

હું હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને એ શખ્સની અરજ આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને પહોંચાડી. અસ્બગ કહે છે કે એટલામાં

મૌલા અલી અલય્હિસ્સલામ એ  મારો હાથ પકડીને પોતાની તરફ ખેંચ્યો અને મારી એક આંગળીને પોતાના હાથની વચમાં રાખી ફરમાવ્યું.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ પણ આવીજ રીતે મારો હાથ પોતાના હાથમાં લઈને ખેંચ્યો અને મારી આંગળીને પોતાના હાથની વચ્ચે રાખી હતી અને ફરમાવ્યું હતું.

“અય અલી ! હું અને તમો ઉમ્મતના બાપ છીએ   , જેણે આપણી નાફરમાની કરી તેના પર અલ્લાહની લઅનત છે. ખબરદાર ! હું અને તમો આ ઉમ્મતના આકા અને મૌલા છીએ જે આપણાથી ભાગી જાય

તેના પર ખુદાની લઅનત છે. અને  ખબરદાર ! હું અને તમો આ ઉમ્મતના મઝદૂર છીએ જે શખ્સ આપણી ઉજરત (વેતન) અદા ન કરે તો તેના પર ખુદાની લઅનત છે.” પછી ફરમાવ્યુંઃ ‘આમીન.’

# કેટલિક રિવાયતો

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે  કે એક શખ્સ હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં    હાજર થયો અને અરજ કરી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મને નસીહત કરો.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલ્લાહની સાથે શિર્ક (કોઈને ભાગીદાર) ન કરો, ભલે પછી કેમ ન તેના માટે તમને આગમાં બળવામાં આવે અને તને કષ્ટો આપવામાં આવે. પણ એ કે તમારૂ મન ઈમાનથી સંતુષ્ટ હોય.

અને પોતાના મા-બાપનું કહ્યું માનો અને તેની સાથે સારો વર્તાવ કરો તેઓ જીવતા હોય કે મરેલા હોય અને જો મા-બાપ તને હુકમ આપે કે તમે પોતાના બાલ બચ્ચા અને માલમત્તા છોડીને ચાલ્યા જાઓ તો એમજ કરો. આ વાત ઈમાનનો અંશ છે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામનું ફરમાન છે કે કેટલાક લોકો મા-બાપની હયાતીમાં તેઓના ફરમાંબરદાર હોય છે. અને જયારે મા-બાપનું મરણ થઈ જાય છે તો તેઓનું કર્ઝ અદા નથી કરતા ને તેઓના માટે બખ્શિશની દુઆ નથી

કરતા. તો અલ્લાહ તેઓને મા-બાપના નાફરમાન લખી લે છે.

હઝરત ઇમામ અલી ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામથી રિવાયત છે કે એક શખ્સ જનાબે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી: યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! દુનિયાનું કોઈ એવુ બુરૂ કામ નથી જે મેં ન કર્યું હોય. શું મારા માટે તૌબાની કોઈ ગુંજાઈશ (અવકાશ) છે?

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: શું તમારા મા-બાપમાંથી કોઈ જીવતું છે?

તેણે કહ્યું: મારો બાપ જીવે છે. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું તો જાઓ અને તેની સાથે ભલાઈ કરો. જયારે તે પીઠ ફેરવી ચાલવા લાગ્યો તો આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: જો તેની મા હયાત હોત તો તેના ગુનાહ જલ્દી માફ થઈ જાત.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત છે કે મારા પિતા હઝરત ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામએ એક શખ્સને જોયો કે

તેની સાથે તેનો પુત્ર પણ ચાલી રહયો હતો અને પુત્રે બાપના હાથ પર ટેકો  રાખ્યો હતો. આ જોઈ મારા વાલિદ એટલા દુ:ખી થયા કે તેનાથી જીવનભર કદી વાત ન કરી.

પય્ગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: એક વખત મૂસા અલય્હિસ્સલામએ અલ્લાહને પૂછ્યું કે અય ખુદા મારો ફલાણો શહીદ દોસ્ત ક્યાં છે?

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: દોઝખમાં છે.

હઝરત મૂસા અલય્હિસ્સલામ એ અરજ કરી: અય પરવરદિગાર ! શું તે શહીદોથી જન્નતનો વાયદો નથી ર્ક્યો?

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: હા , મેં શહીદોથી જન્નતનો વાયદો ર્ક્યો છે. પણ તે મા-બાપ ની નાફરમાની પર આગ્રહ રાખતો હતો અને હું મા-બાપના હકોની ગૈર મૌજુદગીમાં બીજો કોઈ અમલ કબૂલ નથી કરતો.

હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: શું આ વાત તમારા માટે અસહ્ય નહીં

હોય કે તમારા માટે તમારા બાપ  એમ કહે કે આ અમારા સંતાન નથી?

બધાએ કહ્યું: જીહા , આ વાત અમારા માટે  અસહ્ય છે. તો આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: પછી કોશિષ કરો કે તમારા મા-બાપ  (હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને અલી અલય્હિસ્સલામ) જે  તમારા જિસ્માની મા-બાપથી શ્રેષ્ઠ છે ,  ક્યાંક તેઓ તમારી રૂહાની ફરઝંદીનો ઇન્કાર ન કરી દે.

# કુટુંબીઓથી દયાભાવ

## ઇમામ સાદિક અલય્હિસ્સલામ અને મન્સૂર દવાનકી

અલ્લામા મજલિસી બેહારુલ અન્વારમાં યૂનુસ બિન અલી ચઅફૂરની ઝબાની ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરે છે. આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જયારે ઇબ્રાહીમ બિન અબ્દુલ્લાહ બિન હસને મુસન્ના બાખમરામાઁ શહીદ થયા તો મન્સૂર દવાનકીએ અમો બધાને કૂફા બોલાવ્યા અને કોઈને પણ મદીનામાં રહેવાની રજા

ન આપી. અમે એક મહિનો ફૂફામાં કૈદ રહ્યા , રાત દિવસ પોતાના કતલ થઈ જવાની વાટ જોતા હતા.

એક દિવસ તેનો વઝીર રબીઅ હાજિબ અમારી પાસે આવ્યો અને કહ્યું કે સાદાત અને અલવીઓ ક્યાં છે?

તમારામાંથી એક ડાહયો શખ્સ મન્સૂર પાસે જાય. એટલે હું (ઇમામ સાદિક અલયહિસ્સલામ) અને હસન બિન ઝયદ તેના દરબારમાં ગયા.

મને જોતાવેંત મન્સૂરે કહ્યું: આ લોકોમાંથી ગૈબ જાણવાનો દાવો તમે કરો છો ?

મેં કહ્યું: ‘લા યઅલમલ ગયબ ઇલ્લાહૂ ’ અલ્લાહ સિવાય કોઈ ગેબ જાણતું નથી.

તેણે કહ્યું: તમારા માટે દૂર દૂરથી નજરાણા આવે છે?

મેં કહ્યું: નહીં, નજરાણા આપના માટે જ લાવવામાં આવે છે.

મન્સૂરે કહ્યું: આપને ખબર છે કે મેં તમને અહીં શા માટે બોલાવ્યા છે !

મેં કહ્યું: નહીં, તેણે કહ્યું હું ઇચ્છુ છું કે તમારા મકાનો તોડી પાડવામાં આવે અને તમને પાણી દેનારા

ઝરણાઓ અને કુવાઓનો નાશ કરૂ અને તમારા બધા બાગોને ઉજ્જડ કરી દઉં અને 'શરાહ'ની તરફ તમને વતન નિકાલની સઝા આપું અને કોઈ પણ ઇરાકી કે હિજાઝીને તમને મળવા ન દઉં ,
કેમકે તમારી મુલાકાત ફિત્ના અને ફસાદની જડ છે.

મેં કહ્યું: અલ્લાહ તઆલાએ સુલેમાન પયગમ્બરને દુનિયાનું રાજય આપ્યું તો તેમણે ખુદાનો અહેસાન માન્યો, અને અય્યૂબ અલય્હિસ્સલામને સંકટોમાં નાખ્યા તો તેમણે સબ્ર કરી. હઝરત યૂસુફ ના

ભાઈઓએ તેમના પર ઝુલ્મ ર્ક્યો તેમણે માફ કરી દીધુ. અને તારો પણ એજ ખાનદાનથી સંબંધ છે.

આ સાંભળી મન્સૂર હસ્યો અને કહ્યું આ વાત ફરી ઉચ્ચારો.

અને જયારે મેં આ શબ્દોનુ પુનરાવર્તન ર્ક્યુ તો મન્સૂરે કહ્યું જે કૌમનો રહેબર અને આગેવાન આપ જેવો હોય એ કૌમ ખેરખર ભાગ્યશાળી છે. મેં આપને માફ ર્ક્યા અને આપના કારણે બસરાવાળાઓને પણ માફ ર્ક્યા. અને હું ઇચ્છુ છું કે આપ મને સિલે રહમીની એ હદીસ સંભળાવો જે

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ થી નકલ થએલ છે.

મેં કહ્યું મારા વડવાઓએ આ હદીસને મારા દાદા હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામથી નકલ કરી છે અને તેમને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: ક્યામતના દિવસે રહેમો (માના ઉદરો) અરશ સાથે લટક્તા હશે અને નિદા કરશે બારે ઇલાહા જેણે અમને જોડયા તું તેના પર રહેમ કર અને જેણે અમને તોડયા તું તેમનાથી તારી રહેમત તોડી નાખ.

મન્સૂરે કહ્યું: નહીં, આ હદીસ મારો આશય નથી.

મેં કહ્યું: મારા પિતાએ તેમના પવિત્ર વડવાઓના પ્રમાણથી હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલ્લાહ ફરમાવે છે કે હું રહેમાન છું અને મેં રહેમને પૈદા કર્યું અને તેના નામને પણ મારા નામ સાથે જોડ્યું. જે કોઈપણ સિલે રહેમી કરશે હું પણ તેની સાથે મારો રહેમતનો સબંધ જોડીશ અને જે કોઈ કત્એ રહેમ કરશે (કુટુંબીઓથી ગેરવર્તાવ કરશે) હું તેનાથી મારી રહેમત અળગી કરી દઈશ.

મન્સૂરે કહ્યું: નહીં આ હદીસ પણ મારો આશય નથી.

મેં કહ્યું: મારા પિતાએ પોતાના પૂર્વજોની સનદથી જનાબ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: જે શખ્સ એમ ઇચ્છતો હોય કે તેના જીવનને ભૂલાવી દેવામાં આવે (અર્થાત તેની વય લાંબી થાય) અને તેનું શરીર સલામત રહે તેને જોઈએ કે તે સિલે રહમી કરી.

મન્સૂરે કહ્યું: હું અત્યારે આપથી આ હદીસ સાંભળવા માંગતો ન હતો.

મેં કહ્યું: મારા માનનીય પિતાશ્રીએ પોતાના  પવિત્ર બાપદાદાથી પ્રમાણભૂત રીતે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે કે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું:  એક શખ્સ સિલેરહેમી કર્યા કરતો હતો. જયારે તેનું મૃત્યુ થવાનું હતું અને મલેકુલ મૌત તેના માથે પહોંચ્યો. તેના પડોશમાં એક કત્એ રહેમી કરવાવાળો શખ્સ     રહેતો હતો.

પરવર દિગારે મલેકુલ મૌતને હુકમ આપ્યો કે કત્એ રહેમ કરવાવાળાની કેટલી ઉમ્ર બાકી છે?

મલેકુલ મૌતે અરજ કરી ત્રીસ વરસ તેની ઉમ્ર બાકી છે.

ખુદાવંદે આલમે ફરમાવ્યું: કત્એ રહેમ કરવાવાળાના જીવનના ત્રીસ વરસ તેને આપી દયો અને કત્એ રહેમ કરવાવાળાની રૂહ ખેંચી લ્યો.

મન્સૂરે કહ્યું: મારો આશય આ હદીસ પણ નહોતી.

મેં કહ્યું: મારા વડવાઓએ જનાબે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી કે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: એક બાદશાહની ઉમ્ર ત્રણ વરસ બાકી રહી ગઈ હતી , તેણે કુટુંબીઓથી સિલેરહેમી કરી તો અલ્લાહ તઆલાએ તેની ઉમ્રને ત્રણ વરસના બદલે ત્રીસ વરસ સૂધી લંબાવી દીધી.

મન્સૂરે કહ્યું: હું આજ હદીસ સાંભળવા માંગતો હતો. ખુદાની કસમ હું આપનાથી સિલે રહમી કરવા માંગું છું, મન્સૂરે કહ્યું: આપને કઈ જમીન પસંદ છે ?

મેં કહ્યું: અમને મદીનાનો મુખ્ય પ્રદેશ સૌથી વધારે પસંદ છે.

તેણે અમને મદીના રવાના કર્યા અને આમ અલ્લાહ તઆલાએ અમને મૂસીબતોથી છુટકારો આપ્યો.

## પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમની સિલે રહમી

બદરની લડાઈમાં અબૂ બશર અન્સારીએ અબ્બાસ ઇબ્ને અબ્દુલ મુત્ત લિબ અને અકીલ બિન અબૂ તાલિબને પકડી હઝૂરે કરીમ   સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમની સેવામાં રજુ કર્યા.

રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: તેઓને પકડવામાં કોઈએ તમારી મદદ કરી હતી?

અબૂ બશર અન્સારીએ કહ્યું: જી હા , એક સફેદ વસ્ત્રાધારી શખ્સે તેઓને પકડવામાં મારી મદદ કરી હતી.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: એ ફરિશ્તો હતો. ત્યાર બાદ આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ પોતાના કાકા અબ્બાસ તરફ મોં કરી ફરમાવ્યું:

પોતાનો મૂક્તિ દંડ અને ખૂંબહા અને પોતાના ભત્રીજા અકીલનો મૂક્તિ દંડ અદા કરો.

અબ્બાસે કહ્યું: યા રસૂલલ્લાહ ! હું તો મુસલમાન થઈ ચુક્યો હતો , મક્કાવાળાઓ મને જબરદસ્તી પોતાની સાથે લઈ આવ્યા.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલ્લાહ તમારા ઇસ્લામને સારી રીતે જાણે છે , જો તેમાં કઈ સત્યતા હશે તો અલ્લાહ તઆલા તમને ઈમાનનો બદલો આપશે. પણ તમે દેખીતી રીતે અમારા સામે ચઢાઈ કરી

અને તમે ખુદાની સામે જંગ કરી અને તમે ખુદાને પોતાનો વિરોધી બનાવ્યો.

પછી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ બીજી વાર ફરમાવ્યું: તમે પોતાનો અને પોતાના ભત્રીજાનો મૂક્તિદંડ ભરો. આ યુધ્ધમાં મુસલમાનોએ માલે ગનીમત રૂપે અબ્બાસથી ચાલિસ ઊક્યા સોનુ મેળવ્યુ હતું.

અબ્બાસે કહ્યું: આપે એ ચાલિસ ઊક્યાને અમારો મૂક્તિ દંડ ગણી લ્યો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અબ્બાસ! એ અશક્ય છે , એ તો માલે ગનીમત હતો , જે અલ્લાહે અમારા માટે મુબાહ ફરમાવ્યો છે. તમારે અકીલનો અને તમારા બંન્નેનો ફિદયો (મૂક્તિ દંડ) આપવો પડશે.

અબ્બાસે કહ્યું: મારી પાસે આ સિવાય કંઈ નથી.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અબ્બાસ એ પૈસાને તમે કેમ ભૂલી જાઓ છે જે રવાના થતી વખતે તમારી પત્ની ઉમ્મુલ ફઝલને સોંપ્યા હતા અને કહ્યું હતું કે હું માર્યો જાઉં તો તેને વ્હેંચી લેજો.

અબ્બાસે કહ્યું : આપ મને એ અવદશામાં જોવા માંગો છો કે હું લોકોથી ભીખ માંગતો ફરૂ?

અલ્લાહ તઆલાએ આવા લોકો માટે આ પવિત્ર આયત ઊતારી.

“અય નબી ! એ લોકોને કહી દયો , જેઓ તમારી પાસે કૈદ છે , જો અલ્લાહ તમારા દિલોમાં કોઈ સારપ અને ભલાઈ જોશે તો તમોને આ મૂક્તિદંડથી વધારે સારૂ આપશે, જે તમારી પાસેથી લઈ લેવામાં આવ્યું છે. અને તમને માફ કરી દેશે અને અલ્લાહ તો માફ કરવાવાળો મહેરબાન છે.’’

ત્યાર પછી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ અબ્બાસ વિશે હુકમ આપ્યો કે તેમને પણ બીજા કૈદીઓની સાથે કૈદ કરી લેવામાં આવે. જેવી રાત પડી તો ઇસ્લામના બધા મુજાહિદો સુઈ ગયા. અને અમુક મુજાહિદો જેઓ જાગતા હતા , તેઓએ જોયું કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ઊંઘ નથી આવતી, બેચૈન થઈને કદી ડાબી બાજુએ તો કદી જમણી બાજુએ પડખા ફેરવી રહ્યા છે.

લોકોએ આપને અરજ કરી કે આપ જંગથી થાકીપાકી પાછા ફર્યા છો , આપે આરામ કરવો જોઈએ.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: હું કઈ રીતે સૂઈ શકુ જયારે કે હું મારા કાકાની રોકકળની અવાજ સાંભળી રહયો છું.

મુસલમાન અબ્બાસની પાસે ગયા અને તેની રસ્સીઓ છોડી નાખી અને તેમને બતાવ્યું કે તમારી ફરિયાદો અને રોવાના કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ બેચૈન છે.

અબ્બાસની આહો જેવી શાંત થઈ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને નીંદર આવી ગઈ.

## બંદાઓના કાર્યો ઇમામ અલય્હિસ્સલામની સામે રજૂ થાય છે.

દાવૂદ રતી કહે છે કે હું ઇમામ સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો.

ઇમામ અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું: દાવૂદ ! તમારા કામ જુમેરાતના દિવસે મારી સામે લાવવામાં આવ્યા. મેં તમારી સિલે રહેમીનું

અવલોકન ર્ક્યુ જે તમે તમારા ફલાણા કાકાના પુત્ર સાથે કરી હતી. હું  તમારા આ વર્તનથી ખૂશ થયો. અને હું એ જાણું છું કે આ સિલે રહમી તેના જલ્દી મૌતનું કારણ બનશે.

દાવૂદ રતી બયાન કરે છે કે મારો એક કાકાનો પુત્ર ઘણો કુલક્ષણો અને નબીના ખાનદાનનો દુશ્મન હતો. મેં તેના વિશે સાંભળ્યું કે તે ઘણો તંગીમાં છે. એટલે મક્કામાં જવા પહેલા મેં તેની મદદ કરી હતી.

મયસરદ (હદીસનો રાવી) ઇમામ બાકિર અલય્હિસ્સલામ અથવા ઇમામ સાદિક

અલયહિસ્સલામથી કોઈ ઇમામના હવાલાથી બયાન કરે છે કે મને એમણે ફરમાવ્યું: મારૂ ધારવુ છે કે તમે પોતાના સગાઓથી ભલો વર્તાવ રાખો છો.

મેં કહ્યું: જી હા, આ તો મારી બચપણથી આદત રહી છે. જયારે હું બાળક હતો અને બજારમાં જઈ મઝદૂરી ર્ક્યા કરતો હતો તો એ સમયે મને બે દિરહમ મઝદૂરી મળ્યા કરતી હતી. તો હું એક દિરહમ મારી માસીને આપ્યા કરતો હતો અને એક દિરહમ મારી ફૂઈને આપ્યા કરતો હતો.

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: ખુદાની કસમ ! સગાઓ સાથે સદવર્તનના કારણે અલ્લાહે બે વાર તમારી મૌતને તમારાથી દૂર કરી છે.

## આપ્તજનોથી ન લડો.

અલ કાફીમાં સફવાન જમાલથી રિવાયત છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ અને અબ્દુલ્લાહ બિન હસનમાં એક વખત ઝઘડો થયો. ત્યાં સૂધી કે લોકો ભેગા થઈ ગયા અને બન્ને સજ્જનો પોતપોતાના ઘરે ચાલ્યા ગયા.

જયારે હું સવારના સમયે કામ અર્થે ઘરથી બહાર નિકળ્યો તો મેં જોયું કે ઇમામ સાદિક અલય્હિસ્સલામ અબ્દુલ્લાહ બિન હસનના દરવાજે ઊભા છે અને કનીઝને કહી રહ્યા છે કે અબ્દુલ્લાહ બિન હસનને બહાર મોકલો.

અબ્દુલ્લાહ બિન હસન જેવા બહાર નિકળ્યા તો તેમણે પૂછ્યું કે આટલી વહેલી સવારે આપે આવવાની તકલીફ કેમ લીધી?

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: રાતે કુરઆને મજીદની આ મુબારક આયતની તિલાવત કરી.

“એ લોકો તેને મેળાવે છે, જેને મેળવવાનો અલ્લાહે હુકમ આપ્યો છે અને હિસાબના દિવસની સખ્તીથી ડરે છે.”

આ આયત પડી હું પૂરી રાત બેચૈન રહયો. એટલે વ્હેલી સવારે તમારી પાસે આવી ગયો.

અબ્દુલ્લાહ બિન હસને કહ્યું: આપ સાચુ કહો છો, અને હું પણ આ આયત ભૂલી ગયો હતો. એ વખતે બન્ને જણા એકબીજાના ગળે મળ્યા અને રોવા લાગ્યા. આ બનાવનો ખુલાસો કરતા અલ્લામા મજલિસી બેહારુલ અન્વારની સોળમી જિલ્દમાં પેજ. ૩૭ ઉપર લખે છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ તરફથી હકીકતમાં અબ્દુલ્લાહ બિન હસનને યાદ અપાવવું હતું. હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ અબ્દુલ્લાહ બિન હસનથી કત્એ રહેમી પસંદ કરતા નહોતા. બલ્કે ઇમામ આલી મકામ તેની સુધારણા કરવા માંગતા હતા. કેમકે અબ્દુલ્લાહ પોતાના બેટા માટે ઇમામની બયઅત

ચાહતા હતા. અને દરેક એ કામ જેમાં ઇમામની વિરુધ્ધતા હોય તે  શિર્કમાં ગણાય છે એટલા માટે ઇમામ અલય્હિસ્સલામના માયાળુપણાનો તકાદો એ હતો  કે તેમને આ ખોટા કામથી રોકે. નહિતર હકીક્ત એ છે કે ઇમામ આલી મકામ પાક આયતથી કદી ગાફિલ નહોતા. એવુ હરગીઝ નથી કે તેમને તિલાવત દરમિયાન ખુદાનો હુકમ યાદ આવ્યો હોય. આ કાર્યથી ઇમામનો આશય એ હતો કે અબ્દુલ્લાહ બિન હસનને અલ્લાહના        કોપથી ચેતવવામાં આવે અને તેને ઝમાનાના ઇમામના વિરોધ અને કત્એ રહમથી બચાવવામાં આવે.

## કત્એ રહમથી વય ઘટી જાય છે.

અલ્લામા કુલય્ની અલકાફીમાં લખે છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં એક શખ્સ હાજર થયો અને અરજ કરી મૌલા મારા કાકાના સંતાનોએ મારૂ જીવન અજીરણ કરી લીધુ છે. અને મને એટલો મજબૂર કરી દીધો કે હવે હું માત્ર એક કમરામાં રહેવા પર મજબૂર થઈ ગયો છું. જો આપ રજા આપો તો હું હાકિમ પાસે જઈને શિકાયત કરૂ અને તેનાથી મારો હક માંગુ.

આપે ફરમાવ્યું: સબ્રથી કામ લ્યો , નજીકમાં જ અલ્લાહ તઆલા આ કષ્ટમાંથી છુટકારો આપશે.

બસ થોડા જ દિવસો વિત્યા હશે કે હિ.સ.૧૩૧ ની વબા ફેલાઈ ગઈ અને મારા પિત્રાઈ ભાઈઓમાંથી કોઈપણ જીવતો બાકી ન બચ્યો. અને બધાએ બધા મરણ પામ્યા.

થોડા દિવસ પછી એ શખ્સ ઇમામ અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો. ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમારા સગાઓની શું સ્થિતિ છે ?

તેણે કહ્યું: એ બધાએ બધા મરી ગયા. આપ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તેઓનું મૃત્યુ એટલા માટે થયું કે તેઓએ તારી સાથે કત્એ રહેમ ક્યોં

હતો. અને શું તું એ પસંદ નથી કરતો કે ભલે તેઓ તારા પર ઝુલ્મ કરે પણ જીવતા રહે ?

તેણે કહ્યું: જી હા, હું તેઓના મરવા પર ખૂશ નથી.

## સગાઓથી ગેરવર્તાવ કરનારને દોસ્ત ન બનાવો.

અલ-કાફીમાં અબૂ હમ્ઝાની જબાની ઇમામ સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે. આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: મારા પિતાએ તેમના પિતાશ્રી હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામથી રિવાયત કરી છે. તેઓએ ફરમાવ્યું: બેટા , પાંચ પ્રકારના લોકોને દોસ્ત ન બનાવવા. તેઓ સાથે સ્નેહ અને પ્યારનો નાતો ન રાખવો અને તેઓને કદી પોતાની સફરના સાથી ન બનાવવા.

મેં પૂછ્યું: તેઓ ક્યા લોકો છે?

આપ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું:

(૧) જુઠાને દોસ્ત ન બનાવવો કેમકે જુઠો આદમી ઝાંઝવા જેવો છે જે દૂરથી તો પાણી દેખાય છે પરંતુ પ્યાસો તેની નિકટ જાય તો તેને રેતી સિવાય કંઈ દેખાતુ નથી.

(૨) ગુનેહગારને દોસ્ત ન બનાવવો. કેમકે એ તને એક કોળિયા અથવા એક કોળિયાથી પણ કમ કિંમતમાં તને વેચી નાખશે. (નહેજુલ બલાગાહમાં છે કે એ તને એક કોડીમાં વેચી નાખશે.)

(૩) બખીલ (કંજૂસ) ને દોસ્ત ન બનાવવો કેમકે જયારે તને તેના માલની અત્યંત જરૂરત હશે ત્યારે તે તને વંચિત રાખશે.

(૪) મુર્ખને દોસ્ત ન બનાવવો કેમકે એ તને  લાભ પહોંચાડવા માંગશે પણ પોતાની મુર્ખાઈને કારણે તને નુક્સાન પહોંચાડશે.   (નાદાન દોસ્ત કરતા ડાહયો દુશ્મન સારો.)

(૫) કત્એ રહેમી કરવાવળાને દોસ્ત ન બનાવવો. મેં કુરઆને મજીદની ત્રણ આયતોમાં તેના પર લઅનત જોઈ છે.

“નજીક છે કે તમે હાકિમ બની જાઓ , જમીન પર ફસાદ કરો અને કત્એ રહેમી કરો, આવા લોકો પર અલ્લાહે લઅનત કરી છે અને તેઓને નિષ્ફળ બનાવ્યા છે અને તેઓની આંખોને આંધળી કરી દીધી.”

“એ લોકો જેઓ ઓળખ્યા પછી અલ્લાહની પ્રતિજ્ઞાને તોડે છે અને જેને અલ્લાહે મેળવવાનો હુકમ આપ્યો છે તેને જુદા કરે છે અને જમીનમાં ફસાદ કરે છે તેઓના જ માટે લઅનત છે અને તેઓના જ માટે (દોઝખનું) ખરાબ ઘર છે.”

“જે લોકો કરાર કર્યા પછી ખુદા સાથેના વચનને તોડે છે અને જેને અલ્લાહે મેળવવાનો હુકમ આપ્યો છે તેને જુદા કરે છે. અને જમીન પર ફસાદ કરે છે. એ જ લોકો નૂક્સાન ઉપાડનારા છે.”

શોઐબ અકર ફૂતી ઇમામ કાઝિમ અલય્હિસ્સલામના વિશ્ર્વાસુ સાથીઓમાંથી છે. તેઓ વર્ણન કરે છે કે હજના દિવસો હતા અને અમો હજના માટે ગયેલા હતા. એક દિવસ હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામએ મને ફરમાવ્યું: શોએબ ! કાલે તમને એક શખ્સ મળશે , જેનો સબંધ મોરક્કોના પ્રદેશથી હશે અને તે તમારાથી મારા વિશે પૂછપરછ કરશે તો તમે તને જવાબમાં કહેજો, ખુદાની કસમ મૂસા બિન જઅફર ઇમામ છે અને ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ

તેમની ઇમામતની નસ(પ્રમાણ) ફરમાવી છે. અને જો તેઓ તમારાથી હલાલ અને હરામના મસસઅલા પૂછે તો મારા તરફથી તેમને જવાબ આપજો.

મેં અરજ કરી, મૌલા ! હું આપ પર કુરબાન થાઉં. આ પશ્ચિમી શખ્સની શું નિશાની છે ? આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: તે લાંબો અને જાડી ચામડીનો માલિક હશે. તેનું નામ યઅકૂબ છે. અને જયારે તમારી તેની સાથે મુલાકાત થાય તો જરાય ગભરાતા નહીં અને તમને જે કંઈ પણ પૂછે તેનો

જવાબ આપજો અને જો તે મારી પાસે આવવા માંગે તો તેને મારી પાસે લઈ આવજો.

શોએબ કહે છે ખુદાની કસમ આ વાત થઈ તેના બીજા દિવસે હું તવાફ કરતો હતો કે એક ખડતલ શખ્સે મારી તરફ મોં કર્યું અને કહ્યું: હું તારાથી તારા આકા અને મૌલા વિશે પૂછવા માંગુ છું.

મેં કહ્યું: આપ મારા ક્યા આકા અને મૌલાની વાત પૂછવા માગો છો?

તેણે કહ્યું: મૂસા બિન જઅફરના વિશે પૂછવા માંગું છું?

મેં કહ્યું: તમારૂ નામ શું છે ? અને ક્યાંના રહેવાસી છો અને તમે મને કેવી રીતે ઓળખ્યો?

તેણે કહ્યું: મારૂ નામ યઅકૂબ છે. અને હું પશ્ચિમનો રહેવાવાળો છું અને મને સ્વપ્નાની હાલતમાં એક શખ્સે હુકમ આપ્યો હતો કે શોએબથી મુલાકાત કરો અને જે કંઈ પૂછવું હોય તે તેનાથી પૂછો અને જયારે હું જાગ્યો તો મેં તમારી શોધખોળ કરવી શરૂ કરી અને તમને શોધી કાઢયા.

મેં કહ્યું: આપ અહીં થોડી વાર વાટ જુઓ. હું તવાફ પુરો કરી લઉં પછી આપથી વાતચીત કરીશ. તવાફ પુરો ક્ર્યાં પછી મેં તેનાથી મુલાકાત કરી

અને તેનાથી વાતો થઈ તો તે શખ્સ મને શાણો અને બુધ્ધિશાળી દેખાયો. તેણે ઇમામ મૂસા કાઝિમથી મળવાની ઇચ્છા વ્યક્ત કરી હું તેને ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં લઈ આવ્યો.

ઇમામ અલય્હિસ્સલામએ તેને જોઈને ફરમાવ્યું: તું કાલે મક્કાની આ ભૂમિ પર ઊતર્યો અને ફલાણા ઠેકાણે તારા અને તારા ભાઈ વચ્ચે ઝઘડો થયો અને તમે એક બીજાને ગાળો ભાંડી. યાદ રાખો આ અમારૂ ચારિત્ર્ય નથી. મારા બાપદાદાઓ અને મારો દીન આ વસ્તુનો વિરોધી છે. અને આપણો દીન આપણને આવુ કરવાની કદાપિ છૂટ નથી દેતો.

ખુદાથી ડરો અને પરહેઝગારી અખત્યાર કરો અને નજીકમાં જ મૌત તમારી અને તમારા ભાઈ વચ્ચે જુદાઈ નાખી દેશે. અને તમારો ભાઈ આ મુસાફરીમાં મરી જશે. અને તે વતનનું મોં જોવા નહીં પામે. તમે કત્એ રહેમ કરી છે એટલે અલ્લાહે તમારી વય ટુંકાવી નાખી છે.

એ શખ્સે પૂછ્યું: તો મૌલા હું ક્યારે મરીશ?

ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તને પણ મૌત આવવાવાળી હતી. પણ તે ફલાણે ઠેકાણે તારી ફૂફી પર મહેરબાની કરી અને સિલે  રહેમી કરી એટલા

માટે અલ્લાહે તારી ઉમ્રમાં વીસ વરસનો વધારો કરી દીધો. છે.

શોએબ અકર ક્રૂતી બયાન કરે છે કે એક વરસ પછી મક્કાના રસ્તામાં મારી યઅકૂબથી મુલાકાત થઈ અને મેં તેનાથી પાછલા વરસની વિતક  પૂછી તો તેણે બતાવ્યું કે પાછલા વરસે મારો ભાઈ વતન પહોંચવા પહેલા જ મરી  ગયો હતો રસ્તામાં મેં તેને દફન કરી દીધો હતો.

## સગાવ્હાલાઓને મળવાથી પ્રેમની લાગણીઓને ઉત્તેજન મળે છે.

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ ફરમાવે છે કે જયારે હું હારૂન રશીદની સભામાં પહોંચ્યો તો મેં સલામ કરી અને તેણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું: મૂસા! દુનિયામાં એક નવી પરિસ્થિતિ ઊભી થઈ છે. એક મુલ્કમાં એક સાથે બે ખલીફા રહે છે. અને અવામ બંનેને નજરાણું આપે છે.

મેં કહ્યું: પૈગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વફાત પછીથી લોકો લગાતાર અમારા

વિરુધ્ધ જુઠું બોલવાથી કામ લેતા આવ્યા છે , આ કંઈ પ્રથમવાર નથી થયું ખલીફાને મૂળ સંજોગોની સારી પેઠે જાણ છે. મને આશા છે કે ખલીફા અમારા દુશ્મનોની વાતો પર ભરોસો નહીં કરે. અને જો તમે મને રજા આપો તો હું ખુદાના પૈગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની એક હદીસ સંભળાવું?

હારૂને કહ્યું: હા, મારા તરફથી તમને ઇજાઝત છે.

મેં કહ્યું: મારા પવિત્ર વડવાઓએ ખુદાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે , તેમણે ફરમાવ્યું:

જયારે બે સગાઓ એકબીજાથી મળે છે તો મોહબ્બતની લાગણીઓ અને ભાવનાઓને ઉત્તેજન મળે છે.

તમે મારા સગા છો. આવો આપણે બન્ને એકબીજાથી અને જોઈએ કે આપણા પ્યારની લાગણીઓ ઉત્તેજિત થાય છે કે નહીં ?

આ સાંભળી હારૂન રશીદ મારી પાસે આવ્યો અને અમે એકબીજાથી લાંબા સમય સૂધી ગળે વળગી રહ્યા. હારૂને કહ્યું: આપ ગભરાઓ નહીં, અને જયારે મેં તેના વદન તરફ જોયું તો તેની આખોંમાંથી આંસુઓની કતાર વરસી રહી હતી.

હારુન રશીદ કહેવા લાગ્યો: મૂસા ! આપે બિલ્કુલ સાચુ કહ્યું છે અને ખુદાના પયગમ્બરે પણ તદ્દન ખરૂ કહ્યું છે. જયારે મેં તમને ગળે લગાડયા તો મારી રગોમાં અને નસોમાં ખૂન દોડવા લાગ્યું અને સહસા મારી આંખમાંથી આંસૂ વહેવા લાગ્યા.

જો તમે રજા આપો તો હું તમને એક સવાલ પૂછવા માંગુ છું. અને એ સવાલ લાંબા સમયથી મારા દિલમાં ખટકી રહયો છે. પરંતુ શરત એ છે કે તમે જવાબમાં તકય્યો નહીં કરો.

મેં કહ્યું: હું જરૂર જવાબ આપીશ પણ મારાથી વાયદો કરો કે તમે મારા પર કોઈપણ પ્રકારનો અત્યાચાર નહીં કરો.

તેણે પૂછ્યું કે આપ એ બતાવો કે અમારા દાદા અબ્બાસ અને તમારા દાદા અબૂતાલિબ બન્ને ભાઈઓ હતા અને બન્નેના બાપ અબ્દુલ મુત્તલિબ હતા. પછી તમોને અમારા પર કઈ વિશિષ્ટતા પ્રાપ્ત છે ?

મેં કહ્યું : એ ખરૂ છે કે આપણા બધાના દાદા એક હતા. પરંતુ અમને ખુદાના પયગમ્બરથી ખાસ નિકટતા પ્રાપ્ત છે અને જે તમને નથી મળી.

જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમના પિતા હઝરત અબ્દુલ્લાહ અને અમારા દાદા જનાબ અબૂતાલિબ અલય્હિસ્સલામ સગાભાઈ (એક માતા થી) હતા. જયારે કે અબ્બાસ બીજી માતા થી હતા.

હારૂન રશીદે ફરી પૂછ્યું: લોકો તમને રસૂલની અવલાદ શા માટે કહે છે? તેનું શું કારણ છે? જયારે કે તમે રસૂલે ખુદાની અવલાદ નથી. હઝરત અલીની અવલાદ છો. એ ખરૂ છે કે તમારી દાદી રિસાલત મઆબ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી

વસલ્લમની સુપુત્રી હતા , પરંતુ વંશાવળીતો બાપથી ચાલે છે, માં થી નથી ચાલતી.

મેં કહ્યું: બાદશાહ મને એ બતાવો કે જો પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જીવતા હોત અને એ તમારાથી તમારી બેટીનું સગપણ માંગત તો બતાવો શું તમે તેની સાથે સગાઈ કરત કે નહીં ?

હારૂને કહ્યું: આ સગપણ તો મારા માટે ગર્વની વાત હોત.

આ સાંભળી મે કહ્યું કે બાદશાહ આ જ મારી અને તમારી વચ્ચે ફરક છે. તમે હબીબે ખુદાને તમારી પુત્રીનો રિશ્તો આપી શકો છો અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારાથી મારી પુત્રીનો રિશ્તો નથી માંગી શક્તા. અને હું તેમને રિશ્તો દઈ નથી શક્તો , કેમકે મારી બેટીઓ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની નવાસીઓ છે.

આ સાંભળી હારૂને કહ્યું: આપે ઘણી સારી દલીલ આપી.

## કત્એ રહેમ (સગાવિરોધી) ને આ સઝા પણ મળી શકે છે.

હારૂન રશીદના ચૌદ પુત્રો હતા. તેઓએ પોતાની વલીએહદી માટે તેઓમાંથી ત્રણ પુત્રોની વરણી કરી. અને પોતાના બધા અમલદારોને મક્કા બોલાવ્યા અને પોતાના ત્રણે પુત્રો અમીન , મામૂન અને મોઅતમીનને ક્રમશ: પોતાના વલીઅદહ નિમ્યા.

અમીનની મા ઝુબેદા હતી અને તેનો ઉસ્તાદ જઅફર બિન મોહમ્મદ અશ્ફશ હતો અને તે સાતમા ઇમામને માનનારો હતો.

મામૂનનો ઉસ્તાદ યહયા બિન ખાલિદ બરમકી હતો. તેણે વિચાર્યું કે હારૂન પછી ખિલાફત અમીનને મળી જશે અને તેના પરિણામે તેના અને ઉસ્તાદના માનપાન વધી જશે. એટલે તેના દરેક શક્ય પ્રયત્ન હતા કે અમીનના ઉસ્તાદ જઅફર બિન મોહમ્મદને કોઈ રીતે હારૂનની નઝરમાં પાડી દેવામાં આવે.

યહયા બરમકી જાણતો હતો કે જઅફર શીઆ છે. તેણે જઅફર સાથે પોતાના સબંધો જોડયા અને તેને બતાવ્યું કે હું પણ હઝરત ઇમામ મૂસા કાઝિમ

અલય્હિસ્સલામનો અકીદતમંદ છું. અને આ રીતે ઘણા ભેદોની જાણકારી મેળવી લીધી.

તેણે હારૂનની સામે જઅફર બિન મોહમ્મદ પર ઘણી વાર ટીકા કરી પરંતુ હારૂને કાંઈ ધ્યાન ન આપ્યું. અંતે એક વખત પોતાના સાથીઓને કહ્યું કે ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામના સબંધીઓમાંથી કોઈ એવા શખ્સની તલાશ કરવામાં આવે જે ઇમામ અલય્હિસ્સલામની વિરુધ્ધતા કરે અને હારૂનની સામે તેની શિકાયત કરે.

યહયાના દોસ્તોએ કહ્યું કે આ કામ મોહમ્મદ બિન ઇસ્માઈલ બિન ઇમામ જઅફરે સાદિક

અલય્હિસ્સલામ કરી શકે છે અને આ કામ માટે એજ સૌથી યોગ્ય શખ્સ છે કેમકે તે ઇમામ અલય્હિસ્સલામનો ભત્રીજો છે.

યહયા બિન ખાલિદ બરમકીએ મોહમ્મદ બિન ઇસ્માઈલને પત્ર લખ્યો અને તેને બગદાદ બોલાવ્યો.

ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ હંમેશા પોતાના ભત્રીજાથી સ્નેહભર્યું વર્તન કરતા હતા.

અને જયારે ઇમામ આલી મકામે સાંભળ્યુ કે તે બગદાદ જઈ રહયો છે તો આપ અલય્હિસ્સલામએ

તેને બોલાવી ફરમાવ્યું: મેં સાંભળ્યુ કે તમે બગદાદ જઈ રહ્યા છો?

તેણે કહ્યું: જી હા,

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: તમે બગદાદ શા માટે જવા ઇચ્છો છો?

તેણે કહ્યું: હું અત્યારે કર્ઝમાં અને કફોડી સ્થિતિમાં છું. બગદાદ જવાથી મારો કર્ઝ અદા થઈ જાય.

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: હું તમારૂ કર્ઝ અદા કરી દઉં છુ, પણ તે તૈયાર ન થયો. એ છતાં

આપ અલય્હિસ્સલામએ તેને ત્રણ હજાર દીનાર અને ચાર હજાર દિરહમ આપ્યા.

જયારે તે આપના ઘરેથી નિકળવા લાગ્યો તો આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: મારા બાળકોને યતીમ બનાવવાની કોશિશ ન કરતો અને મારા ખૂનમાં હાથોને ન રંગજે.

જયારે તે આપની પાસેથી ઉઠીને ચાલ્યો ગયો તો આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: હું જાણું છું કે આ બગદાદ જઈને મારી ચુગલી ખાશે અને મારા માટે સંકટોનો સામાન તૈયાર કરશે.

આપ અલચ્હિસ્સલામના સાથીઓએ અરજ કરી: તો પછી આપે આવા શખ્સની મદદ શા માટે કરી?

આપ અલચ્હિસ્સલામએ ફરમાવ્યું: મારા વડવાઓએ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે કે , તેમણે ફરમાવ્યું: જયારે એક રિશ્તેદાર બીજા પર અત્યાચાર કરે અને બીજો તેના પર ભલાઈ કરે તો સિતમગાર બરબાદ થઈ જાય અને તેનું જીવન અંતાઈ જાય છે.

અલી બિન ઇસ્માઈલ મદીનાથી બગદાદ ગયો. યહયા બિન ખાલિદે તેનો ભરપૂર સત્કાર ર્ક્યો. અલી

બિન ઇસ્માઈલે ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામની શિકાયતો કરી. યહયા બરમકી તેને હારૂન રશીદ પાસે લઈ ગયો.    જતાની સાથે અલી બિન ઇસ્માઈલે હારૂનને કહ્યું: મને અચરજ થાય છે કે એક વખતમાં    બે ખલીફા મૌજૂદ છે. મદીનામાં ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ ખલીફા છે. પૂર્વ અને પશ્ચિમથી તેને ત્યાં નજરાણું આવી રહ્યું છે અને અહીં બગદાદમાં   આપ ખલીફા છો.

હારૂન રશીદે વીસ હજાર દિરહમની તેને રસીદ લખી આપી અને અલી બિન ઇસ્માઈલે કહ્યું કે

બહેતર એ છે કે રકમનો ખત પૂર્વના ઇલાકાના કોઈ ગવર્નરના નામે લખી આપવામાં આવે. જેથી મને ત્યાંથી લઈ જવાની આસાની રહે.

હજી તેને ઇનામની રકમ મળી નહોતી કે તે કુદરતી હાજત માટે જાજરૂ ગયો. જાજરૂમાંથી તેની જોરદાર ચીખો સંભળાઈ. લોકો તેને ત્યાંથી ઉપાડી લઈ આવ્યા. તો તેના આંતરડા અને જઠર બહાર નિકળી ચુક્યા હતા.

તબીબોએ તેને બચાવવાની સરતોડ કોશિશો કરી. તે બિસ્તર પર તડપી રહયો હતો કે હુકૂમતના કારકુનો તેના ઇનામની રકમ લઈને આવ્યા અને

કહ્યું કે તમારૂ ઇનામ હાજર છે. તેણે કહ્યુંઃ હવે હું આ ઇનામ લઈને શું કરીશ ? હું તો થોડી પળોમાં મરનારો છું. થોડી પળો પછી તે મરી ગયો.

એજ વરસે હારૂન રશીદ હજના બહાને મક્કા આવ્યો અને ત્યાથી મદીના આવ્યો અને રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પવિત્ર મઝાર પર ઊભા રહી તેણે કહ્યુંઃ યા રસૂલલ્લાહ ! મને માફ કરજો હું તમારા પુત્ર મુસા બિન કાઝિમને કૈદ કરી રહયો છું. કેમકે તેના કારણે મારો આરામ અને શાંતિ નાશ પામ્યા છે. ત્યાર પછી ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામને કૈદ કરી લઈ ગયો. અને

કૈદખાનામાંજ ઇમામ અલય્હિસ્સલામની શહાદત થઈ.

## કેટલિક રિવાયતો

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે , જે કોઈ મને એક કામ કરવાની ઝમાનત આપે , હું તેને ચાર ચીજોની ઝમાનત આપુ છું. અને તે એક કામ સિલે રહેમી અને રિશ્તેદારોના હક્કોની સંભાળ રાખવાનું છે.

૧.તેનું કુટુંબ તેને ચાહશે. ૨. તેને બહોળી રોઝી મળશે. 3. તેનું આયુષ્ય વધશે. ૪. અલ્લાહ તઆલાએ જે જન્નતમાં વાયદો ર્ક્યો છે , તેને તે જન્નતમાં દાખલ કરશે.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામનું ફરમાન છે સિલે રહેમીથી નેક અમલોમાં વધારો થાય છે અને દોલતમાં વધારો થાય છે. અને  કયામતના દિવસે હિસાબ આસાન થઈ જાય છે. અને સિલેરહેમીથી કષ્ટો દૂર થાય છે, અને આયુષ્યમાં વધારો થાય છે.

હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ પોતાના પવિત્ર વડવાઓના પ્રમાણથી રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરે છે. આપે ફરમાવ્યું: મેં મેઅરાજની રાત્રે એક શખ્સને જોયો, જે અલ્લાહના અર્શની સામે પોતાના રિશ્તેદારને પકડી શિકાયત કરી રહયો હતો    , મેં

પૂછ્યું: તારી અને તેની વચ્ચે કેટલી પેઢીનું અંતર છે ?

તેણે કહ્યું: અમે એકબીજાથી ચાલીસમી પેઢીએ જઈને મળીએ છીએ.

જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે. બે ગુનાહ એવા છે કે અલ્લાહ તઆલા તેની દુનિયામાં જ ઘણી જલ્દી સઝા આપે છે. અને આખેરતની સઝા એ ઉપરાંત છે. અને તે ગુનાહ છે. (૧) ઝુલ્મ (૨) કત્એ રહેમી.

હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામએ પોતાની કિતાબમાં લખ્યું છે. ત્રણ આદતો અને ત્રણ લક્ષણો એવા છે કે એ આદતોવાળો મરવા પહેલા તેની આપત્તિ  જોઈ લેશે. અને તે છે ઝુલ્મ , કત્એ રહેમી અને જુઠી કસમ.

રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: દુનિયામાં રિશ્તેદારોથી ભલાઈ કરો, પછી તે સલામ દ્વારા જ કેમ ન હોય.

# સય્યદોના આદરમાન (સાદાતોનો એહતેરામ)

## એક વેપારી અને સાદાતનો હિસાબ

કિતાબ શરાયેઅના કર્તા, જેની ગણત્રી મશહૂર શીઆ ફકીહો અને આલિમોના વર્ગમાં થાય છે , તેમણે પોતાની કિતાબ અલી બિન અબી તાલિબ અલય્હિસ્સલામના વખાણોમાં આ બનાવ નકલ કર્યો છે કે ઇબ્રાહીમ બિન મહેરાન રાવી છે કે કૂફા શહેરમાં એક વેપારી હતો , જેનું નામ અબૂ જઅફર હતું અને તે અત્યંત નેકદિલ વેપારી હતો. તેનો આશય પોતાની તિજોરી ભરવાનો નહોતો બલ્કે તે સદા અલ્લાહની રઝાને ધ્યાનમાં રાખતો હતો.

અને જયારે પણ કોઈ સય્યદ તેની પાસેથી ખરીદી કરતો અને તેની પાસે માલની રકમ હોતી નહીં તો ઘણી ખૂશીથી તેને માલ આપ્યા  કરતો હતો અને પોતાના ગુલામને કહેતો હતો કે આ રકમ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ  અલય્હિસ્સલામના ખાતામાં લખી નાખો. આવી રીતે થોડો સમય વિત્યો હશે કે તેની  દુકાન ધીરે ધીરે ખત્મ થવા લાગી.

એક દિવસ તેણે ગુલામને અવાજ આપી કહ્યું કે દુકાનની ખાતાવહી લાવો અને કર્ઝનો હિસાબ કરો. અને આપણા જે કર્ઝ દારો મરી ગયા  છે તેઓના

નામ કાપી નાખો અને જેઓ જીવતા છે તેઓથી ઉઘરાણી કરો. પણ આમ કરવા છતાં દુકાનની ખોટ પુરાણી નહીં.

એક દિવસ તે પોતાના ઘરના બારણા પાસે ચિંતાતૂર હાલતમાં બેઠો હતો કે તેના એક પડોશીએ મશ્કરી કરતા કહ્યું કે એ    કરજદારથી રકમ કેવી રીતે વસૂલ કરશો  ?  જેનું નામ ચોપડામાં રાઝી થઈને લખતા હતા. વેપારી આ મેણું સાંભળી દૂ:ખી થયો અને પૂરો દિવસ ગમગીન રહયો. રાતના જેવો  પથારીમાં સુતો કે સ્વપ્નામાં તેને જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ

અને ઇમામે હસન અલય્હિસ્સલામ અને ઇમામે હુસૈન અલય્હિસ્સલામની ઝિયારત નસીબ થઈ.

જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ઇમામ હસન અલય્હિસ્સલામને સંબોધી ફરમાવ્યું: તમારા પિતાશ્રી ક્યાં છે? એટલામાં હઝરત અલી અલય્હિસ્સલામ હાજર થયા. અને અરજ કરી યા રસૂલલ્લાહ ! હું આપની સેવામાં હાજર છું.

હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલી ! તમે આ શખ્સની ઉઘરાણી ચુક્વતા કેમ નથી ? હઝરત અલી

અલય્હિસ્સલામએ કહ્યું: મૌલા ! હું હમણા અને આ જ સમયે તેનો કર્જો પાછો આપુ છું.

આમ કહી મૌલાએ કાએનાતે એક સફેદ થેલી તેને સોંપી. જેમાં એક હજાર અશરફી હતી અને ફરમાવ્યું આ તમારો હક છે. તમે મારાથી લઇ લ્યો અને લેવાનો ઇન્કાર ન કરો. અને હવે મારી અવલાદમાંથી જે પણ ગરીબ સય્યદ તારાથી ઉધાર માંગે તો તેને ઉધાર આપજો. ઇન્શાઅલ્લાહ તમે હવે કદી મુફલિસ નહીં બનો.

અબૂ જઅફર ઊંઘમાંથી જાગૃત થયો અને જોયું કે સફેદ થેલી તેના હાથમાં છે. તેણે પોતાની પત્નીને

જગાડી બધો કિસ્સો સંભળાવ્યો. તેની પત્નીને ભરોસો ન આવ્યો. તેની પત્નીએ કહ્યું: અય ખુદાના બંદા, ખુદાથી ડરો અને કોઈ પ્રકારની ચાલાકી અને મક્કારી ન કરો.

વેપારીએ ક્સમ ખાઈને તેને ખાતરી કરાવવાની કોશિશ કરી તો પત્નીએ કહ્યું: હું એ સૂરતમાં આ વાત માનું કે તમે તમારી ખાતાવહી મંગાવો અને મૌલાના નામ પર બાકી નિકળતી રકમ બતાવો. જયારે ચોપડો મંગાવવામાં આવ્યો તો ઉધારની રકમ એક હજાર અશરફી બરાબર હતી અને

ખાતાની નીચે  લખ્યું હતું કે આ રકમ અલી બિન અબી તાલિબે ભરપાઈ કરી દીધી છે.

# ઇસાઈ અને એહલેબૈતની સહાયતા

રબીઆ શહેરમાં એક ભાષા વિશારદ અને પૈસાપાત્ર ઇસાઈ રહેતો હતો. જેનું નામ યૂસુફ બિન યઅકૂબ હતું મોતવક્કિલ  અબ્બાસીની પાસે કોઈએ તેની ચુગલી ખાધી. મોતવક્કિલે તેને પોતાના દરબારમાં બોલાવ્યો.

યૂસુફ રાજનું તેડું એ મૌતનુ તેડું સમજી  લાચારીએ સામર્રા તરફ ચાલતો થયો અને સામર્રા પહોંચવા પહેલા તેણે દિલમાં        માનતા માની કે જો મોતવક્કિલની દુષ્ટતાથી સુરક્ષિત રહયો તો એક્સો અશરફી હઝરત        ઇમામ મોહમ્મદ તકી

અલય્હિસ્સલામની ખિદમતમાં નઝર કરીશ. એ સમયે હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ સામર્રામાં નઝરબંદીનું જીવન વિતાવી રહ્યા હતા અને પૈસેટકે પરેશાન હતા. યૂસુફ જેવો સામર્રા શહેરના દરવાજે પહોંચ્યો તો દિલમાં વિચાર્યું કે મોતવક્કિલની પાસે જવા પહેલા જ જો હું હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામના પુત્રને મળી લઉં તો વધારે સારૂ. પરંતુ તેના માટે પરેશાની એ હતી કે તેને ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામના ઘરની ખબર નહોતી. અને પૂછવામાં ખતરો એ હતો કે મુલાકાતની ખબર મોતવક્કિલને પડી ગઈ તો તે વધારે નારાજ થશે.

તેણે એક અજબ નિર્ણય લીધો. તેણે પોતાની સવારીની રસી પોતાના હાથમાંથી છુટી મૂકી દીધી. અને સવારીને પોતાની મેળે ચાલવા દીધી અને મનમાં કહ્યું કે જો અલ્લાહ મારી મદદ કરવા માંગતો હશે તો મારી સવારી પોતે ઇમામના દરવાજે જઈ પહોંચશે. યૂસુફની સવારી જેવી આઝાદ થઈ તેણે બજારો અને ગલીઓ વટાવતા એક દરવાજે પહોંચી ઉભી રહી ગઈ.

તેણે સવારી ચલાવવાની જેટલી પણ કોશિશ કરી પણ તે પોતાની જગ્યાએથી ન ચાલી. યૂસુફ કહે છે કે મેં એક શખ્સને પૂછ્યું કે આ કોનું ઘર છે ? તેણે

મને બતાવ્યું કે આ રાફઝીઓના નવમા ઇમામ ઇબ્ને રઝા  અલય્હિસ્સલામનું ઘર છે. મેં દિલમાં વિચાર્યું આ ઇમામની મહાનતાની પહેલી   નિશાની છે કે હું કોઈને પૂછયા વગર તેમના દરવાજે પહોંચી ગયો.

હજી હું આ વાત દિલમાં વિચારી રહયો હતો કે એક કાળા રંગનો ગુલામ એ ઘરમાંથી બહાર આવ્યો અને કહ્યું: તું યૂસુફ બિન યઅકૂબ છે?

મેં કહ્યું: જી હા , ગુલામે કહ્યું: સવારી પરથી ઊતરો. અને તે મને લઈને એક મકાનમાં દાખલ થયો.

અને તે મને આંગણામાં ઊભો  રાખી અંદર ચાલ્યો ગયો.

મેં દિલમાં વિચાર્યું આ ઇમામની મહાનતાની બીજી નિશાની છે.

એ ગુલામે મને કઈ રીતે ઓળખી લીધો કે હું યૂસુફ બિન યઅક્કૂબ છું. જયારે કે હું તેની પહેલા કદી સામર્રામાં આવ્યો નહોતો.

થોડીવાર પછી એ જ ગુલામ ફરી આવ્યો અને કહ્યું તમે જે સો અશરફી બાયોંમાં છુપાવી છે તે મને આપી દયો.

મેં દિલમાં કહ્યું આ ઇમામની મહાનતાની ત્રીજી નિશાની છે.

ગુલામ અશરફીઓ લઈને ચાલ્યો ગયો અને થોડી વાર પછી મારી પાસે આવ્યો અને મને કહ્યું: તમે તમારી સવારી અહીં બાંધો અને મારી સાથે મારા આકા અને મૌલાની ખિદમતમાં હાજરી આપો.

હું ગુલામની સાથે અંદર દાખલ થયો તો મેં ત્યાં એક પ્રભાવશાળી વ્યક્તિને બેઠેલી જોઈ અને તેઓ અલય્હિસ્સલામએ મને કહ્યું: યૂસુફ આટલા પૂરાવાઓ જોયા પછી પણ તમે હજી સૂધી મુસલમાન નથી બન્યા?

મેં કહ્યું: જી હા , હું પુરતી દલીલો અવલોકી ચૂક્યો છું.

આપે ફરમાવ્યું: મને ખબર છે તું મુસલમાન નહીં થાય અને તારો પુત્ર ઇસ્હાક નજીકમાં જ મુસલમાન થશે અને અમારો જાંનિસાર શીઆ બનશે.

યૂસુફ સાંભળો અમુક લોકો એમ ધારે છે કે  અમારો પ્યાર અને દોસ્તી ફાયદો નથી કરતી. ખુદાની કસમ એવુ હરગિઝ નથી. જે કોઈ  પણ અમારાથી મોહમ્મદ અને દોસ્તી કરે ચાહે તે મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ તેને મોહબ્બતનું વળતર જરૂર મળશે.

ત્યાર પછી ઇમામે ફરમાવ્યું: યૂસુફ તમે ધરપત રાખો. મુતવક્કિલના તરફથી તમને કોઈ નુક્સાન નહીં પહોંચે જે સમયે તું સામર્રા શહેરમાં દાખલ થયો હતો તો અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો નિમ્યો હતો. જે તારી સવારીની લગામ પકડી અમારા દરવાજા પર તમને લાવ્યો હતો. અને ક્યામતના દિવસે, તારૂ આ જાનવર જન્નતના બાગમાં દાખલ થશે.

ઇસ્હાક બિન યૂસુફ થોડા સમય પછી મુસલમાન થઈ ગયો. તેણે ઇમામ અલય્હિસ્સલામથી પોતાના બાપના અંજામ વિશે માલૂમ ર્ક્યુ તો આપે ફરમાવ્યું:

તારા બાપે ઇસ્લામ કબૂલ નહોતો ર્ક્યો એટલા માટે તેને દોઝખમાં  નાખવામાં આવ્યો છે , પરંતુ તેમણે પોતાની જીંદગીમાં મારી મદદ કરી હતી એટલા માટે દોઝખની આગે તેના પર અસર કરી નથી.

## જયારે એક સય્યદાણીથી સાદાત હોવાની ગવાહી માંગવામાં આવી

સિબ્ત ઇબ્ને જવઝી એક પ્રખ્યાત ઇતિહાસકાર છે. તે કિતાબ તઝકેરતુલ ખવાસમાં લખે છે કે એક સય્યદઝાદો બલખ શહેરમાં રહેતો હતો. તેની એક પત્ની અને કેટલિક પુત્રીઓ હતી. બનવાકાળ એ સય્યદ પુત્ર મરણ પામ્યો. અને પાછળ રહેનારાઓ આર્થિક સંકડામણમાં મૂકાઈ ગયા.

પોતાની નિર્ધનતા અને તંગદસ્તીના કારણે તેઓ બલખમાં રહેવાને લાયક ન રહ્યા.

તેની પત્ની જે ખૂદ સય્યદાણી હતી , પોતાની પુત્રીઓને લઈને સમરકંદ શહેરમાં આવી ગઈ. અહીં આવી તેણે પોતાની પુત્રીઓને એક મસ્જિદમાં બેસારી અને પોતે ખાવાનું ગોતવા શહેરમાં આવી.

એક જગ્યાએ આવી સય્યદાણીએ જોયું કે એક શખ્સને લોકોએ ચારે તરફથી ઘેરી લીધેલ છે અને તેનું ઘણું માનપાન કરી રહ્યા છે.

સય્યદાણીએ તેના વિશે પૂછપરછ કરી કે આ કોણ છે?

લોકોએ બતાવ્યું કે આ શહેરનો સરદાર છે. આ સાંભળી સય્યદાણી તેની નિકટ ગઈ અને પોતાની ગરીબી અને નિર્ધનતાનો હાલ સંભળાવ્યો.

તેણે કહ્યું: આપ ખરેખર સય્યદ છો તો સય્યદ હોવાનો પૂરાવો રજુ કરો.

પછી તેણે એ સય્યદાણી તરફ કોઈ લક્ષ ન આપ્યું.

બિચારી સય્યદાણી હતાશ થઈ ચાલી ગઈ. એક બીજા સ્થળે પહોંચી તેણે જોયું કે એક શખ્સને લોકો ઘેરી વળ્યા છે.

સય્યદાણીએ પૂછ્યું કે આ કોણ છે?

કોઈએ બતાવ્યું કે આ શહેરનો દારોગો છે અને મજૂસી ધર્મ પાળે છે.

સય્યદાણી તેની પાસે ગઈ અને પોતાની અવદશા તેની પાસે બયાન કરી તેણે એક નોકરને બોલાવ્યો અને કહ્યું: જાઓ મારી પત્નીને કહો કે અહીં આવી જાય.

થોડી વાર પછી તેની પત્ની દાસીઓના ટોળામાં બહાર આવી.

તેના શૌહરે કહ્યું: આ સય્યદાણીની સાથે ફલાણા મહોલ્લામાં મસ્જિદમાં જાઓ ત્યાં તેની પુત્રીઓ

બેઠી છે તેઓને માનપૂર્વક આપણા ઘરમાં લઈ આવો.

મજૂસીની પત્ની સય્યદાણી સાથે એ વીરાન મસ્જિદમાં આવી અને યતીમ બાળકોને પ્રેમ ભાવ સાથે પોતાના ઘરે લઈ આવી.

તેઓએ સય્યદાણીઓને રહેવા માટે એક ઓરડો આપ્યો અને તેઓને નવરાવ્યા અને ઉમદા વસ્ત્રો પહેરાવ્યા અને શ્રેષ્ઠ ખોરાકથી તેઓની આગતા સાગતા કરી અને સય્યદ પુત્રીઓ આરામથી સુઈ ગઈ.

જયારે અર્ધી રાત વીતી તો એ શહેરના મુસલમાન સરદારને સ્વપ્નું આવ્યું કે કયામત રચાઈ છે અને જનાબે રસૂલે ખુદા  સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના મુબારક મસ્તક પર પક્ષી ઊડી રહ્યું છે. અને લીલા ઝમર્રૂદનો ભવ્ય મહેલ પણ ત્યાં મૌજૂદ છે.

એ મુસલમાન સરદારે સ્વપ્નાવસ્થામાં કોઈથી પૂછ્યું કે આ કોનો મહેલ છે?

તેણે કહ્યું: આ મહેલ કોઈ મુસલમાન અને ખુદાપરસ્ત ઇન્સાનને મળશે.

આ સાંભળી તે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની નિકટ આવ્યો અને આપથી મહેલમાં દાખલ થવાની રજા માંગી. પણ આપ  સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેનાથી પવિત્ર મુખાર્વિંદ ફેરવી લીધુ.   તેણે અરઝ કરી યા રસૂલલ્લાહ ! આપ મારાથી મુબારક મોં ન ફેરવો, હું મુસલમાન પુરૂષ છું.

આ સાંભળી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: જો તું મુસલમાન છે તો પોતાના મુસલમાન હોવાની ગવાહી રજૂ કર, તે આ સાંભળી મુંઝાણો. હુઝૂરે અકરમ સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી      વસલ્લમ એ ફરમાવ્યું: તે સય્યદઝાદી સાથે કેવો વર્તાવ ક્યોં હતો      , શું તું આટલી જલ્દી પોતાની વર્તણુક ભુલી ગયો?

મહેલ તેનો છે જેણે આજ એ સય્યદાણીને આશરો દીધો છે.

એ શખ્સ નીંદમાંથી જાગૃત થયો અને સહસા રોવા લાગ્યો અને પોતાના ગુલામોને હુકમ આપ્યો કે તે પૂરા શહેરમાં ફરી એ ભાળ              મેળવે કે એ સય્યદાણીને કોણે આશરો આપ્યો છે?

થોડી વાર પછી ગુલામોએ આવી ખબર આપી કે એ સય્યદાણીને શહેરના મજૂસી દારોગાએ આશરો આપ્યો છે.

એ શખ્સ મજૂસી પાસે ગયો અને તેને પૂછ્યું કે તને સય્યદાણીની કોઈ ખબર છે?

દારોગાએ કહ્યું: જી હા , તે સય્યદાણી પોતાની પુત્રીઓ સહીત મારા મહેમાન છે અને મારા ઘરમાં છે.

શહેરના સરદારે કહ્યું: તું એ બીબીઓને મારે હવાલે કરી દે, તને તેઓને રાખવાનો કોઈ હક નથી.

મજુસીએ કહ્યું: આપ પણ મારી પાસે એવી જાતની માંગણી નથી કરી શકતા.

સરદારે કહ્યું: હું તને એક હજાર દીનાર આપુ છું તું એ સય્યદ પુત્રીઓ મારે હવાલે કરી દે.

દારોગાએ કહ્યું: આ તદ્દન અશક્ય છે , તું મને એક લાખ દીનાર આપે તો પણ હું નહીં લઉં , જયારે સરદારે વધારે આગ્રહ કર્યો તો દારોગાએ કહ્યું: જે ખ્વાબ જોઈને તું અહીં આવ્યો છે હું પણ એ જ ખ્વાબ જોઈ ચૂક્યો છું. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ મને

ઝમર્રૂદનો મહેલ અર્પણ ક્યોં છે , જેનાથી તને રોક્વામાં આવ્યો છે.

જે સમયે મેં આ ખ્વાબ જોયું તો મેં મારા બાલ બચ્ચાઓને જગાડયા અને અમે બધાએ આ સય્યદાણીના હાથે ઇસ્લામ અંગીકાર ક્યોં છે. આજ સય્યદાણીની બરકતથી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ઝમર્રૂદનો મહેલ મને અને મારા ઘરવાળાઓને આપ્યો છે.

## એક સચ્ચદાણી અને અબ્દુલ્લાહ બિન મુબારક

સિબ્ત બિન જવઝી  ‘તઝકેરતુલ ખવાસ’માં નકલ કરે છે કે અબ્દુલ્લાહ બિન મુબારકનો નિયમ હતો કે તેઓ દર બીજા વરસે હજ પર જતા  હતા. અને આમ તેમણે પચાસ વરસમાં પચ્ચીસ હજ પડી.

એક વરસ તેઓ હજ માટે જઈ રહ્યા હતા કે માર્ગમાં તેમણે જોયું કે એક ઔરત મુર્દા મુરઘીના પીછા કાઢી રહી છે.

આ જોઈએ અબ્દુલ્લાહ બિન મુબારક તે સ્ત્રીની નજીક ગયા અને કહ્યું બીબી આનું ખાવું ઇસ્લામની શરીઅતમાં હરામ છે.

આપ જાઓ આ વસ્તુથી તમારો કોઈ સંબંધ નથી. આપ આના વિશે શા માટે વાતચીત કરી રહ્યા છો.

અબ્દુલ્લાહે જયારે વધારે આગ્રહ ક્યોં તો એ ઔરતે કહ્યું હવે જયારે તમે આટલો આગ્રહ કરો છો તો સાંભળો હું સય્યદાણી છું  અને મારી ચાર પુત્રીઓ છે. મારા પતિની વફાત થઈ ચુકી છે. અને આજ અમારો ચોથો  અપવાસ છે. અત્યારે અમે મુઝતર (લાચાર) છીએ અને અમારા માટે મુરદાર હલાલ

થઈ  ચૂક્યું છે. આજ અનાયાસે આ મુર્દા મુરધી મારા હાથમાં આવી છે. હું તેને સાફ     કરીને પોતે પણ ખાઈશ અને મારી પુત્રીઓને પણ ખવરાવીશ.

અબ્દુલ્લાહ બિન મુબારક કહે છે  , આ સાંભળી મેં સ્વગત કહ્યું: અબ્દુલ્લાહ તુચ્છ છે તારા પર જો તે આ તક હાથથી જવા દીધી.

મેં એ સય્યદાણીને સુચન ક્ર્યું કે તેણી        પોતાનો પાલવ પ્રસારે. જયારે તેણીએ પોતાનો પાલવ પ્રસાર્યો તો મેં હજની ખર્ચી     માટે જે રકમ સાથે લાવ્યો હતો. એ બધાએ બધી તેના ખોળામાં નાખી દીધી. સય્યદાએ એ રકમ લઈતો લીધી પણ તેના

મુખ પર શરમાવા અને પછતાવાના ચિહ્નો દેખાતા હતા.

સય્યદાણી રકમ લઈને પોતાના ઘરે રવાના થઈ અને હું હજ ક્ર્યા વગર પોતાના ઘરે આવી ગયો અને અલ્લાહે આ વરસે મારા દિલમાંથી મક્કા જવાની ઇચ્છા લોપ કરી દીધી.

જયારે હાજીઓ મક્કાથી પાછા ફર્યા તો હું મારા ગામવાળાઓને મુબારકબાદ દેવા માટે ગયો અને જે પણ હાજી મને મળતો તો એ પણ મને હજની મુબારકબાદી આપતો હતો અને કહેતો હતો કે તમે

ફલાણા ઠેકાણે મારી સાથે હતા. અલ્લાહ તઆલા તમારી હજ પણ કબૂલ કરે.

હું હાજીઓની આ વાતો સાંભળી ઘણો દુ:ખી થયો. અને એ રાતે મેં એક વિચિત્ર સ્વપ્નું જોયુ. સ્વપ્નાવસ્થામાં જનાબ રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઝિયારત નસીબ થઈ. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અબ્દુલ્લાહ! તે મારી અવલાદમાંથી એક બચ્ચીની મદદ કરી છે. મેં અલ્લાહથી તમારા માટે દુઆ માંગી છે તો અલ્લાહે તારા રૂપરંગનો એક ફરિશ્તો પૈદા કર્યો. જે દર

વરસે ક્યામત સૂધી તારા વતી હજ    કરતો રહેશે.
હવે તમારી મરજી હજ પર જાઓ કે ન જાઓ.

## મુતવક્કિલ અબ્બાસીની માનો સય્યદો સાથે વર્તાવ

ફઝાઈલે સાદાતમાં ઇબ્ને જવઝી પોતાના દાદા અબૂલ ફરજથી નકલ કરે છે. અહેમદ બિન ખઝીબ કહે છે કે હું મુતવક્કિલ અબ્બાસીની માનો ખજાનચી હતો.

એક દિવસ હું મારી ઓફિસમાં બેઠો હતો કે એક ગુલામ આવ્યો. તેણે મને એક થેલી આપી , જેમાં એક હજાર અશરફીઓ હતી અને કહ્યું કે ખલીફાની માએ કહ્યું છે કે આ મારો સૌથી વધારે હલાલ માલ છે. જે હું તારી પાસે મોકલી રહી છું. તેને ગરીબો અને નિરાધારોમાં વ્હેંચો.

મેં પોતાના દોસ્તોથી મશ્વેરો ક્યોં કે તેઓ મને ગરીબો અને નિરાધારોની એક લીસ્ટ બનાવી આપે જેથી હું એ રકમને તેઓમાં વ્હેંચી આપું.

દોસ્તોએ મને અમુક ગરીબોના નામ લખાવ્યા. મેં તેઓમાં ત્રણસો અશરફી વ્હેંચી આપી. સાતસો અશરફી મારી પાસે બચી હતી.

રાતનો એક ભાગ વીત્યો હશે હશે કે કોઈએ મારા દરવાજા પર ટકોર મારી. મેં દરવાજો ખોલ્યો અને તેના આવવાનો આશય પૂછયો.

તેણે કહ્યું: હું એક અજાણ્યો અને મુફલિસ  સય્યદ છું અને જરૂરતમંદ છું. મેં એ અશરફીઓમાંથી તેને એક અશરફી આપી. અને   જયારે હું પાછો મારી પથારીમાં આવ્યો તો મારી પત્નિએ પૂછ્યું: કોણ હતું?

મેં બતાવ્યું કે એક ગરીબ સય્યદઝાદો હતો અને મદદ માંગી રહયો હતો. મેં તેને એક અશરફી આપી ચાલતો ર્ક્યો.

મારી પત્નિએ જેવા આ શબ્દો સાંભળ્યા , ધાર ધાર રોવા લાગી અને મને કહેવા લાગી તને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી શરમ ન

આવી કે તેની અવલાદમાંથી એક શખ્સ તારા દરવાજે આવ્યો તો તે તેને એક અશરફી પરખાવી ચાલતો કર્યો?

જલ્દી કરો, એ સય્યદઝાદાને ગોતીને બાકી રકમ તેને સોંપી દયો. હું પત્નિના કહેવા પર ઊઠયો અને એ સય્યદઝાદાને પકડી બાકીની રકમ પણ સોંપી દીધી. જયારે હું ઘરે આવ્યો તો ઘણો પરેશાન થયો કે જો મુતવક્કિલને કોઈપણ રીતે ખબર પડી ગઈ તો તે મને સખ્ત કષ્ટ આપશે.

પત્નિએ કહ્યું ગભરાઓ નહીં , સય્યદઝાદાના નાના ખુદ તારૂ રક્ષણ કરશે. હજી હું જાગતો જ હતો અને

મારી આંખોંમાંથી નીંદ માઈલો દૂર હતી કે એવામાં જોરજોરથી મારો દરવાજો ખટખટાવવામાં આવ્યો અને હું  ગભરાઈને ઊભો થયો. બાહર નિકળી મેં જોયું કે ઘણા બધા શાહી ગુલામો પોતાના   હાથમાં મશાલો લઈને ઊભા છે. ને તેઓએ કહ્યું કે હમણાં જ તમને ખલીફાની મા યાદ   કરે છે. આ સાંભળી દિલમાં અનેક શંકાઓ આવવા લાગી. હું તેઓ સાથે રવાના થયો.

હજી અમે જવાની તૈયારી કરતા હતા કે ખલીફાની માનો એક બીજો કાસિદ આવ્યો કે જલ્દી કરો

અહેમદ બિન ખુઝયબને ખલીફાની મા યાદ કરી રહી છે.

જયારે હું પહોંચ્યો તો પર્દા પાછળથી મુતવક્કિલની માની અવાજ ઊંચી થઈ , મને સંબોધીને તેણીએ કહ્યું: અહેમદ બિન ખુઝયબ ! અલ્લાહ તઆલા તને અને તારી પત્નિને નેક બદલો આપે.

મેં અજાણ્યા બનતા પૂછ્યું: પણ અમે એવુ કયું નેક કામ કર્યું છે?

મુતવક્કિલની માંએ કહ્યું : એ તો હું પણ નથી જાણતી કે તમે કયું સારૂ કામ કર્યું છે. હમણા હમણા

હું જયારે પથારીમાં  સુતી તો ખ્વાબમાં મેં જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની  ઝિયારત નસીબ થઈ અને આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલ્લાહ      તને અને અહેમદ બિન ખુઝયબની પત્નિને સારો બદલો આપે.

મેં તમને એટલા માટે બોલાવ્યા કે તમે મને બતાવો કે તમે શું કર્યું છે?

મેં તેને ગરીબ સય્યદઝાદાની પૂરી કહાણી સંભળાવી. મુતવક્કિલની માં આ સાંભળી ઘણી ખૂશ થઈ અને મને એક લાખ દિરહમ અને        કિંમતી

લિબાસ આપી કહ્યું કે આમાંથી કંઈક ભાગ તમે તમારા અને તમારા પત્નિ માટે રાખી લ્યો અને બાકી બધી રકમ એ સય્યદઝાદાના ઘરે પહોંચાડી આપો.

હું એ બધી રકમ લઈને સય્યદઝાદાના ઘરે ગયો અને દરવાજે ખટખટ કર્યું તો અંદરથી સય્યદની અવાજ આવી અહેમદ બિન ખુઝયબ જે કંઈ તમારી પાસે છે તે લઈને અંદર ચાલ્યા આવો. અને એ સય્યદઝાદો રોતો રોતો બહાર આવ્યો. મેં પૂછ્યું તમને કેવી રીતે અનુમાન થયું કે અત્યારે તમારા

દરવાજા પર હું ઊભો છું અને એ પણ બતાવો કે તમે રોઈ કેમ રહ્યા છો?

સય્યદઝાદાએ કહ્યું: જયારે હું અશરફીઓ લઈ મારા ઘરે આવ્યો તો મારી પત્નિએ પૂછ્યું: આટલી બધી અશરફીઓ તમે ક્યાંથી લઈ આવ્યા?

મેં તેને બધો પ્રસંગ સંભળાવ્યો. મારી પત્નિએ કહ્યું બહેતર એ છે કે આપણે શુક્રની નમાઝ પડી અહેમદ બિન ખુઝયબની પત્નિ માટે દુઆ કરીએ.

એટલે અમે નમાઝ પડી તમારી પત્નિ માટે દુઆ માંગી અને પછી અમે સૂઈ ગયા. ખ્વાબમાં મને

જનાબે રસૂલ ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઝિયારત નસીબ થઈ. તેમણે ફરમાવ્યું: તમે આ નેઅમતનો શુક્ર અદા કર્યો છે એટલે એ જ શખ્સ તમારા માટે મોટી ભેટ સોગાત લઈને આવી રહયો છે. એજ કારણે મને તમારા આવવાની ખાતરી થઈ ગઈ અને જેવું તમે બારણું ખટખટાવ્યુ હું સમજી ગયો કે અત્યારે અમારા દરવાજે આવનાર તમે જ હશો.

સિબ્ત ઇબ્ને જવઝી કિતાબ તઝકેરતુલ ખવાસમાં ઇબ્ને અલી દુન્યાથી નકલ કરે છે કે એક શખ્સે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો  અલય્હે વઆલેહી વસલ્લમને ખ્વાબમાં જોયા. આપે તેને ફરમાવ્યું: ફલાણા મજૂસી પાસે જાઓ અને તેને જઈને કહો કે તે દુઆ કબૂલ થઈ ચૂકી છે. સ્વપ્ન જોનાર શખ્સ જાગૃત થયો પણ મજૂસી પાસે જવામાં તેને શરમ લાગી કેમકે મજુસી પૈસાદાર હતો અને  ખ્વાબ જોનારો ગરીબ હતો. અને વિચારવા લાગ્યો કે

મારા જેવા મુફલિસની વાતનો એ શું ભરોસો કરવાનો?

ફરી વાર તેને ખ્વાબમાં એ જ હુકમ મળ્યો પણ તે ન ગયો. ત્રીજી વાર આપે ફરી હુકમ આપ્યો કે ફલાણા મજૂસી પાસે જાઓ અને તેને જઈને કહો કે એ દુઆ કબૂલ થઈ ચૂકી છે.

તે શખ્સ સવાર ટાણે એ મજૂસીની પાસે ગયો અને તેને કહ્યું: હું હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો કાસિદ છું. તેઓએ મને તમારી પાસે એ બતાવવા મોકલ્યો છે કે તે દુઆ કબૂલ થઈ ગઈ છે.

મજૂસીએ કહ્યું: તમે મને અને મારા ધર્મ પંથને જાણો છો?

તેણે કહ્યું : જી હા,

મજૂસીએ કહ્યું : હું આજ દિન સૂધી ઇસ્લામ અને તેના પયગમ્બરનો માનનારો ન હતો. અને હવે દિલના ઊંડાણથી કલમો (અશ્હદો અલ્લાએલાહ ઇલ્લલ્લાહો વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વરસૂલોહુ) પડી રહયો છું.

પછી તેણે પૂરા કુટુંબને ભેગા ર્ક્યા અને કહ્યું: હું આજ દિન સૂધી ગુમરાહ હતો અને હવે અલ્લાહે મને

ખરા માર્ગના દર્શન કરાવ્યા છે. મારો જે રિશ્તેદાર મુસલમાન થતો જશે તેના હાથમાં મારો જેટલો માલ છે, હું તેને સોંપી દઈશ. અને જે મુસલમાન નહીં થાય, હું તેની પાસેથી પાઈ પાઈ વસૂલ કરીશ.

તેના બધા રિશ્તેદારો પણ મુસલમાન થઈ ગયા. તેણે મજૂસી દીન પ્રમાણે પોતાની દિકરીની શાદી પોતાના પુત્ર સાથે કરી દીધી હતી. તેમની વચ્ચે પણ છુટાછેડા કરાવી નાખ્યા. પછી કાસિદને કહ્યું: જાણો છો એ દુઆ શું હતી?

કાસિદે કહ્યું : ખુદાની કસમ, મને ખબર નથી.

એ નવમુસ્લિમે બતાવ્યું: થોડા દિવસ પહેલા જયારે મેં મારી દિકરીની શાદી મારા દિકરાથી કરી હતી તો શ્રેષ્ઠ ભોજન  સમારંભની વ્યસ્વથા કરી હતી અને મારા બધા દોસ્તોને વલીમામાં નોતર્યા હતા.

મારા ઘરની દીવારની સાથે એક ઘર સાદાતનું પણ છે જે અત્યંત રંક અને કંગાળ છે. મેં નોકરોને કહ્યું કે તેઓ કાલીન પર સુફરો  બિછાવે, જયારે હું સુફરા પર બેઠો તો એક સય્યદઝાદીની અવાઝ મારા કાનમાં આવી , તે પોતાની માં ને કહી રહી હતી: માં મજ્રૂસીના ખાણાની સુગંધે અમને વ્યાફ્ળ કરી દીધા.

જેવા જ મેં બચ્ચીના આ શબ્દો સાંભળ્યા તો તરત જ સારા સારા ભોજનો અને નવા કપડા અને થોડા દિરહમ અને દીનાર તેઓના ઘરે મોકલી દીધા.

એ બાળકીએ જયારે આ બધી વસ્તુઓ જોઈ તો ઘરના બીજા બધાને કહ્યું: હું ખાવા પહેલા તેના માટે દુઆ માંગુ છું તમે આમીન કહો.

એ વખતે બાળાએ પોતાના હાથ ઊંચા કર્યા અને કહ્યું: અય ખુદા આ શખ્સને અમારા પયગમ્બર સાથે ગણી લે. અને બીજા લોકોએ આમીન કહી. અને હવે તમે જે પયગમ્બરે ઇસ્લામના સંદેશ લઈને આવ્યા છો તે એજ દુઆના સંબંધે છે.

## નસરૂલ્લાહ બિન અયનયન અને સાદાત બની દાઊદ

અબૂલ મોહાસિન નસરૂલ્લાહ બિન અયનયન એક ભાષા વિશારદ શાઈર હતો. તેઓ મક્કા જઈ રહ્યા હતા અને તેમની પાસે કંઈક કપડા અને બીજો સામાન પણ હતો. માર્ગમાં બની દાઊદના સાદાતોએ તેમનો રસ્તો રોક્યો અને તેમનો બધો સામાન લૂંટી લીધો. અને તેઓ પોતે પણ સામનો કરવામાં ઝખ્મી થયા. એ જમાનામાં હિજાઝના પ્રગણાનો રાજકારભાર અને દેખરેખ યમનના બાદશાહ અઝીઝ બિન અય્યૂબની પાસે હતો. અને

તેના ભાઈ નાસિરની ઇચ્છા હતી કે તે યમનને છોડીને કિનારાનો પ્રદેશ સંભાળે કેમકે કિનારાનો પ્રદેશ તાજો ફત્હ થયો હતો અને ત્યાં બળવાનો વધારે ખતરો હતો.

અબૂલ મોહાસિને અઝીઝ બિન અય્યૂબને પત્ર લખ્યો કે તેમણે યમન છોડીને કિનારે ન જવુ જોઈએ અને તેણે બની દાઊદના સાદાતોના માથા ભાંગવા જોઈએ. અને તેણે પોતાના પત્રમાં એક નઝમ પણ લખી જેમાં તેણે આ શેરો પણ લખ્યા હતા.

જો તમારે જેહાદ કરવો છે તો એ કામથી કરો જેમણે ફરજો અને સુન્નતોને બરબાદ કરી છે.

એમ ન કહો કે આ લોકો ફાતેમાની ઔલાદ છે , જો આ લોકો મોઆવિયાના કાળમાં હોત તો ઇમામ હસન અલય્હિસ્સલામ સાથે પણ જંગ કરત.

જે દિવસે તેણે આ કસીદો લખ્યો એ જ રાતે તેણે જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાને ખ્વાબમાં જોયા. આપ તવાફમાં મશ્ગૂલ હતા. અબૂલ મોહાસિને તેમને સલામ કર્યા તો સય્યદા સલામુલ્લાહે અલય્હાએ જવાબ ન આપ્યો. અને અબૂલ મોહાસિને રોઈને જનાબે સય્યદા

સલામુલ્લાહે અલય્હા થી આ અણગમતું કારણ પૂછ્યું તો જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હા એ જવાબ આપ્યો અને તેના કસીદાના વઝન (પ્રાસ) પર આ શેર પડયા.

“ફાતેમાના પુત્રો પડતી અને કુવચનથી પાક છે. જમાનાના ચક્કરે આજ અમને આ હાલતમાં લાવી મૂક્યા છે. અને મારી અવલાદ ને તંગદસ્તીએ પોતાની લપેટમાં લઈ લીધા છે જો અમારી અવલાદમાંથી એકે ભૂલથી કામ લીધુ છે તો તમે જાણી બુજીને અમારી તરફ તેનો સબંધ જોડયો છે. તમે તમારા આ કાર્યથી તૌબા કરો , કેમકે અલ્લાહ

તઆલા ગુનાહ કરવાવાળાઓને અમારા વાસ્તાથી માફ કરી દે છે. તમે એના માનવંત નાના હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કારણે તેમનું સન્માન કરો અને કોઈનું અપમાન ન કરો. અને ફાતેમાની ઔલાદ તરફથી તમને જે કંઈ તકલીફ થઈ છે , ક્યામતમાં અમે તેનો બદલો અપાવશું."

અબૂલ મોહાસિન નસરૂલ્લાહ બિન અયનયન કહે છે કે હું નીંદમાંથી જાગૃત થયો તો ઘણો જ શરમિંદો હતો અને મેં મારા બદનના ઝખ્મોને જોયા તો

રૂઝાઈ ગયા હતા અને હું સંપૂર્ણ તંદુરસ્ત થઈ ચૂક્યો હતો.

મેં મારા પહેલાના ક્સીદાને ફાડી નાખ્યો અને જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હા ની માફી માંગવા માટે આ શેર પડયા.

“પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સુપુત્રીથી હું મારી ભૂલની ક્ષમા યાચુ છું. ખુદાની ક્સમ આજ પછી કોઈ શખ્સ મને તલવાર કે નેઝાથી પણ ટુકડે ટુકડા કરી નાખે તોય તેને હું મારા હકમાં ખરાબ નહીં સમજુ. બલ્કે તેને મારા હકમાં ભલાઈ સમજીશ.”

## સાદાત સાથે કેવો વર્તાવ કરવો જોઈએ

હુસૈન બિન હસન બિન જઅફર બિન મોહમ્મદ બિન ઇસ્માઈલ બિન ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ કુમમાં રહેતો હતો અને ઉઘાડેછોગે શરાબ પીતો હતો.

એક દિવસ તે વકફોના મંત્રી એહમદ બિન ઇસ્હાકની પાસે પોતાની હાજતના અનુસંધાનમાં ગયો. વકફ મંત્રીએ તેને મળવાથી ઇન્કાર કરી દીધો અને તે ઘણો ગમગીન થઈ પોતાના ઘરે પાછો આવ્યો.

આ બનાવના થોડા અરસા પછી એહમદ બિન ઇસ્હાક હજના માટે રવાના થયો અને જયારે તે સામરા પહોંચ્યો તો ઇમામ હઝરત હસન અસ્કરી અલય્હિસ્સલામની ઝિયારત કરવા આપના ઘરે ગયો અને ઇમામ અલય્હિસ્સલામથી મુલાકાતની યાચના કરી. ઇમામ અલય્હિસ્સલામએ મળવાથી ઇન્કાર કરી દીધો.

તેણે પવિત્ર ઘર પર બેસી લાંબા સમય સૂધી કલ્પાંત ર્ક્યો અંતે ઇમામ અલય્હિસ્સલામ એ તેને રજા આપી.

જયારે તે ઇમામ અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો તો અરજ કરી મૌલા મારાથી નારાજ થવાનું કારણ શું છે ? જયારે કે હું તો આપનો દોસ્ત અને શીઆ છું.

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: તમે મારા પિત્રાઈ ભાઈને પોતાના ઘરેથી પાછો કાઢયો હતો.

અહેમદે રોઈને કહ્યું: ખુદાની કસમ તે શરાબી છે મેં એટલા માટે જ તેની મુલાકાત નહોતી કરી , જેથી તેને કંઈ ચેતવણી મળે.

હઝરત ઇમામ અસ્કરી અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમે સાચુ કહો છો. પરંતુ એ છતાં તેનું માન જાળવવુ જરૂરી હતું. અને ખબરદાર કદી પણ સાદાતનું અપમાન અને ધુત્કાર ન કરજો. નહીંતર તમે ખોટમાં  રહેશો કેમકે તેમનો સબંધ અમારી સાથે છે.

એહમદ કૂમ આવ્યા તો કૂમના મોટેરાઓ તેમને મળવા આવ્યા અને મળવાવાળાઓમાં હુસૈન બિન હસન પણ હતા. એહમદની નજર જેવી તેમના પર પડી તો પોતાની જગ્યાએથી ઊભો થયો અને એ

સય્યદનું શાનદાર સન્માન કર્યુ અને તેને પોતાની સાથે બેસાર્યો.

આ માનપાન જોઈને હુસૈન બિન હસનને અચરજ થઈ અને તેનું કારણ પૂછ્યું તો એહમદે બતાવ્યું કે હઝરત ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામ એ એમ કરવાનો હુકમ આપ્યો છે.

જયારે હુસૈન બિન હસને આ વાત સાંભળી તો પોતાના ચારિત્ર્ય પર અત્યંત પછતાયો. તરત જ બધા બુરા કામોથી તૌબા કરી અને પોતાના ઘરે આવી બધી શરાબ ઢોળી નાખી અને શરાબના બધા ઠામ (વાસણો) ભાંગી નાખ્યા. અને ત્યાર

પછી તેનું પુરૂ જીવન મસ્જિદ અને માસૂમાના હરમમાં વિત્યું  અને જયારે તેણે વફાત પામી તો મઅસૂમા કૂમના હરમમાં તેમને દફનાવવામાં આવ્યા.

## સાદાત બુઝુર્ગો માટે કલંકનો ટીકો ન બને

અલી બિન યહયા વઝીર કહે છે હું સાદાત સાથે નેકી અને ભલાઈ કર્યા કરતો હતો. અને મદીનામાં દરેક સય્યદને દર વરસે એક સારી  રકમ આપ્યા કરતો હતો અને કપડા પણ આપતો હતો અને મારો નિયમ એ હતો કે રમઝાન  માસના આરંભથી જ સાદાતને સોગાતો દેવી શરૂ કરતો હતો અને રમઝાનના અંતિમ દિવસો સૂધીમાં એ કામ પુરૂ કરી લેતો હતો.

એ જ સય્યદોમાંથી એક મૂસવી સય્યદ હતો જેને હું દર વર્ષે પાંચ હજાર દિરહમ આપ્યા કરતો હતો.

એક વખત શરદીની ઋતુમાં મેં તેને સડકના કિનારે ઊંધા મોઢે પડેલો જોયો, જયારે હું તેની પાસે ગયો તો તે એ સમયે તે શરાબના નશામાં ચૂર હતો. અને તેના બધા કપડા ધૂળથી ભરેલા હતા. અને પાસેથી સવાર થવાવાળા તેની હાલત પર મજાક ઊડાવતા હતા અને ત્યાંથી ચાલ્યા જતા હતા.

મેં આ દ્રશ્ય જોઈ પોતાના મનમાં કહ્યું આવા ઉઘાડે છોગે શરાબો પીનારની મદદ ન કરવી જોઈએ. હું તેને વરસે પાંચ હજાર દીરહમ આપુ છું પણ તે મારા પૈસાને અલ્લાહની નાફરમાનીમાં ખર્ચ કરી નાખે છે.

ટૂંકમાં, રમઝાન માસ આવી ગયો , મેં મારા નિયમ પ્રમાણે સાદાતોમાં સોગાતો વેંચવી શરૂ કરી. એક દિવસ એજ સય્યદ મારા દરવાજા પર પોતાનો વઝીફો લેવા આવ્યો. મેં કહ્યું: હું તને કંઈ નહીં આપુ કેમકે તું મારી રકમને ખુદાના ગુનાહો કરવામાં વાપરે છે. હું શરાબ પીવા માટે તારી મદદ નહીં કરૂ.

રાત પડી. મને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખ્વાબમાં ઝિયારત નસીબ થઈ. મેં જોયું કે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની

આસપાસ લોકોનો હુજુમ છે. હું પણ આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની નિકટ ગયો, પણ આપે લક્ષ ન આપ્યું. અને મારાથી પોતાનું મોં ફેરવી લીધુ.

મેં અરજ કરી: હુઝૂર આપ મારાથી મોઢ્ઢ ન ફેરવો હું આપની અવલાદનું સન્માન કરૂ છું અને તેઓના વાર્ષિક ખર્ચાઓ માટે વઝીફાઓ આપું છું. મારી ભલાઈનો આજ બદલો છે કે આપ મારાથી મોં ફેરવો છો?

આપ સલ્લલ્લાહો અલચ્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: તે મારા ફલાણા બેટાને હડધૂત કરીને પોતાના દરવાજેથી માયૂસ કેમ ફેરવ્યો?

મેં અરજ કરી યા રસૂલલ્લાહ તે પાપી દૂરાચારી છે, મેં મારી આંખે તેને શરાબના નશામાં બેભાન જોયો છે એટલા માટેજ  મેં તેની મદદ નથી કરી. જેથી તેના ગુનાહોમાં ભાગીદાર ન બનું.

આપે ફરમાવ્યું: વારૂ એ બતાવો   , તમે જે એની મદદ કરો છો તે તેના માટે કરો છો કે મારા કારણે કરો છો?

મેં કહ્યું: આપના કારણે.

આપે ફરમાવ્યું: તો એને મારી અવલાદ સમજીને તેની ભૂલો પ્રતિ ઉપેક્ષા કરો તો સારૂ છે.

મેં અરજ કરી: આપનો હુકમ મારા આંખ માથે. હું મારાથી બની શકે તેટલી તેની મદદ કરીશ.

હું નિંદમાંથી જાગૃત થયો અને એક નોકરને કહ્યું: આજ સાંજ સૂધીમાં ફલાણા સય્યદને ગોતી મારી પાસે લઈ આવો.

સાંજના સમયે તે સય્યદ મારી પાસે આવ્યા તો મેં તેમનું સન્માન ક્યું અને દસ હજાર દિરહમ ભેટ ધર્યા.

હવે સય્યદે જોયું કે વઝીફો બેવડો થઈ ગયો છે તો તેણે મને તેનું કારણ પૂછ્યું. મેં તેને મારૂ સ્વપ્ન સંભળાવ્યું. સ્વપ્ન સાંભળવા પછી એ સય્યદ જોરજોરથી રોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ખુદાની કસમ હવે પછી હું કોઈ ખોટુ કામ નહીં કરૂ. જેથી રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને તમારાથી લડવાની જરૂરત પડે. આમ સય્યદે ગુનાહોથી તૌબા કરી અને થોડા

સમય પછી તેની ગણના મશહૂર નેક લોકોમાં થવા લાગી.

અમે આ લખાણ દ્વારા સાદાત કિરામથી પણ અરજ કરીએ છીએ કે ખુદાના વાસ્તે તેઓ પણ પોતાના પર દયા કરે અને ખોટા ચારિત્ર્યથી દુર રહે અને પોતાના વડવાઓ માટે કલંક અને બદનામી નો ટીકો ન બને. સય્યદોએ ધાર્મિક રીતે લોકોનું માર્ગદર્શન કરવું જોઈએ અને બધા દુરાચરણોથી દૂર રહેવુ જોઈએ. ખાસ કરીને આ યુગમાં જયારે કે ઇમામ અલય્હિસ્સલામના વિરોધીઓ પૂરી દુનિયામાં બહુ સંખ્યામાં મળી આવે છે. તેઓ સય્યદોના ખોટા

કામો રજૂ કરી પૂરા  સય્યદ વંશને બદનામ ન કરે એટલે સય્યદોએ જોઈએ કે તેઓ પોતાના માન મોભાને ઓળખે અને વડવાઓ માટે કલંકનું કારણ ન બને.

## સાદાત સાથે ઉધ્ધતાઈ

૧૨૨૯ હિજરીનો બનાવ છે કે હુકૂમતના કરો વસૂલ કરનાર એક તહેસીલદારે એક સય્યદને બોલાવ્યો અને તેનાથી સરકારી લેણાઓ ભરી આપવાની માંગણી કરી. સય્યદ બિચારો ગરીબ ઇન્સાન હતો. તેણે તાત્કાલિક રકમ ભરપાઈ કરવાથી લાચારી બતાવી અને તહેસીલદારને વિનંતી કરી કે તેને થોડા દિવસની મોહલત દેવામાં આવે. પણ તેહસીલદારે કડકાઈથી કહ્યું કે હું કઈ નથી જાણતો પોતાનું લેણું તરત જ ભરો.

ગરીબ સય્યદે કહ્યું: હું સય્યદ છું તમારે ખુદા અને રસૂલની શરમ કરવી જોઈએ.

તહેસીલદારે કહ્યું: જો તમારો નાના તમારી મદદ કરી શક્તો હોય તો તેને પોતાની મદદ માટે બોલાવો અને તેને કહો કે એ તમને મારા કપટથી દૂર રાખે. તને આજ રાતની મોહલત આપું છું જો કાલે સવારે તે રકમ ભરપાઈ ન કરી તો તારા ગળામાં ગોબર નાખીશ અને તારા નાનાને કહેજે તે જે કંઈ કરી શક્તો હોય તે કરી લે.

તેહસીલદાર રાતના પોતાના ઘરે આવ્યો અને ગરમીની મૌસમ હતી , સૂવા માટે છત પર ગયો.

અરધી રાતે પેશાબ કરવા માટે પરનાળાની  નજીક ગયો. રાત અંધારી હતી અને તેનો પગ લપસ્યો અને બનવાકાળ એવું બન્યું કે તે ખાળકુવામાં ઉલ્ટો જઈ પડયો તેને પડી જવાની કોઈને ખબર ન પડી. સવાર પડી તેને ગોતવામાં આવ્યો તો તે ગટરમાં ઉલ્ટો ઊભો હતો. તેને ત્યાંથી કાઢવામાં  આવ્યો તો મોંથી લઈને ડૂંટી સૂધી તેની અંદર ગંદગી ચાલી ગઈ હતી અને તેનું પેટ ફૂલી ચૂક્યું હતું.

ઝરારા અબ્દુર મલિકથી રિવાયત કરે છે કે  હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામઅને હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામના ફરઝંદોમાં    કંઈ કચવાટ ઊભો થયો. મેં ઈચ્છયું કે હું સમાધાન માટે કંઈક બોલુ તો ઇમામ   મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: તમે અમારી વચ્ચે કંઈ ન બોલો. તમારો દાખલો બની ઇસરાઈલના એ શખ્સ જેવો છે, જેને બે બેટીઓ હતી , એક પુત્રીની શાદી ખેડૂત સાથે થઈ અને બીજી પુત્રીની શાદી મટકા બનાવનાર (કુંભાર)થી થઈ   હતી. એક વખત તે

પુત્રીઓને મળવા ગયો. તો ખેડૂતની પત્નીએ કહ્યું મારા પતિ પાસે એટલા ખેતર છે કે જો આ દિવસોમાં વરસાદ આવી જાય તો અમે ધનવાન થઈ જાઈએ. પછી તે બીજી પુત્રીને ત્યાં ગયો. તેણે કહ્યું : મારા પતિએ માટીના ઘણા વાસણો બનાવી સુકાવા મૂક્યા છે. ખુદા કરે કે થોડા દિવસ સૂધી વરસાદ ન પડે નહિંતર અમે બરબાદ થઈ જશુ.

આ પરિસ્થિતિ જોઈ બાપે કહ્યું: ખુદા તું જ તારી મસ્લેહતને જાણે છે, હું કોઈ માટે માંગણી નહીં કરૂ.

એવી રીતે તમે પણ અમારા વચમાં પડવાથી દૂર રહો ક્યાંક એવુ ન થાય કે કોઈનું અપમાન કરી

બેસો. તમારૂ કામ માત્ર એટલુ જ છે કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના કારણે અમારૂ આદરમાન કરો.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ પયગમ્બરે  ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે. તેમણે ફરમાવ્યું: ક્યામતના દિવસે હું ચાર પ્રકારના લોકોની શફાઅત કરીશ. ભલે તે જમીન પર       ગુનાહોના આચરનાર બન્યા હોય.

૧. એ શખ્સ જે મારી અવલાદની મદદ કરે. ૨. એ શખ્સ જે તંગીના સમયમાં પોતાના માલથી મારી આવલાદની મદદ કરે. ૩. એ શખ્સ જે તન, મનથી મારી અવલાદથી મોહબ્બત કરે. ૪. એ શખ્સ

જયારે મારી અવલાદ ઝાલિમોના હાથે દેશનિકાલ કરવામાં આવે તો તેઓની જરૂરિયાત પૂરી કરે.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જયારે ક્યામતનો દિવસ હશે તો એક મુનાદી સદા આપશે. એ ખુદાના બંદાઓ, ચૂપ થઈ જાઓ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તમારાથી વાતચીત કરવા માંગે છે.

બધી મખ્લૂક ચુપ થઈ જશે. એ સમયે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવશે: એ માનવટોળાઓ તમારામાંથી કોઈનો

મારા પર ઉપકાર હોય તે ઊભો થઈ જાય. આજ હું તેને તેના અહેસાનનો બદલો આપીશ.

લોકો કહેશે, યા રસૂલલ્લાહ અમારા મા-બાપ આપ પર ફિદા, અમારો આપ પર કોઈ અહેસાન નથી બલ્કે અમારા પર ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અહેસાનો છે. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવશે: જી હા , જેણે મારી એહલેબૈતમાંથી કોઈ એકને આશરો આપ્યો હોય, અથવા નેકી કરી હોય, અથવા કોઈ નવસ્ત્રાને કપડા પહેરાવ્યા હોય અથવા તેઓમાંથી કોઈ ભુખ્યાને ખાવાનું ખવરાવ્યું હોય તો

તે ઊભો થઈ જાય , હું તેને તેના ઉપકારનો બદલો દેવા માંગુ છું.

આ સાંભળી ઘણા બધા ઊભા થઈ જશે જેમણે એમ ર્ક્યું હશે.

એ સમયે અલ્લાહ તરફથી અવાજ આવશે. મોહમ્મદ મારા હબીબ મેં એ બધા લોકોને બદલો આપવાનો આપને અધિકાર અને સત્તા આપી છે. આપ જયાં ઇચ્છો તેઓને જન્નતમાં જગ્યા આપો.

હઝરત મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આવા લોકોને જન્નતના સ્થળ

વસીલામાં જગ્યા આપશે જયાં તેમને  દરેક વખતે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમઅને આલે મોહમ્મદ  સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના દીદાર નસીબ થાશે.

હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામ ની ખિદમતમાં કોઈએ કહ્યું કે ફલાણો શખ્સ ઘણી ખોટમાં રહયો. આપે ફરમાવ્યું: કોણે ખોટ ભોગવી?

લોકોએ કહ્યું: ફલાણા શખ્સે દીનારને દિરહમના બદલે વેચી દીધા. તેણે એક હજાર થેલી દીનારનો સોદો એક હજાર દિરહમમાં ર્ક્યો.

આપે ફરમાવ્યું: હું તમને આથી પણ વધુ ઘાટો ઉપાડનાર શખ્સ વિશે ન બતાઉં?

લોકોએ કહ્યું: જી હા , જરૂર બતાવો. તો આપે ફરમાવ્યું: એ શખ્સ આથી પણ વધારે ખોટમાં રહયો જેણે નેકી અને ભલાઈ માટે પોતાના સગાઓને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના સગાઓ પર સરસાઈ આપી. કેમકે સાદાતના સાથે ભલાઈ કરવી એક હજાર સોનાના પહાડ બરાબર છે.

જયારે કે પોતાના  રિશ્તેદારો સાથે ભલાઈ કરવી ઘઉંના હજાર સડેલા દાણાઓ બરાબર છે.

## કમજોરો અને યતીમો પર મહેરબાની

### ઇમામો અલય્હેમુસ્સલામ આ રીતે મદદ ર્ક્યા કરતા હતા.

કલેમા તય્યબાના ર્ક્તા કશ્કુલ્ગુમ્માથી રિવાયત કરે છે. એક દિવસ હઝરત ઇમામ અલી નકી અલય્હિસ્સલામ કોઈ કામના અનુસંધાનમાં સામર્રા શહેરથી બહાર ગયા હતા. આપના જવા પછી એક આરાબી (ગામડીઓ) આપના ઘર પર હાજર થયો અને મૌલાથી મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

તેને બતાવવામાં આવ્યું કે આપ શહેરથી બહાર ફલાણા સ્થળે ગયા છે. તે આપને શોધતો ખોળતો એ જગ્યાએ પહોંચ્યો અને અરજ કરી: મારો સબંધ કૂફાના બદદુઓથી છે. અને હું આપને માનવાવાળો છું. અને મારા ઉપર ભારે કર્જો છે. આપ સિવાય મને કોઈથી કર્ઝ ભરવામાં સહાયની ઉમ્મીદ નથી. એટલે આપની સેવામાં ચાલ્યો આવ્યો છું.

આપે ફરમાવ્યું: ગભરાવ નહીં અને અહીં મારી પાસે બેસી જાઓ. હું તમને એક સનદ લખી આપુ છું , જેમાં ઇકરાર કરૂ છું કે હું તારો કર્ઝદાર છું અને હું જયારે શહેર પહોંચી જાઉ તો તમે મારા દરવાજે

આવજો અને પોતાના કર્ઝાની મારાથી ઉઘરાણી કરજો અને હું તમારાથી ગમે તેટલી મોહલત માંગુ, મોહલત ન દેજો અને ઉઘરાણીનો આગ્રહ કરજો. અને ખબરદાર મારી વાતની અવગણના ન કરજો. શક્ય છે કે અલ્લાહ તઆલા આ રીતે તમારો કર્ઝો ભરી આપે.

જયારે આપ સામર્રા પાછા પધાર્યા તો થોડીવાર પછી એ આરાબી પણ ત્યાં પહોંચી ગયો. એ સમયે ઇમામ અલય્હિસ્સલામની પાસે ઘણા  અકીદતમંદો અને ખલીફાના વિશ્વાસુ માણસો બેઠા હતા. તેણે આવતા વેંત જ કર્ઝ  પાછુ કરવાની માંગણી કરી.

આપ તેનાથી મોહલત માંગતા રહ્યા પણ તે સખ્તીથી કર્ઝ પાછુ કરવાની માંગણી કરતો રહયો.

ખલીફાના વિશ્ર્વાસુ લોકો એ ખલીફાને આ બનાવની વાત સંભળાવી. તેણે ત્રીસ હજાર દિરહમ આપની પાસે રવાના ર્ક્યા અને આપે બધા દિરહમ તે શખ્સને હવાલે કરી દીધા.

આરાબીએ કહ્યું: મૌલા મને આટલી બધી રકમની જરૂરત હરગિઝ નહોતી. મારે માટે તો આ માલનો ત્રીજો ભાગ જ પુરતો છે. આપ આ રકમનો ત્રીજો ભાગ મને અર્પણ કરો અને બાકી રકમ આપ રાખી લ્યો. આપે ફરમાવ્યું: નહીં આ બધી રકમ તમારી

છે. આપની આ વર્તણુંક જોઈ એ સહસા બોલી ઉઠયો: અલ્લાહ  ખુબ જાણે છે કે તે પોતાની રિસાલત કોને સોંપે?

# સય્યદ જવાદ આમેલી અને નિર્ધન પાડોશી

કિતાબ મિફતાહુલ કરામતના ર્ક્તા સય્યદ જવાદ આમેલી કહે છે કે હું એક રાતના ખાવાનું ખાવામાં પ્રવૃત હતો કે કોઈએ મારા દરવાજે ખટખટ કરી. હું સમજી ગયો કે ખટખટ કરનાર સય્યદ બહેરુલ ઓલૂમનો નોકર છે.મેં ઉતાવળે દરવાજો ખોલ્યો તો નોકરે કહ્યું બહેરુલ ઓલૂમ ખાવા પર તમારી વાટ જુએ છે. હું નોકરની સાથે તેમના ઘરે ગયો તો તેમણે મને જોતાવેંત મારા પર ગુસ્સો ર્ક્યો અને કહ્યું: તમને ખુદાનો ડર નથી લાગતો?

મેં કહ્યું: આકા જાન આખર શું વાત છે?

તેમણે ફરમાવ્યું: તમારો એક પડોશી જે તમારો હમ મઝહબ પણ છે. રોજ સાંજના વખતે ખજૂરો ઉધાર લઈ ઘરે જાય છે. તેની આર્થિક  સ્થિતિ એવી નથી કે કોઈ બીજો ખોરાક ખાય. અને પૂરો એક સપ્તાહ એ બિચારો ઉધાર  ખજૂર લઈ ખાતો રહયો. અને આજ જયારે એ દુકાનદારથી ખજૂર લેવા ગયો તો દુકાનદારે  કહ્યું તમારા માથે આટલુ ઉધાર ચડી ગયું છે. શરમિંદગીના કારણે તેણે ખજૂરો ન  લીધી અને પોતાના ઘરે પાછો ચાલ્યો ગયો. અને આજની રાત તેની પાસે ખાવા માટે  કંઈ નથી. આજ રાત તે પોતાના કુટુંબ સાથે ફાકો કરશે. (ભુખ્યો રહેશે.)

એ તમારો પાડોશી છે અને ધર્મ ભાઈ છે. તો એ ભૂખ્યો રહે અને તમને તેની ખબર સુધ્ધા નથી અને તમે ખૂબ પેટ ભરીને ખાઓ. યાદ રાખો ઇસ્લામ આપણને આવી બેદરકારીની હરગિઝ ઇજાઝત નથી દેતો. પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે એ શખ્સ મારા પર ઈમાન નથી લાવ્યો જેણે પેટ ભરીને ખાઈને રાત વિતાવી હોય અને તેનો પાડોશી ભૂખ્યો રહે.

આ વાસણો ભોજનથી ભરેલા છે , નોકરની સાથે તમે તેના દરવાજા પર જાઓ અને કહો કે આજ

રાતનું ખાણું આપણે ભેગાબેસીને ખાઈએ. અને કંઈક રકમ પણ છે. એ રકમ ચટાઈની નીચે રાખી દેજો અને ખાવુ ખાધા પછી આ વાસણો તેને આપી દેજો. સય્યદ જવાદ આમેલી કહે છે: હું નોકરની સાથે ભોજનના વાસણો ઉપાડી એ શખ્સના દરવાજે પહોંચ્યો અને તેને અવાજ આપી. એ શખ્સ બહાર આવ્યો તો મેં કહ્યું હું ઇચ્છુ છું કે આજ રાતનું ખાવાનું આપણે ભેગા બેસી ખાઈએ.

જેવા તેણે વાસણો ઉઘાડયા તો તેમાં ભાતભાતની વાનગીઓ પકાવેલી હતી. તેણે મને કહ્યું: આ ખોરાક મને તમારા ઘરનો નથી લાગતો કેમકે

આવા પ્રકારનું શ્રીમંતોનું ખાવુ ખાવાના તમે આદી નથી. મને બતાવો કે આ ખોરાક ક્યાંથી લાવ્યા?

મેં તેને પૂરો પ્રસંગ કહી સંભળાવ્યો.

તો તેણે કહ્યું: ખુદાની કસમ હજી સૂધી મેં કોઈને મારી હાલત જણાવી નથી ત્યાં સૂધી કે મારા નજીકના પાડોશીઓ સુધ્ધા આ વાતથી અજાણ છે. આ સય્યદે બહેરુલ ઓલૂમનો ચમત્કાર છે કે તેમને મારી હાલતની જાણ થઈ ગઈ. ખાવાનું ખાધા પછી મેં સય્યદે આપેલી થેલી ચટાઈ નીચે રાખી. તેણે મારી સામે એણે થેલી ખોલી , જોયુ તો તેમાં એક્સો પચાસ રિયાલ હતા.

## ઇસ્લામ ગરીબને બહુ મહત્વ આપે છે.

અબૂ બસીર કહે છે કે મેં હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી કે આપનો એક શીઆ છે જે ઘણો પરહેઝગાર છે , જેનું નામ ઉમર છે.

એક દિવસ તે ઇસા બિન અઅયુન પાસે અરજી લઈને ગયો.

ઇસાએ કહ્યું: મારી પાસે ઝકાતની રકમ પડી છે, પણ હું તેમાંથી તને કંઈ નહીં દઉં , કેમકે મેં તને

થોડા દિવસ પહેલા ગોશ્ત અને ખજૂર ખરીદતા જોયો છે અને આ સદંતર ઇસરાફ (ઉડાઉપણું) છે.

એ શખ્સે કહ્યું: વાત એમ છે કે થોડા દિવસ પહેલા મને એક દિરહમ મળ્યો , મેં તે દિરહમના ત્રીજા ભાગનું ગોશ્ત અને ત્રીજા ભાગની ખજૂરો લીધી અને ત્રીજા ભાગને મારી બીજી જરૂરતો પર ખર્ચ કર્યો.

હઝરત સાદિક અલય્હિસ્સલામ આ વાત સાંભળી ગમગીન થયા, અને ઘણા દિવસો સૂધી પોતાના કપાળે હાથ મારી ફરમાવતા હતા. અલ્લાહ તઆલાએ પૈસાદારોના પૈસામાં ગરીબોનો ભાગ

રાખ્યો છે. જેથી તેઓ સારી રીતે જીવન વિતાવી શકે. અને જો આ ભાગથી પણ તેનું ગુજરાન ન થાય તો તેઓને વધારે દેવુ જોઈએ. જેથી તેઓનો ખોરાક, કપડાલત્તા, શાદી અને સદકા તથા હજની જરૂરતો પૂરી કરી શકે. ગરીબો પર સખ્તી ન કરવી જોઈએ. ખાસ કરીને ઉમર જેવા લોકો પર તો જરાય સખ્તી ન કરવી જોઈએ. કેમકે તે પરહેઝગાર ઇન્સાન છે.

## ભુખ્યા કુતરા પર દયા

એક વરસ દુકાળ પડયો જેના કારણે લોકોનું જીવવું અશક્ય થઈને રહી ગયુ. એક દીની તાલિબે ઇલ્મ જે રસ્તેથી પસાર થઈ રહયો હતો. તેણે એક કુતરી જોઈ. જેના બચ્ચા તેના સ્તનોને વળગેલા હતા. કુતરી ઉઠવા   માંગતી હતી ,  પણ ભૂખના કારણે તેનામાં કંઈક અશક્તિ આવી ગઈ હતી. એટલે ઊભી પણ થઈ શકતી નહોતી. તાલિબે ઇલ્મને એ મૂંગા પ્રાણી પર તરસ આવી અને તેની પાસે કોઈ રકમ પણ નહોતી કે જેનાથી કોઈ રોટી ખરીદી તેને ખવડાવે. અંતે તેણે પોતાની એક      કિતાબ વેચી

નાખી. તેની કિંમતથી તેણે રોટી ખરીદી તેને ખવડાવી. કુતરીએ રોટી ખાધી અને પોતાનું મોં આસમાન તરફ કર્યું, જાણે તેના માટે દુઆ કરી રહી હોય. અને તેની આંખમાંથી આભારના બે આંસુ પણ ટપક્યા.

રાતના તે તાલિબે ઇલ્મ સુતો તો તેને ખ્વાબમાં એક અવાજ સંભળાણી , તેં એક નિર્બળ પ્રાણી પર દયા કરી. હવે તને કિતાબો પડવાનો શ્રમ ઉપાડવાની જરૂરત નથી રહી. અમે તને અમારા તરફથી ઇલ્મ અતા કરી દીધુ છે.

## મુકદ્દસે અર્દબેલી અને દુકાળ

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી પોતાના માનવંત ઉસ્તાદ અર્દબેલી વિશે કહયા કરતા હતા કે જયારે દુકાળ પડયો તો મુકદ્દસે અર્દબેલીની પાસે જેટલા પણ ઘઉં હતા તેઓએ ફકીરોમાં વહેંચી દીધા અને પોતાના ઘર માટે પણ એટલો જ ભાગ રાખ્યો , જેટલો કે તેમણે એક એક ગરીબને આપ્યો હતો.

દુકાળની ભીંસમાં પણ દિન પ્રતિ દિન વધારો થતો ગયો. એક દિવસ માનવંત ઉસ્તાદની પત્નિએ નારાજ થઈને કહ્યું: પોતાના બાળકોની પરવા ન

કરી અને જે કંઈ પણ આપની પાસે હતું તે આપે ફકીરોમાં વ્હેંચી દીધુ.

પત્નિના આ કહેણથી માનવંત ઉસ્તાદને સદમો લાગ્યો અને ત્રણ દિવસની નિય્યત કરી કૂફાની મસ્જિદમાં એઅતેકાફ માટે બેસી ગયા.

આપને એઅતેકાફમાં બેસવાને હજી બીજો દિવસ હતો કે કોઈએ આવી આપના ઘરનો દરવાજો ખટખટાવ્યો અને કહ્યું કે મુકદ્દસ  અર્દબેલીએ આટા અને ઘઉંની થોડી બોરીઓ દઈને મને રવાના કર્યો છે આપ આ બોરીઓને આપના ઘરમાં રાખી લ્યો.

મુકદ્દસ અર્દબેલીની પત્નિએ ઘઉં અને આટાની બોરીઓ પોતાના ઘરમાં રાખી અને ખોલીને જોયું તો તેમાં શ્રેષ્ઠ આટો અને ઘઉં મૌજૂદ હતા.

મુકદ્દસ અર્દબેલી એઅતેકાફથી પાછા આવ્યા તો પત્નિએ ખૂશ થઈ પતિનો આભાર માન્યો તો તેઓ અચરજમાં પડી ગયા અને ફરમાવ્યું: ખુદાની કસમ મેં આ બોરીઓ નથી મોકલી ન તો મોકલનારને હું ઓળખુ છું.

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી ફરમાવે છે. કંઈક ઇલ્મ પ્રાપ્ત કરવા અને પ્રવાસ પર્યટન ર્ક્યા પછી દિલમાં ઇચ્છા થતી કે ક્યાંક કોઈ ઘણા મોટા આલિમે દીનથી લાભ ઉપાડવો જોઈએ.

હું લગાતાર આ શોધખોળમાં રહયો , ત્યાં સૂધી કે ઇસ્ફહાનમાં અલ્લામા મજલિસી રહે.ની ઝિયારત નસીબ થઈ. મેં તેમના શિષ્ય બનવાની ઇચ્છા વ્યક્ત કરી જે મારા સારા નસીબે તેમણે મારી દરખાસ્ત કબૂલ કરી લીધી.

હું એક લાંબા સમય સૂધી તેમની સેવામાં રહયો. અને તેમના ઇલ્મના પ્રકાશોના પ્રતિબિંબ ઝીલતો રહયો. અને આપ મારા પર ઘણો વહાલ રાખતા હતા અને પોતાના ઘરનો એક સભ્ય સમજતા હતા.

અલ્લામા મોસૂફ સદા શ્રેષ્ઠ વસ્ત્રો પરિધાન કરતા હતા અને પોતાના ઘરના સભ્યોને પણ ઉમદા લિબાસ સીવરાવીને આપતા હતા. ત્યાં સૂધી કે તેમના નોકરો અને દાસીઓ પણ કાશ્મીરી મોજડી પહેરતા હતા.

મને આ જોઈને ઘણો અફસોસ થયો કે આવો મોટો આલિમ પરહેઝગારી ભર્યું જીવન કેમ નથી

ગુઝારતા. અને દુનિયાના ઠાઠને આટલુ મહત્વ કેમ દઈ રહ્યા છે?

જયારે કે હાદી ઇમામો અલય્હેમુસ્સલામ થીગડા મારેલા કપડા પહેરતા હતા.

હું એ સમયની વાટ જોતો રહયો કે કદી ફુરસદ મળે અને એકાંતનો સમય હાથ આવે તો હું તેમનાથી આ મસઅલામાં વાતચીત કરૂ.

એક દિવસ અનાયાસે મને એવી તક મળી ગઈ. અમે ઘણી વાર સૂધી વિવિધ મસઅલા પર વિચાર વિવિમય કરતા રહ્યા. અને મેં આ મસઅલા પર

પણ વાતચીત કરી. પણ મને એવો ભાસ થયો કે અલ્લામાથી વિવાદ કરવાને હું લાયક નથી અને માનનીય મૌલાના દલીલોથી મને ચૂપ કરાવી દેશે.

મેં તેમને વિનંતી કરી. હું આપથી વાદવિવાદ નથી કરી શક્તો અને ન તો મારી એ તાકાત છે. પણ જો આપ તૈયાર થાઓ તો આપણે એકબીજાથી બોલવચન લઈએ કે આપણામાંથી જે પહેલે મરે તે સ્વપ્નામાં આવી બીજાને પોતાની વિતક સંભળાવે.

માનનીય ઉસ્તાદે કબૂલ ક્યું. થોડા દિવસ પછી અચાનક ઉસ્તાદે મોહતરમ બીમાર પડયા અને

એજ બીમારીના કારણે તેઓ આ દુનિયાથી કુચ કરી ગયા.

અલ્લામા સાહેબના મરણથી દરેક શખ્સ ગમગીન થયો અને ઇસ્ફહાન શહેર તેમના સોગમાં પુરૂ એક અઠવાડીયુ બંધ રહ્યું. લોકો અલ્લામા મરહૂમના માટે ફાતેહાખ્વાની અને દુઆમાં પ્રવૃત રહ્યા.

માનવંત ઉસ્તાદના કસમયની મૌતે મારાથી ભાન અને સમજ બુધ્ધિ આંચકી લીધા. વફાતના એક અઠવાડિયા પછી હું તેમના વિયોગમાં બેસીને કુરઆનની તિલાવત કરતો હતો કે એવામાં મને

ઊંઘ આવી ગઈ. મેં અલ્લામા મરહૂમને જોયા કે તેઓ પોતાની પાસે શ્રેષ્ઠ કપડા પહેરીને બેઠા છે.

અચાનક મારા મનમાં એ વાત આવી કે આપ તો મરી ચૂક્યા છે. હું તેમની સામે ગયો , સલામ કરી અને તેમના હાથ ચુમ્યા અને પૂછ્યું: આલમે બરઝખમાં આપની સાથે કેવો વર્તાવ કરવામાં આવ્યો અને આપને મૌત કેવી લાગી?

તેમણે ફરમાવ્યું: વહાલા પુત્ર , જેવી મારી બીમારી વધી ગઈ અને દર્દમાં અસહ્ય વધારો થયો તો મેં આ દર્દવ્યથામાં અલ્લાહની પાસે શિકાયત કરી અને અરજ કરી.

પરવરદિગાર તે કુરઆને મજીદમાં પોતે ફરમાવ્યું છે કે 'લા યોકલ્લફલ્લાહો નફસહા ઇલ્લા વુસ્અહા ' કે અલ્લાહ કોઈની તાકાતથી વધારે તકલીફ નથી આપતો.

અય ખુદા ! દર્દથી હું બુરી રીતે પીડાઉં છું. અને હું આ દર્દ સહેવાને લાયક નથી. મારા પર તારી રહેમત કર. અને મને આ રોગની તીવ્રતાથી છુટકારો અપાવ. ત્યારે મેં એક પ્રભાવશાળી પુરૂષને જોયા જે આવીને મારા પગ પાસે બેસી ગયા અને મારી હાલત પૂછી. મેં તેઓની સામે પણ મારી વ્યથાની શિકાયત કરી.

તેમણે પોતાનો હાથ મારા પગ પર રાખ્યો અને પૂછ્યું કે હવે દુ:ખાવો કેમ છે?

મેં કહ્યું: જયાં આપે હાથ રાખ્યો ત્યાંથી દુ:ખાવો મટી ગયો, પરંતુ તેનાથી ઉપરવાળા ભાગમાં દર્દ વધી ગયું. તે શખ્સ પછી એક પછી એક ઉપર હાથ રાખતો ગયો અને જયાં જયાં હાથ રાખતો ત્યાંથી દર્દ ખતમ થઈ જતુ હતું. ત્યાં સૂધી કે તેણે મારા દિલ પર હાથ રાખ્યો. પછી અચાનક મેં અનુભવ્યું કે હું આ સ્થૂળ બદનમાંથી મુક્ત થઈ ચૂક્યો છું. હું ઓરડાની એક બાજુ ઊભો થઈ ગયો અને મારૂ

નિર્જીવ ખોળીયું જમીન પર પડયું હતું. મેં ઘણા આશ્ર્ચર્યથી એ બદનને જોયું.

એ વખતે ઓરડામાં મારા જેટલા પણ સાથી હતા , રિશ્તેદાર હતા બધાએ રોવું શરૂ ર્ક્યું અને ગમના અતિરેકમાં મારા જિસ્મને ચોંટવા લાગ્યા.

મેં તેઓને આગ્રહ ર્ક્યો કે તમે લોકો રોઓ નહીં મને દુ:ખ-દર્દથી છુટકારો મળી ગયો છે. પણ કોઈએ મારૂ સાંભળ્યું નહીં. મારા સ્થૂળ શરીરને ગુસ્લ આપવામાં આવ્યું, કફન પહેરાવવામાં આવ્યુ અને નમાઝે જનાઝા પડાવવામાં આવી. આ પુરા સમયગાળામાં હું આ બધુ જોતો રહયો અને એ

જોવા માટે કે લોકો મારા શબને કેવી રીતે દાટે છે , હું ખૂદ જનાઝાની આગળ ચાલવા લાગ્યો.

કબ્ર તૈયાર થઈ ગઈ અને હવે તેઓએ મને દફન કરવાનો ઇરાદો કર્યો તો હું સ્વગત કહેવા લાગ્યો હું કબ્રમાં દાખલ થઈશ. પણ જેવું તેઓએ મારા શરીરને કબ્રમાં ઉતાર્યું તો એ સમયે કંઈ દેખાયુ નહીં. હું પોતે કેવી રીતે આ કબ્રમાં દાખલ થયો ? બસ એમ સમજો કે કબ્ર બંધ થઈ ગઈ અને મેં મને પોતાને આ સાંકડી જગ્યામાં જોયો. પછી મેં એ સમયે એક અવાજ સાંભળી.

મારા બંદા મોહમ્મદ બાકિર ! આજના દિવસ માટે તું શું ભાતુ લઈને આવ્યો છે?

મેં મારા બધા સારા કામ ગણાવ્યા , પણ કોઈ પણ અમલ કબુલ ન થયો અને મારા ગભરાટમાં પળે પળે વધારો થતો ગયો અને મને બચવાનો કોઈ માર્ગ ન સુઝયો.

અંતે મેં અરજ કરી: પરવરદિગાર ! એક દિવસ હું ઘોડા પર સવાર થઈને ઇસ્ફહાનની મુખ્ય બજારમાંથી પસાર થઈ રહયો હતો તો મેં જોયું કે લોકો ભેગા થયા છે અને એક શખ્સને પીટી રહ્યા છે અને તેને ગાળો પર ગાળો ભાંડે છે. પૂછવા પર

ખબર પડી કે આ શખ્સ તેઓનો કર્ઝદાર છે અને તે તેઓનું  કર્ઝ ભરવાથી નાદાર છે. એ બિચારો મોહલત માંગતો હતો, પણ કોઈપણ તેને મોહલત દેવા તૈયાર નહોતુ.

એજ અરસામાં એક દુકાનદારે તેના માથા પર જોડો માર્યો અને કહ્યું અમને ખબર છે તું કર્ઝ ભરવાની શક્તિમાં નથી, પણ આ  રીતે મારા દિલને એક શાંતિ મળે છે.

મેં દિલમાં કહ્યુંઃ મારે આ લોકોથી ડરવાને બદલે ખુદાથી ડરવું જોઈએ.

સાર એ કે મેં કહ્યું: જેને એનાથી કર્ઝ લેવું છે તે મારી પાસે આવી જાય હું તેનું કર્ઝ ચૂક્વી દઈશ , પરંતુ શરત એ છે કે આ બિચારાને છોડી દેવામાં આવે. હું એ શખ્સને લઈને પોતાના ઘરે આવી ગયો. મેં તેને દિલાસો આપ્યો અને તેનું બધુ કર્ઝ ભરી દીધુ.

એ સમયે મેં કબ્રમાં અવાજ સાંભળી કે અમે તારા આ અમલને સ્વિકારી લીધો પછી મને વધારે પૂછપરછ કરવામાં ન આવી.

ત્યાર પછી મારી કબ્રમાં જન્નતની બારી ખૂલી ગઈ. જેનાથી જન્નતની ખુશ્બૂદાર હવા મારી કબ્રમાં

આવવા લાગી અને મારી કબ્ર નઝર પહોંચે એટલી વિશાળ થઈ ગઈ જયાં મને દરેક પ્રકારની નેઅમતો મળે છે.

જે શખ્સ મારી ઝિયારત કરવા આવે છે હું તેનાથી મોહબ્બત કરૂ છું અને મારા માટે જે કુરઆન પડવામાં આવે છે અથવા દુઆઓ માંગવામાં આવે છે અલ્લાહ તઆલા તેને તેનો સવાબ આપે છે.

પછી અલ્લામા મજલિસીએ મને સંબોધીને કહ્યું: સય્યદ હવે તમે જ બતાવો કે જો દુનિયામાં હું મારી પાસે માલ-દોલત ન રાખતો હોત તો હું આ કર્ઝદારનું કર્ઝ કેવી રીતે ચુક્વત!

મને એ સમયે ખબર પડી કે માનવંત ઉસ્તાદ પોતાના જીવનમાં જે કંઈ કરતા હતા તેમાં મસ્લેહત હતી અને મહાન ઉસ્તાદ હંમેશા  ઇસ્લામ અને મુસલમાનોના ફાયદા માટે જ કામ કરતા હતા.

## જરૂરતમંદોની સહાય, માંગવા પહેલા કરવી જોઈએ

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામએ એક શખ્સના ઘરે પાંચ ઊંટ ખજૂર રવાના કરી.

એક શખ્સે કહ્યું: અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ આપને આવું કરવાની શી જરૂરત હતી. એ શખ્સે આપથી મદદની માંગણી કરી નહોતી. અને જો તેની મદદ કરવી જરૂરી હતી તો તેના માટે ખજૂરનો એક ઊંટ કાફી હતો, એકી સાથે પાંચ ઊંટ રવાના કરવાની શું જરૂરત હતી. આપે ફરમાવ્યું: મોઅમિનોમાં ખુદા કરે તારા જેવા ન

જન્મે. હું સખાવત કરૂ છું અને તું કંજુસી કરે છે. જો હું કોઈ શખ્સને સવાલ ર્ક્યા પછી આપું તો આ એની આબરૂની કિંમત હશે જે તેણે મારી સામે બરબાદ કરી છે. તમારે મોઅમિનના માંગવાની વાટ ન જોવી જોઈએ. સખાવત એ છે જે માંગવા પહેલે આપવામાં આવે , માંગવા પછી આપવું તો પોતાને શરમિંદગીથી બચાવવું છે.

જે શખ્સ પોતાના મોઅમિન ભાઈની માલી મદદ નથી કરતો તો તે જુઠો છે. કેમકે હર મોઅમિન પોતાની દુઆમાં ઘણી વાર કહે છે. અલ્લાહુમ્મગ્ફિર લિલ મોઅમેનીન વલ મોઅમેનાત

અય ખુદા ! મોઅમિન મરદ અને ઓરતોની મગ્ફેરત ફરમાવ. આશય એ છે કે અઝાબથી તેઓને સુરક્ષિત રાખ અને તેમને જન્નત અતા ફરમાવ.

આવી દુઆ માંગવાવાળા શખ્સના વાણી અને વર્તનમાં વિરોધાભાસ છે. કેમકે જે શખ્સ મોઅમિન ભાઈને થોડા દિરહમ આપી રાઝી  નથી કરી શક્તો તે એની જન્નત પર રાઝી કેવી રીતે થઈ શકે છે.

હુનયનના યુધ્ધ પછી બની તય ના લોકો કૈદ થયા અને હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સામે આવ્યા અને એજ કૈદીઓમાં હાતિમતાઈની પુત્રી સફ઼ાના પણ હતી. લોકો તેના રૂપ અને શણગારથી પ્રભાવિત થયા અને હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના સામે જયારે તેણે બોલવું શરૂ ક્ર્યું તો લોકો તેની વાકપટુતા અને ભાષા પ્રભુત્વ જોઈને તેના રૂપને ભૂલી ગયા. હાતિમ તાઈની પુત્રી સફ઼ાનાએ કહ્યું:

મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મારો બાપ મરી ગયો છે અને ભાઈ વતન છોડી ચાલ્યો ગયો છે. જો તમે મને આઝાદ કરી દયો, જેથી દુશ્મન મને ઠપકો ન આપે અને અરબના કબીલાઓ મને મેણા ન મારે , તો આ ઘણો યોગ્ય અને શ્રેષ્ઠ વર્તાવ હશે. કેમકે મારો બાપ સારા સંસ્કારનો પક્ષકાર હતો, તે ભૂખ્યાઓને ખાવાનું ખવરાવતો અને નવસ્ત્રાઓને વસ્ત્રો પહેરાવતો હતો. તેની પાસે જે કોઈપણ જરૂરતમંદ જતો , તે એને ખાલી હાથે પાછા કાઢતો ન હતો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: બેટી તે જે ગુણો બયાન કર્યા છે, એ મોમિનોના લક્ષણો છે. જો તમારો બાપ જીવતો હોત તો અમે તેના માટે બખ્શિશ અને રહેમતની દુઆ માંગત.

હઝરત રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હુકમ આપ્યો કે આ બાળાને તેના બાપની સજ્જનતાના કારણે આઝાદ કરી દેવામાં આવે.

હાતિમની પુત્રીએ કહ્યું: હું વિનંતી કરૂ છું કે મારા કબીલાના બધા કૈદીઓને પણ છોડી દેવામાં આવે.

હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અમે તારા બાપની શરાફતના કારણે તને આઝાદ કરી અને તારી શરાફતના કારણે તારી કૌમને આઝાદ કરી.

પછી આપે ફરમાવ્યું : ત્રણ પ્રકારના લોકો દયાને પાત્ર છે.

૧. એ માનવંત શખ્સ જે ઇઝઝત પછી ખુવાર થઈ જાય.

૨. એ પૈસાદાર જે નિર્ધન થઈ જાય.

3. એ આલિમ જે જાહિલોમાં વેડફાઈ જાય.

સફાનાએ વિનંતી કરી. આપ રજા આપો હું આપના માટે દુઆ માંગું?

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: રજા છે.

સફાનાએ કહ્યું: અલ્લાહ તઆલા આપની મદદ અને સહાય હાજતમંદોને સદા મળતી રાખે. અને જે કૌમ અને વર્ગ પાસેથી અલ્લાહ કોઈ નેઅમત પાછી લઈલે તો અલ્લાહ આપને એ નેઅમત પાછા અપાવવાનો સબબ બનાવે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ કહ્યું: આમીન

પછી આપે હુકમ આપ્યો કે હુનયનની ઘાટીમાંથી જે માલે ગનીમતના તરીકે હાથ લાગ્યો છે , અને તેમાં જે ઊંટ અને ભેડ બકરીઓ પકડવામાં આવી છે તે હાતિમની પુત્રીને પાછી આપી દેવામાં આવે.

હાતિમની પુત્રી આ વર્તણુંક જોઈને ઘણી પ્રભાવિત થઈ અને કહેવા લાગી. આ પ્રકારની સખાવત માત્ર એજ કરી શકે છે જે નાદારી અને નિર્ધનતાથી ન ડરે.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: મારા પાલનહારે , મારો ઉછેર જ એ રીતે ર્ક્યો છે.

તેણે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી ઘરે જવાની રજા માંગી , તો આપે ફરમાવ્યું: તું અમારી મહેમાન છો , જયાં સૂધી તમારો વિશ્ર્વાસપાત્ર કોઈ સગો નથી મળતો , તું મારી પાસે રહેશે.

હાતિમની પુત્રી થોડા દિવસ આપ પાસે રહી , તેના સગાઓ તેને લેવા આવ્યા તો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેની સવારી માટે મહેમિલ તૈયાર કરાવરાવી , જેના પર રેશમના પર્દા પડેલા હતા.

આ રીતે હાતિમની પુત્રીને તેના રિશ્તેદારો ઘણા માન સાથે લઈ ગયા અને જયારે હાતિમની પુત્રી મહેમિલનો પર્દો ઉપાડી જોતી તો તેને ઉઘાડી તલ્વાર રાખેલા નવજવાન દેખાતા. જે તેના રક્ષણ માટે નિયુક્ત હતા.

સફાના બિન્તે હાતિમ જયારે ઘરે પહોંચી તો પોતાના ભાઈ અદી બિન હાતિમતાઈને કહ્યું: તમે તરત જ મદીના જાઓ અને ખુદાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મુલાકાત કરો. જયારે તમે તેઓને મળશો તો તમને ખાત્રી થઈ જશે કે તેઓ અલ્લાહના નબી છે.

અદી બિન હાતિમ મદીના આવ્યા અને મસ્જિદે નબવીમાં હાજર થયા , જયારે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેને જોયો તો પૂછ્યું તું કોણ છો?

તેણે કહ્યું: હું અદી બિન હાતિમ તાઈ છું. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ તેના સત્કાર માટે પોતાની જગ્યા છોડી દીધી અને તેને બેસવા માટે પોતાની અબા પાથરી. તેને અબા પર બેસાર્યો અને પોતે તેની સામે બેસી ગયા. આપના ઉચ્ચ સંસ્કાર જોઈને અદી મુસલમાન બની ગયો.

## હઝરત ઇમામ અલી અલચ્હિસ્સલામથી સબક લ્યો

દરરૂલ મતાલિબના સંપાદક લખે છે કે   , હઝરત અલી અલચ્હિસ્સલામને રસ્તામાં એક મુફલિસ ઔરત દેખાણી, તેના પુત્રો ભુખના કારણે રોઈ રહ્યા હતા અને સ્ત્રીએ બાળકોને બહેલાવવા માટે એક તપેલીને ચુલા પર  રાખેલી હતી અને નીચે આગ સળગાવી દીધી હતી , જેથી બાળકો એમ સમજે કે તેની મા તેના માટે કંઈક પકાવી રહી છે. જયારે કે તપેલીમાં પાણી સિવાય કંઈ ન હતું.

હઝરત અલી અલચ્હિસ્સલામ એ આ દિલદ્રાવક દ્રશ્ય જોયું તરતજ ઘરે પધાર્યા થોડા ચાવલ , આટો

અને થોડુ ઘી ઉઠાવ્યું અને એ ઔરતના ઘરની તરફ ચાલવા લાગ્યા. આપ અલય્હિસ્સલામના ગુલામ કમ્બરે અરજ કરી આપ વજન ન ઉપાડો. આપ અલય્હિસ્સલામના તરફથી હું આ વજન ઉપાડી લઉં છું.

મૌલા અલી અલય્હિસ્સલામ એ બોરી કમ્બરને ન સોંપી અને પોતાના કાંધા પર રાખી એ ઔરતના દરવાજે પહોંચી ગયા.

દરવાજા પર ખટખટ ર્ક્યુ અને અંદર આવવાની રજા માંગી જયારે રજા મળી તો આપ અલય્હિસ્સલામ એ સામાન એ સ્ત્રીને હવાલે ર્ક્યો.

ઔરતે તરત જ ખાવાનું પકાવ્યું અને બાળકોને જગાડી તેઓને ખાવું ખવરાવ્યું.

જયારે બાળકો ધરાઈ ગયા તો હઝરત અલી અલય્હિસ્સલામ એ બાળકો સાથે રમવુ શરૂ કર્યું. બાળકો ખૂબ હસ્યા.

ત્યાર પછી આપ અલય્હિસ્સલામ પાછા આવ્યા. કમ્બરે અરજ કરી મૌલા આપે બે કામ કર્યા છે , એક કામનું કારણ તો મારી સમજમાં     આવે છે પરંતુ બીજા કામનું કારણ હું નથી સમજતો.

આપે બોરી પોતે ઉપાડી તો હું સમજી શકુ છું કે આપનો હેતુ સવાબમાં વધારો થાય તે હતો. પરંતુ આપ આજે બચ્ચાઓ સાથે રમી રહ્યા અને તેમને હસાવતા રહ્યા,આખર એનું કારણ શું હતું?

આપ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: કમ્બર ! મેં બાળકોની બે પરિસ્થિતિ જોઈ હતી. (૧)તેઓને ભુખ્યા જોયા, (૨)તેઓને રોતા જોયા.

ખોરાક દ્વારા તેઓની ભૂખ દૂર થઈ અને હું બાળકો સાથે એટલા માટે રમ્યો કે હું તેમને રોતા જોઈ ચૂક્યો હતો અને ઇચ્છતો હતો કે તેમને હસતા પણ જોઈ લઉં.

## અનાથના પાલન પોષણનું ફળ

શેખ બહાઈ કશકોલમાં લખે છે કે બસરાની આસપાસ એક શખ્સ મરી ગયો અને તે ખુદાના ગુનાહો કરવામાં મશહૂર હતો. અને તે પોતાના ગુનાહોના કારણે એટલો બદનામ હતો કે તેના જનાઝાને કાંધો આપવા કોઈ પણ તૈયાર નહોતું.

તેની પત્નિએ લાચારીએ મજૂરો બોલાવ્યા કે  તેઓ એનો જનાજો ઉપાડી જનાઝાગાહ લઈ જાય. પરંતુ કોઈએ ત્યાં તેની જનાઝાની નમાઝ સુધ્ધા ન પડી. તેના શબને દફનાવવા માટે શહેરની બહાર લઈ ગયા.

આ ઇલાકામાં આબિદ અને પરહેઝગાર શખ્સ રહેતો હતો અને ઇલાકાના બધા લોકો તેની સચ્ચાઈ અને નિર્દોષતા અને સદભાવને માનતા હતા.

લોકોએ જોયું કે ઝાહિદ તેના જનાઝાની વાટ  જુએ છે. મય્યતને જેવુ ઝમીન પર રાખ્યું તો એ ઝાહિદ આવ્યો અને કહ્યું જનાઝા  માટે તૈયાર થઈ જાઓ. ત્યાં કોઇ મૌજૂદ ન હોતો એટલે એણે એકલા તેની નમાઝ પડી.

ઝાહિદને જોઈ લોકોના ટોળેટોળા આવી તેની જનાઝાની નમાઝ પડવા લાગ્યા.

ઝાહિદને પૂછવામાં આવ્યું , આ શખ્સ તો પ્રખ્યાત દૂરાચારી હતો. પૂરા શહેરમાં કોઈએ તેની જનાઝા ની નમાઝ ન પડી તમને તેની શું જરૂર હતી?

ઝાહિદે જવાબ આપ્યો: મને ખ્વાબમાં હુકમ  મળ્યો હતો કે તમે ફલાણા સ્થળે જાઓ ત્યાં એક જનાજો આવશે અને તેની સાથે માત્ર  એકજ સ્ત્રી હશે. તમે જઈને જનાઝાની નમાઝ પડો. તેના ગુનાહ અલ્લાહ તઆલાએ માફ કરી દીધા છે.

ઝાહિદે તે શખ્સની પત્નિને પૂછ્યું કે તેણે ક્યુ કામ ર્ક્યું છે કે જે તેની બખ્શિશનું કારણ બની ગયું?

ઔરતે કહ્યું: મારા પતિનો વધારે સમય તો દુરાચાર અને શરાબ ઢીંચવામાં વિતતો હતો.

ઝાહિદે કહ્યું: તો શું તે કદી કોઈ સારૂ કામ પણ કરતો હતો?

પત્નિએ કહ્યું: જયારે તે રાતના શુધ્ધિ અને ભાનમાં આવતો તો ખૂબ રોતો હતો અને રોઈ રોઈ કહેતો હતો અય અલ્લાહ તું મને કયા ભાગમાં નાખીશ?

જેવી સવાર પડતી તે ઊભો થઈ નહાતો અને સ્વચ્છ કપડા પહેરી ફજરની નમાઝ અદા કરતો હતો.

તેનું ઘર બે અથવા ત્રણ યતીમો (અનાથો) થી કદી ખાલી રહેતું નહોતુ. તે પોતાના બાળકોથી પણ વધારે યતીમોને પ્યાર કરતો હતો.

# ઇમામ હુસૈન અલય્હિસ્સલામ અને જનાબે મુસ્લિમના યતીમો

જયારે ઇમામ હુસૈન અલય્હિસ્સલામ એ મુસ્લિમ અલય્હિસ્સલામની ખબર સાંભળી તો આપ અલય્હિસ્સલામ પોતાના અંગત તંબૂ (ખૈમા) માં પધાર્યા અને મુસ્લિમ અલય્હિસ્સલામની પુત્રીને બોલાવી. એ વખતે મુસ્લિમની પુત્રીની વય તેર વરસની હતી અને તે હંમેશા ઇમામ હુસૈન અલય્હિસ્સલામની પુત્રીઓ સાથે રહેતી હતી.

જયારે મુસ્લિમ અલય્હિસ્સલામની પુત્રી આવી તો આપે તેના પર હેત ફરમાવ્યું અને પહેલાના

હેતોની સરખામણીમાં આપે બાળકી પર ખાસ હેત દેખાડયું.

પોતે પણ પાક ખાનદાનની બાળા હતી. રોઈને કહેવા લાગીઃ મામાજાન આજ આપ કંઈ વધારે પડતું હેત નથી દેખાડી રહ્યા ? અને મારાથી એવી રીતે પ્યાર કરી રહ્યા છો , જેવો યતીમો સાથે કરવામાં આવે છે. એ બતાવો કે મારા પિતાતો સલામત છે ને ? ક્યાંક તેમને શહીદ તો નથી કરી દેવામાં આવ્યા?

ઇમામ અલય્હિસ્સલામ રોઈ પડયા અને ફરમાવ્યુંઃ મારી બેટી ગમ ન કર , મુસ્લિમ અલય્હિસ્સલામની

જગ્યાએ હું તારો બાપ  છું, અને મારી બહેન તારી મા છે, અને મારી બેટીઓ તમારી બહેનો છે  , અને મારા પુત્રો તમારા ભાઈઓ છે.

મુસ્લિમ અલય્હિસ્સલામની શાહઝાદી આ સાંભળી રોવા લાગી અને મુસ્લિમ અલય્હિસ્સલામના પુત્રો માથા ખોલી રોવા લાગ્યા. હુસૈન  અલય્હિસ્સલામનું કુટુંબ પણ આ અઝાદારીમાં તેની સાથે ભળ્યું હતું.

એક શખ્સ રોટી લઈને જઈ રહયો હતો કે તેણે એક ફકીરને ગલીમાં બેસી રોતા જોયો. તેને તેના પર રહેમ આવી અને તેની પાસે બેસી  ગયો અને તેને રોવાનું કારણ પૂછ્યું.

ફકીરે કહ્યું: હું ઘણા દિવસથી લગાતાર ભૂખ્યો છુ , હવે ભૂખે મને બેચૈન કરી મૂક્યો છે. એટલે રોઈ રહયો છું.

આ સાંભળી બીજા માણસે પણ રોવું શરૂ કરી દીધુ. ફકીરે કહ્યું: ખુદાના બંદા ! તું શા માટે રૂએ છે?

તેણે કહ્યું: હું તારી લાચારી અને નિર્ધનતા પર રોઉં છું કે તેં ઘણા દિવસથી લગાતાર રોટી નથી ખાધી.

ફકીરે કહ્યું: તને રોવાની શી જરૂરત છે ? તારા પાસે તો રોટી મૌજૂદ છે , તેમાંથી મને કંઈક ખવરાવ મારી ભૂખ ટળી જશે.

તે શખ્સે કહ્યું: જનાબ, હું તમારી સાથે રોઈ શકુ છું, પણ રોટીનો એક ટૂકડો નથી દઈ શક્તો.

આ બનાવની બિલ્કુલ આવી જ આપણા સમાજની પણ પરિસ્થિતિ છે. કોઈની પરેશાની પર આંસુ તો વહાવી દેશે, પરંતુ સક્રિય સહાય નહીં કરે, આંસુ

પણ એજ કામ આવે છે જેની સાથે હમદર્દી ની લાગણી હોય નહીંતર , બધુ આડંબર છે અને આ આંસુ હકીક્તમાં મગરમચ્છના આંસુ છે.

શેખ સાદીએ કેટલું સરસ કહ્યું છે.

આદમ વંશ એકબીજાના અવયવો જેવા છે , તેઓનું સર્જન એકજ સત્વથી થયું છે.

જયારે સમય કોઈ અવયવને દર્દમાં નાખે છે તો બીજા અવયવોને ચેન નથી પડતું જો બીજાઓની તકલીફ જોઈને પણ તને તેના પર દયા ન આવે તો તને ઇન્સાન કહેવો પણ ઠીક નથી.

કોઈ કજાત કવિએ સાદીના આ કાવ્યના પ્રતિ કાવ્યમાં આ મુક્ત લખ્યું હતું:

આદમવંશ એક બીજાના દુશ્મન છે. અને સર્જનમાં કનિષ્ટમાં કનિષ્ટ છે. જયારે સમય કોઈ અવયવને દુ:ખ આપે તો બેશક , એ અવયવ જ જહન્નમમાં ચાલ્યો જાય. બીજા અવયવોને એનાથી શી લેવાદેવા. તું કે બીજાની તકલીફ જોઈ પણ દુ:ખી નથી થતો હકીક્તમાં તું ઇન્સાનનો નુત્ફો (વીર્ય) છે.

કલમએ તય્યબાના સંપાદક લખે છે કે સય્યદ હયદરનો સબંધ ઇમામી આલિમોના વડવાઓમાં થાય છે. તેમની પત્નિ સુચરિત્ર સય્યદાણી હતી.

રજબ અને શાબાન મહીનાઓમાં લગાતાર રોઝા રાખતી હતી. એક વખત રજબ કે શાબાન માસમાં તેમને ત્યાં ઘણા મહેમાનો આવી ગયા.

ઘરઘણીયાણીએ તેઓ માટે ખાવાનું તૈયાર ર્ક્યુ અને એ સમયે ઘરમાં આટો એટલોજ હતો જેનાથી મહેમાનોનું ભોજન તૈયાર થઈ શકે.

ઘરધણીયાણીએ પાણીથી રોઝો ઇફતાર ર્ક્યો અને મહેમાનોના ખાવામાંથી થોડો ખોરાક બચી ગયો તો ઘરવાળીએ તેને પોતાની સહેરી માટે રાખી લીધો.

તેમનો એક પડોશી અત્યંત રંક હતો. થોડીવાર પછી તેની પત્નિ આવી અને કહ્યું કે અમારા બાળકો ભૂખ્યા છે , જો બની શકે તો  તેમના માટે કંઈક ખાવાનું આપો.

બીબીએ પોતાની સહેરીનો ખોરાક ઉપાડી તેને સોંપી દીધો. સવારે ઊઠી પાણીથી સહેરી કરી અને નમાઝે શબ પડી. અને ઓરડામાં દીવો સળગાવી સુઈ ગઈ.

હજી પૂરી રીતે તેણે ઊંઘે ઘેરી નહોતી કે તેને બે પ્રતિભાશાળી બીબીઓ દેખાણી.

એક પ્રતિભાશાળી ખાતૂને બીબીથી પૂછ્યું આ વયોવૃધ્ધ અવસ્થામાં વગર ઇફતાર અને સહેરી કેવી રીતે રોઝો રાખી રહી છો?

બીબીએ કહ્યું: ગરીબ પડોશણ આવી હતી. મેં સહેરીનો ખોરાક તેણીને હવાલે કરી દીધો. પછી આ પ્રતિભાશાળી ખાતૂને પૂછ્યું: શું ઇચ્છે છે?

બીબીએ કહ્યું: મને અત્યારે બટાટા , સાકર અને થોડી ચીનીની જરૂરત છે.

એ સમયે મહાન સ્ત્રીએ લીલા રંગની બે ગૂણીઓ આપી. એકમાં બટાટા હતા. બીજીમાં સાકર અને ખાંડ. ત્યાર પછી બન્ને ખાતૂનો તેણીના ઘરમાંથી ચાલી ગઈ.

બીબી જેવી તંદ્રામાંથી ઊઠી તો એ બીબીઓની પાછળ દોડી પણ ત્યાં એ બીબીઓના કોઈપણ ચિહ્નો તક નહોતા. અને બારણા નિયમ મુજબ બંધ હતા. બીબીએ જલ્દીથી દરવાજો ઉઘાડયો તો સય્યદ હયદર જે બીજા કમરામાં બેઠા હતા, અવાજ આપી પૂછ્યું: શું વાત છે?

ખાતૂને તેમને બધો બનાવ સંભળાવ્યો અને બે થેલા મુસલ્લા પર મૌજૂદ હતા તે તેમને બતાવ્યા.

સય્યદ હયદરે બટાટાનો થેલો દોસ્તો અને પડોશીમાં વહેંચી દીધા અને સાકરનો થેલો પોતાના પાસે રાખ્યો અને પછી તેમને વિચાર આવ્યો,હોય ન હોય આ બંને થેલા હઝરત સય્યદા નિસાએ આલમીન સલામુલ્લાહે અલય્હાએ અર્પણ ર્ક્યા હોય.

એ સમયે માનવંત ફકીહ મુલ્લા ઝયનુલ આબેદીન સલ્માસી બીમાર હતા. સય્યદ હયદરે તેમને થોડી સાકર તબરરૂક તરીકે મોકલી જેને ખાવાથી તેઓ

તરત જ તંદુરસ્ત થઈ ગયા. અને એ સમયે નજફે અશરફમાં નવાબ ગુલામ મોહમ્મદ ખાન હિન્દી રહેતા હતા અને તેઓ અજોડ ઇન્સાન હતા. બનવાકાળ તેઓ પણ બીમાર હતા અને કોઈ દવાથી તેમને ફાયદો થતો નહોતો.

સય્યદ હયદરે તેમને પણ થોડી સાકર તબર્રૂક તરીકે આપી જેનાથી તેઓ પણ સાઝા થઈ ગયા.

આ બનાવની ખબર દૂર દૂર સૂધી ફેલાઈ ગઈ. લોકો દૂર દૂરથી પ્રવાસ ખેડી ત્યાં આવતા અને પોતાના બીમારો માટે થોડા પ્રમાણમાં સાકર મેળવતા. અને અલ્લાહના હુકમથી બીમાર સાઝા

થઈ જતા અને જ. સય્યદા  સલામુલ્લાહે અલય્હા ની બરકત એ હતી કે આટલા પ્રમાણમાં સાકર વ્હેંચવા છતાં સાકર ખલાસ ન થઈ.

અને જે બે થેલા તેમને મળ્યા હતા. તેઓએ એક થેલો પોતાના કફનમાં રાખી દીધો હતો અને બીજો થેલો પત્નિના કફનમાં રાખ્યો.

થોડા દિવસ પછી એક માનવંત શખ્સ મરણ પામ્યો  તો તેના વારિસોએ સય્યદ હયદરથી એ થેલાની માંગણી કરી. સય્યદ હયદરે કફન  ખોલ્યું તો એ જોઈને અચંબામાં પડી ગયા કે કફનમાં

થેલો મૌજૂદ ન હતો અને  પત્નિના કફનને ખોલીને જોયું તો તેમાંથી પણ થેલો ગાએબ હતો.

# રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ચારિત્ર્ય

પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું પહેરણ જુનુ થઈ ગયુ હતું. એક શખ્સે બાર દિરહમ આપની સેવામાં ભેટ ધર્યા. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હઝરત અલી અલય્હિસ્સલામને ફરમાવ્યું કે આ રકમ લઈને બજાર જાઓ અને મારા માટે એક પહેરણ લઈ આવો.

હઝરત અલી અલય્હિસ્સલામ બજારમાં ગયા અને બાર દિરહમમાં એક પહેરણ ખરીદી લાવ્યા , જયારે

આપે પહેરણ જોયું તો ફરમાવ્યું: અલી અલય્હિસ્સલામ, આ તો ઘણુ કિંમતી પહેરણ છે. જો દુકાનદાર રકમ પાછી આપવા પર તૈયાર હોય તો આ પહેરણ તેને પાછું આપી રકમ લઈ લ્યો.

હઝરત અલી અલય્હિસ્સલામ દુકાનદાર પાસે ગયા અને ફરમાવ્યું: મારા આકા અને મૌલાને આ પહેરણ પસંદ નથી , તમે પહેરણ પાછું લઈ લ્યો અને રકમ મને પરત કરો.

દુકાનદારે પહેરણ રાખી લીધુ અને રકમ પછી આપી દીધી. હઝરત અલી અલય્હિસ્સલામ એ રકમ લઈને રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા. રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ એ રકમ લઈ લીધી અને હઝરત અલી અલય્હિસ્સલામને સાથે લઈને બજારમાં ગયા , રસ્તામાં એક કનીઝને રોતી જોઈ. રોવાનું કારણ બતાવ્યું કે મારા માલિકે મને ચાર દિરહમ આપી બજારમાંથી સામાન લાવવા મોકલી હતી , પણ તે રકમ મારા હાથમાંથી ખોવાઈ ગઈ.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ચાર દિરહમ એ કનીઝને આપ્યા પછી બજારમાં આવ્યા અને ચાર દિરહમનું એક પહેરણ ખરીદ્યું.

એક રંક માનવી આપની પાસે આવ્યો અને કહ્યું: યા રસૂલલ્લાહ ! મારી પાસે પહેરવા ખમીસ નથી. આપે તે ખમીસ તેને આપી દીધી , પછી આપે ચાર દિરહમની એક બીજી ખમીસ ખરીદી લીધી અને પહેરી.

જયારે પાછા આવી રહ્યા હતા તો એ જ કનીઝને એ જ જગ્યાએ રોતા જોઈ આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ રોવાનું કારણ પૂછ્યું. તો તેણીએ અરજ કરી: યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મને ઘરેથી નિકળ્યે

લાંબો સમય થઈ ગયો છે , હવે ડર છે કે ઘરવાળા મને સઝા કરશે.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: તમે મારી આગળ ચાલો અને અમને તમારા માલિકનું ઘર બતાવો. અમે તમારી ભલામણ કરશું.

કનીઝ આપની આગળ ચાલતા ચાલતા પોતાના માલિકના ઘરમાં દાખલ થઈ ગઈ.

જનાબે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ દરવાજા પર પધાર્યા અને

ઘરવાળાઓને સલામ કરી , પરંતુ ઘરવાળાઓએ જવાબ ન આપ્યો , ત્યાં સૂધી કે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ત્રણ વાર તેઓને સલામ કરી.

ઘરધણી બહાર આવ્યો તો આપે જવાબ ન આપવાનું કારણ પૂછ્યું, તો તેણે જવાબમાં કહ્યું : યા રસૂલલ્લાહ ! હકીક્તમાં હું એ ઇચ્છતો હતો કે આપ વધારેમાં વધારે અમારા પર સલામ કરો. કેમકે આપ જેટલી વાર સલામ કરો અલ્લાહની રહેમતનો અમારા પર વધારો થશે.

પછી આપે એ કનીઝની ભલામણ કરી. ઘરધણીએ કહ્યું: યા રસૂલલ્લાહ ! જયારે આપ તેની ભલામણ લઈને આવ્યા છો તો તેને મેં ખુદાની રાહમાં આઝાદ કરી દીધી. એટલે કનીઝને આઝાદી મળી ગઈ.

હઝરત રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: મેં આ બાર દિરહમોથી વધારે બરકત વાળા કોઈ દિરહમ નથી જોયા, કેમકે આ દિરહમોથી બે જણાએ પોતાનું શરીર ઢાંક્યુ અને એક કનીઝને આઝાદી મળી.

## જનાબે ઝેહરા સલામુલ્લાહે અલય્હાથી સખાવત શીખો

જયારે હઝરતે ફાતેમા સલામુલ્લાહે અલય્હાની વફાતનો સમય નિકટ આવ્યો તો હઝરત અલી અલય્હિસ્સલામએ તેમની પથારી પાસે એક નાની પેટી રાખેલી જોઈ.

હઝરત અલી અલય્હિસ્સલામ એ હઝરત સય્યદા સલામુલ્લાહે અલય્હાથી પૂછ્યું: આ શું છે?

જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાએ અરજ કરી: આ લીલા રેશમની બનેલી નાની પેટી છે તેમાં એક

સફેદ પાનું છે અને એ પાના  પર અમુક લીટીઓ લખેલી છે.

હઝરત અલી અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: એમાં શું લખેલુ છે?

જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હા એ  ફરમાવ્યું: હું મારી શાદીની રાત્રે ઇબાદતની જગ્યા પર બેઠેલી હતી કે એક  જરૂરતમંદ ફકીર આવ્યો અને તેણે પોતાના બાલ બચ્ચાઓ માટે મારી પાસે કપડાની માંગણી કરી.

એ સમયે મારી પાસે બે પહેરણ હતા એક નવુ  હતું અને બીજુ જુનુ. અને મેં એ વખતે નવું પહેરણ પહેરેલું હતું. મેં નવું   પહેરણ ઉતારી જુનું પહેરણ પહેરી લીધુ અને નવુ પહેરણ એ જરૂરત વાળાને આપી દીધુ.

જયારે સવાર પડી તો માનનીય પિતાશ્રી મને મળવા આવ્યા અને ફરમાવ્યું : તમારી પાસે નવું પહેરણ નહોતું?

મેં અરજ કરી: આપનું જ ફરમાન છે ઇન્સાન જે વસ્તુ જરૂરતમંદને સદકામાં આપે તો તેનો બદલો

હંમેશ માટે બાકી રહે છે એટલા માટે મેં નવો લિબાસ એક જરૂરતમંદ ને આપી દીધો.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: “બાપના જીવ ! જો તમે ફકીરને પુરાણો લિબાસ આપી દેતે તો આ તમારા પતિ માટે વધારે સારૂ હતું અને એક ગરીબને કપડા પણ મળી જાત.”

મેં અરજ કરી: આ કામમાં મેં આપનું અનુકરણ ક્યું છે કેમકે જયારે આપે અરબની રાણી મારી માં સાથે શાદી કરી હતી અને મારી માંએ પોતાની બધી સંપત્તિ આપને વાપરવા આપી દીધી હતી તો આપે

પણ તે બધી સંપત્તિ ખુદાના માર્ગમાં કુરબાન કરી દીધી હતી. અને વાત ત્યાં સૂધી પહોંચી હતી કે એક ફકીરે આપથી ખમીસની માંગણી કરી તો આપે પોતાની ખમીસ ઉતારી તેને હવાલે કરી દીધી હતી અને પોતે ધાબળો ઓઢી ઘેર પધાર્યા હતા. સખાવતમાં આપની બરાબરી કોઈ નથી કરી શકતું, તો પણ મેં આપના અનુકરણનું માન મેળવ્યુ છે.

આ સાંભળી માનનીય પિતાશ્રી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ મને પોતાની છાતી સરસી ચાંપીને ફરમાવ્યું: જિબ્રઈલ આવ્યા છે અને પરવરદિગારના તરફથી તમને

સલામ કહે છે અને આ પયગામ લાવ્યા છે કે રબ્બુલ ઇઝઝત ફરમાવે છે: ફાતેમા અમારાથી જે કંઈ માંગશે તે આપશું. અમે ફાતેમાને દોસ્ત રાખીએ છીએ.

મેં અરજ કરી: અય પિતાજી ! મને સેવાના સ્વાદે સવાર કરવાથી બેપરવા કરી દીધી છે , પરવરદિગારની મુલકાત સિવાય મારી કોઈ ઇચ્છા નથી.

મારા પિતા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ દુઆ માટે હાથ ઊચા ર્ક્યા

અને મને પણ હાથ ઊંચા કરવાનો હુકમ આપ્યો અને કહ્યું: ખુદાયા, મારી ઉમ્મતને માફ કરી દે.

એ સમયે જિબ્રઈલ આવ્યા અને અરજ કરી આપનો પરવરદિગાર ફરમાવે છે: આપનો જે ઉમ્મતી ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા , તેમના પતિ અને તેમની ઔલાદ અલય્હેમુસ્સલામથી મોહબ્બત કરશે, હું તેને બખ્શી આપીશ.

જિબ્રઈલ લીલા રેશમની પેટી લાવ્યા હતા જેમાં એક સફેદ પાના પર આ લખ્યુ હતું (કતબ રબ્બોકુમ અલા નફસેહી ફહમા) તમારા પાલનહારે પોતાના માથે રહેમત લઈ લીધી છે અને આ

લખાણ પર જિબ્રઈલ અને મીકાઈલની ગવાહી લખેલ છે.

મારા પિતા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: આને સંભાળીને રાખજો અને પોતાના મરણ ટાણે વસીયત કરજો કે આને પણ તમારી કબરમાં દફન કરી દેવામાં આવે.

અય અલી અલય્હિસ્સલામ હું એમ ઇચ્છુ છું કે કયામતના દિવસે જયારે દોઝખની આગ ભડકાવવામાં આવે, હું આ લખાણ દેખાડી પોતાના ગુનેહગાર ચાહકોની શફાઅત કરૂં.

## જનાબે સલામુલ્લાહે અલય્હા ના હારની બરક્ત

અમાઉદ્દીન તબરી પોતાની કિતાબ બશારતુલ મુસ્તફામાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીની ઝબાની નકલ કરે છે કે , રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અસરની નમાઝ પડાવી સહાબીઓ સાથે બેઠા હતા કે એક બુઢો અને કમજોર શખ્સ મસ્જિદમાં આવ્યો , તેણે જુના , ફાટેલા કપડા પહેરેલા હતા અને પગપાળા ચાલવાને કારણે તેના પગો સુઝેલા હતા.

તેણે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં અરજ કરી , હું પરેશાન હાલ

શખ્સ છુ , આપ મને ભૂખ અને નગ્નતામાંથી છુટકારો અપાવો.

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું અત્યારે મારી પાસે આપવા માટે કોઈ ચીઝ નથી. અલબત્તા એક દ્વાર તરફ તારૂ ધ્યાન ખેંચુ છું જયાંથી તારી હાજતો પુરી થઈ શકે છે. અને નેકીનું માર્ગદર્શન કરાવનારો પણ નેકી કરવાવાળા જેવો હોય છે. હું તને એ ચોખટે મોકલી રહયો છું કે જે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું પ્રિય અને પ્રેમી છે.

પછી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ બિલાલને હુકમ આપ્યો કે તે આ વૃધ્ધ પુરૂષને ફાતેમા સલામુલ્લાહે અલય્હાના દરવાજે લઈ જાય , જયારે બુઢો હઝરત અલી અલય્હિસ્સલામના દ્વાર પર આવ્યો તો સલામ કરી કહ્યું: અય નબીની એહલેબૈત તમો પર મારા સલામ હો, નબુવ્વતના ખાનદાન આપ પર સલામ થાય.

હઝરત સય્યદા સલામુલ્લાહે અલય્હાએ તેને સલામનો જવાબ આપ્યો, અને પૂછ્યું: તું કોણ છો?

તેણે કહ્યું: હું એક અરબ છું. હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવ્યો હતો અને તેઓ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી મદદની યાચના કરી હતી. તેમણે મને આપના દરવાજે મોકલ્યો છે. અહીં બનવાકાળ હઝરત અલી અને બુતૂલ અલય્હેમુસ્સલામનું ઘર ત્રણ  દિવસથી ભૂખ્યુ હતું અને પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પણ એ જાણતા હતા.

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પુત્રીએ દુમ્બાની ખાલ ઉપાડી તેને

આપી. જેના પર હસન અને હુસૈન અલય્હેમુસ્સ્લામ સુતા હતા અને ફરમાવ્યું કે ખુદા તઆલા આનાથી તારી મુશ્કેલીઓ ટાળે.

બુઢા અરબે કહ્યું: સય્યદા સલામુલ્લાહે અલય્હા હું અત્યારે ભૂખથી વિહવળ છું અને આપ મને ભેડની ખાલ પકડાવો છો.

પછી હઝરત સય્યદા સલામુલ્લાહે અલય્હા એ ગળાનો હાર ઉતારી જે અબ્દુલ મુત્તલિબની પુત્રીએ તેને ભેટ આપ્યો હતો , આ હાર ઉતારી તેમણે અરબને આપ્યો.

અરબએ હાર લઈ મસ્જિદમાં આવ્યો અને કહ્યું: યા રસૂલલ્લાહ આપની બેટીએ મને આ ગળાનો હાર અર્પણ કર્યો છે. અને કહ્યું છે કે હું તેને વેચી નાખુ , જેથી એ દ્વારા અલ્લાહ મારી મુશ્કિલ આસાન કરે.

આ સાંભળી રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ રોઈ પડયા અને ફરમાવ્યું: તારી મુશ્કિલ આસાન કેમ ન થાય જયારે કે તને પૂર્વગામીઓ અને અનુગામીઓની શ્રેષ્ઠ સ્ત્રીએ ગળાનો હાર અર્પણ કર્યો છે.

અમ્મારે યાસિરે અરજ કરી : જો આપ રજા આપો તો હું આ હાર ખરીદી લઉં.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અલ્લાહ આ હાર ખરીદનારને અઝાબ નહીં કરે.

અમ્મારે અરબને પૂછ્યું: આ હારને કેટલામાં વેચશો?

અરબે કહ્યું આ હારની કિંમત એટલી છે કે મને  પેટ ભરીને ખવરાવવામાં આવે અને એક યમની ચાદર આપવામાં આવે અને એટલા દીનાર પણ આપવામાં આવે જેનાથી હું ઘરે પહોંચી શકું.

અમ્મારે કહ્યું : હું આ હારની કિંમતમાં    તને બસો દિરહમ આપીશ. અને તને પેટ ભરીને ગોશ્ત ખવરાવીશ અને તને વસ્ત્રો પહેરાવીશ ને મારા ઊંટ પર તને તારા ઘર સૂધી મુકી આવીશ. એ વખતે અમ્માર પાસે  ખૈબરની ગનીમતનો ભાગ પડેલો હતો. તે બુઢાને પોતાની સાથે લઈ ગયો અને તેને કરેલો વાયદો પૂરો ર્ક્યો.

અરબ ફરીવાર હુઝૂર સલ્લલ્લાહો અલય્હે  વઆલેહી વસલ્લમની ખિદમતમાં આવ્યો. આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું: તને વસ્ત્રો મળી ગયા અને પેટ ભરીને ગોશ્ત ખાવા મળ્યું?

અરબે કહ્યું: જી સરકાર, પછી આપે મસ્જિદમાં બેસી ફાતેમા સલામુલ્લાહે અલય્હાના વિશેષ ગુણો બયાન ફરમાવ્યા, જે સ્થળ  સંકોચના કારણે છોડી દઈએ છીએ.

ફાતેમા સલામુલ્લાહે અલય્હાના વખાણ બયાન કરતી વખતે આપે આ વાક્ય પણ ફરમાવ્યું: જયારે મારી પુત્રીને કબ્રમાં સુવરાવવામાં આવશે અને તેને પૂછવામાં આવશે. તારો પાલનહાર કોણ છે? ફાતેમા સલામુલ્લાહે અલય્હા કહેશે: અલ્લાહ મારો પાલનહાર છે. પછી પ્રશ્ન થાશે તારા પય્ગમ્બર કોણ છે? ફાતેમા જવાબ આપશે: મારા બાપ નબી છે.

પછી તેને પૂછવામાં આવશે. તારા ઇમામ તારા વલી કોણ છે? મારી પુત્રી કહેશે: આ મારા ઇમામ છે જે મારી કબ્રના કાંઠે ઊભેલા છે.

અમ્મારે હારને ખૂશ્બુ લગાડી અને એક યમની પોશાક પોતાના ગુલામ સહેમને આપી કહ્યું: તમે આ હાર અને પોશાક લઈને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થાઓ. તે ગુલામ આજ્ઞા મુજબ હુઝૂર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો. તો અમ્મારે કહ્યું: મેં તને ફાતેમા ઝહેરા

સલામુલ્લાહે અલયહ્ાની ગુલામીમાં આપ્યો. તમે આ ચીજો લઈને તેમના દરવાજે જાઓ.

જનાબે સય્યદા સલામુલ્લાહે અલયહ્ાએ હાર લઈ લીધો અને ગુલામને આઝાદ કરી દીધો.

ગુલામ હસવા લાગ્યો. જનાબે સય્યદા સલામુલ્લાહે અલયહ્ાએ ગુલામને હસવાનું કારણ પૂછ્યું. તો તેણે કહ્યું: આ હારની બરકત પર હસી રહયો છું. તેના કારણે એક ભૂખ્યાને પેટ ભરી ખાવાનું મળ્યું, જરૂરતવાળાની જરૂરત પૂરી થઈ , નવસ્ત્રાને વસ્ત્રો મળ્યા, ગુલામને આઝાદી મળી અને હાર પાછો પોતાના માલિક પાસે પહોંચી ગયો.

# કેટલિક રિવાયતો

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: હઝરત ઇસા બિન મરયમનું એક કબ્ર પાસેથી પસાર થવાનું થયું  તો એ મુર્દાને અઝાબ થઈ રહયો હતો અને જયારે તેઓ બીજા વરસે એ જ કબ્ર પાસેથી      પસાર થઈ રહ્યા તો કબ્રવાળા પર અઝાબ થતો નહોતો.

હઝરત ઇસાએ અરજ કરી અય અલ્લાહ ! હું એક વરસ પહેલા અહીંથી પસાર થયો તો આ કબ્રવાળા પર અઝાબ થઈ રહયો હતો અને હવે આવ્યો     તો અઝાબ નથી થઈ રહયો. તેનું શું કારણ છે?

અલ્લાહ તઆલાએ વહી ફરમાવી : રૂહુલ્લાહ ! તેનો નેક પુત્ર જવાન થઈ ગયો. તેણે બુરાઈની સુધારણા કરી અને એક યતીમને આશરો આપ્યો. મેં તેના પુત્રની ભલાઈના કારણે તેને માફ કરી દીધો.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: જો કોઈ મોઅમિનને ખાવાનું ખવરાવશે તો અલ્લાહ તેને જન્નતના ફળો ખવરાવશે. અને જો કોઈ તરસ્યા મોઅમિનને પાણી પીવરાવશે તો અલ્લાહ તઆલા તેને કસ્તૂરી, સુગંધ ભર્યું જન્નતનું પાણી પીવરાવશે. અને જો કોઈ મોઅમિનને વસ્ત્રો પહેરાવશે તો જયાં સૂધી એ

વસ્ત્રનો એક તાર પણ એ મોઅમિનના શરીર પર હશે તો તે અલ્લાહની અમાનમાં રહેશે. ખુદાની કસમ, મોઅમિનની એક હાજત પૂરી કરવાનો સવાબ એક માસના રોઝા રાખવા અને એઅતેકાફ કરવાથી વધારે સવાબ છે.

મુફઝઝલ બિન ઉમર કહે છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું : અલ્લાહે એક વર્ગ પૈદા કર્યો , જે અમારા ગરીબ શીઆઓની હાજતો પૂરી કરે છે અને અલ્લાહ એ વર્ગને જન્નતમાં દાખલ ફરમાવશે અને જો તમારામાં શક્તિ હોય તો કોશિશ કરી એ વર્ગમાં ભળી જાઓ.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હઝરત અલી અલય્હિસ્સલામને ઘણી વસીય્યતો કરી તેમાં એમ પણ કહ્યું: અલી અલય્હિસ્સલામ ! જે શખ્સ આ ચાર કામ કરશે અલ્લાહ તેને જન્નત આપશે (૧) જો કોઈ યતીમને આશરો આપે. (૨) જો કોઈ કમજોર અને દુબળા પર દયા કરે (૩) જે મા-બાપની સાથે ભલાઈ કરે. (૪) જે પોતાના ગુલામ કે નોકર પર નરમી દાખવે. અય અલી અલય્હિસ્સલામ ! જે કોઈ શખ્સ યતીમની એટલી આર્થિક સહાય કરે તો કોઈ બીજાનો મોહતાજ ન રહે અને તેના પર જન્નત વાજિબ થઈ જાય છે અને જે કોઈ યતીમના માથે

હાથ ફેરવે તો તેના દરેક વાળના બદલે અલ્લાહ તઆલા તેને નૂર અતા કરશે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ એ હઝરત રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું: જે શખ્સ મુસલમાનોના કામોની પરવા ન કરતો હોય તે મુસલમાન નથી અને   જે કોઈએ કોઈ ફરિયાદીને એમ ફરિયાદ કરતા સાંભળ્યો હોય કે મુસલમાનો મારી મદદ      કરો પણ તે એની ફરિયાદ ન સાંભળે અર્થાત તેની મદદ ન કરે તો તે મુસલમાન નથી.

## લોકોના માલથી બચવું.

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામનું વર્ણન.

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામએ મદીનાનો પોતાનો એક બાગ સીમાબંધી માટે એક ગુલામને સોંપ્યો.એક દિવસ આપ બાગની ચાર દિવારી જોવા માટે ગયા તો તેમને એ જોઈ ગુસ્સો આવ્યો કે ગુલામે તેમના કહેવા મુજબ ચાર દિવારી નહોતી કરી. બલ્કે તેણે

કેટલિક દિવાલો એવી રીતે ઊભી  કરી હતી કે પૂરો ઘેરાવ જ ખરાબ થઈ ગયો હતો.

આપને આ જોઈ ગુસ્સો આવ્યો અને આપે ગુલામને એક ચાબખો માર્યો.

ચાબખો માર્યા પછી આપ ઘણા મુંઝાણા અને પોતાના ઘરે પહોંચ્યા પછી એ ગુલામને બોલાવ્યો અને તેના હાથમાં ચાબખો આપી  ફરમાવ્યું: મેં તને ચાબખો માર્યો હતો તેના બદલામાં તું મને એક ચાબખો માર.

ગુલામે કહ્યું : મૌલા ! એ અશક્ય છે , આપે તો ખોટું કામ કરવા બદલ ચાબખો માર્યો હતો અને ચેતવણી આપી હતી. આપે મારા પર કોઈ ઝુલ્મ નહોતો કર્યો અને આપના આ પગલાને હું તદ્દન યોગ્ય સમજુ છું. એટલે હું આપથી કોઈ બદલો નહીં લઉં. ઇમામ અલય્હિસ્સલામ એ ઘણી વાર તેને આગ્રહ કર્યો પણ ગુલામે દરેક વાર ઇન્કાર કર્યો. તો આપે ફરમાવ્યું: જા , મેં એ બાગ તને ભેટ આપી દીધો.

# ગળાનો હાર અને અલી બિન અબી રાફેઅ

અલી બિન અબી રાફેઅ હઝરત અલી અલય્હિસ્સલામના શાસનકાળમાં બયતુલ માલના ખજાનચી હતા. બસરાથી મરવારીદનો એક હાર બયતુલ માલમાં આવ્યો.

ઈદના દિવસો નજીક હતા. હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામની એક સાહેબઝાદીએ તેની પાસે કહેણ મોકલ્યું કે મેં        સાંભળ્યું છે કે આપની પાસે બયતુલ માલમાં મરવારીદનો એક હાર મૌજૂદ છે. આપ મને થોડા દિવસો માટે ઉછીનો

આપશો. ઇન્શાઅલ્લાહ ઈદ પછી હું તમે પાછો આપી દઈશ.

અલી બિન રાફેએ હાર ઉછીના દેવા પર ઝમાનત લીધી અને હાર તેમને મોકલી આપ્યો. સાહેબઝાદીએ ઈદના દિવસે એ હાર પહેર્યો. જોગાનુજોગ મૌલા અલી અલય્હિસ્સલામની નજર તેના પર જઇ પડી.

આપે અલી બિન રાફેઅને બોલાવી ફરમાવ્યું: ઇબ્ને અબી રાફેઅ શું તમે અમાનતમાં ખયાનત કરો છો?

અલી બિન અબી રાફેએ કહ્યું: ખુદાની પનાહ , એવુ તો હું વિચારી પણ નથી શક્તો.

આપે ફરમાવ્યું: તો પછી તમે મારી બેટીને બસરાથી આવેલ હાર કેવી રીતે દઈ દીધો?

અલી બિન અબી રાફેએ કહ્યું: મૌલા આપની બેટી અમીન છે, અને મેં ઝમાનત પર એ હાર આપ્યો છે.

આપે ફરમાવ્યું: સારૂ થયું કે તમે ઝમાનત પર ઉછીનો હાર આપ્યો , નહીંતર મારી બેટી પહેલી હાશમી ખાતૂન હોત જેના હું હાથ કાપી નાખત. આ

વાત સાહેબઝાદીના પણ કાને પડી , તેણીએ પિતાની સેવામાં અરજ કરી: અબ્બાજાન ! હું આપની સાહેબઝાદી છું અને શું બયતુલમાલ પર મારો આટલો પણ હક નથી કે થોડા દિવસ હું એક હાર વાપરી શકું?

અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: ઇન્સાને મનેચ્છાને આધીન થઈ હકનો માર્ગ ન તજવો જોઈએ. શું ઈદના દિવસે બધી મુહાજિર છોકરીઓ આના જેવો હાર પહેરે છે ? જે તમે પહેરી રાખ્યો છે?

# બાળક પર દૂધની અસર

અમારા વાચકો ઇમામુલ હરમયન અબૂલ મોઆલીના નામથી પરિચિત હશે.

આ એજ અબૂલ મોઆલી છે જેઓ મક્કા મદીનામાં એક  લાંબા અરસા રહ્યા પછી જયારે નેશાપૂર આવ્યા તો એ સમયે અલપ અરસલાન સલજૂકીની હુકૂમત હતી અને ખ્વાજા નિઝામુલ મુલ્ક તેમનો ચતૂર વઝીર હતો. ખ્વાજા નિઝામુલ  મુલ્કે ઇમામુલ હરમયનના માટે મદ્રેસો બનાવરાવ્યો અને તકરીરો કરવાનું તથા તાલીમ આપવાનું કામ તેમને સોપ્યું.

અબૂલ મોઆલીના પિતા શેખ અબૂ મોહમ્મદ અબ્દુલ્લાહ પોતાના યુગના વિદ્વાન માનવી હતા અને ઘણા સારા કાતિબ હતા , તેઓ પોતાની આજીવિકા ‘કિતાબત’ (લખવાના કામ)થી મેળવતા હતા અને હલાલ રોઝીની કમાઈ ભેગી કરી તેમણે એક કનીઝ ખરીદી હતી.

કનીઝ અત્યંત પરહેઝગાર અને સંસ્કાર પ્રાપ્ય હતી. જયારે તે સગર્ભા થઈ તો શેખ હલાલ રોઝી માટે વધારે કાળજી રાખવા લાગ્યા અને ખોરાક તથા લિબાસમાં કોઈપણ પ્રકારના શંકાસ્પદ માલથી તદ્દન સંયમ જાળવવા લાગ્યા.

અલ્લાહ તઆલાએ એ ઔરતથી બચ્ચુ પૈદા ક્ર્યું તો શેખે તાકીદ કરી કે માના દૂધ સિવાય બચ્ચાને કોઈ બીજી ઔરતનું દૂધ હરગિઝ ન પીવરાવવામાં આવે.

બાળક પોતાની માં નું દૂધ પીતુ રહ્યું. એક  વખત જયારે કે તેની મા બીમાર હતી અને એક પડોશણ ઘરમાં આવેલી હતી. બાળક દૂધ  માટે રોવા લાગ્યું તો પડોશણે દયા ખાતર બાળકને પોતાની છાતી સરસું ચાંપ્યુ અને બાળકે તેનું દૂધ પીધુ.

શેખ પણ અચાનક એ સમયે ઘરે આવ્યા. તેમણે આ દ્રશ્ય જોયું તો ઘણા દુ:ખી થયા. બચ્ચાના મોં

માં આંગળીઓ ઘાલી કે કોઈ રીતે તે ઊલ્ટી કરી નાખે. અંતે બાળકે ઊલ્ટી કરી તો શેખને સંતોષ થઈ ગયો. આ બાળક અબૂલ મોઆલી હતી.

અને કદી કદી અબૂલ મોઆલી ચર્ચા-વિવાદમાં મસ્ત થઈ જતા તો કહેતા હતા. આ એ દૂધની અસર છે , જે પ્રયત્નો કરવા છતાં નિકળી નહોતું શક્યું.

ઇસ્લામ નવોદરની તાલીમને ઘણુ મહત્વ આપે છે અને મા-બાપ માટે લાઝિમ બનાવે છે કે તેઓ હલાલ રોઝી ખાય. જેથી નુત્ફો (વીર્ય) હલાલ ખોરાકથી બને અને બાળકને સદા હલાલ રોઝી

ખવરાવે જેથી તેમાં હરામ રોઝીની ભેળસેળ ન થાય અને માતાઓને હુકમ આપ્યો છે કે તે પોતાના બાળકોને પોતે ઉછેરે. તેને પોતાનું દૂધ પાય, જેથી બાળકના દિલમાં મા-બાપની મોહબ્બત પૈદા થાય.

માનું દૂધ બચ્ચામાં સંસ્કાર રેડવામાં લાભદાયક નિવડે છે.

હઝરત ઇસા અલય્હિસ્સલામએ સેંકડો સ્ત્રીઓને ઠુકરાવી પોતાની અમીન અને સજ્જન માંનું દૂધ પીધુ. અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ચારસો સ્ત્રીઓએ

પીવરાવવાની કોશિશ કરી પણ આપે કોઈ સ્ત્રીનું દૂધ ન સ્વિકાર્યું. હઝરત હલીમા સઆદિયા તેની સજ્જનતાના કારે અલ્લાહે આ માન આપ્યું કે એ જ રસૂલની દૂધમા બનવાનો યશ પ્રાપ્ત થયો.

હઝરત રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે દૂધ બાળકનો સ્વભાવ અને પ્રકૃતિ ફેરવી નાખે છે અને માના દૂધનો નવોદરનો સંસ્કાર અને ચારિત્ર્યથી સીધો સબંધ છે.

અમને એ જોઈ આઘાત દુ:ખ થાય છે કે આજની માઓ પોતાના બાળકોને પોતાના દૂધથી વંચિત

રાખે છે અને તેના માટે પોતાની તંદુરસ્તીની સલામતીનું બહાનુ બનાવવામાં આવે છે જયારે કે વૈદિક દ્રષ્ટિએ આ હકીકત બિલ્કુલ સાચી છે કે બાળકને દૂધ પીવરાવવાવાળી સ્ત્રી વધારે નીરોગી હોય છે.

કાંતો પછી ડબ્બાના દૂધથી બાળકોને ઉછેરવામાં આવે છે. પ્રથમ તો જાણે એ દૂધ હલાલ તત્વોનું બનેલું હોય છે કે તેમાં હરામની પણ ભેળસેળ હોય છે.

જો આપણે તેને પાક અને હલાલ પણ માની લઈએ, તો જે બાળક ગાયનું દૂધ પીઈને જવાન

થશે તેના દિલમાં માની મોહબ્બત કેવી રીતે આવશે?

આ લખાણ દ્વારા ઇમાનદાર નારીઓથી અમારી વિનંતી છે કે તેઓ પોતાના બાળકોને પોતાનું જ દૂધ પીવરાવે. બજારના દૂધથી હર હાલતમાં પરહેઝ કરે.

## હારૂન રશીદ અને બહેલુલ દાના

એક દિવસ હારૂનને માર્ગમાં જ બહેલુલ દાનાથી મુલાકાત થઈ ગઈ. હારૂને કહ્યું: મને ઘણા સમયથી તને મળવાની ઇચ્છા હતી.

બહેલુલ દાનાએ કહ્યું: પણ મને તને મળવાની જરાય ઇચ્છા નહોતી.

હારૂને બહેલુલ દાનાથી માંગણી કરે કે તેને કોઈ બોધ આપે.

બહેલુલ દાનાએ કહ્યું: હું તને શું નસીહત કરૂ? આ મોટી મોટી ઇમારતો છે , આ કબ્રસ્તાન છે , મોટા મોટા મકાનો બનાવનારા આજે સાંકડી અંધારી કબ્રોમાં છે. એ દિવસને સદા યાદ રાખો જયારે તમારે હાકિમોના હાકિમના દરબારમાં હાજર થવાનું છે, જયાં ઘણા સુક્ષ્મ અવલોકનથી એક એક કણનો હિસાબ લેવામાં આવશે. જયાં કોઈપણ પ્રકારની ભલામણ કે લાગવગ કે ભેટ કામ નહીં આવે. બતાવો એ દિવસે ખાલી હાથે જઈને ખુદાને શું જવાબ આપશો? એવું ન થાય કે તારા ખાલી દામન પર મહેશરવાળાઓ હસે નહીં.

બહેલુલ દાનાની આ નસીહત સાંભળી હારૂન રોવા લાગ્યો અને તેના આંસુઓથી તેનો પાલવ ભીંજાઈ ગયો.

## બહેલુલ દાનાની હિંમત અને નિડરતા

હારૂન રશીદ હજની સફર કરી પાછો ફરી રહયો હતો. બેહલુલ દાના રસ્તામાં ઊભા હતા અને તેને જોઈને ત્રણ વખત અવાજ આપી.   હારૂન હારૂન ! હારૂને પૂછ્યું આ કોણ અસભ્ય છે. જે આવી રીતે મને બોલાવી રહયો  છે. લોકોએ કહ્યું: એ પાગલ બહેલુલ છે.

હારૂને બેહલુલ દાના તરફ રૂખ કરી કહ્યું: તને ખબર છે કે હું કોણ છું?

બહેલુલ દાનાએ કહ્યું: હું જાણુ છું , તું એ મઝલૂમ છે કે જો ઝુલ્મ પૂર્વમાં હોય અને તું એ સમયે પશ્ચિમમાં હો તો પણ   તારાથી એ વિશે જરૂર પૂછવામાં આવશે.

આ સાંભળી હારૂન રોવા લાગ્યો અને કહ્યું: તમારી કોઈ હાજત હોય તો બતાવો.

બહેલુલ દાનાએ કહ્યું: મારી હાજત એ છે કે હુકમ આપ કે મારા ગુનાહ માફ કરી દેવામાં આવે અને મને જન્નતમાં દાખલ કરવામાં આવે

હારૂને કહ્યું: આ તો મારા બસની વાત નથી. હું તારો કર્જો ઉતારી શકું છું.

બહેલુલ દાનાએ કહ્યું: કર્ઝની ચુક્વણી પોતાના અંગત માલમાંથી કરવી જોઈએ. બીજાના માલમાંથી કર્ઝ અદા નથી થતું. આપ માત્ર એટલું જ કરો કે લોકોનો માલ તેઓને પાછો આપી દયો.

હારૂને કહ્યું: હું તારા માટે સાલિયાણાનો હુકમ કરૂ છું જે તને જીવનભર મળતું રહેશે.

બહેલુલ દાનાએ કહ્યું: આપણે બધા ખુદાના બંદા છીએ એ કેમ બની શકે કે અલ્લાહ તને યાદ રાખે અને મને ભૂલાવી દે.

## ખલીફાનો ખોરાક

એક વખત હારૂન રશીદે પોતાનું ખાસ ખાવાનું ગુલામના હાથે બેહલુલને મોકલાવ્યું. બહેલુલે ખલીફાનું ખાવાનો ઇન્કાર કરી દીધો અને કહ્યું: સામે હમામ છે. હમામની પાછળ ચાલ્યો જા ત્યાં કુતરાઓ હશે. આ ખાવાનું જઈને કુતરાઓને નાખી આવ. ગુલામ નારાઝ થયો અને કહેવા લાગ્યો: મૂર્ખ આ ખલીફાનો ખોરાક છે. જો હું આ ભોજન વઝીરો અને ઉમરાવો પાસે લઈ જાત તો તેઓ મને ઇનામ આપત.

બહેલુલે કહ્યું: ધીમે બોલ, જો કુતરાઓ સાંભળી લેશે તો એ પણ નહીં ખાય.

## માનવાધિકારનો એક નમૂનો

હઝરત ઇસા અલય્હિસ્સલામ એક કબ્ર પાસેથી પસાર થયા. તેમણે અલ્લાહથી યાચના કરી કે તે એ મુર્દાને જીવતો કરે. એટલે     મુર્દુ જીવતું થઈ કબ્રની બહાર આવ્યું.

હઝરત ઇસાએ પૂછ્યું: કબ્રમાં તારા પર શું વીતે છે?

તેણે કહ્યું: હું મજુર હતો અને લોકોના ભાર ઉપાડયા કરતો હતો. એક વખત હું કોઈ બળતણ ઉપાડી જઈ રહયો હતો મેં તેમાંથી એક     સળી ખિલાલ

કરવા કાઢી. મરવા પછી આજ દિન સૂધી મને એ એક સળીની સઝા મળી રહી છે.

## મુકદ્દસ અર્દબેલીનો સંયમ

હઝરત મુકદ્દસ અર્દબેલી માનવ અધિકારના મામલામાં ઘણા સંયમી હતા. આપ મોટે ભાગે નજફે અશરફથી ભાડેથી ગધેડો અથવા ઘોડો લઈને કાઝમૈન જતા.

એક વખત આપે એક શખ્સથી ભાડે ગધેડો લીધો એ જ અરસામાં એક શખ્સ એક પત્ર તેમની પાસે લાવ્યો અને અરજ કરી કે આપ આ પત્ર કાઝમૈનમાં ફલાણા માણસને આપી દેજો.

મુક મુકદ્દસ અર્દબેલીએ કહ્યું કે મેં ગધેડાના ધણીથી પત્ર પહોંચાડવાની રજા નથી લીધી. આવો તેના માલિકથી રજા લઈએ, પણ ઘણી શોધખોળ કરવા છતાં ગધેડાનો માલિક ન મળી શક્યો તો મુકદ્દસ અર્દબેલીએ પૂરો રસ્તો પગપાળા પસાર ક્યોં અને પત્ર દેવા પછી પાછા ફરતા ગધેડા પર સવાર થયા.

અલ્લાહ તઆલા હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામના વાસ્તાથી બધા ઈમાન વાળાઓને આવા પ્રમાણિક બનાવે.

# અકીલની માંગણી

ઇબ્ને હજર મક્કી સવાએકે મોહર્રેકામાં લખે    છે કે એક વખત અકીલ હઝરત અલી અલય્હિસ્સલામની સેવામાં આવ્યા અને તેઓથી અરજ        કરી: હું તંગદસ્ત છું. મને બયતુલ માલમાંથી કંઈક આપો.

હઝરત અલી અલયિહસ્સલામએ ફરમાવ્યું: ભાઈ ધીરજ ધરો. હું મુસલમાનોમાં જેવુ વર્ષાસન વહેંચીશ, તમને પણ તમારો ભાગ મળી જશે.

અકીલે જયારે વધારે આગ્રહ ક્યોં તો આપે ફરમાવ્યું: બજારમાં જાઓ અને કોઈ દુકાનનું તાળું તોડી સામાન ઉપાડી લ્યો.

અકીલે કહ્યું: તો શું આપ મને ચોર બનાવી પોતાની અદાલતમાં લાવવા માંગો છો?

હઝરત અલી અલય્હિસ્સલામએ કહ્યું તમે તો એક મુસલમાનના ચોર થવા નથી માંગતા અને મને બધા મુસલમાનોના માલનો ચોર બનાવવા માંગો છો.

અકીલે કહ્યું: જો એમ છે તો હું મોઆવિયા પાસે ચાલ્યો જઈશ.

આપે ફરમાવ્યું: તમે જાણો અને મોઆવિયા જાણે.

એટલે અકીલ મોઆવિયા પાસે ચાલ્યા ગયા અને તેનાથી મદદની માંગણી કરી. મોઆવિયાએ તેને એક લાખ દિરહમ આપ્યા અને તેનાથી માંગણી કરી કે તેઓ મિમ્બર પર જાય અને લોકોને બતાવે કે તેમનાથી અલી અલય્હિસ્સલામએ કેવો વર્તાવ ર્ક્યો અને મોઆવિયા એ કેવો વર્તાવ ર્ક્યો?

અકીલ મિમ્બર પર ગયા અને કહ્યું: લોકો મેં અલીથી તેનો દીન આચંકવા ચાહ્યો મગર અલી અલય્હિસ્સલામએ મને તેનો દીન છીનવા ન  દીધો. તો હું મોઆવિયા પાસે ચાલ્યો આવ્યો તેણે મને પોતાના દીન પર સરસાઈ આપી.

રવઝાતુલ જિન્નાતના કર્તા લખે છે કે મોઆવિયાએ તેને કહ્યું કે તમે મિમ્બર પર જઈને (ખુદાની પનાહ) અલી અલય્હિસ્સલામ પર લઅનત કરો.

અકીલે કહ્યું: લોકો મને મોઆવિયાએ હુકમ આપ્યો છે કે અલી અલય્હિસ્સલામ પર લઅનત કરો. પણ હું તમને કહુ છું કે મોઆવિયા પર લઅનત કરો.

## શું બહેલુલ દાના ખરેખર પાગલ હતા ?

સય્યદ નેઅમતુલ્લાહ શુસ્તરી પોતાની કિતાબ ‘ગરાએબુલ અખ્બાર’માં લખે છે કે હારૂન ઇચ્છતો હતો કે કોઈને બગદાદનો મુખ્ય  ન્યાયધિશ (કાજી) નીમે. તેણે પોતાના સલાહકારોથી મશ્વેરો ર્ક્યો તો બધાએ બહેલુલ દાનાનું નામ રજૂ ર્ક્યું.

હારૂને બહેલુલ દાનાને દરબારમાં બોલાવ્યા અને તેને બગદાદના ન્યાયધિશના હોદ્દાની ઓફર કરી અને કહ્યું કે આ કામમાં તમે મારી મદદ કરો.

બહેલુલ દાનાએ કહ્યું: હું મારામાં આ કામની લાયકાત નથી જોતો.

હારૂને કહ્યું: બગદાદના લોકો કહે છે કે તમે તેના હકદાર છો,પણ તમે ઇન્કાર કરી રહ્યા છો.

બહેલુલ દાનાએ કહ્યું: બાદશાહ હું મારા વિશે લોકોથી વધારે જાણુ છું. અને મારી આ વાત બે સ્થિતિથી ખાલી નથી.

(૧) કાં તો હું સાચો છું કે મારા અંદર કાઝી બનવાની આવડત નથી. તો આપ એક અયોગ્ય

શખ્સને આવો અગત્યનો હોદ્દો શા માટે દેવા માંગો છો?

(૨) અથવા તો પછી હું આ કથનમાં ખોટો છું અને માની લ્યો કે હું જૂઠો છું તો આપ એક જૂઠા શખ્સને કાઝી બનાવવા પર કેમ આગ્રહ કરો છો?

હારૂને કહ્યું: કોઈપણ ભોગે તમારે આ હોદ્દો કબૂલ કરવો પડશે. બહેલુલ દાનાએ એક રાતની મોહલત માંગી.

અને જેવી સવાર થઈ બહેલુલ દાનાએ પોતાને દીવાનો બનાવી લીધા અને લાકડાના ઘોડા પર

સવાર થઈ બગદાદની બજારમાં ઘુમવા લાગ્યા અને કહેવા લાગ્યા લોકો હટો ક્યાંક મારો ઘોડો તમને કચેડી ન મારે.

લોકોએ કહ્યું: હાય અફસોસ બહેલુલ દાના તો પાગલ થઈ ગયા. આ ખબર હારૂનને સંભળાવવામાં આવી કે બહેલુલ દાના પાગલ થઈ ગયા છે. તો હારૂન રશીદે કહ્યું: હું સારી રીતે જાણુ છું તે પાગલ નથી , પરંતુ તેણે આ બહાને પોતાનો દીન સાચવી લીધો છે.

અબૂ હમ્ઝા શેમાલીએ હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામથી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું: બની ઇસરાઈલની કૌમમાં એક આલિમ હતો. જે તેઓના ઝઘડાઓનું નિવારણ કર્યા કરતો હતો.

જયારે તેના મૃત્યુનો સમય નજીક આવ્યો તો તેણે પોતાની પત્નિને કહ્યું: જયારે હું મરી જાઉં તો મને ગુસ્લ કફન આપી મારા મોં પર એક કપડુ નાખી દેજે. ઔરતે તેની વસીય્યત મુજબ અમલ કર્યો, પછી કુતુહલવૃતિથી લાચાર થઈ તેના મોં પરનું

કપડુ હટાવ્યું તો જોયું કે તેના પતિના નાક પર એક કીડો બેસેલો છે અને તેની નાકને ખાઈ રહયો છે.

સ્ત્રી આ દ્રશ્ય જોઈ ભયભિત થઈ ગઈ. સ્વપ્નમાં તેણીના શૌહરે તેણીને કહ્યું: કીડો જોઈને તું ડરી ગઈ?

ઔરતે કહ્યું: જી હા , હું કીડો જોઈને ભયભીત થઈ ગઈ હતી. કાઝીએ કહ્યું: જાણો છો આ કીડો મારા પર કેમ ચડી બેઠો છે?

પત્નિએ કહ્યું: ના મને કંઈ ખબર નથી.

કાઝીએ કહ્યું: આ તારા ભાઈની મોહબ્બત અને લાગણીના કારણે થયું છે.

પત્નિએ પૂછ્યું: એ કઈ રીતે?

તો તેણે કહ્યું: હું કાઝી હતો. એક વખત  તારો ભાઈ અને એક શખ્સમાં તકરાર થઈ ગઈ. ચુકાદો મારે આપવાનો હતો. મેં દિલમાં  કહ્યું કે ખુદા કરે તારો ભાઈ બચી જાય. અને બેગુનાહ પુરવાર થાય. એટલે પછીની ગવાહીઓથી પણ તારો ભાઈ નિર્દોષ પુરવાર થઈ ગયો. મને આ સઝા માત્ર એટલા માટે આપવામાં આવી છે કે મેં બન્ને પક્ષોમાંથી એકના

માટે દિલમાં ફૂણી લાગણી રાખી.   જયારે કે મારી સામે બન્ને પક્ષો સમાન હોવા જોઈએ.

# કાઝીએ આ રીતે ફેંસલો કરવો જોઈએ

મહાન આલિમ મુલ્લા મોહમ્મદ કઝાઝી કુમ શહેરના કાઝી હતા અને એજ અરસામાં તેના ભાઈએ કોઈ શખ્સને મારી નાખ્યો.

મરનારના વારિસોએ તેની અદાલતમાં કેસ માંડયો. અને તેના ભાઈ વિરુધ્ધ પોતાની શંકાઓ વ્યક્ત કરી. પણ દાવાની સચ્ચાઈ  માટે તે પૂરતા ગવાહ રજૂ ન કરી શક્યો. કાઝીએ શકનો લાભ આપતા પોતાના ભાઈને છોડી મૂક્યો.

ઘણા સમય પછી જયારે કાઝીના ભાઈને લાગ્યું કે હવે આ કેસને કાઢી નાખ્યે એક મુદ્દત વિતી ગઈ છે તો તેણે એક દિવસ પોતાના ભાઈની સામે ખૂનનો ઇકરાર કર્યો.

કાઝી સાહેબે જેવી ભાઈની જીભે કત્લ જેવા ગુનાહની કબૂલાત સાંભળી તો તેણે મરનારના વારિસોને સંદેશો મોકલ્યો કે મને તમારો ખૂની મળી ગયો છે અને તેણે મરનારના વારિસોને કિસાસનો હક આપી દીધો.

મરનારના વારિસ કાઝીનો ચુકાદો લઈ હાકિમ પાસે ગયા જેથી તે એના ફરમાન પર પોતાનું મત્તું મારે. જેથી કાઝીના હુકમ પર અમલ થઈ શકે.

હાકિમે કહ્યું: આવા ન્યાયના માલિક શખ્સના ભાઈને કત્લ કરી તમે તેને દુ:ખ ન પહોંચાડો. તેણે પોતાની પ્રમાણિક્તા પ્રમાણે  તમારા હકમાં ચુકાદો આપી દીધો છે. તમારે પણ વિશાળ દિલથી કામ લઈ ખૂન માફ કરી દેવું જોઈએ.

એટલે તેઓએ ખૂન માફ કરી દીધુ.

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી અન્વારુલ નોમાનિયાના મૌત પછીની હાલતોના પ્રકરણમાં લખે છે કે એક નેક શખ્સનું મરણ થયું. મોટી સંખ્યામાં માણસોએ તેના જનાઝામાં ભાગ લીધો. એક શખ્સને સ્વપ્નમાં તેના દર્શન થયા. તો તેણે પૂછ્યું કે ખુદાએ તારાથી કેવો વર્તાવ ર્ક્યો?

મરનારે કહ્યું: મહાન પાલનહારે મારા પર કૃપા કરી અને મને મહેરબાની અને ઇનામથી નવાઝયો , પરંતુ હિસાબ ઘણો આકરો થયો. હું મારા જીવનમાં એક વખત રોઝાની હાલતમાં હતો અને હું મારા

એક અનાજવાળા  દોસ્તની દુકાને બેઠો હતો અને થોડી વાર ત્યાં બેસી વાતો કરતો રહયો. એજ અરસામાં ઘઉંનો એક દાણો મેં ઉપાડયો અને પોતાના દાંતેથી તેના બે ટુકડા  ર્ક્યા. પછી વિચાર્યું કે ઘઉં તો મારા નથી. મેં તો દાણો ઘઉંના ઢગ પર નાખી દીધો, પછી ઘરે ચાલ્યો ગયો.

મરવા પછી કબ્રમાં મારી પાસે એ દાણાનો પણ હિસાબ લેવામાં આવ્યો અને એ દાણાના નુકસાન બરાબર મારી નેકી ઓછી કરી દેવામાં આવી.

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી વધારામાં લખે છે કે કયામતના દિવસે દરેક શખ્સને એક ઊંચા સ્થળે

ઊભો કરી દેવામાં આવશે. અને મુનાદી પોકારશે. લોકો આજ હિસાબનો દિવસ છે. એ શખ્સને જુઓ અને કોઈને તેનાથી લેવાનું હોય તો માંગણી કરો. મહેશરના મેદાનમાં ઊંચા સ્થળે ઊભો રહેનારો શખ્સ પોતાના દરેક જાણીતાથી ગભરાશે કે કદાચને તે કોઈ હકની માંગણી કરી બેસે. અને રિવાયતોથી પૂરવાર થાય છે કે હર દિરહમના છઠઠા ભાગ (૧/૬) ના બદલામાં સાતસો કબૂલ થયેલી નમાઝો કાપી તે હકદારને આપવામાં આવશે.

## ગરીબ અને નિરાધાર

એક દિવસ જનાબે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ પોતાના સહાબીઓને પૂછ્યું: ગરીબ અને નિરાધાર કોણ છે?

સહાબીઓએ અરજ કરી યા રસૂલલ્લાહ ! એ શખ્સ ગરીબ અને નિરાધાર છે જેની પાસે માલ અને દૌલત ન હોય.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: એવો શખ્સ ગરીબ નથી. હકીકી ગરીબ એ છે જે ક્યામતના દિવસે એ

સ્થિતિમાં આવે કે તેના માથા પર લોકોના હક્કો હોય. અર્થાત કોઈને બેક્સૂર માર્યો હોય. કોઈને ગાળો ભાંડી હોય અથવા કોઈ અન્યનો હક ગસબ ર્ક્યો હોય , અથવા ખાઈ ગયો હોય. જો આવા શખ્સના આમાલનામામાં નેકી હશે તો તેની નેકીઓ બીજાઓને સોંપી દેવામાં આવશે અને જો તેના આમાલનામામાં નેકીઓ નહીં હોય તો જેનો હક માર્યો છે તેના ગુનાહો તેના આમાલનામામાં લખી લેવામાં આવશે. એટલે આ ખરેખર ગરીબ અને નાદાર છે અને કુરઆને કરીમની આ આયત પણ એ સંકેત આપે છે. (વલ યોહમેલન્ન અસકાલહુમ વઅસ્કાલન મઅ અસ્કાલેહિમ) તેઓ પોતાનો ભાર

ઉપાડશે અને પોતાના બોજ સાથે બીજાઓનો બોજ પણ ઉપાડશે.

## અંગૂઠીના હિસાબથી ડરવાવાળો

હારૂન રશીદ અબ્બાસીના ઘણા પુત્રો હતા.  તેમાંથી એક પુત્રનું નામ કાસિમ મોઅતમિન હતું. તેને દુનિયાના રંગરાગથી કોઈ    મતલબ નહોતો. તે મોટાભાગનો સમય નમાઝો અને કુરઆનની તિલાવતમાં પ્રવૃત રહેતો  હતો અને અત્યંત સાદા કપડા પહેરતો હતો.

હારૂનના એક સાથીએ તેને આવી સ્થિતિમાં જોયો તો હસવા લાગ્યો.

હારૂને તેના હસવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું: આપનો આ પુત્ર આવી જાતના હલકા કપડા પહેરી લોકોમાં જાય છે અને એ આપની બદનામીનું કારણ છે.

હારૂને કહ્યું: નહી , મૂળ વાત એમ નથી. અમે હજી સૂધી તેને કોઈ પ્રદેશની ગવર્નરી આપી નથી એટલે આમ છે. અને જેવી અમે તેને કોઈ પ્રદેશની હુકૂમત તેને સોંપશુ તો એ પણ બાદશાહોના વસ્ત્રો પહેરવા લાગશે.

હારૂને કાસિમને બોલાવ્યો અને કહ્યું: અય પુત્ર હું તને કોઈ પ્રદેશનો ગર્વનર બનાવવા માંગુ છું , તમે

ત્યાં જઈને શાહી   રોબદાબથી રહો અને ખુદાની બંદગી પણ કરો.

કાસિમે કહ્યું: પિતાજી મારા સિવાય આપના ઘણા પુત્રો છે. આપ આ કામથી મને માફ રાખો અને ખુદાના દોસ્તોની સામે મને શરમીંદા ન કરો.

પરંતુ હારૂને પુત્રની એક ન સાંભળી અને મિસ્રની ગર્વનરી તેના નામે લખી દીધી અને હુકમ આપ્યો કે કાલે સવારે તમારે મિસ્ર જવાનું છે.

કાસિમ રાતોરાત બગદાદથી બસરા ભાગી ગયો. સવારે તેને શોધવામાં આવ્યો તો તે બગદાદમાં

હાજર નહોતો. તેના પગના નિશાનોની ખોજ કરવાથી ખબર પડી કે તે દજલાના કાંઠા સૂધી આવ્યો છે.

કાસિમે એ રાત બગદાદથી ભાગી પોતાને બસરા પહોંચાડયો.

અબ્દુલ્લાહ બસરી કહે છે કે મારા મકાનની દિવાલ ઝીર્ણ થઈ ગઈ હતી અને મને એક મજૂરની જરૂરત હતી. હું મજૂર ગોતવા બજારમાં આવ્યો. મેં મસ્જિદના એક ખૂણામાં એક જવાનને જોયો જે કુરઆનની તિલાવત કરી રહયો હતો અને તેની સામે છીણી અને પાવડો રાખેલ હતો.

મેં પૂછ્યું: કામ કરશો?

તેણે કહ્યું: કેમ નહીં , અલ્લાહે આપણને કામ કરવા તો પૈદા કર્યા છે કે મહેનત કરી હલાલની રોઝી ખાઈએ.

મેં કહ્યું: તો આવો અને મારૂ કામ કરો.    તેણે કહ્યું: કામની પહેલા મારૂ મહેનતાણું નક્કી કરી લ્યો. મેં એક દિરહમની  મજૂરી બતાવી અને તેને લઈને પોતાના ઘરે આવ્યો. સાંજ પડતા સૂધીમાં તેણે બે મજૂરો જેટલું કામ કર્યું.

મેં સાંજના ટાણે તેને બે દિરહમ આપ્યા. પણ  તેણે માત્ર એક દિરહમ લીધો અને બીજો દિરહમ મને પાછો આપી દીધો. અને કહ્યું:  હું નક્કી કરેલી મજૂરીથી વધારે પૈસા નહીં લઉં.

હું બીજા દિવસે તેને લેવા ગયો તો તે ત્યાં  મૌજૂદ નહોતો. મેં એક શખ્સથી તેના વિશે પૂછ્યું તો તેણે બતાવ્યું: તે માત્ર  શનિવારે મજૂરી કરે છે અને બાકીના દિવસોમાં તે અલ્લાહની ઇબાદત કરે છે. મેં  પુરૂ અઠવાડિયુ સબર કરી અને શનિવારના દિવસે ત્યાં ગયો તો તેને હાજર જોયો.  હું ફરી તેને મારા કામ માટે લઈ આવ્યો. તેણે ઘણી લગન અને

મહેનતથી કામ કર્યું. જોહરના સમયે તેણે હાથ પગ ધોયા અને વુઝૂ કરી જોહરની નમાઝ પડી અને પછી સાંજ સૂધી પોતાના કામમાં લાગ્યો રહયો. સાંજે તેણે મારાથી મજૂરી લીધી અને ચાલ્યો ગયો.

મારી દિવાલનું કામ હજી અધુરૂ હતું. ત્રીજે અઠવાડિયે હું ફરી તેને લેવા ગયો તો ખબર પડી કે તે બે ત્રણ દિવસથી બીમાર      છે. મેં તેના ઘરનું ઠેકાણુ પૂછ્યું તો બતાવવામાં આવ્યું કે તે ફલાણા ખંડેરમાં ઉજ્જડ ઘરમાં રહે છે.

હું તેની પાસે ગયો. તાવથી તેની સ્થિતિ નાજુક થઈ ગઈ હતી અને તેનું પુરૂ શરીર તાવની વ્યગ્રતાથી કાંપી રહ્યું હતું.

મેં તેનું માથુ મારા ખોળામાં લીધુ. તેણે આંખો ઉઘાડી અને મને પૂછ્યું: તું કોણ છો?

મેં કહ્યું: હું એ જ અબ્દુલ્લાહ બસરી છું જેની પાસે તમે બે દિવસ કામ કર્યુ હતું. આ સાંભળી તેણે કહ્યું: હા હવે મેં તમને ઓળખી લીધા.

અને કહ્યું: તું મને પણ ઓળખે છે?

મેં કહ્યું: નહીં, તેણે કહ્યું: તો શું તમે મને ઓળખવુ પસંદ કરશો.

મેં કહ્યું: કેમ નહીં

તેણે કહ્યું: તો સાંભળો હું હારૂન રશીદનો પુત્ર કાસિમ છું.

આ સાંભળી મારૂ અંગેઅંગ કાંપી ઉઠ્યું. અને વિચારવા લાગ્યો કે જો હારૂનને ખબર પડી ગઈ કે મેં તેના પુત્ર આગળ મજુરી  કરાવી છે, તો ન જાણે તે મારી સાથે શું વર્તાવ કરશે?

કાસિમ સમજી ગયો કે હું ડરી ગયો છું. તેણે કહ્યું: ગભરાઓ નહીં આ શહેરમાં હજી સૂધી કોઈએ મને ઓળખ્યો નથી. અને જો અત્યારે મારા મરવાનો સમય નજીક ન આવ્યો હોત તો હું તમને પણ મારા વિશે ન બતાવત.મારી એક ઇચ્છા છે કે મારા મરવા પછી મારો પાવડો અને છીણી કોઈ મજૂરને આપજો તે તેનાથી મારી કબ્ર બનાવશે અને મહેનતાણામાં આ સામાન તેને આપી દેજો. મારી પાસે કુરઆને શરીફ છે મને તે ઘણુ વહાલું છે. મારા મરવા પછી કોઈ એવા શખ્સને આપજો જે તેનાથી પ્યાર રાખતો હોય.

એ પછી તેણે મને પોતાની આંગળીમાંથી વીંટી ઉતારીને મને આપી અને કહ્યું: તમે આ લઈને બગદાદ ચાલ્યા જ્જો. ત્યાં મારો પિતા દર સોમવારે ખુલ્લી કચેરી ભરે છે. ત્યાં દરેક સામાન્ય અને ખાસ માણસને જવાની છૂટ હોય છે. તમે પણ ડર્યા વગર ચાલ્યા જ્જો અને મારા પિતાને આ અંગૂઠી આપજો. તે અંગૂઠીને તરત જ ઓળખી કાઢશે. કેમકે એણે પોતે મને આ અંગૂઠી આપી છે.  અને તેને કહેજો કે તમારો પુત્ર કાસિમ બસરામાં મરણ પામ્યો છે. અને મને આ વસીય્યત કરીને મર્યો છે કે આ વીંટી હું તમારી પાસે લઈ જાઉં  , કેમકે તમને સદા  ધન દૌલત એકઠું કરવાની લાલચ રહે છે. અને આ

વીંટીને પણ તમારા માલમાં રાખી લ્યો જેથી તમારા માલમાં વધારો થાય. હું કયામતના દિવસે આ અંગૂઠીનો હિસાબ આપવાથી ડરૂ છું. વસીય્યત પૂરી ક્ર્યા પછી તેણે અચાનક ઊભા થવા ચાહયુ પણ નબળાઈના કારણે ઊભો ન થઈ શક્યો. પછી તેણે ફરીવાર ઊભા થવા ઇચ્છયું. આ વખતે પણ ઊભો થઈ ન શક્યો. પછી તેણે મને કહ્યું: મને તમારા બાવડાનો સહારો આપો અને ઊભો કરો. મારા મૌલા અલી બિન અબી તાલિબ અલય્હિસ્સલામ આવ્યા છે.

મેં તેને ટેકો આપ્યો પછી તેની રૂહ શરીરરૂપી પીંજરામાંથી ઊડી ગઈ.

# કયામતના હિસાબનો એક દાખલો

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ હઝરત સલમાન અને અબૂઝરને બોલાવી તેઓને એક એક દિરહમ આપ્યો, હઝરત સલમાને આપથી લઈને દિરહમ એક ગરીબને આપી દીધો. અને હઝરત અબૂઝરે ઘરનો કંઈક સામાન ખરીદ્યો.

બીજા દિવસે બંને સહાબી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા તો આપે એક પત્થર ગરમ કરાવરાવ્યો અને સલમાનને હુકમ આપ્યો કે તે આ પત્થર પર ઊભા

રહી એક દિરહમનો હિસાબ આપે.   સલમાન તરત જ પત્થર પર ચડયા અને કહ્યું કે આપે જે દિરહમ આપ્યો હતો તે મેં    ખુદાની રાહમાં આપી દીધો. આમ કહી સલમાન તરત જ પત્થર પરથી ઊતરી ગયા.

પછી આપે અબૂઝરને હુકમ આપ્યો કે તેઓ દિરહમનો હિસાબ આપે. અબૂઝર એક દિરહમ વિવિધ જરૂરિયાતો પર ખર્ચ કરી ચુક્યા હતા એટલે અચકાવા લાગ્યા.

રિસલાત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું: અબૂઝર જો તમે ઊભા રહી

નથી શક્તા, તો બેશક ન ઊભા રહો.  હું તમને આ દ્રષ્ટાંતથી માત્ર એટલું બતાવવા માંગતો હતો કે મહેશરના રણમાં આ  પત્થરથી વધારે ગરમી હશે અને ત્યાં તમને હિસાબ દેવાનો છે. એટલે જીવન એવી રીતે જીવો કે હિસાબ દેવામાં સરળતા રહે.

## હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું ચારિત્ર્ય

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મરણ પથારીએ હતા. આપે બિલાલને હુકમ આપ્યો કે લોકોને મસ્જિદમાં ભેગા કરો. બિલાલે લોકોને મસ્જિદમાં ભેગા કર્યા. આપ મસ્જિદમાં પધાર્યા અને મિમ્બર પર બિરાજમાન થયા અને પછી આપે ખુત્બો આપ્યો અને ફરમાવ્યું:

શું મેં તમારાથી ખૂદ પોતે જેહાદ નથી કર્યો? શું તમે લોકોએ મારી સામેના દાંત નથી તોડયા ? અને મારા કપાળને તમે ધુળ વાળુ નથી કર્યુ ? અને શું

ઘાના કારણે મારા ચહેરા પર ખૂન નથી થયું ? અને શું તેનાથી મારી દાઢી રંગીન નથી થઈ ? અને શું હું લોકોના અત્યાચાર અને ઝુલ્મનો શિકાર નથી થયો? અને શું મેં લોકોને તૃપ્ત કરવા માટે પોતાના પેટે પત્થર નથી બાંધ્યા?

હાજર લોકોએ કહ્યું: બેશક , આપ સાચુ કહો છો. આપ પર ઘણા સંકટો પડયા અને આપે સબ્ર કરી અને પૂરી જાન તોડી આપે હક ફેલાવવાની ફરજ પૂરી કરી. અલ્લાહ તઆલા આપને શ્રેષ્ઠ બદલો આપે.

આપે ફરમાવ્યું: અલ્લાહ તઆલા તમને પણ સારો બદલો આપે.

પછી આપે ફરમાવ્યું: અલ્લાહ તઆલાએ પોતાની ઝાતની કસમ ખાઈને પોતા પર જરૂરી કરી દીધુ છે કે જો કોઈ અન્ય પર અત્યાચાર કરે  અલ્લાહ તેને માફ નહીં કરે. હું બધા હાજર રહેલાઓને કસમ આપું છું કે જો મારા  પર કોઈનો હક હતો તો તે ઊભો થઈ પોતાનો હક માંગે. જો મેં કોઈના પર અતિરેક ક્યોં હોય તો તે ઊભો થઈ મારાથી બદલો લ્યે. કેમકે આજ બદલો આપવો આસાન છે અને

કયામતના દિવસે નબીઓ અને ફરિશ્તાઓની સામે હિસાબ દેવો ઘણો ભારે પડશે.

આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું આ એલાન સાંભળી એક સહાબી જેનું નામ સવાદ બિન કયસ હતું, ઊભો થયો અને કહ્યું: યા  રસૂલલ્લાહ ! મારા મા-બાપ આપ પર કુરબાન  , એક દિવસ તાઈફથી પાછા ફરી રહ્યા હતા અને આપ એ સમયે અસ્બા ઊંટણી પર સવાર હતા અને આપના હાથમાં મઅસૂકની લાઠી હતી. હું એ સમયે આપને સત્કારવા આવ્યો હતો. આપે લાઠી ઉપાડી, પોતાની ઊંટણીને મારવા ચાહી હતી. પણ બનવાકાળ તે

મને લાગી ગઈ હતી. મને ખબર નથી કે એવું જાણી જોઈને થયું હતું કે અજાણતામાં.

હું ખુદાની પનાહ માંગુ છું. જાણીજોઈને એમ નથી થયું.

પછી આપે બિલાલને હુકમ આપ્યો કે ફાતેમા ઝેહરા સલામુલ્લાહે અલયહાના ઘરેથી એ લાઠી લઈ આવે. બિલાલ હઝરત સય્યદા સલામુલ્લાહે અલયહા ના દરવાજે આવ્યા અને લાકડી માગી.

જનાબે સય્યદા સલામુલ્લાહે અલયહાએ કહ્યું: અત્યારે મારા પિતાશ્રી લાકડી શા માટે મંગાવે છે?

બિલાલે જનાબે સય્યદા સલામુલ્લાહે અલયહા ને બનાવ સંભળાવ્યો કે એક મુસલમાન અત્યારે આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી  વસલ્લમથી બદલો લેવા માંગે છે. આ સાંભળી જનાબે સય્યદા સલામુલ્લાહે અલયહા  ઘણું રોયા અને બિલાલને લાકડી આપી દીધી. બિલાલ લાકડી લઈને પયગમ્બર    સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા.

આપે સવાદ બિન કયસને સાદ આપી ફરમાવ્યું: આ લાકડીથી તારો બદલો લે અને મારાથી રાઝી થઈ જા.

સવાદ આગળ વધ્યો અને કહ્યું: યા રસૂલલ્લાહ ! જયારે આપે મને લાકડી મારી હતી ત્યારે મારા શરીર પર ખમીસ નહોતી. આપ આપના શરીર પરથી ખમીસ હટાવો.

આપે ખમીસ હટાવી તો તેણે રજ કરી આપ રજા આપો તો પ્રથમ બદલાની જગ્યાને ચુમી લઉં.

આપે ઇજાઝત આપી. સવાદે આગળ વધી પવિત્ર બદનને ચૂમી ભરી અને કહ્યું કે હું મારા હોઠ આપના બદનથી મેળવી ચુક્યો છું. હવે મને આશા છે કે, ખુદા મને જહન્નમના અઝાબથી બચાવશે.

આપે ફરમાવ્યું: બદલો લેવા માંગે છે કે માફ કરવા માંગે છે.

સવાદ બિન કયસે કહ્યું: યા રસૂલલ્લાહ ! મેં માફ કર્યું. પણ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ દુઆ માટે બન્ને હાથ ઊંચા કર્યા અને કહ્યું: ખુદાયા જેવી રીતે સવાદે તારા રસૂલને માફ કરી દીધો, તું પણ સવાદના ગુનાહ માફ કરી દે.

આમ કહી આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મિમ્બર પરથી નીચે પધાર્યા અને ઉમ્મે સલમાના ઘર તરફ રવાના થયા. અને રસ્તામાં

એજ કહી રહ્યા હતા. અય ખુદા મારી ઉમ્મતને દોઝખના ભડકાઓથી બચાવ અને કયામતના દિવસનો હિસાબ તેમના પર સરળ કરી દે.

## હઝરત અલી અલયહિસ્સલામના દોસ્તોને ઓળખો.

અલ્લામા અમીની (રહે.)એ અલ-ફરીદના ભાગ ૧૦માં અકદુલ ફરીદના હવાલાથી નકલ કર્યું છે કે , અબૂ સહેલ તમામી કહે છે કે મોઆવિયા બિન અબૂ સુફિયાન એક વરસ હજ કરવા આવ્યો તેણે દરમિયા હજૂનીયાને હાજર કરવાનો હુકમ આપ્યો. આ સ્ત્રી હજૂન નામના સ્થળે રહેતી હતી. મોઆવિયાના કાસિદો ખાતૂનને મોઆવિયા સામે લઈ આવ્યા.

આ ખાતૂનનો ચહેરો કાળો હતો અને શરીર ઘણું જાડું હતું.

મોઆવિયાએ તેને કહ્યું: અય જાડી દરમિયા તું કઈ વસ્તુ પર સવાર થઈને આવી?

ખાતૂને કહ્યું: હું એટલી જાડી નથી તો પણ તું મને આ જાડાપણા પર ઠપકો આપવા માંગે છે. તો મારા માટે એ કંઈ ઐબ નથી કેમકે મારો સંબંધ બની કનાનાથી છે અને મારૂ પુરૂ ખાનદાન રૂષ્ટપુષ્ટ છે.

મોઆવિયાએ કહ્યું: તને ખબર છે મેં તને શા માટે બોલાવી છે?

ખાતૂને કહ્યું: ગૈબનું ઇલ્મ ખુદા પાસે છે. હું લોકોના દિલોની વાતો નથી જાણતી.

મોઆવિયાએ કહ્યું: મેં તને એટલા માટે બોલાવી છે કે મને બતાવ કે તું અલીથી મોહબ્બત અને મારાથી નફરત શા માટે કરે છે?

ખાતૂને કહ્યું: સારૂ થશે જો તું મને આ સવાલથી માફ રાખે. પરંતુ મોઆવિયાએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

ખાતૂને કહ્યું: હું અલીથી એટલા માટે  મોહબ્બત કરૂ છું કે હઝરત અલી અલય્હિસ્સલામ ન્યાય પરાયણ

હતા. તેઓ સદા ન્યાય અને સમાનતાનો ખ્યાલ રાખતા હતા અને તારાથી મને નફરત એટલા માટે છે કે તે એનાથી જંગ કરી જે ખિલાફતમાં તારાથી વધારે હકદાર હતા. અને તેં એ સ્થળ પર કબ્જો ર્ક્યો જેને માટે તું લાયક નહોતો.

હું હઝરત અલી અલય્હિસ્સલામથી એટલા માટે મોહબ્બત કરૂ છું કે ખુદાના પયગમ્બરે તેને ખિલાફતના માટે નિયુક્ત ર્ક્યા હતા. અને મારી મોહબ્બતનું એક કારણ એ પણ છે કે અલી ગરીબો અને નિરાધારોથી મોહબ્બત કરતા હતા. અને ખુદાના નેક બંદાઓનું માન જાળવતા હતા. હું

તારાથી એટલા માટે દુશ્મની રાખું છું કે તું નકામુ રક્ત વહાવાને ટેવાએલો છે. અને તારા ફેંસલા ન્યાય પર આધારિત નથી. તું ખુદાના હુકમને બદલે પોતાની ઇચ્છાઓ પર અમલ કરતો રહયો છે.

ખાતૂનના આ કડવા વેણ સાંભળી મોઆવિયાએ કહ્યું: એટલા માટે તો તારૂ પેટ હવા ભરેલું ફુલી ચૂક્યું છે અને તારા થાન લબડી પડયા છે.

દરમિયાએ કહ્યું: અય મોઆવિયા ! જે વાતની તું મારી તરફ સબંધ જોડી રહયો છે એ

વિશેષતાઓમાં તારી કાળજુ ચબાવનારી માં  હિન્દા પોતાના કાળમાં દાખલારૂપ હતી.

મઆવિયાએ ફરી કહ્યું: ખાતૂન આપને ખરાબ લાગ્યું મારો કહેવાનો હરગિઝ એ હેતુ ન હતો જે આપ સમજો છો. અસલ વાત એ છે કે  જયારે સ્ત્રીનું પેટ વિશાળ હોય તો બાળક સંપૂર્ણ ઘડાએલ પૈદા થાય છે. જો  ઔરતના થાન મોટા હોય તો બાળક પેટ ભરીને દૂધ પીએ છે. અને જયારે ઔરત જાડી હોય છે તો માનવંત હોય છે.

મોઆવિયાએ પૂછ્યું: શું તે અલીને જોયા છે?

ખાતૂને કહ્યું: હા, મેં હઝરત અલી અલય્હિસ્સલામના દીદાર ર્ક્યા હતા.

મોઆવિયાએ કહ્યું: તો તને અલી કેવા લાગ્યા?

ખાતૂને કહ્યું: મેં જોયું કે હઝરત અલી અલય્હિસ્સલામતારી જેમ રાજય મળવાથી પોતાની જાતના ધોકામાં નથી આવ્યા અને પોતાની જાતથી હઝરત અલી અલય્હિસ્સલામ બેખબર ન હતા. અને ન તો ધનની ચમકથી  પ્રભાવિત હતા. જેવી રીતે તું પ્રભાવિત છે.

મોઆવિયાએ કહ્યું: શું તે અલીનું ભાષણ પણ સાંભળ્યું છે?

ખાતૂને કહ્યું: જી હા, હઝરત અલી અલય્હિસ્સલામની વાતચીત ઘણી સાફ અને સ્વચ્છ હોતી હતી. અને સીધી દિલના ઊંડાણમાં ઊતરી જતી હતી. હઝરત અલી અલય્હિસ્સલામની વાણી દિલોને જીવન આપતી હતી  અને દિલની પ્યાસને બુઝાવી દેતી હતી.

મોઆવિયાએ કહ્યું: તેં સાચુ કહ્યું  , અને તારી કોઈ હાજત કે માંગણી હોય તે બયાન કર હું પૂરી કરીશ.

ખાતૂને કહ્યું: તો હું ઇચ્છુ છું કે મને એક્સો ઊંટણી અને થોડા ઊંટ દઈ દે.

મોઆવિયાએ કહ્યું: આ બધુ લઈને શું કરીશ?

ખાતૂને કહ્યું: તેના દૂધથી અમે અમારા બાળકોને ઉછેરશું અને ગરીબો અને નાદારોની મદદ કરશું અને અરબ કબીલાઓના ઝઘડા તેનાથી દૂર કરશું.

મોઆવિયાએ કહ્યું:  જો હું એમ કરૂ તો શું તારા દિલમાં મને એજ સ્થાન આપશે , જે તે અલી અલય્હિસ્સલામને આપી રાખ્યું છે?

ખાતૂને ઘણા આશ્ચર્યમાં કહ્યું: સુબ્હાનલ્લાહ ! આ તો અશક્ય છે , જો તું અલીની મોહબ્બતના હજારમાં ભાગની પણ માંગણી કરે તો પણ હું તને નથી દઈ શક્તી.

પછી મોઆવિયાએ બે શેર પડયા અને કહ્યું: જો અલી આજ જીવતા હોત તો તેઓ તને એક ઊંટ પણ ન આપત.

ખાતૂને કહ્યું: ખુદાની કસમ આ સાચુ છે. ‘લાવલ્લાહ વલા વબરત વાહેદતન મિમ માલિલ મુસ્લેમીન. ’ ખુદાની કસમ હઝરત અલી અલય્હિસ્સલામ ઘણા

સંયમી હતા. તેઓ મુસલમાનોના માલ માંથી ઊંટ તો શું ખૂદ તેનો એક વાળ પણ મને ન આપતે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જે કોઈના હકને પામાલ કરે અથવા કોઈ પર ઝુલ્મ અત્યાચાર કરે તો  અસંભવિત છે કે અલ્લાહ તેને માફ કરે. અલ્લાહ તેના માલ અને જાનથી તેનો બદલો જરૂર લેશે. પરંતુ એવા ગુનાહ જે બંદા અને ખુદા વચ્ચે છે  , એ શરતે કે તેનો સબંધ માનવાધિકાર સાથે ન હોય , તો જયારે બંદો તૌબા કરે છે તો અલ્લાહ માફ કરી દે છે.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જો કોઈ શખ્સ કોઈ પર ઝુલ્મ કરે તો અલ્લાહ

તઆલા એ ઝુલ્મના બદલામાં એક શખ્સને ચડાવી દે છે. જે તેના પર ઝુલ્મ કરે છે. અથવા પછી તેની અવલાદની અવલાદ પર ઝુલ્મ કરે છે.

કબીલા નાતઅના એક શખ્સે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી: હું હજજાજ બિન યૂસુફના કાળથી આજ સૂધી ગવર્નર રહયો તો શું મારી પણ તૌબા કબૂલ થઈ શકે છે?

આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામ ચૂપ રહ્યા. તેણે પોતાની વાત પાછી પુનરોચ્ચારી.

તો આપે ફરમાવ્યું: એ શરતે તમારી તૌબા કબૂલ થઈ શકે છે જયારે તમે દરેક હકદારને તેનો હક પહોંચાડી દયો.

તફસીરે હઝરત ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામમાં હઝરત અલી અલય્હિસ્સલામથી રિવાયત છે કે આપે ‘ફત્તકુન્નારલ્લતી વકૂદોહન્નાસ વલ હેજારહ (એ આગથી બચો જેનું બળતણ ઇન્સાનો અને પત્થર હશે) ’ની આયત તિલાવત ફરમાવી અને ફરમાવ્યું:

અય અમારા શીઆઓના સમુહો ! અલ્લાહથી ડરો અને એ દોઝખનું બળતણ બનવાથી બચો , જો કે

તમે કાફિર પણ નથી થયા. આ આગથી બચવાનો માર્ગ એ છે કે પોતાના ભાઈઓ પર ઝુલ્મ કરવાથી પરહેઝ કરો. કેમકે જે શખ્સે પણ એવા મોઅમિન પર ઝુલ્મ કર્યો જે અમારી વિલાયતમાં તેનો ભાગીદાર હોય તો અલ્લાહ તઆલા દોઝખની ઝંજીર તેના પર સખ્ત કરી દેશે અને દોઝખની સાંકળોથી નજાત માત્ર અમારી શફાઅત દ્વારા જ શક્ય છે. પરંતુ અમે તેની ત્યાં સૂધી શફાઅત નહીં કરીએ, જયાં સૂધી તેનો ભાઈ રાઝી નહીં થાય. જો તેનો મોમિન ભાઈ રાઝી થયો તો અમે શફાઅત કરશું. નહીંતર તેણે દોઝખમાં લાંબા સમય સૂધી રહેવું પડશે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું ફરમાન છે જે શખ્સ કોઈ શખ્સને આર્થિક રીતે અથવા અપમાન દ્વારા નુક્સાન આપી ચૂક્યો હોય તો તેના માટે જરૂરી છે કે વ્યથિત શખ્સથી તેની માફી માંગે અને પોતાના દુષ્ટ કાર્યોથી રોકાઈ જાય. અને જો સામા પક્ષવાળો મરી ચૂક્યો હોય તો તેના વારિસોને માલ આપી રાઝી કરે અને પોતાના દુષ્કૃત્યો માટે અલ્લાહ તઆલાથી તૌબા કરે. ત્યાં સૂધી કે અલ્લાહ તઆલા તેના પછતાવા અને તૌબાથી રાઝી થઈ જાય.

# અમાનતની હિફાઝત

## શેખ અબી ઉસ્માનની પ્રમાણિકતા

નેશાપૂર શહેરના એક વેપારીને ક્યાંક જવાનું હતું. તેણે જતા સમયે પોતાની કનીઝને અમાનત તરીકે શેખ અબી ઉસ્માન હમીરીની પાસે લઈ ગયો.

અચાનક એક દિવસ શેખની નઝર કનીઝના ચહેરા પર જઈ પડી. કનીઝ અત્યંત ખૂબસૂરત હતી. શેખ નિરંકુશ રીતે કનીઝને દિલ દઈ બેઠો અને પ્રેમની આગ દિન પ્રતિ દિન વધતી ગઈ.

શેખે પોતાના ઉસ્તાદ અબૂ હફસ હદ્દાદને આ મામલાથી જાણકાર કર્યો. ઉસ્તાદે કહ્યું: તમે આ મસઅલા માટે શેખ યૂસુફને મળો. તેઓ રયમાં રહે છે.

શેખ અબી ઉસ્માન રય ગયો અને ત્યાં લોકોથી શેખ યૂસુફનું ઠેકાણુ પૂછ્યું , લોકો ઘણા આશ્ચર્યથી તેને જોતા રહ્યા અને કહેવા લાગ્યા કે તમે જોયે દેખાવે તો શરીફ ઇન્સાન લાગો છો. તમને શેખ યૂસુફ જેવા બદનામ અને જમાનાએ હડધૂત કરેલા શખ્સથી શું કામ પડ્યું ? લોકોના મેણા અને શેખ યૂસુફ વિશે તેઓનું દ્રષ્ટિબિંદુ સાંભળી , શેખ અબી ઉસ્માન

પોતાના ઉસ્તાદ પાસે પાછો ફર્યો. અને તેઓને બતાવ્યું કે હું તેની મુલાકાત કર્યા વિના આટલા માટે પાછો ચાલ્યો આવ્યો કે પુરૂ શહેર તેને ગુનેહગાર અને બદમાશ સમજે છે. ઉસ્તાદે ફરી ભાર દઈને કહ્યું કે તારા રોગનો ઇલાજ માત્ર શેખ યૂસુફ પાસે છે. તમારે કોઈપણ રીતે તેને મળવુ જોઈએ અને તેની આધ્યાત્મિક્તાના પવિત્ર શ્ર્વાસોથી લાભ ઉપાડવો જોઈએ.

ટુંકમાં ઉસ્તાદનો હુકમ માની શેખ રય આવ્યા અને આ વખતે પણ લોકોએ શેખ યૂસુફનું ઠેકાણું પૂછવા પર તેની ઘણી ટીકા કરી. પણ તે દરેક ટીકાથી

નિસ્પૃહ થઈ શેખ યૂસુફના ઘરે પહોંચી ગયા. શેખનું ઘર એક બદનામ મોહલ્લામાં હતું જેને દારૂ વેચનારાનો મહોલ્લો કહેવામાં આવતો હતો.

શેખ અબી ઉસ્માન જેવો શેખ યૂસુફના ઓરડામાં પ્રવેશ્યો તો જોયું કે એક ખૂબસૂરત નવોદર છોકરો શેખના પડખામાં બેઠો છે અને તેની સામે એક શરાબની બોટલ રાખેલી છે.

આ જોઈને શેખ અબી ઉસ્માન અત્યંત અચંબામાં પડી ગયા અને પૂછ્યું: આપ આ બદનામ મોહલ્લામાં કેમ રહો છો ? જયાં પૂરો દિવસ દારૂ ઢીંચવામાં આવે છે.

શેખ યૂસુફે જવાબ આપ્યો કે હકીક્તમાં વાત એમ છે કે આ ઘર અને મકાનો અમારા અમુક દોસ્તોના હતા. એક ઝાલિમે તેની પાસેથી બધા મકાનો વેચાતા લઈ લીધા અને શરાબ વેચવાનો ધંધો શરૂ ર્ક્યો. પરંતુ મારૂ ઘર કોઈએ ન ખરીદ્યું એટલે હું મારા ઘરમાં રહેવા પર મજબૂર છું.

પછી શેખ અબી ઉસ્માને સવાલ ર્ક્યો: આપે પોતાના ખોળામાં ખૂબસૂરત છોકરો અને સામે શરાબની બોટલ શા માટે રાખી છે?

શેખ યૂસુફે જવાબ આપ્યો: આપ જે છોકરાને જોઈ હેરાન થઈ રહ્યા છો અને બદગુમાનીના શિકાર

બની રહ્યા છો, તો એ આપનો વહેમ છે , કેમકે આ મારો પોતાનો પુત્ર છે અને પુત્રને ખોળામાં બેસારવો કોઈ ગુનાહ નથી.  અને આપ જે બોટલ જોઈ રહ્યા છો તો યકીન કરો કે એમાં પણ સુરકા સિવાય કંઈ નથી.  જયારે કે ઇસ્લામમાં શરાબ હરામ અને ગુનાહોની માં છે અને સુરકો હલાલ છે.

શેખ અબી ઉસ્માને પૂછ્યું પછી આપે પોતાને આ મોહલ્લામાં રહેવાનું રાખી અને સુરકાને દારૂની બોટલમાં ભરી પોતાને બદનામ કેમ કરી લીધા છે.

શેખ યૂસુફે કહ્યું: મૂળ વાત એમ છે કે હું  લોકોને મારા વિશે નેક હોવાના ધોકામાં રાખવા નથી

માંગતો. અને હું એ વાત  કદાપિ પસંદ નહીં કરૂ કે લોકો મને પવિત્ર હસ્તી સમજી પોતાની કનીજો સુધ્ધાને  મારી પાસે અમાનત તરીકે રાખી જાય અને હું તેનાથી ઇશ્ક કરતો ફરૂ અને પછી  પ્યારની આગ બુજાવવા માટે કોઈ તરીકાના પીરને ઢુંઢતો ફરૂ. આ સાંભળી શેખ અબી   ઉસ્માન રોવા લાગ્યા અને આમ તેને પોતાના રોગની દવા મળી ગઈ.

# ઇબ્રાહીમ અધમની બાગબાની

ઇબ્રાહીમ અધમ બયાન કરે છે કે જયારે મેં બાદશાહી અને રાજપાટ છોડી દીધા તો પોતાના વસ્ત્રો પોતાના પિતાના ભરવાડને આપી દીધા અને તેના કપડા પોતે પહેર્યા અને ઇરાક ચાલ્યો આવ્યો.

હું થોડા દિવસ બગદાદમાં રહી મહેનત મજૂરી કરતો રહયો. પણ મને જે મહેનતાણું મળતું હતું તેના હલાલ હોવા વિશે પૂરી રીતે સંતુષ્ટ નહોતો.

મેં બગદાદના આલિમોથી આ અંગે વાતચીત કરી તો તેઓએ કહ્યું: જો તમને હલાલ રોઝીની શોધ છે તો પછી શામ ચાલ્યા જાઓ.

હું શામના પ્રદેશમાં આવ્યો અને મનૂકરા શહેરમાં થોડા દિવસ મહેનત મજૂરી કરતો રહયો. પરંતુ આ શહેરમાં મળનારા મહેનતાણાથી પણ સંતોષ ન થયો.

મેં ત્યાંના આલિમો અને આગેવાનોથી મશ્વેરો  ર્ક્યો તો તેઓએ કહ્યું: જો તમે શુધ્ધ હલાલ રોઝી શોધી રહ્યા છો તો પછી તૂસ  ચાલ્યા જાઓ. ત્યાં હલાલ અને મુબાહ રોઝી પુષ્કળ પ્રમાણમાં છે.

હું શેખોનો હુકમ માની તૂસ ગયો અને થોડા દિવસ ત્યાં મહેનત મજૂરી કરી. હું એક દિવસ એક બાગના દરવાજે ઊભો હતો કે એક શખ્સે કહ્યું: મજૂરી કરશો?

મેં કહ્યું: હા. તો તેણે કહ્યું: અહીંથી થોડા અંતરે એક બાગ છે અને હું ઇચ્છુ છું કે તમે મારા બાગની બાગબાની કરો.

હું ઘણા સમય સૂધી આ બાગમાં બાગબાની કરતો રહયો. એક દિવસ બાગનો માલિક પોતાના દોસ્તોને લઈને બાગમાં આવ્યો. અને થોડો સમય બાગમાં બેસવા પછી તેણે મને માળી કહીને

બોલાવ્યો, હું તેની પાસે ગયો તો તેણે કહ્યું કે તમે બાગમાંથી મીઠા મીઠા દાડમ ચૂંટી લઈ આવો. હું મારો દોસ્તોને ખવરાવવા માંગુ છું. મેં થોડા દાડમ ઝાડ પરથી તોડયા અને તેની પાસે લઈ ગયો. બનવાકાળ એવુ થયું કે મારા તોડેલા બધા દાડમ ખાટા નિકળ્યા.

બાગના ધણીએ મને ઝાડતા કહ્યું: મેં કહ્યું હતું કે મીઠા દાડમ લાઓ અને તમે આ ખાટા દાડમ લાવ્યા છો. અને બાગમાં આટલો સમય રહેવા પછી પણ તમને આજદિન સૂધી મીઠા અને ખાટા દાડમોનું જ્ઞાન નથી?

મેં કહ્યું: જનાબ મારૂ કામ બાગની રખેવાળી કરવાનું છે. મેં આજદિન સૂધી કોઈ અનાર તોડીને ચાખ્યુ નથી, એટલે મને ખબર નથી કે તેમાંથી ક્યા ઝાડના દાડમ મીઠા છે અને કયા ખાટા?

બાગના માલિકે કહ્યું: સુબ્હાનલ્લાહ ! જો તું ઇબ્રાહીમ અધમ પણ હોત તો આનાથી વધારે સંયમ કદી ન કરત.

બીજા દિવસે બાગના માલિકે મસ્જિદમાં જઈને મારી પ્રમાણિક્તા અને વિશ્ર્વસનીયતાનો ઉલ્લેખ ર્ક્યો. તો લોકો મને જોવા આવ્યા અને અમૂક

લોકોએ મને ઓળખી લીધો કે આ ઇબ્રાહીમ અધમ છે.

જયારે મારા માલિકને મારા મૂળની ખબર પડી તો તે દોસ્તોના ટોળા લઈને મને મળવા આવ્યો અને હું ઝાડોની આડ લઈને ભાગી છૂટયો.

ઇઝઝુદ્દવલા દયલમીના સત્તાકળમાં એક મુસાફર બગદાદ આવ્યો અને તેની પાસે સોનાની કંઠમાળા હતી. તે કંઠમાળા વેચવા માટે બજારમાં ગયો. પણ તેને ક્યાંયથી યોગ્ય કિંમત ન મળી શકી તો તેણે વિચાર્યું કે  અત્યારે તેને વેચવી ઉચિત નથી. તે શખ્સ હજ પડવા મક્કા જવા માંગતો હતો. તેણે લોકોને પૂછ્યું કે મારે એક અમાનત રાખવી છે મને કોઈ ભરોસાપાત્રનું ઠેકાણું બતાવો.

લોકોએ કહ્યું કે ફલાણા બજારમાં એક અત્તરવાળો છે જે ઘણો ભરોસાપાત્ર છે. જો તમારે કંઈ અમાનત રાખવી છે તો તેની પાસે રાખો.

લોકોની વાતોમાં આવી મુસાફર અત્તરવાળા પાસે ગયો અને તેને કહ્યું કે હું સોનાની કંઠમાળા આપની પાસે અમાનત રાખવા માંગુ છું અને હજ્જે બયતુલ્લાહથી પરવારી મારી અમાનત આપની પાસેથી પાછી લઈ જઈશ. અત્તરવાળાએ કંઠમાળા પોતાની પાસે રાખી લીધી.

મુસાફર હજ પર ચાલ્યો ગયો. પાછા ફરતી વેળા તેણે અમુક ભેટ સોગાતો ખરીદી અને બગદાદ

આવી એ અત્તરવાળાને એ ભેટો આપી. અને પોતાની કંઠમાળાની માંગણી કરી.

અત્તરવાળાની નિય્યત બગડી ગઈ અને કહ્યું: કેવી અમાનત અને ક્યાંની અમાનત ? હું તો તને ઓળખતો સુધ્ધા નથી અને ન તો તે કોઈદી મારી પાસે અમાનત રાખી છે.

એ બિચારાએ ઘણી નિશાનીઓ બતાવી અને આજીજી કરી પણ અત્તરવાળો બરાબર ઇન્કાર કરતો રહયો. તે શહેરના કેટલાક માનવંત લોકોને મળ્યો અને અત્તરવાળાના વિશ્ર્વાસઘાતની શિકાયત કરી. તો બધા લોકોએ તેને જૂઠો ગણાવ્યો

અને અત્તરવાળાને સાચો કહયો. ટુંકમાં એ કે પૂરા બગદાદમાં કોઈએ તેનો પક્ષ ન લીધો.

લાચાર થઈને તેણે ઇઝઝુદ્દવલાને અરજી લખી. જેમાં અત્ત રવાળાના વિશ્ર્વાસઘાતની શિકાયત કરી ને તેણે પોતા માટે ન્યાયની માંગણી કરી.

ઇઝઝુદદ્દવલાએ તેને લખ્યુ કે તમે ત્રણ દિવસ સૂધી રોજ તેની દુકાને જાઓ અને ચોથા દિવસે હું ત્યાંથી લાવ લશ્કર લઈને પસાર થઈશ અને તમને દુકાન પર મળીશ.

લુંટાયેલ મુસાફર ત્રણ દિવસ સૂધી લગાતાર દુકાન પર જતો રહયો અને દરેક વખતે અત્તરવાળો તેને ઓળખવાનો ઇન્કાર કરતો રહયો. ચોથા દિવસે તે અત્તરવાળાની દુકાને બેઠો હતો કે ઇઝઝુદ્દવલા પોતાના લાવ લશ્કર સમેત પસાર થયો અને શિકાયત કરવા લાગ્યો કે તમે બગદાદમાં આવ્યા છો અને અફસોસ છે કે હજી સૂધી મારી મુલાકાતે આવ્યા નથી. જયારે કે હું તમને સદા દિલમાં યાદ ર્ક્યા કરૂ છું આપ મારા પર એવો ઝુલ્મ તો ન કરો.

મુસાફરે કહ્યું હું થોડો પ્રવૃત હતો એટલે મુલાકાત ન કરી શક્યો. થોડા દિવસોમાં જ હું આપને મળવા

આવીશ અને આપની બધી શિકાયતો દૂર કરી દઈશ.

અત્તરવાળો આ બધુ સાંભળી રહયો હતો અને અચરજ પામ્યો કે આ શખ્સતો ઇઝઝુદ્દવલાનો નજીકનો દોસ્ત છે જયારે કે હું તેને ઘણીવાર પોતાની દુકાનેથી હડધૂત કરી ચુક્યો છું. ઇઝઝુદ્દવલા જેવો ત્યાંથી રવાના થયો. અત્તરવાળાએ કહ્યું ભાઈ તમે તમારી અમાનતનું કોઈ ચિન્હ બતાવો જેથી હું ફરીવાર તેને શોધું.

સાફરે કંઠમાળાની નિશાની બતાવી તો અત્તરવાળો થોડીવાર પછી કંઠમાળા કાઢીને લઈ આવ્યો અને

કહ્યું તમે ખાતરી રાખો. હું ખાઈન (વિશ્ર્વાસઘાતી) નથી. પણ આપની અમાનત મારા ધ્યાનમાંથી નિકળી ગઈ હતી. મુસાફરે કંઠમાળા લીધી અને સીધો ઇઝઝુદ્દપાસે ચાલ્યો ગયો અને તેને બધી વિતક સંભળાવી.

ઇઝઝુદ્દ વિશ્ર્વાસઘાતી અત્તરવાળાને કૈદ કરવાનો હુકમ આપ્યો. જયારે તે ગિરફ્તાર થઈને આવ્યો તો ઇઝઝુદ્દવલાએ કંઠમાળા તેના ગળામાં નાખી અને હુકમ આપ્યો કે તેને ઉઘાડે છોગે ફાંસી આપો. એટલે તે વિશ્ર્વાસઘાતીને બગદાદના મધ્યા ચોરાહા પર ફાંસી આપવામાં આવી અને ત્રણ

દિવસ  સૂધી સોનાની કંઠમાળા તેના ગળામાં લટકતી રહી.

ચોથા દિવસે તે કંઠમાળા તેના ગળામાંથી  ઉતારી મુસાફરને સોંપવામાં આવી અને કહ્યું કે અમીન કદી વિશ્ર્વાસઘાત નથી  કરતો પણ કેટલીક વખત લોકો પોતાની મૂર્ખતાના કારણે વિશ્ર્વાસઘાતને અમીન સમજી બેસે છે.

# એક બીજો વિશ્વાસઘાતી

કાઝી અયાસ એક મશ્હૂર કાઝી હતો , તેણે એક જણને પોતા પાસે એક એક અમીન (વિશ્વાસુ) નિયુક્ત ર્ક્યો. એક શખ્સે એક વખત ઘણો બધો માલ એ અમીન પાસે જમા કરાવ્યો અને થોડા મહિના પછી તેનાથી અમાનત પાછી માંગી, પણ અમીન સાવ મુકરી ગયો.

અમાનત રાખવાવાળો શખ્સ કાઝી અયાસ પાસે ગયો અને તેણે નિયુક્ત કરેલા અમીનની ખોરી દાનતની શિકાયત કરી.

કાઝીએ પૂછ્યું: મારી સિવાય તમે કોઈ બીજા પાસે પણ શિકાયત કરી છે?

તેણે કહ્યું: નહીં.

કાઝીએ પૂછ્યું: શું તે અમીનને એમ બતાવ્યું છે કે તમે તેની શિકાયત કરવા મારી પાસે જઈ રહ્યા છો?

તેણે કહ્યું: નહીં.

કાઝીએ કહ્યું: બે દિવસ પછી આપ મારી પાસે ફરી આવજો આશા છે કે આપની અમાનત જરૂર મળી જશે.

ત્યાર પછી કાઝીએ અમીનને બોલાવ્યો અને કહ્યું કે મારી પાસે ઘણો બધો માલ છે. હું બદનામીના ડરથી તેને મારા ઘરમાં નથી રાખી શક્તો. શું તમારી પાસે ઘરમાં કોઈ સુરક્ષિત જગ્યા છે જયાં એ માલ રાખી શકાય?

અમીને કહ્યું: જી હા, મારા ઘરમાં એક સૌથી વધારે સલામત જગ્યા છે જયાં આપ આપની અમાનત રાખી શકો છો.

કાઝીએ કહ્યું: બે દિવસ પછી આવજો અને પછી મારી બધી ગુપ્ત દૌલત ત્યાં જમા કરી દેજો.

અહીં બે દિવસ પછી શિકાયતી આવ્યો તો કાઝીએ કહ્યું કે તમે અમીનની પાસે જઈને અમાનતની માંગણી કરજો, જો તે ઇન્કાર કરે તો તેને કહેજો કે હું કાઝી પાસે તમારી ફરિયાદ કરવા જઈ રહયો છું. મને આશા છે કે આ વખતે તે તમારી અમાનત પાછી આપી દેશે.

ફરિયાદી અમીન પાસે ગયો અને તેનાથી પોતાની અમાનત માંગી પણ તેણે આ વખતે પણ ઇન્કાર ક્ર્યો તો ફરીયાદીએ કહ્યું હું કાઝી અયાસ પાસે તારી શિકાયત કરવા જાઉં છું.

આ સાંભળી અમીને કહ્યું: ખુદાના વાસ્તે , તમે કાઝી પાસે ન જાઓ અને પોતાની અમાનત મારી પાસેથી લઇ લ્યો.

એ શખ્સે પોતાની અમાનત મેળવી લીધી અને કાઝીને જઈને અમાનત વસૂલ કર્યાની ખબર આપી. થોડા સમય પછી અમીન કાઝી અયાસ પાસે ગયો અને કહ્યું: કમરો તૈયાર છે. આપ તમારો માલ મને સોંપી દયો. કાઝીએ  તેને ઝાડીને કહ્યું: અય વિશ્ર્વાસઘાતી લુચ્ચા મારી પાસેથી દૂર થઈ જા. મેં તને નોકરીમાંથી કાઢી નાખ્યો.

## દરેક શખ્સ અમીન બનવાને લાયક નથી.

કહેવામાં આવે છે કે ઝુન્નુન મિસરી પાસે ઇસ્મે અઅઝમ હતું.

યૂસુફ બિન હસન કહે છે કે મને યકીન થઈ ગયું કે ઝુન્નુનની પાસે અલ્લાહ તઆલાનું ઇસ્મે અઅઝમ મૌજૂદ છે. હું મિસ્ર ગયો અને પુરૂ એક વરસ ઝુન્નુનની સેવા કરતો રહયો અને વરસ પુરૂ થવા પછી મેં તેને કહ્યું: મેં પુરૂ વરસ આપની ચાકરી કરી છે. આખર આપ પર મારો હક થાય છે. અને આપથી મારી એટલી જ વિનંતી છે કે આપ મને ઇસ્મે અઅઝમની તાલીમ આપો. આપને મારા જેવા

સેવા કરનાર શિષ્ય બીજો કોઈ નહીં મળે. તેણે માથુ ધુણાવ્યું. હું સમજી ગયો કે ઉસ્તાદ મને ઇસ્મે અઅઝમ જરૂર શિખવશે.

હું બીજા છ મહિના સૂધી તેની સેવા કરતો રહયો. એકવાર તેમણે મને એક ઢાંકેલું વાસણ મને સોપ્યું અને કહ્યું કે ફલાણા શખ્સના ઘરે ચાલ્યા જાઓ અને મારી આ અમાનત તેને પહોંચાડી દયો.

મેં તે વાસણ ઉપાડયું અને પૂરે રસ્તે એ વિચારતો રહયો કે આખર ઝુન્નુન મિસ્રીએ શું ચીઝ મોકલી છે? અંતે મારા પર કુતુહલ ચડી બેઠુ. મેં વાસણ ખોલ્યું તો તેમાંથી એક જીવતો સલામત ઊંદર

નિકળ્યો. વાસણનું જેવુ ઢાંકણુ ઉપાડયુ ઊંદર કુદીને બહાર નિકળી ગયો.

મને મારા ઉસ્તાદ પર અત્યંત ગુસ્સો ચડયો કે તેણે મને ઊંદર પહોંચાડવા માટે મોકલ્યો. હું નારાઝ થઈને ઝુન્નુનની પાસે પાછો ફર્યો તો તેણે મારૂ મોંભાવ જોઈને જ અનુમાન કરી લીધુ કે હું તેને શું કહેવાવાળો છું. હું કંઈ કહું એ પહેલા જ તેમણે કહ્યું: અય મુર્ખ! બેવકૂફ! મેં તને એક ઊંદરનો અમીન બનાવ્યો તો એમાં પણ તે વિશ્ર્વાસઘાત ર્ક્યો , ભલા એવા શખ્સને અલ્લાહના ઇસ્મે અઅઝમનો અમીન કેવી રીતે બનાવી શકું?

# જરૂરી ખુલાસો

આ કિતાબમાં તમને સૂફી શેખો દાખલા તરીકે ઝુન્નુન મિસ્રી, ઇબ્રાહીમ અધમ, બશર હાની, વગેરેની કેટલિક કથાઓ નજરે આવશે.

આ કથાઓનો એ હેતુ નથી કે અમે સૂફી પંથને ઠીક સમજીએ છીએ. અમે એ સ્પષ્ટ કરી દેવા માંગીએ છીએ કે શીઆ પંથ જુદો છે અને સૂફી ઇઝમ જુદ્દ છે.

આ બધી કહાનીઓ અખ્લાક સુધારણા માટે દાખલા દલીલ રૂપે છે.

અખ્લાકી નતીજાઓ મેળવવા માટે પ્રાણીઓના જીભે પણ કહાનીઓ રજૂ કરવામાં આવે છે. તેનો ઉદ્દેશ માત્ર અખ્લાકી ભાવના જાગૃત  કરવાનો હોય છે. (મૂસા ખુસરવી - મૂળ લેખક)

## જેટલુ જેનું પાત્ર છે એટલો જ એ શાંત (ચૂપ) છે

એક શખ્સ માટે મશહૂર હતું કે તેની પાસે ઇસ્મે અઅઝમ છે.

એક શખ્સ તેની પાસે ગયો અને ઇસ્મે અઅઝમ શીખવવાની માંગણી કરી.

તેણે કહ્યું કે તું મળસ્કે શહેરના દરવાજે જજે અને ત્યાં કંઈ જુએ તે મીઠુ મરચુ ભભરાવ્યા વગર મને આવી બતાવજે.

ઉસ્તાદના હુકમ પ્રમાણે શિષ્ય મળસ્કે શહેરના દરવાજા પર ગયા તો જોયું કે એક વયોવૃધ્ધ માણસ માથા પર લાકડાનો ભારો ઉપાડી દરવાજામાં દાખલ થયો. દરવાજા પર ઊભેલા સિપાહીએ કહ્યું કે આ ભારો તું મને આપી દે.

વૃધ્ધે કહ્યું: એ શરત પર આ ભારો તને સોંપી શકું છું કે તું મને એની કિંમત આપી દે.

સિપાહીએ કહ્યું: હું તને કંઈ નહીં આપું. વૃધ્ધે લાકડા આપવાથી ઇન્કાર કરી દીધો. સિપાહીએ બળજબરીથી તે ભારો વૃધ્ધ પાસેથી આંચકી લીધો. વૃધ્ધે ઓછીવત્તો વિરોધ ક્ર્યો તો સિપાહીએ તેને

ખૂબ પીટી નાખ્યો. તેના માથાથી ખૂન વહીને તેના મોં પર વહેવા લાગ્યું.

વૃધ્ધની મઝલૂમી જોઈને એ શખ્સને ઘણી દયા આવી અને દિલમાં કહ્યું કે કાશ આ વખતે મારી પાસે ઇસ્મે અઅઝમ હોત તો હું તેની       અસરથી ઝાલિમ સિપાહીને બાળીને ભસ્મીભૂત કરી દેત.

મુરીદના મોઢે ઉસ્તાદે આ બનાવ સાંભળ્યો અને મુરીદની લાગણી પણ સાંભળી તો કહ્યું: બેટા દરેક શખ્સ પાસે અમાનત ન રાખવી  જોઇએ અને દરેક શખ્સ વિશ્ર્વાસુ બનવાને પાત્ર નથી હોતો. મળસ્કે જે વૃધ્ધને  તે સિપાહીના હાથે લોહી લુહાણ થતા

જોયો તે વૃધ્ધ ઇસ્મે અઅઝમમાં મારો ઉસ્તાદ છે. મેં તેની પાસેથી ઇસ્મે અઅઝમ શીખ્યું છે. તેણે સિપાહીના ઝુલ્મને સહી લીધો અને તેના અત્યાચારને ઉપેક્ષિત ર્ક્યો જયારે કે તેની પાસે ઇસ્મે અઅઝમ પણ હતું. પણ તેણે સિપાહીને બદદુઆ દેવાથી દૂરી સાધી.

જેને પણ હકના રહસ્યોની તાલીમ આપવામાં આવી તો તેના મોંને બંધ કરી તેના હોઠો સીવી લેવામાં આવી.

## હકના રહસ્યો જાણવાની સહનશીલતા

ઉમર બિન હન્ઝલાએ હઝરત ઇમામ બાકિર અલય્હિસ્સલામની સેવામાં હાજર થઈ અરજ કરી કે મારૂ માનવું છે કે આપની નઝરમાં  મારૂ એક સ્થાન અને માન છે અને હંમેશા હું આપની કૃપાદ્રષ્ટિ નીચે રહયો છું.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: હા ખરૂ છે , તેણે અરજ કરી: તો પછી આપ મારા પર ઉપકાર કરો અને મને ઇસ્મે અઅઝમ શિખવો.

આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: શું તમે ઇસ્મે અઅઝમને સહન કરી શકશો? ઉમર બિન હન્ઝલાએ કહ્યું: જી હા.

ઇમામ આલી મકામે ફરમાવ્યું: સામેવાળા ઓરડામાં ચાલ્યો જા. ઉમર કહે છે કે હું કમરામાં ગયો. થોડીવાર પછી ઇમામ અલય્હિસ્સલામ પણ એ ઓરડામાં પધાર્યા અને આપે હાથ ઝમીન પર માર્યો તો પૂરો ઓરડો અચાનક અંધારો થઈ ગયો. અને ક્યાંયથી પ્રકાશનું એક બિંદુ પણ ન દેખાણું. એ સમયે મારી આંખોની સામે અંધારૂ છવાઈ ગયું અને મારા શરીરનું રોમેરોમ કાંપવા લાગ્યું.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: હવે બતાવો ઇસ્મે અઅઝમ સહી શકશો ? તો મેં કહ્યું: ફરઝંદે રસૂલ, હું સહન નથી કરી શક્તો.

પછી આપે જમીન પરથી હાથ ઉપાડયો તો ઓરડો ઝાકઝમાળ થઈ ગયો અને મારા અંગો ઉપાંગોની કંપારી પણ ખતમ થઈ ગઈ.

# કોઈની અમાનતમાં ખયાનત ન કરો

અબ્દુલ્લાહ બિન સિનાન કહે છે કે હું મસ્જિદે નબવીમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો. એ સમયે આપ અસરની નમાઝથી ફારિગ થયા પછી તાકીબાત પડી રહ્યા હતા. મેં તેમની સેવામાં અરજ કરી: ફરઝંદે રસૂલ ! કેટલાક અમીરો અને રાજાઓ પોતાનો માલ અમારી પાસે અમાનત રાખે છે, અને અમને ખબર છે કે એ લોકો આપને ખુમ્સ અદા નથી કરતા. જો અમે તેઓની અમાનતમાં ખયાનત કરીએ તો શું એમ કરવું જાએઝ છે?

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ આ સાંભળી ત્રણ વખત ફરમાવ્યું: ખુદાની કસમ જો મારા બાપ હઝરત અલી અલય્હિસ્સલામનો કાતિલ ઇબ્ને મુલ્જિમ પણ મારી પાસે અમાનત રખાવે તો હું તેની અમાનતમાં ખયાનત નહીં કરૂ. તેની અમાનત તેને પાછી આપીશ.

અબ્દુર રહેમાન બિન સય્યાબાનું કહેવુ છે.     મારા પિતાના મરણ પછી મારા પિતાનો એક મિત્ર મારી પાસે આવ્યો ખરખરો કરવા પછી તેણે મને પૂછ્યું કે તારા બાપે કંઈ માલ મત્તા છોડી છે કે નહીં?

મેં કહ્યું: નહીં,

તેણે મને એક હજાર દિરહમ આપ્યા અને કહ્યું કે આનાથી વેપાર કરો અને જયારે તમે પરત કરવાને લાયક થઈ જાઓ તો મને રકમ પાછી આપી દેજો.

હું રકમ લઈને મારી માની પાસે ગયો. મારી મા ઘણી રાઝી થઈ અને મેં એ રકમથી કપડાની દુકાન કરી. અલ્લાહ તઆલાએ અમારા ધંધામાં બરકત આપી અને બરાબર એક વરસ પછી મેં હજનો ઇરાદો કર્યો. તો મારી માએ કહ્યું કે બેટા હજની પહેલા પોતાની ઉપકારીનું કર્ઝ ચુક્વો.

હું એક હજાર દિરહમ લઈને મારા મહેરબાનની પાસે ગયો અને તેનો આભાર માની તેની રકમ પાછી આપી. પછી હું બયતુલ્લાહ હજ કરવા ચાલ્યો ગયો. હજની વિધિઓ પતાવ્યા બાદ હું મદીના તય્યબા ગયો અને હઝરત ઇમામ જઅફરે સાદિક

અલય્હિસ્સલામની સેવામાં હાજર થયો. હું સભાના છેવાડે બેઠો. જયારે બધા આવનારાઓ ચાલ્યા ગયા તો ઇમામે મને નજીક બોલાવી પૂછ્યું કે તમે કોણ છો?

મેં અરજ કરી કે હું સય્યાબાનો પુત્ર અબ્દુર રહેમાન છું. ઇમામ અલય્હિસ્સલામ એ તેની મગ્ફેરત માટે દુઆ કરી અને મને  પૂછ્યું કે તમારા પિતા કેટલુ ધન મૂકી ગયા હતા.

મેં બતાવ્યું કે તેઓ કંઈ પણ મૂકી ગયા નહોતા. તો ઇમામ અલય્હિસ્સલામ એ પૂછ્યુંઃ તો તમારા પર હજ કેવી રીતે વાજિબ થઈ?

મેં અરજ કરી: મારા પિતાના એક મિત્રે મને એક હજાર દિરહમ કર્ઝે હસના આપ્યા હતા , મેં તેનાથી કાપડનો ધંધો શરૂ કર્યો.

મારી વાત પૂરી થાય તે પહેલાજ આપે ફરમાવ્યું શું તમે તેની રકમ પાછી આપી દીધી કે નહીં?

મેં કહ્યું: જી હા , એ રકમ પાછી આપી દીધી છે. તો ઇમામ અલય્હિસ્સલામ ઘણા રાઝી થયા અને મને ફરમાવ્યું: હું તને નસીહત કરવા માંગુ છું.

મેં અરજ કરી: મૌલા , જરૂર નસીહત કરો અને હું તેના પર અમલ કરીશ. તો ઇમામ અલય્હિસ્સલામ

એ ફરમાવ્યું: હું તને સાચુ બોલવાની અને અમાનત પાછી આપવાની વસીય્યત કરૂ છું. આ વાતો પર અમલ કરી તું લોકોની પરિસ્થિતિમાં ભાગીદાર થઈ જઈશ.

અને આપે પોતાની આંગળીઓને ભેગી કરી બતાવ્યું. હેતુ એ છે કે જેવી રીતે આ આંગળીઓ એકબીજાથી મળેલી છે એવી રીતે તમે  પણ સાચુ બોલવાથી અને અમાનત પાછી કરવાથી લોકોના માલમાં આંગળીઓની જેમ ભળી જશો.

મેં ઇમામ અલય્હિસ્સલામના ફરમાન પર અમલ ક્યોં. ત્યાં સૂધી કે એક વરસની ઝકાત મારા પર ત્રીસ હજાર બનતી હતી.

## ખયાનતની સઝા

અબૂ સલ્ત હેરવીએ હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી રિવાયત કરી છે આપે પોતાના પિતા હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે હું એક દિવસ પોતાના પિતા ઇમામ સાદિક અલય્હિસ્સલામની સેવામાં બેઠો હતો કે અમારા એક દોસ્તે આવી કહ્યું કે દરવાજા બહાર અમુક લોકો ભેગા થયા છે જેઓ આપને મળવા માંગે છે.

મારા પિતાએ મને હુકમ આપ્યો કે બાહર જઈને જોઉં કે આ કોણ લોકો છે ? હું બાહર ગયો તો જોયું

કે કેટલાક ઊંટ છે જેના પર કંઈક સામાન લાદેલો છે. અને એક શખ્સ ઊંટ પર સવાર છે. મેં સવારને પૂછ્યું: તું કોણ છે?

તેણે કહ્યું: હું હિન્દુસ્તાનથી આવ્યો છું અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને મળવા માંગુ છું.

મેં પાછા આવી પવિત્ર પિતાશ્રીની સેવામાં આવી હિંદીના આવ્યાનો ઉલ્લેખ કર્યો તો મારા પિતાશ્રીએ ફરમાવ્યું: એ નાપાક વિશ્વાસઘાતીને અંદર આવવાની રજા ન આપતા. તે ઘણી વાર સૂધી દરવાજા પર ઊભો રહી વાટ જોતો રહયો. પછી

યઝીદ બિન સુલૈમાન અને મોહમ્મદ બિન સુલૈમાનની ભલામણથી તેને અંદર આવવાની રજા મળી.

હિંદીએ ઘૂંટણિયા વાળી બેસી ઇમામ અલય્હિસ્સલામને સલામ કરી અને કહ્યું: હું હિન્દુસ્તાની શખ્સ છું. મારા રાજાએ કંઈક ભેટ અને સોગાતો આપી મને આપની સેવામાં મોકલ્યો પણ આપે મને પોતા પાસે આવવાની રજા ન આપી. શું નબીઓના સંતાનો પોતાના મહેમાનો સાથે આવો વર્તાવ કરે છે?

મારા પિતાશ્રીએ થોડીવાર મસ્તક નમાવી રાખ્યુ અને ફરમાવ્યું: તને હમણા જ ખબર પડી જશે.

પછી મારા પિતાજીએ ફરમાવ્યું: તમે તેની પાસેથી પત્ર લઈને વાંચો. મેં પત્ર લીધો તો તેમાં હિંદુસ્તાનના મહારાજાએ લખ્યું હતું.

મને આપની બરકતથી પ્રકાશ મળ્યો. મને એક કનીઝ ભેટ મળી છે. અને હું તેને ભેટ તરીકે આપની પાસે મોકલી રહયો છું. અને તેની સાથે કંઈક વસ્ત્રો અને ઝેવર અને અત્તર પણ રવાના કરૂ છું. મેં એક હજાર પ્રમાણિક લોકોમાંથી ચૂંટણી કરી. પછી એમાંથી સો જણને ચૂંટયા , સોમાંથી દસ

પ્રમાણિકને ચૂંટયા અને દસમાંથી એક પ્રમાણિકની ચુંટણી કરી જેનું નામ મીઝાબ બિન અબાવા છે , એટલે આ કનીઝની સાથે હું તેને મોકલી રહયો છું. તેનાથી વધારે યોગ્ય અને પ્રમાણિક શખ્સ મારી નઝરમાં કોઈ ન હતો એટલે હું એને જ આપની પાસે મોકલી રહયો છું.

મારા પવિત્ર પિતાશ્રી હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામએ તેની તરફ રૂખ કરી ફરમાવ્યું: અય ખબીસ અને વિશ્ર્વાસઘાતી હું આ અભાનતાને કોઈપણ રીતે સ્વિકારી નથી શક્તો , જેમાં તે ખયાનત કરી છે.

હિંદુસ્તાનીએ ઘણી વાર કસમ ખાધી કે મેં હરગીઝ ખયાનત નથી કરી.

મારા પિતાજીએ ફરમાવ્યું: જો તારા આ કપડા તારા વિશ્વાસઘાતની ગવાહી આપે તો શું તું મુસલમાન થઈ જઈશ?

તેણે કહ્યું: મને મુસલમાન બનવાથી માફ રાખો.

ત્યાર પછી મારા પિતાજીએ ફરમાવ્યું: પછી તે જે ખયાનત કરી છે તે ખયાનત હિંદના બાદશાહને લખી મોકલ.

હિંદીએ કહ્યું: જો આપને આ સંબંધે ઇલ્મ છે તો આપ જ બાદશાહને લખી મોકલો. હિંદીના ખભા પર ઊનની શાલ હતી મારા પિતાશ્રીએ ફરમાવ્યું: આ ચાદર જમીન પર રાખ પછી તેમણે બેરકાત નમાઝ પડી અને નમાઝ પડી લીધા પછી મસ્તક સજદામાં રાખ્યું તો મેં સાંભળ્યું , કહી રહ્યા હતા: અય અલ્લાહ ! તને અર્શના પાયાઓ અને પોતાની અત્યંત રહેમતનો વાસ્તો આપુ છું અને માંગણી કરૂ છું કે તું તારા બંદા અને રસૂલ અને તારા સર્જનોમાં તારા અમાનતદાર મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને તેઓની આલ પર દુરૂદ મોકલ. અય ખુદા ! આ હિંદીની ચાદરને રજા

આપ કે તે સ્પષ્ટ અને વિદ્વતાપૂર્ણ અરબી ભાષામાં વાતચીત કરે. જેને આ મજલિસમાં બેઠેલા લોકો અમારા દોસ્તો સાંભળી શકે. જેથી આ એહલેબૈતની નિશાનીઓમાંથી એક નિશાની ઠરે અને તેઓના ઈમાનમાં વધારાનું કારણ બને.

પછી આપે ઊની ચાદરને હુકમ આપ્યો કે તું જે કંઈ જાણે છે બયાન કર. ઇમામ અલય્હિસ્સલામ એ જેવુ આ ફરમાવ્યું તો એક મેંઢો દ્રષ્ટિમાન થયો. અને કહ્યું કે: ફરઝંદે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ! મહારાજાએ તેને પ્રમાણિક સમજીને કનીઝ અને ભેટો વિશે ઘણી ભલામણ કરી. જયારે

અમે થોડો રસ્તો કાપ્યો તો વરસાદ તુટી પડયો. વરસાદથી અમારો બધો સામાન ભીંજાઈ ગયો. તો થોડીવાર પછી વાદળો વિખેરાઈ ગયા અને સૂરજ નિકળી આવ્યો. કનીઝની પાસે અમારો એક નોકર હતો જેને તેણે સાદ પાડી બોલાવ્યો અને કંઈક સામાન લાવવાના બહાને નજીકના શહેરમાં રવાના ર્ક્યો. પછી તેણે કનીઝને બોલાવી અને કહ્યું કે અમે આ તંબુ તડકામાં લગાવ્યો છે તમે આ તંબુમાં આવી પોતાનું શરીર અને કપડા સુક્વો. કનીઝ તંબુમાં ગઈ. તેની નઝર તેના પગો પર પડી તો તેની દાનત ખરાબ થઈ ગઈ અને કનીઝને ખયાનત પર રાજી કરી લીધી.

હિંદી આ જોઈ ઘણો પરેશાન થયો. અને તેણે પોતાના ગુનાહોની કબૂલાત કરી લીધી. અને માફી માંગી. ચાદર પોતાની મૂળ  સ્થિતિમાં આવી ગઈ. આપે ફરમાવ્યું: ચાદર ઉપાડી લે અને પોતાના ગળામાં નાખ   તેણે જેવી ચાદર ઉપાડી અને પોતાના ગળામાં નાખી તો ચાદર તેના ગળામાં એવી રીતી  વીંટળાઈ ગઈ કે તેનો જીવ નિકળવા લાગ્યો અને તેનું મોં કાળુ પડી ગયું.

એ વખતે ઇમામ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: ચાદર, તું એને મુકી દે જેથી તે પોતાના રાજા પાસે જાય અને તે જ એને શીક્ષા આપશે.

ચાદરે તેના ગળાને મૂકી દીધુ. પછી હિંદીએ કાંપતા કાંપતા સોગાત કબૂલ કરવાની વિનંતી કરી. આપે ફરમાવ્યું: જો તું  મુસલમાન થઈ જાય તો કનીઝ તને આપી દઈશ. પણ તેણે મુસલમાન થવાની ના પાડી. પછી   ઇમામ અલય્હિસ્સલામ એ કનીઝ સિવાય બાકી બીજો સામાન કબૂલ ફરમાવ્યો અને એ શખ્સ હિંદની ભૂમિ તરફ પાછો ફર્યો.

એક મહિના પછી હિંદના રાજાનો પત્ર મળ્યો.  જેમાં તેણે લખ્યું હતું કે આપે સામાન્ય ભેટ સોગાતો તો સ્વિકારી લીધી પણ કનીઝને આપે સ્વિકારી નહીં. હું એના કારણે ઘણો મુંઝાણો અને મનમાં વિચાર્યું   કે

કદાચ આ બન્નેએ કંઈ ક્ષતિ કરી છે. જેના કારણે આપે તેને સ્વિકારી નથી. પછી મેં જ આપના તરફથી ખોટે ખોટુ લખી તેને બોલાવ્યો અને કહ્યું કે ઇમામ સાદિક અલય્હિસ્સલામ એ મને આ પત્ર મોકલ્યો છે જેમાં તમારા વિશ્ર્વાસઘાતની કથા લખી છે. એટલે આ વિષયમાં તારે સત્ય બોલવુ જોઈએ. અને હું સાચ સિવાય અન્ય કંઈ સાંભળવા માંગતો નથી.

ત્યાર પછી બન્નેએ મને બધી વિતક જરાય મીઠુ મરચુ ભભરાવ્યા વિના સંભળાવી અને પોતાના વિશ્ર્વાસભંગનો ઇકરાર ર્ક્યો. અને ચાદરનો બનાવ

પણ સંભળાવ્યો. જેને સાંભળી મારા યકીન અને ઈમાનમાં વધારો થયો.  હવે હું ઇસ્લામની સચ્ચાઈથી પ્રભાવિત થઈ મુસલમાન થાઉં છું અને ઇકરાર કરૂ છું 'અશ્હદો અલ્લાએલાહ ઇલ્લલ્લાહો વ અન્ન મોહમ્મદન અબ્દોહુ વરસૂલોહૂ (હું સાક્ષી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને પાત્ર નથી અને મોહમ્મદ  સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમઅલય્હિસ્સલામ અલ્લાહના બંદા અને રસૂલ છે.)' અને આ પત્રની પાછળ હું પણ આવું છું.

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: થોડા દિવસ પછી મહારાજાએ રાજપાટ છોડી દીધુ અને મદીના આવી ગયો અને    તે એક સારો મુસલમાન પુરવાર થયો.

કૂફાવાળાઓમાંથી કેટલાક જણા થોડા દિવસ મદીના મુનવ્વરામાં રહ્યા. અને પોતાના રહેણાંકના અરસામાં રોજ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની સેવામાં હાજર થાતા અને તેમનાથી ઇલ્મી લાભ ઉપાડતા.

જયારે તેઓએ પાછા ફરવાનો ઇરાદો ર્ક્યો તો ઇમામ અલય્હિસ્સલામને સલામ કરવા માટે આવ્યા. તેઓમાંના એક જણે વિનંતી કરી કે ઇમામ અલય્હિસ્સલામ તેને વિદાય વેળા કંઈક નસીહત ફરમાવે. તો આપ અલય્હિસ્સલામ એ ફરમાવ્યું: હું

તમને નસીહત કરૂ છું કે અલ્લાહનો તક્વો (ડર) ઇખ્તિયાર કરો અને તેની ઇતાઅત બજાવી લાવો અને તેની અવજ્ઞાથી બચો અને તમને જે અમીન બનાવે તેની અમાનત તેને પાછી આપો ને જે તમારાથી દોસ્તી કરે તેના સારા દોસ્ત બનો અને તમારે શાંત મુબલ્લિગ (ધર્મપ્રચારક) બનવું જોઈએ.

તેઓએ અરજ કરી: મૌલા ! ભલા ચૂપ રહીને અમે તબ્લીગ કેવી રીતે કરી શકીએ છીએ!

આપે ફરમાવ્યું: મેં તમને જે કંઈ કહ્યું છે તેના પર અમલ કરો અને ખુદાની અવગણનાથી બચો. અને

કોઈપણ પરિસ્થિતિમાં સત્ય અને અમાનતને પોતાના હાથમાંથી જવા ન દયો અને અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કરના ફરીઝા પર અમલ કરો. જયારે લોકો તમારા ચારિત્ર્યને જોશે સહસા કહેશે કે એહલેબયતની મોહબ્બતના કારણે તેમનો કિરદાર ઊંચો થયો છે. તેનું પરિણામ એ આવશે કે લોકો અમારી સચ્ચાઈનો સ્વિકાર કરશે. અને અમારાથી મોહબ્બત કરશે. હું ખુદાને સાક્ષી રાખીને કહુ છું કે , મારા પિતા હઝરત મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવતા હતા કે અમારા શીઆ શ્રેષ્ઠ લોક્સેવા કરતા હતા. કોઈ કબીલામાં અગર કોઈ મસ્જિદનો ઇમામ અથવા અઝાન

દેનારા હોતા તો અમારા શીઆજ હોતા હતા. જો કોઈને પોતાની અમાનત રખાવી હોય તો તે જેની પાસે અમાનત રખાવતો તે અમારો શીઆજ હોતો હતો. એટલે તમારે જોઈએ કે પોતાના કામ અને કિરદારથી લોકોને અમારી તરફ દઅવત આપો અને બેઅમલ બનીને લોકોને અમારાથી નફરત કરતા ન બનાવો.

અબૂ હમ્ઝા શેમાલી રિવાયત કરે છે કે મેં હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામથી સાંભળ્યું તેઓ પોતાના શીઆઓને ઉદ્દેશી રહ્યા હતા. તમારે અમાનત પરત કરવી જોઈએ. મને એ હસ્તીની કસમ જેણે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને નબી બનાવી મોકલ્યા. જો મારા પિતા હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામનો કાતિલ મારી પાસે એ તલવાર અમાનત રાખે જેના વડે તેણે મારા પિતાને કત્લ

ર્ક્યા હતા, તો હું તેની એ અમાનત પણ  તેને પાછી આપી દઈશ.

મોઆવિયા બિન વહબ કહે છે કે મેં હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામની સેવામાં અરજ કરી, મૌલા અમે અમારા સગાઓથી અને સગાઓ        સિવાય બીજા લોકોથી કેવો વર્તાવ કરીએ?

આપે ફરમાવ્યું: તમારે અમાનત પાછી વાળવી જોઈએ અને તમારા સત્યની સાક્ષી આપવી જોઈએ,  ચાહે તેના લાભમાં હોય કે તેઓના નુક્સાનમાં,  અને બીમારોની ખબર પૂછવા જવું

જોઈએ અને તેઓના જનાઝામાં શામેલ થવું જોઈએ.

અબૂ અસામા ઝયદ શેહામ કહે છે કે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામએ ફરમાવ્યું: જયાં પણ તમને મારા અનુયાયીઓ દેખાય જે મારી આજ્ઞાનું પાલન કરતા હોય તો તેને મારા સલામ કહો. હું તમને પરહેઝગારી , પાકદામની અને ખુદાના માર્ગમાં કોશિશ, સાચુ બોલવું અને અમાનત પરત કરવા અને લાંબા સજદા અને પડોશીઓથી સારો વર્તાવ કરવાની તાકીદ કરૂ છું. પયગમ્બરે ખુદા

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આજ દીન લઈને આવ્યા હતા.

તમારી પાસે જે પણ શખ્સ અમાનત રખાવે તમે તેની અમાનત પાછી ફેરવો ભલે અમાનત રખાવનાર ભલો હોય કે બુરો. ખુદાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અમાનત દારીની તાકીદ કરતા હતા. ત્યાં સૂધી કે બારીક ધાગો સુધ્ધા પાછો આપતા હતા. પોતાના સગાઓને ત્યાં જવા આવવાનું રાખો અને તેઓથી સારો વર્તાવ કરો , તેઓના જનાઝામાં જાઓ , તેઓના બીમારોના ખબર અંતર પૂછો કેમકે જો

તમારામાંથી કોઈ પરહેઝગારી અને સાચા બોલવા અને લોકો સાથે સારો વર્તાવ રાખે છે તો લોકો તેને જોઈને કહે છે આ શખ્સ હઝરત જઅફર બિન મોહમ્મદ અલય્હિસ્સલામનો અનુયાયી છે અને હું આ જોઈને ઘણો ખૂશ થાઉં છું અને તેઓની રહેણીકરણી જોઈને આનંદ પામુ છું. કેમકે લોકો કહેશે કે આ હઝરત જઅફરે સાકિદ અલય્હિસ્સલામની તાલીમની અસર છે. અને જે મારી અવજ્ઞા કરે છે તેવો શખ્સ અમારા માટે કલંક છે કેમકે લોકો તેને જોઈને કહેશે કે હઝરત જઅફરે સાદિક અલય્હિસ્સલામના અનુયાયીનો કિરદાર તો જુઓ.

# જૂઠ બોલવાના નુક્સાનો

## જૂઠી કસમ ખાવાનું પરિણામ

બની અબ્બાસના આરંભકાળમાં બે ભાઈઓ મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન ઇમામ હસન અને ઇબ્રાહીમ બિન અબ્દુલલાહ બિન ઈમામ હસન એ ગાસિબ હુકૂમત વિરુધ્ધ બળવો ર્ક્યો અને શહીદ થઈ ગયા. તેનો ભાઈ યહયા બિન      અબ્દુલ્લાહ પકડાઈ જવાના ડરથી દયલમ તરફ ચાલ્યો ગયો.

દયલમના લોકોએ આ સય્યદ પુત્રની તેમના મોભાને છાજતી આવભગત કરી અને પૂરા પ્રદેશમાં તેમની અસરનું વર્તુળ વિસ્તૃત થતું ગયું.

મુખબીરોએ હારૂન રશીદને ખબર પહોંચાડી કે આ પ્રદેશમાં સય્યદ યહયા બિન અબ્દુલ્લાહ બિન ઇમામ હસનની લાગવગ દિન-પ્રતિદિન વિશાળ થતી જાય છે. સંભવિત છે કે ભાવિમાં તે તમારા રાજય માટે ખતરો પૂરવાર થાય એટલે ખતરો ઊભો થવા પહેલા જ તેને ઠેકાણે પાડવો જોઈએ.

હારૂને પચાસ હજારનું લશ્કર ફઝલ બિન યહયાની આગેવાનીમાં દયલમ તરફ રવાના કર્યું. જયારે આ

લશ્કર દયલમની નિકટ પહોંચ્યું તો સય્યદઝાદાએ કહ્યું કે હું લડાઈ કરી આ પ્રદેશને તબાહ અને વેરાન કરવા નથી માંગતો અને હું યુધ્ધના બદલે વાટાઘાટ કરીશ.

અંતે સય્યદ યહયા બિન અબ્દુલ્લાહ અને ફઝલ બિન યહયા વચ્ચે વાટાઘાટ થઈ. અને વિચાર વિમર્ષના અંતે એમ નક્કી થયું કે જો હારૂન અમાનનામું લખી દે જેમાં આલિમો અને ફોકહા (ધર્મપંડિતો) અને બની હાશિમના વડવાઓ સાક્ષી આપે તો સય્યદ યહયા પોતાની જાતને ફઝલ બિન યહયાને સોંપી દેશે.

થોડા દિવસ પછી હારૂન રશીદ તરફથી અમાનનામું પણ આવ્યું અને તેની સાથે થોડી ભેટસોગાતો પણ આવી.

અમાનનામું મળવા પછી સય્યદ યહયાએ પોતાને ફઝલ બિન યહયાને સોંપી દીધો.

હારૂને યહયાનો ભવ્ય સત્કાર કર્યો. પરંતુ પાછળથી હારૂને પોતાનું વચન તોડી યહયા બિન અબ્દુલ્લાહને જેલમાં નાખી દીધા.

હારૂન ઇચ્છતો હતો કે કોઈ ન કોઈ રીતે સય્યદ યહયાને ક્તલ કરી નાખે પણ તેને કોઈ યોગ્ય બહાનું દેખાતું નહોતું.

એક દિવસ ઝુબેરના વંશમાંથી એક શખ્સે હારૂન રશીદ પાસે ચાડી ખાધી કે સય્યદ યહયા જેલમાં જવા પહેલા ગુપ્ત રીતે લોકોને પોતાની ખિલાફતની દાવત આપતો હતો અને લોકોથી પોતા માટે ખિલાફતની બયઅત લેતો હતો.

હારૂનને તો એક બહાનું જોઈતું હતું , તેણે સય્યદ યહયા ને જેલમાંથી બહાર નિકાળ્યા અને કહ્યું કે મને ખબર પડી છે કે તેં પોતાના વચનનો ભંગ

ક્યોં છે અને લોકોથી પોતાની ખિલાફતની બયઅત લીધી છે.

સય્યદ યહયાએ આ બનાવનો ઇન્કાર ક્યોં તો હારૂન રશીદે ઝુબેરને તેની સામે આવવાનો હુકમ આપ્યો અને ઝુબેરે તેમની સામે પોતાના આરોપોનો પુનરોચ્ચાર ક્યોં.

સય્યદ યહયાએ કહ્યું: જો આ સાચો છે તો કસમ ખાય. ઝુબેરે કહ્યું: મને એ ખુદાએ વાહિદની કસમ જેના કબ્જામાં પૂરી કાએનાત છે. હું સાચો છું.

સય્યદ યહયાએ ફરમાવ્યું: નહીં , આ રીતે ક્સમ ન ખાઓ કેમકે જયારે કોઈ શખ્સ આવી રીતની કસમ ખાય જેમાં રબ્બુલ ઇઝઝતના વખાણ હોય તો અલ્લાહ તઆલા અઝાબને વિલંબમાં નાખે છે. જો તું સાચો છે તો આ રીતે કસમ ખાઈને પોતાની સચ્ચાઈ બયાન કર અને પોતાની કસમ આ રીતે ખા.

હું અલ્લાહની કુવ્વત અને નુસરતથી પોતાને અલગ કરી પોતાની કુવ્વત અને નુસરતને ખુદાને હવાલે કરીને કહુ છું કે મારી વાત સાચી છે.

કસમના વિચિત્ર શબ્દો સાંભળી ઝુબેર મુંઝાણો અને કહેવા લાગ્યો કે આ કેવી કસમ છે જે તમે મારાથી ઉપડાવવા માંગો છો.

હારૂન રશીદે ઝુબેરને કહ્યું: જો તું ખરેખર  સાચો છે તો તારે આ જ કસમ ખાવી પડશે. લાચારીએ ઝુબેરે એ જ કસમ ખાધી જે સય્યદ  યહયા ઇચ્છતા હતા.

હજી કસમ ખાઈને તે દરબારમાંથી બહાર નિકળ્યો જ હતો કે તેનો પગ એવી રીતે લપસ્યો કે તે મોં ભરિયા ગોથુ ખાઈને જમીન પર   પટકાઈ પડયો. તેના માથામાં સખત વાગ્યું અને થોડી વાર પછી

મરી ગયો. તેના જનાઝાને કબ્રસ્તાનમાં લાવવામાં આવ્યો અને કબ્ર જેટલી પણ માટી નાખવામાં આવી કબ્ર ભરાણી જ નહીં. લાચાર થઈને તેની કબ્ર પર છાપરૂ બનાવવામાં આવ્યું અને આમ તેનું નાપાક બદન ધૂળમાં મળ્યું.

# મન્સૂર હલ્લાજના ખોટાપણાની પોલ ખૂલી ગઈ

શેખ તૂસી રહેમતુલ્લાહે અલય્હે કિતાબ ગયબતમાં લખે છે કે ઇમામ સાહેબુઝઝમાન અલય્હિસ્સલામની નયાબત (પ્રતિનિધિત્વ) નો ખોટો દાવો કરવાવાળાઓમાં મન્સૂર હલ્લાજ પણ શામેલ છે.

મન્સૂરે મશહૂર શીઆ આલિમે દીન ઇસ્માઈલ બિન અલી નવબખ્તીને પત્ર લખ્યો જેમાં તેણે લખ્યુ કે ઇમામ સાહેબુઝઝમાન અલય્હિસ્સલામએ મને પોતાનો વકીલ નક્કી ર્ક્યો છે. અને તેમણે મને હુકમ આપ્યો છે કે હું તમને પત્ર લખુ એટલે તમારી

ફરજ છે કે તમે મારી મદદ કરો અને મારી નયાબત પર ઈમાન લાવો અને શંકાથી બચો.

હકીકતમાં મન્સૂર એમ સમજતો હતો કે ઇસ્માઈલ બિન અલી નવબખ્તી લોકોની ધ્યાનનું કેન્દ્ર છે અને જો હું તેમને જાળમાં  ફસાવવામાં સફળ થયો તો મારી સફળતા ચોક્કસ થઈ જશે. પરંતુ તે તેમના ઈમાની દરજજાથી અજ્ઞાન હતો.

મન્સૂરનો પત્ર જેવો તેઓને મળ્યો તો તેમણે જવાબમાં લખ્યું: આપ કેમકે ઇમામ અલયહિસ્સલામના નિયુક્ત કરેલા પ્રતિનિધિ છો ! એટલે આપની મારી એક નાની એવી યાચના છે.

જો આપે મારી યાચના સ્વિકારી લીધી તો હું સમજીશ કે તમે તમારા દાવામાં સાચા છો. અને તે યાચના એ છે કે મારી પાસે ઘણી કનીજો છે અને હું અત્યારે બુઢો થઈ ગયો છું. પોતાની વૃધ્ધાવસ્થા છુપાવવા માટે મને ખિઝાબનો આધાર લેવો પડે છે અને મને તેનાથી ઘણી તકલીફ પડે છે. આપ મહેરબાની કરીને અલ્લાહથી દુઆ માંગો કે તેઓ ઇમામ સાહેબુઝઝમાન અલય્હિસ્સલામના પવિત્ર આત્માના વસીલાથી મારી સફેદીને કાળપમાં ફેરવી દે અને મને વારંવાર ખિઝાબના શ્રમથી બચાવી લે.

જો આપની દુઆથી એવું થયું તો હું આપનો મુરીદ બની જઈશ અને આપને તો સારી રીતે ખબર છે કે જયારે હું આપનો મુરીદ બનીશ તો હું એકલો નહીં હોઉં મારી સાથે હજારો બીજા જણ આપની શ્રધ્ધા વર્તૂળમાં ભળી જશે.

મન્સૂરે જયારે ઇસ્માઈલ બિન અલી નવબખ્તીનો પત્ર વાંચ્યો તો તેના પગ નીચેથી ઝમીન નિકળી ગઈ. અને તેને ખાતરી થઈ ગઈ કે આ મારી જાળમાં ફસાવવાવાળા નથી. લોકો ધીમે ધીમે મન્સૂરનો તિરસ્કાર કરવા લાગ્યા અને તેનું પરિણામ એ આવ્યું કે ખલીફાના હુકમથી મન્સૂરને

એક હજાર કોરડા મારવામાં આવ્યા અને તેને શૂળી પર લટકાવવામાં આવ્યો અને તેના શરીરના ટુકડાઓને આગમાં બાળવામાં આવ્યા પછી તેની રાખને દજલા નદીમાં વહાવી દેવામાં આવી.

# ઝકરિયા રાઝીનું જૂઠું લખાણ

અબૂબકર મોહમ્મદ બિન ઝકરિયા રાઝી મશહૂર તબીબ (યુનાની ડોકટર) થઈ ગયો છે. તેણે કિમીયાગરીમાં એક કિતાબ લખી હતી જેમાં  હકીકી ધાતુઓને મેળવી સોનું બનાવવાની રીતો લખી હતી.

પછી તેણે એ પુસ્તક સામાન બાદશાહ મન્સૂરની સામે રજૂ કરી. બાદશાહ પુસ્તક વાંચી ઘણો ખૂશ થઇ ગયો અને કિતાબના લેખકને એક હજાર દીનાર ઇનામ આપ્યા.

અને તેણે મોહમ્મદ બિન ઝકરિયા રાઝીને દરખાસ્ત કરી કે તેણે સોનું બનાવવાની જે રીતો લખી છે તે પ્રમાણે સોનું તૈયાર  કરી બતાવે. જેથી કિતાબની સચ્ચાઈ પ્રયોગથી પુરવાર થઈ જાય.

ઝકરિયાએ કહ્યું: એ માટે તો લાખો દીનાર અને ખાસ ઓજારો અને સાચી જડીબુટ્ટીઓની જરૂર છે.

બાદશાહે કહ્યું: આપ ગભરાઓ નહીં , આપને બધી વસ્તુઓ પૂરી પાડવામાં આવશે. બાદશાહે જરૂરી સામગ્રી ભેગી કરી દીધી અને  ઝકરિયાને કહ્યું: હવે બધો જરૂરી સામાન ભેગો થઈ ચૂક્યો છે એટલે આપ અમને  સોનું બનાવી દેખાડો. ઝકરિયા રાઝી

સોનું ન બનાવી શક્યો તો ઘણો ખસ્સાણો પડી ગયો.

બાદશાહે કહ્યું: તમને જૂઠ લખવાની શું જરૂરત હતી? અને જો અમે તેનો પ્રયોગ ન કરાવતે તો આવવાવાળો વંશ પણ તમારા જૂઠના વર્તુળમાં જકડાતા રહેતે. અમે તને પુસ્તક લખવાનો પુરસ્કાર એક હજાર દીનાર આપી દીધો છે. પણ એ સાથે જરૂરી છે કે તમને તમારા જુઠાપણાની સજા મળવી જોઈએ.

પછી તેણે હુકમ આપ્યો કે તેણે લખેલી કિતાબ તેના માથા પર એટલી વાર મારવામાં આવે કે

કિતાબ ફાટી જાય. એટલે તેની કિતાબને તેના માથા પર એટલી વાર મારવામાં આવી જયાં સૂધી કિતાબ ફાટી ન ગઈ. અને તેના કારણે તેની આંખમાં ખોડ પૈદા થઈ ગઈ અને તેમાંથી સદા પાણી વહેતું રહ્યું અને આ ખોડ મરવા સૂધી તેની સાથે રહી.

ઝકરિયા એક વખત બીમાર પડયો તો કોઈ તબીબ પાસે ગયો કે દવા લે તો તબીબે તેનાથી પચાસ દીનાર લઈ લીધા અને ઝકરિયાને કહ્યું: તમને ગેરસમજુતી થઈ છે.

કીમિયાગીરી એ નથી જેની પાછળ તમે પડયા છો. અને હડધૂત થાઓ છો. કિમીયાગીરી આ છે.

તબીબની વાત સાંભળી ઝકરિયા ઘણો પ્રભાવિત થયો અને તેણે તિબ વિદ્યા શિખવી શરૂ કરી અને મહેનત કરીને એ સ્થાને પહોંચી ગયો કે તેમણે તિબ વિદ્યા વિષયમાં પુસ્તકો લખ્યા અને પોતાના યુગના મહાન તબીબ કહેવાયા.

## જૂઠ બધા ગુનાહોની જડ છે.

એક જણ જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો અને આપથી માર્ગદર્શન ચાહ્યું તો આપે  ફરમાવ્યું: સાચુ બોલો, જૂઠ ન બોલો , ત્યાર પછી મન ફાવે તેટલા ગુનાહ કરતા રહો. આ સાંભળી એ જણ ઘણો ખૂશ થયો અને મનોમન કહ્યું: મને આપે જૂઠ બોલવાની મના કરી છે , સાચુ બોલવાની આજ્ઞા કરી છે આ સિવાય બધા ગુનાહોની છૂટ આપી દીધી છે. હવે હું ફલાણી વેશ્યા પાસે જઈશ અને જાતીય સુખ માણીશ. તે બુરાઈ માટે તૈયાર જ  થઈ રહયો હતો

કે તેણે દિલમાં વિચાર્યું કે જો કોઈએ પુછી લીધુ કે શું કરવા ગયા હતા ? તો જવાબમાં મને સાચું બોલવું પડશે અને સાચુ બોલવાના સંજોગોમાં મારે સંગસાર થવું પડશે. આમ વિચારી તેણે પોતાનો નિર્ણય ત્યાગી દીધો. પછી તેણે પોતાના મનમાં ચોરી ડાકાનો વિચાર ર્ક્યો અને તેની સાથે વિચાર્યું કે જૂઠ મારે બોલવું નથી. અને સાછું બોલવાના સંજોગોમાં મારા હાથ કપાઈ શકે છે. અને ફાંસીની સજા થઈ શકે છે. આમ વિચારી તે આ કુકર્મ કરવાથી રોકાઈ ગયો અને છેવટે સચના કારણે તેણે બધા ગુનાહોથી તૌબા કરી લીધી.

## સલૂનીના જૂઠા દાવેદારોની બદનામી

ઇતિહાસમાં ઇબ્ને જવઝીના નામથી બે સાહેબોના ઇલ્મનો વૃતાંત મળે છે. એક ઇબ્ને જવઝી એ છે જે પોતાના યુગનો પ્રખ્યાત હદીસવેત્તા હતો. અને બીજો સિબ્ત ઇબ્ને જવઝી છે અને તે એહલેબૈતે પાકને માનવાવાળો હતો. અને તઝકેરૂલ ખવાસ તેની પ્રખ્યાત કૃતિ છે અને તેઓ બીજા મોટા હાજર જવાબ પણ હતા.

એક વખત તેઓ મિમ્બર પર બેસી ભાષણ આપી રહ્યા હતા. તો કોઈએ પૂછ્યું હઝરત અલી અલય્હિસ્સલામ અને અબૂબકરમાં શ્રેષ્ઠ કોણ છે?

તો તેમણે કહ્યું: “અફઝલહા બઅદેહી મન કાનત ઇબ્નતેહી તહતેહી.” આ વાક્યના બે અર્થ નિકળી શકે છે.

૧. એ બેમાંથી શ્રેષ્ઠ એ છે જેના ઘરમાં હુઝૂરની પુત્રી છે.

૨. આ વાક્યનો બીજો અર્થ એ થઈ શકે છે કે એ બેમાંથી શ્રેષ્ઠ એ છે કે જેની પુત્રી હુઝૂરના ઘરમાં છે.

એટલે આ દ્વિઅર્થી સાંભળી શીઆ પોતાની જગ્યાએ અને સુન્ની પોતાની જગ્યાએ ખૂશ થઈ ગયા.

અલ્લામા સિબ્ત ઇબ્ને જવઝી એક  દિવસ ખૂત્બો (ભાષણ) આપી રહ્યા હતા કે કોઈએ પૂછ્યું કે ખલીફાઓની સંખ્યા  કેટલી છે? તેમણે કહ્યું: ચાર , ચાર, ચાર.

તો શીઆ એટલે રાજી થઈ ગયા કે તેમણે શબ્દ ચારને ત્રણ વખત વાપરી તો એ બારની સંખ્યા થઈ. જે તેમની માન્યતા મુજબ છે. અને  સુન્ની એટલા માટે ખૂશ થયા કે તેમણે ચારનો ત્રણ વખત ઉપયોગ કરી ખલીફાઓની  સંખ્યા ચાર હોવા પર ભાર મૂક્યો છે. અને આ સુન્ની માન્યતા પ્રમાણે છે.

અબ્દુર્રહેમાન ઇબ્ને જવઝી પોતાના યુગના પ્રખ્યાત હદીસવેત્તા હતા અને તેમણે મૌલા અલી અલય્હિસ્સલામના વાક્ય 'સલૂની કબ્લ અન તફકેદૂની' કહેવાની ધૃષ્ટતા કરી.

ઇબ્ને જવઝીએ જેવો સલૂનીનો દાવો ક્યોં તો સભામાંથી એક સ્ત્રીએ પૂછ્યું શું તમે માનો છો કે અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ સલમાન ફારસીના મૃત્યુની ખબર મળતા એક જ રાતમાં મદાઈન પહોંચી ગયા અને તેમની કફન દફન વિધિ પતાવી?

તેમણે કહ્યું: હા, બિલ્કુલ સત્ય છે. પછી તેણે પૂછ્યું: આ રિવાયત વિશે તમારૂ શું કહેવું છે કે ત્રીજા ખલીફા ત્રણ દિવસ સૂધી દફન ન થઈ શક્યા. જોકે અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામ મદીનામાંજ બિરાજમાન હતા.

તેમણે કહ્યું: આ પણ ખરૂ છે.

તેણે ફરી પૂછ્યું: આમાથી અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામનું કયું કામ ખરૂ છે અને કયું ખોટુ છે?

આ સાંભળી ઇબ્ને જવઝી અટવાઈ ગયો અને પછી સ્વસ્થ થઈ બોલ્યો અય બાઈ! જો તું પતિની રજાથી આવી છો તો તેના પર લાનત થાય , નહિતર તારા પર કે તું અચકાયા વગર અહીં ચાલી આવી.

સ્ત્રીએ કહ્યું: અય ઇબ્ને જવઝી શું હું પૂછી શકું કે ઉમ્મુલ મોઅમેનીનનું નિકળવું ક્યા ખાતામાં આવે છે? આના માટે ઇબ્ને જવઝી પાસે જવાબનો કોઈ અવકાશ નહોતો.

મકાતિલ બિન સુલૈમાને જીવનભરમાં ત્રણવાર સલૂનીનો દાવો ક્ર્યો અને દરેક વાર તેણે મોંની ખાધી.

જેમકે એક વાર તેણે કહ્યું: સલૂની એમાદૂનલ અર્શ. અર્શની આ તરફની જે વાત ચાહો પૂછો.

એક શખ્સે આ દાવો સાંભળી કહ્યું: જયારે આદમે હજ કરી હતી તો તેઓનું માથુ કોણે મૂંડયુ હતું?

મકાતિલે કહ્યું: અલ્લાહે તારા દિલમાં આ પ્રશ્ન એટલા માટે મૂક્યો છે કે મને આ બાગમાં અને

ગર્વથી હડધૂત કરે. ભલા મને એનું ઇલ્મ ક્યાંથી થઈ શકે છે?

બીજી વખત આ જ મકાતિલે ફરી દાવો કર્યો કે મારાથી અર્શની નીચેની બધી વસ્તુઓ વિશે જે ઇચ્છો પૂછી લ્યો.

એક શખ્સે ઊભા થઈને કહ્યું: હું તારાથી અર્શ અને પાતાળની વાતો નથી પૂછતો , મને બસ આટલું બતાવી દે કે અસ્હાબે કહફના કુતરાનો રંગ કેવો હતો?

મકાતિલે સાંભળ્યુ તો ઝંખવાઈને માથું નમાવી લીધુ અને કોઈ જવાબ આપી ન શક્યો.

ત્રીજી વાર એજ દાવો ક્યોં તો એક શખ્સે પૂછ્યું: એ બતાવો કે કીડીના આંતરડા જિસ્મના આગલા ભાગમાં હોય કે પાછળના ભાગમાં?

મકાતિલ કોઈ જવાબ ન આપી શક્યો અને ભવિષ્યમાં આ દાવાથી તૌબા કરી લીધી.

કૂફામાં આવો જ દાવો ફતાદાએ પણ ક્યોં હતો અને કહ્યું હતું: લોકો ! અલીએ પણ આજ મસ્જિદમાં સલૂનીનો દાવો ક્યોં હતો અને આજ હું પણ આ જ

મસ્જિદમાં દાવો કરી રહયો છું કે તમારે જે કંઈ પૂછવું હોય પૂછી લ્યો.

એક શખ્સે કહ્યું: વારૂ ! એ બતાવો , હઝરત સુલેમાનના પ્રસંગમાં એક કીડીનો ઉલ્લેખ છે , એ કીડી નર હતી કે માદા?

ફતાદા કોઈ જવાબ ન આપી શક્યો અને શરમાઈને માથું નમાવી લીધુ.

એક વખત ઇમામ શાફેઈએ મક્કામાં કહ્યું: જે ચાહો પૂછી લો હું કિતાબ અને સુન્નતથી તેનો જવાબ આપીશ. તો એક શખ્સે પૂછ્યું: એ શખ્સ સબંધે શું

હુકમ છે જેણે અહેરામની હાલતમાં ભમરીને મારી નાખી હોય.પણ  તે કિતાબ અને સુન્નતમાંથી કોઈ જવાબ ન આપી શક્યો.

સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી અન્વારે નોઅમાનિયામાં લખે છે કે હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામએ ઘણી વખત દાવો ર્ક્યો હતો. મને પૂછી લ્યો, એ પહેલા કે તમે મને ન મેળવી શકો ,  હું જમીનના   માર્ગની સરખામણીમાં આસમાનના માર્ગો વધારે સારી રીતે જાણુ છું.

આપના દાવા પછી એક શખ્સ ઊભો થયો અને કહ્યું એ બતાવો કે અત્યારે જિબ્રઈલ ક્યાં છે  ? આપે

ફરમાવ્યું: મને જરા જોઈ લેવા દયો.પછી આપે ઉપર, નીચે, ડાબે, જમણે નઝર દોડાવી અને ફરમાવ્યું: તમે જ જિબ્રઈલ છો.

એજ વખતે જિબ્રઈલ લોકોની સામે ઉડ્ડયન કરી ચાલ્યા ગયા. અને હાજર લોકોએ તકબીરનો નારો બુલંદ ર્ક્યો અને મૌલાથી લોકોએ પૂછ્યું આપે કેવી રીતે જાણ્યું કે આ જિબ્રઈલ છે?

આપે ફરમાવ્યું: જયારે મેં આકાશ તરફ જોયું મને ત્યાં જિબ્રઈલ દેખાણા નહીં , પછી મેં જમીનથી પાતાળ સૂધી નઝર નાખી , મને જિબ્રઇલ ત્યાં પણ નઝર ન આવ્યા. ટુંકમાં મેં ચારે તરફ નઝર

દોડાવી તો જિબ્રઈલ ક્યાંય નઝરે ન પડયા એટલે મને ખાતરી થઈ ગઈ કે સવાલ કરનાર પોતે જ જિબ્રઈલ છે.

ત્યાર પછી સય્યદ નેઅમતુલ્લાહ લખે છે કે હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામએ યકીનમાં વાધારો કરવા માટે આસમાન અને જમીનના ભેદો જોવાની ઇચ્છા વ્યક્ત કરી અને અલ્લાહ તઆલાએ તેમની ઇચ્છા પૂરી કરી હતી. અને તેમને એક વખત જમીન અને આસમાનના સંબંધો દેખાડયા , પરંતુ હઝરત અમીરુલ મોઅમેનીન અલય્હિસ્સલામની શાન તો જુઓ, આપ જમીન અને આકાશના સંબંધો

જોવાના મોહતાજ ન હતા અને આપ આકાશ અને ધરતીના રહસ્યો જોયા વગર જ કહયા કરતા હતા કે જો પર્દાઓ હટાવી લેવામાં આવે તો પણ મારા યકીનમાં વધારો નહીં થાય.

## જૂઠું બોલવાવાળાને સઝા મળી ગઈ.

એહમદ બિન તવલૂન એક વિખ્યાત શાસક થઈ ગયો  છે. તે પોતાના બાળપણની એક કથા સંભળાવ્યા કરતો હતો કે હું બાળક હતો. એક દિવસ મારા પિતા અમીર તવલૂનની સેવામાં ગયો અને તેમને કહ્યું કે દરવાજા પર ઘણા  ગરીબો અને નિરાધારો ભેગા થયા છે. આપ તેમના માટે કંઈક

રકમ લખીને આપો જેથી ખઝાનાદારથી રકમ લઈ તેઓમાં વહેંચી દેવામાં આવે.

આ સાંભળી મારા બાપે કહ્યું: તું કાગળ અને કલમ લાવ, હું હમણા જ લખીને આપું છું. હું કાગળ કલમ લેવા ગયો તો એક કનીઝને એક ગુલામ સાથે અયોગ્ય ચેષ્ટા કરતા જોયા. હું કલમ ને કાગળ લઈને અમીર પાસે ગયો પણ મેં તેમને લોંડી-ગુલામ વિશે એક શબ્દ પણ ન કહયો.

કનીઝને ડર હતો કે હું તેના દુષ્કૃત્યની જાણ કરી ન દઉં એટલે તેણે પાણી આડે પાળ બાંધવા ખાતર

મારા પિતા પાસે શિકાયત કરી કે મેં તેની સાથે છેડછાડની કોશિશ કરી છે.

મારા બાપને કનીઝની વાત પર ભરોસો આવી ગયો અને એક ખાદિમના નામ પર એક ચીઠ્ઠી લખી. જેમાં તેઓએ લખ્યું હતું કે આ ચીઠ્ઠી લાવનારને તરત જ મારી નાખવામાં આવે. અને તેનું શીશ મારી પાસે લાવો. ચીઠ્ઠીને કવરમાં બંધ કરી તે કવર મને આપ્યું. હું કવર લઈને લખેલ શખ્સ પાસે જઈ રહયો હતો કે અચાનક મને એ જ કનીઝ રસ્તામાં મળી ગઈ. અને પૂછ્યું કે ક્યાં જાઓ છો?

મેં બતાવ્યું કે અમીરે ફલાણા નોકરના નામે ચીઠ્ઠી લખી છે. હું ચીઠ્ઠી પહોંચાડવા જઈ રહયો છું. તેણે કહ્યું: આ કાગળ મને આપી દયો. હું તમારાથી જલ્દી પત્ર પહોંચાડી દઈશ. મેં કાગળ તેને દઈ દીધો અને તેણીએ એ કાગળ પોતાના પ્રેમીને આપી દીધો. તે પ્રેમી પણ મારી જેમ ખતના લખાણથી અજાણ હતો. એટલે તે એ પત્ર લઈ જલ્દીથી તે નોકર પાસે ગયો.

નોકરે જેવી ચીઠ્ઠી વાંચી તેણે ધડ દઈને તેનું શીશ વાઢી નાખ્યું અને માથુ લઈને અમીરની પાસે આવી ગયો.

અમીર મસ્તક જોઈને ચકિત થઈ ગયો અને તેમણે મને બોલાવ્યો અને પૂરી વિતક સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. મેં તેમને બધી  પરિસ્થિતિથી પરિચિત ર્ક્યા તો તેમણે હુકમ આપ્યો કે કનીઝને તરત જ હાજર કરવામાં આવે. જયારે કનીઝ હાજર થઈ તો તેમણે હુકમ જારી ર્ક્યો કે તેનું માથું  ઉડાડી દેવામાં આવે. એટલે એ કનીઝને પણ જલ્લાદે કતલ કરી નાખી. આમ જૂઠાઓ પોતાના બુરા અંજામે પહોંચ્યા.

સફવાન સારબાન રિવાયત કરે છે કે અબ્દુલ્લાહ બિન હસનના બે પુત્રોમાં મોહમ્મદ નફસે ઝકિય્યા અને ઇબ્રાહીમની શહાદત પછી એક શખ્સ મન્સૂર દવાનકીની પાસે ગયો અને કહ્યું કે તમે બની ફાતેમાથી નચિંત થઈને ન બેસો કેમકે જઅફર બિન મોહમ્મદે ઇમામ સાદિક અલય્હિસ્સલામ પોતાના ગુલામ મોઅલ્લા બિન ખનીસને હુકમ આપ્યો કે તે શીઆઓને ભેગા કરે અને વધારેમાં વધારે હથિયાર એકઠા કરે. આમ તેઓ આપની વિરુધ્ધ સશસ્ત્ર બળવો પોકારવાવાળા છે અને મોહમ્મદ બિન

અબ્દુલ્લાહ બિન હસન આ કામમાં તેઓની સાથે છે.

આ ખબર સાંભળી મન્સૂરને ઘણો ગુસ્સો ચડયો અને તેણે પોતાના કાકા , જે એ સમયે મદીનાના ગવર્નર હતા, પત્ર લખ્યો કે જઅફર બિન મોહમ્મદ ને મારી પાસે રવાના કરો.

મદીનાના ગવર્નરે એ પત્ર ઇમામ સાદિક અલય્હિસ્સલામ પાસે મોકલ્યો અને કહ્યું કે આપ કાલ સૂધીમાં અહીંથી રવાના થઈ જાઓ.

સફવાન કહે છે કે ઇમામ અલય્હિસ્સલામએ મને હુકમ આપ્યો કે તમે ઊંટ તૈયાર કરો , આપણે કાલે ઇરાક જવાનું છે.

ઇમામ અલય્હિસ્સલામ પ્રવાસ વેઠી મન્સૂરના દરબારમાં પહોંચ્યા તો તેણે પ્રથમતો આપની સારી આગતા સ્વાગતા કરી , પછી ધીમે  ધીમે શિકાયત વ્યક્ત કરવા લાગ્યો અને કહ્યું કે આપે પોતાના ગુલામ મોઅલ્લા બિન ખનીસને શસ્ત્રો એકઠા કરવા પર નિયુક્ત કર્યો છે. અને આપ અમારી વિરુધ્ધ બંડ કરવા માંગો છો.

આ સાંભળી ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું: ખુદાની પનાહ, આ મારા પર ખોટુ બોહતાન છે. મન્સૂરે કહ્યું કે જો આ ખોટું છે તો આપ કસમ ખાઓ.

આપે કસમ ખાધી. મન્સૂરે કહ્યું: આપ તલાક અને ઓતાકની કસમ ખાઓ.

(અંધાર યુગમાં કસમ આ રીતે ખાવામાં આવતી હતી કે જો આ વાત સાચી નિકળી તો મારી પત્નિને તલ્લાક થઈ જશે અને મારો ગુલામ આઝાદ થઈ જશે.)

આપે ફરમાવ્યું: મન્સૂર ! કેટલુ વિચિત્ર છે  કે મેં ખુદાની કસમ ખાધી છે અને તું તેના પર યકીન નથી રાખતો અને હવે જાહેલીયતના યુગના કસમ ઉપડાવવા માંગે છે?

આપ મારી સામે પોતાની વિધ્ધતા દેખાડો છો?

ઇમામ અલય્હિસ્સલામએ કહ્યું કે: હું ઇલ્મ કેમ ન દેખાડું જયારે અલ્લાહે અમને ઇલ્મ અને હિકમતની ખાણ બનાવ્યા છે.

મન્સૂરે કહ્યું: હમણા જ હું આપની સામે એ  શખ્સને જાહેર કરૂ છું જેણે મને તમારા સબંધે આ ખબર

આપી છે. ખબર આપવાવાળો દરબારમાં હાજર થયો અને કહ્યું કે મેં જે કંઈ કહ્યું એ ખરૂ છે.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું કે કસમ ખાઓ. તેણે તરત જ કસમ ખાધી અને કહ્યું એ જાતની કસમ જેના સિવાય કોઈ ઇબાદતને લાયક નથી. જે તાલિબ છે અને ગાલિબ અને જીવંત અને સદાકાળ છે.

ઇમામ અલય્હિસ્સલામએ ફરમાવ્યું નહીં, હું તારાથી આ રીતની કસમ નહીં સ્વિકારૂ. કેમકે જે શખ્સ અલ્લાહની ઉચ્ચત્તમ સિફતોની સાથે કસમ ખાય તો અલ્લાહ તેની જલ્દી પકડ નથી કરતો. તું હું જેમ

બતાવું એવી રીતે કસમ ખાઓ અને કહો કે હું અત્યારે અલ્લાહની કુદરત અને સલ્તનતથી પોતાની શક્તિ અને તાક્તને સુપુર્દ કરીને કહુ છું કે હું સાચો છું.

ટૂંકમાં, એ કમબખ્તે આજ શબ્દોમાં ક્સમ ખાધી અને તે એ જ સમયે જમીન પર ઢળી પડયો અને મરી ગયો. અને આમ જીવ આપી તેણે જૂઠની ભારી કિંમત ચૂક્વી.

તેનો અંત જોઈ મન્સૂર ગભરાઈ ગયો અને કહ્યું હું ભવિષ્યમાં આપના વિશે કોઈની વાત પર વિશ્ર્વાસ નહીં મુકું.

## જૂઠનો અઝાબ

એક દિવસ જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું કે હું કાલે રાત્રે સુતો હતો કે મેં સ્વપ્નમાં જોયું કે એક શખ્સે મને કહ્યું: ઊઠો, હું ઊભો થયો. તો જોયું કે એક શખ્સ બેઠેલો છે અને બીજા શખ્સના હાથમાં લોઢાનો ડંડો છે. અને તે ડંડો લઈને બેઠેલા શખ્સના મોંમા ઘુસાડી રહયો છે ત્યાં સૂધી કે તેના ખભાઓના વચમાંથી એ જ ડંડો નિકળે છે. અને ફરી એક કાર્યનું પુનરાવર્તન કરે છે. મેં સાથે ઊભેલા શખ્સને પૂછ્યું કે આ શું છે?

તેણે મને બતાવ્યું કે આ જૂઠો શખ્સ છે અને તેને અઝાબ કરવામાં આવી રહયો છે. કબ્રમાં જૂઠાઓને આજ રીતે અઝાબ કરવામાં આવે છે.

# જૂઠો ખુશામદખોર

ઇતિહાસ ‘હબીબુસ્સયર’માં લખએકું છે કે જે કાળમાં સુલ્તાન હુસૈન બાયકરાએ ખુરાસાન અને ઝાબિલમાં રાજય સ્થાપ્યું એ સમયે આઝરબાઈજાન પર યઅકૂબ મિરઝાની હુકૂમત હતી.

એ બંને રાજાઓમાં મોટી દોસ્તી હતી. બંને એકબીજાને કિંમતી ભેટ સોગાતો મોકલતા રહેતા હતા.

એક વખત સુલતાન હુસૈન બાયકરાએ યઅકૂબ મિરઝાને પત્ર લખ્યો અને પત્રની સાથે કંઈક

મુલ્યવાન ભેટો પણ મોકલી અને પોતાના એક દરબારીને બોલાવ્યો જેનું નામ અમીર હસન અબીવરદી હતું. તેને બોલાવી પત્ર અને બધી ભેટો તેને સોંપી અને કહ્યું કે તમે આને આઝર બાઈજાનના સુલ્તાનની પાસે લઈ જાઓ અને જતા વખતે કહ્યું કે અમારી લાઈબ્રેરીમાંથી મૌલાના જામીના કલામોનો સંગ્રહ કુલ્લીયાતે જામી પણ લઈ જાઓ. અને એ કિતાબ પણ અમારા તરફથી સુલતાનને ભેટ તરીકે પહોંચાડો.

અમીર હસન અબીવરદી પુસ્તકાલય ગયા અને પુસ્તકાલયના સંચાલકને સુલ્તાનનો હુકમ

સંભળાવ્યો. તો તેણે ભૂલમાં ‘કુલ્લીયાતે જામી ’ના બદલે ઇબ્ને અરબીની ‘ફતુહાતે મક્કીયા ’ ઉપાડી તેના હવાલે કરી દીધી, બંને પુસ્તકોનું દળ સમાન હતું. કાસિદે પણ પુસ્તક ખોલવાની મહેનત ન કરી.

તાત્પર્ય એ કે, એક લાંબો કંટાળાજનક પ્રવાસ ખેડી તે સુલ્તાન આઝબરાઈજાનના પાસે પહોંચ્યો. સુલ્તાને ખેપિયાની ઘણી આવભગત કરી અને તેનાથી સુલ્તાન બાયકરાના ક્ષેમ કુશળ પૂછયા. પછી તેના સંતાનો અને તેના બધા સાથીઓના એક એક કરીને ખબર અંતર પૂછયા. તો તેણે કહ્યું હું ઘણો ખૂશી મઝામાં છું.

સુલ્તાન આઝરબાઈજાને કહ્યું: લાંબી મુસાફરી છે ,
બે મહિનાની સફર છે મને ખાતરી છે કે તમે જરૂર થાકી ગયા હશો.

કાસિદે ખુશામદ શૈલીમાં કહ્યું: જનાબ હું જરાય થાક્યો નથી, કેમકે જે મંઝિલ પર પણ મને થાકનો અનુભવ થતો તો હું 'કુલ્લીયાતે જામી' ઉપાડી વાંચવા લાગતો અને તેનાથી મારો બધો થાક ઊતરી જતો હતો. સુલતાન બાયકરાએ આપના માટે 'કુલ્લીયાતે જામી'ની પ્રત મોકલી છે અને હું પણ પૂરા રસ્તે તેનાથી આનંદ માણતો રહયો.

આ સાંભળી યઅકૂબ મિરઝા ઘણો ખુશ થયો અને કહેવા લાગ્યો: હું પણ એક અરસાથી આ કિતાબની શોધમાં હતો, પણ આ કિતાબ મને ન  મળી શકી. અને હવે સુલતાન બાયકરાનો ઉપકાર છે કે તેમણે આ પુસ્તક મને  મોકલાવ્યું છે. આપ મને જલ્દીથી એ પુસ્તક લાવી આપો.

કાસિદે નોકરોને હુકમ આપ્યો કે સામાનની ફલાણી બોરીઓમાં એ કિતાબ મૌજૂદ છે, લઈ આવો.

કાસિદ જયારે કિતાબ લઈને આવ્યો તો સુલતાન યઅકૂબે જેવો કિતાબનો મુખ્ય પેજ ઉલ્ટાવ્યો તો

‘કુલ્લીયાતે જામી ’ના બદલે ઇબ્ને અરબીની ‘ફતુહાતે મક્કીયા’ હતી.

સુલતાને કાસિદને કહ્યું: તમને જૂઠ બોલતા શરમ ન આવી ? આ ‘કુલ્લીયાતે જામી ’ નહીં, બલ્કે ‘ફતુહાતે મક્કીયા’ છે.

આ જોઈ કાસિદના હોશ ઊડી ગયા અને અત્યંત ઝંખવાયો. અને એજ ઝંખવાણના કારણે સુલતાન પાસેથી ઊઠીને ચાલ્યો ગયો અને જવાબની વાટ જોયા વિના ત્યાંથી ચાલતી પકડી અને કહયા કરતો હતો કે અફસોસ આ માનભંગ પહેલા હું મરી ગયો હોત તો વધારે સારૂ હતું.

હઝરત રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના મહાન મોભાવાળા સહાબીને અબૂઝર શામના ગવર્નર મોઆવિયાએ ખલીફા ઉસ્માનના હુકમથી શામથી મદીના મોકલ્યા.

તેજચાલ ઊંટ પર લગાતાર સફર કરવાના કારણે તેમની સાથળો છોલાઈ ગઈ. તેમનામાં ઊભા રહેવાની પણ શક્તિ રહી નહી. ઘાયલ સ્થિતિમાં પોતાની લાકડીને ટેકો દઈ ઉસ્માનના દરબારમાં હાજર થયા. તેમણે અવલોકન કર્યું કે ખલીફાના સામે દિરહમ અને દીનારનો એક મોટો ઢગલો

પડેલો છે.  અને લોકો પણ એ નિય્યતથી આવી ઊભા છે કે કદાચ આ દૌલત વહેંચવામાં આવે તો તેમને પણ કંઈક ભાગ મળી જાય.

જયારે અબૂઝરની દ્રષ્ટિ આ દૌલત પર પડી તો ખલીફાને પૂછ્યું: આ કોની દૌલત છે?

ખલીફાએ કહ્યું કે આસપાસના ગવર્નરોએ એક લાખ દિરહમ મોકલ્યા છે. હું ઇચ્છુ છું કે એક લાખ દિરહમ બીજા આવી જાય તો તેને  મુસલમાનોમાં વહેંચી દઉં.

અબૂઝરે કહ્યું: એક લાખ દિરહમ વધારે છે કે ચાર દિરહમ?

ખલીફાએ કહ્યું: એક લાખ દિરહમ વધારે છે.

અબૂઝરે કહ્યું: તમને સારી રીતે યાદ હશે કે આપણે ભેગા મળીને એક રાત્રે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં ગયા હતા આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએસમયે ઘણા ચિંતાતૂર હતા. આપે આપણા સાથે કોઈ ખાસ વાત ન ફરમાવી અને જયારે આપણે સવારના આપની ખિદમતમાં ગયા તો આપ ઘણા પ્રફુલ્લિત હતા. આપણે આપ

સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી પૂછ્યું: યા રસૂલલ્લાહ ! રાત્રે આપ ચિંતાગ્રસ્ત કેમ હતા?

આપે ફરમાવ્યું: રાત્રે મારી પાસે મુસલમાનોના માલમાંથી ચાર દીનાર વધી ગયા હતા. તેના કારણે હું પૂરી રાત વ્યાકૂળ રહયો કે ક્યાંક તેને વહેંચવા પહેલા મૌત ન આવી જાય અને હવે મેં ચાર દીનાર વહેંચી દીધા છે એટલે ખૂશ છું.

ખલીફાએ કાઅબલ અહબારની સામે જોયુ અને કહ્યું: તમારૂ શું માનવુ છે કે જો ખલીફા કંઈક માલ વહેંચે અને કંઈક માલ પોતાની પાસે રાખીલે તો તેમાં કોઈ વાંધો છે?

કાબુલ અહબારે કહ્યું: અતાર ખલીફા એક એવો મહેલ ચણાવે જેની ઈંટ સોનાની અને બીજી ચાંદીની તો પણ કંઈ વાંધાજનક નથી.

અબૂઝરને ગુસ્સો આવ્યો અને પોતાની લાકડી કઅબૂલ અહબારના માથામાં ઝીંક્તા કહ્યું યહૂદી ઔરતના પુત્ર ! ઇસ્લામના કાનૂનોથી તારે શું લેવા દેવા? તું સાચો છે કે ખુદા ? અલ્લાહનો સ્પષ્ટ હુકમ છે : "એ લોકો જેઓ સોનુ-ચાંદી ભેગુ કરે છે અને તેને ખુદાના માર્ગમાં ખર્ચ  કરતા નથી તો તેઓને દર્દનાક અઝાબની વધામણી આપો. જે દિવસે એ સોના ચાંદીને  દોઝખની આગમાં ગરમ કરવામાં

આવશે અને તેનાથી તેઓના કપાળ અને તેઓના પડખાઓ અને તેઓના વાંસાઓ ને ડામવામાં આવશે (તેઓને કહેવામાં આવશે) આજ તો છે જેને તમે પોતાના માટે ભેગા કરતા હતા , તો પોતાના ભેગા કરેલા માલની મઝા ચાખો.”

ખલીફાએ નારાઝ થઈને કહ્યું: તું બુઢો અને પાગલ થઈ ગયો છે. જો મને તમારા સબંધે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સોબતનો ખયાલ ન હોત તો હું તને કતલ કરી નાખતે.

અબૂઝરે કહ્યું: તું જૂઠ બોલે છે , તું મને કત્લ નથી કરી શક્તો. મને ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ ફરમાવ્યું હતું: અબૂઝર ! લોકો ન તો તને દીનમાંથી કાઢી શકશે અને ન તો તને કત્લ કરી શકશે.

આ જ પણ મારામાં એટલી બુધ્ધિ બાકી છે કે હું તને એ હદીસ સંભળાવી શકું છું , જે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ એ તારા વિશે ફરમાવી છે.

ખલીફાએ કહ્યું: તો હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ શું ફરમાવ્યું હતું?

અબૂઝરે કહ્યું કે રિસાલત મઆબ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમએ ફરમાવ્યું હતું કે જયારે અબૂલ આસના ઘરના માણસો ત્રીસ થઈ જશે તો તેઓ ખુદાના માલમાં નાજાઇઝ ખર્ચ કરશે અને ખુદાના માલને પોતાના હાથોમાં જ ફેરવતા રહેશે. લોકોને પોતાના ગુલામ બનાવશે અને ઝાલિમોને પોતાના મદદગાર બનાવશે અને ખુદાના માણસો અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના સહાબીઓ પર સિતમ કરશે.

ખલીફાએ આ હદીસ સાંભળી પોતાના સાથીઓ સામે જોઈ કહ્યું: શું તમારામાંથી કોઈએ આ હદીસ સાંભળી છે?

બધાએ કહ્યું: અમે આ હદીસ નથી સાંભળી. ત્યાર પછી હઝરત હઝરત અલી અલય્હિસ્સલામને બોલાવવામાં આવ્યા અને તેમને કહેવામાં આવ્યુ જુઓ, અબૂઝરે જનાબે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ પર કેટલુ જૂઠ બાંધ્યું છે?

હઝરત અલી અલય્હિસ્સલામએ કહ્યું: અબૂઝરને જૂઠા ન કહો કેમકે મેં રસૂલે ખુદા સલ્લલ્લાહો

અલય્હે વઆલેહી વસલ્લમથી પોતે  સાંભળ્યુ છે કે આપે ફરમાવ્યું:  “આકાશે કોઈ શખ્સ પર છાયો નથી કર્યો અને જમીને કોઈ એવા શખ્સને પોતાની પીઠ પર નથી ઉઠાવ્યો જે અબૂઝરથી વધારે સાચો હોય.”

એ પૂરો મજમો જે થોડી પળો પહેલા અબૂઝરને જૂઠલાવી ચૂક્યો હતો , બધાએ એક અવાજે કહ્યું કે અમે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને અબૂઝર વિશે આમ કહેતા સાંભળ્યા છે અને હઝરત અલી અલય્હિસ્સલામ સાચુ કહી રહ્યા છે.

અબૂઝરની આંખમાંથી અશ્રુઓ ટપક્વા લાગ્યા અને કહ્યું: લોકો તમારા પર અફસોસ છે, દુનિયાના માલ માટે ડોકો લાંબી કરી છે , અને મને જૂઠો કહો છો , અને એમ સમજો છો કે હું આ બુઢાપામાં પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના નામે જૂઠ બોલુ છું!

પછી અબૂઝરે ખલીફાને સંબોધીને કહ્યું: વારૂ ! એ બતાવ કે આપણામાંથી શ્રેષ્ઠ કોણ છે?

ખલીફાએ કહ્યું: તો તમારૂ શું ધારવું છે ? તમે મારાથી વધારે સારા છો?

અબૂઝરે કહ્યું: જી હા , એમજ છે કેમકે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વફાતથી લઈને આજ સૂધી મેં એક ઝબ્બા પર ગુઝારો ર્ક્યો છે અને મેં દીનારના બદલે દીન નથી વેચ્યો જયારે કે તમે દીનમાં ઘણીએ નવી રસમો (બિદઅતો) દાખલ કરી છે અને દુનિયાના પ્યારના કારણે તમે પોતાનો દીન ખરાબ કરી લીધો છે. તમે ખુદાના માલમાં નાજાઈઝ ખર્ચા ર્ક્યા છે. અલ્લાહ તઆલા તમારી પાસેથી તેનો હિસાબ લેશે અને મારાથી કોઈ હિસાબ નહીં લે.

## અબૂઝર જૂઠી મસ્લેહતમાં પણ માનતા નહોતા.

એક વખત કાફિરોનું એક ટોળું હઝરત રસૂલે  ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કત્લ કરવાના ઇરાદાથી માર્ગ રોકીને  બેઠું હતું. અલ્લાહ તઆલાએ કાફિરોના આ નાપાક ઇરાદાથી પોતાના હબીબને ચેતવી   દીધા હતા. તો અબૂઝરે એક કપડામાં આપને છુપાવી પોતાની પીઠ પર ઉપાડી લીધા. રસ્તામાં કાફિરોના ટોળાએ અબૂઝરને પૂછ્યું: પીઠ પર શું ઉપાડયું છે?

તેમણે કહ્યું: મેં પીઠ પર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ઉપાડયા

છે. કાફિરોએ એમ વિચાર્યું કે   અબૂઝર અમારાથી મઝાક કરે છે. ભલા એ કેવી રીતે શક્ય છે કે તે આપણને મોહમ્મદ  સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો પતો બતાવે એટલે તેઓએ અબૂઝરની કોઈ રોકથામ  ન કરી અને તેઓ ખુદાના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને સલામત લઈ ગયા.

## ખુશામદ કમીનાપણાની નિશાની છે.

કરીમખાન ઝિન્દ એક વિખ્યાત રાજકર્તા થઈ ગયો છે. તે દરરોજ સવારથી મધ્યાંતર સૂધી કચેરી ભર્યા કરતો હતો જેમાં મઝલૂમ અને પીડિત લોકોથી મુલાકાત કરતો અને અરજદારોથી અરજીઓ સાંભળતો હતો.

એક દિવસ એક કપટી શખ્સ તેમના દરબારમાં આવ્યો અને આવતાવેંત પોક મૂકી રડવા લાગ્યો અને કોઈપણ રીતે તેનું રૂદન થમતું નહોતું.

કરીમખાને કહ્યું આ દુ:ખીને થોડીવાર મારા આરામ કરવાના સ્થાનમાં બેસારો અને જયારે તે સ્વસ્થ થઈ જાય તો તેને અમારી સામે પેશ કરો.

થોડીવાર પછી તે શાંત પડયો તો તેને કરીમખાન પાસે લાવવામાં આવ્યો.

બાદશાહે પૂછ્યું: તમારા પર કોણે અત્યાચાર ક્યોં કે તમે આટલા રડી રહ્યા હતા?

તેણે કહ્યું: મારા પર કોઈએ કંઈ ઝુલ્મ નથી કર્યો. મૂળ વાત એમ છે કે હું માના પેટથી જ આંધળો છું

અને આંધળો જનમ્યો હતો અને પુરૂ જીવન અંધારામાં પસાર થયું.

કાલે હું આપના મરહૂમ પિતાના મઝાર પર ગયો અને મેં ત્યાં રોઈ રોઈને દુઆ માંગી , ત્યાં સૂધી કે રોતા રોતા મને નીંદ આવી ગઈ. ખ્વાબમાં એક બુઝુર્ગ વ્યક્તિની ઝિયારત થઈ અને તેમણે મને ફરમાવ્યું હું કરીમખાન ઝિન્દનો પિતા અબૂલ વકીલ છું. મેં તને શફા આપી અને તને દેખતો કરી દીધો છે. આમ કહી તેમણે સ્નેહભર્યો હાથ મારી આંખ પર ફેરવ્યો. પછી હું જાગૃત થઈ ગયો. જેવો હું જાગૃત થયો તો મેં પોતાને દેખતો જોયો. હવે હું

તમારી પાસે કોઈના ઝુલ્મની ફરિયાદ કરવા નથી આવ્યો બલ્કે આપના મરહૂમ પિતાના રૂહાની ચમત્કારની વાત કરવા આવ્યો છું અને આપે જે અશ્રુઓ વહેતા જોયા તે મૂળમાં આભાર દર્શનના આંસૂઓ છે.

આપના પૂજય પિતાશ્રીની આધ્યાત્મિક શક્તિના કારણે આજ હું જોવાને લાયક થઈ ગયો તો આપના દરબારમાં ચાલ્યો આવ્યો જેથી હું અરજ કરી શકું કે આ બંદો સદા આપનો વફાદાર રહેશે અને કોઈપણ પ્રકારની સેવાથી પાછીપાની નહીં કરે.

આ સાંભળી કરીમખાને હુકમ આપ્યો કે જલ્લાદને બોલાવો. તેણે જલ્લાદને હુકમ આપ્યો કે તેની આંખો કાઢી લે. દરબારમાં મૌજૂદ બધા લોકોએ માફ કરવાની અને જવા દેવાની દરખાસ્ત કરી. કરીમ ખાને લોકોના કહેવા પર તેની આંખો ન કાઢી અલબત્તા હુકમ આપ્યો કે તેને ખૂબ માર મારવામાં આવે.

જયારે તે પીટાઈ રહયો હતો ત્યારે કરીમખાન ઝિન્દે કહ્યું: આ શખ્સ જૂઠો અને મક્કાર છે. અને એ કમીના પાસે ખુશામદનું હથિયાર છે. આ બદબખ્ત એ હથિયારથી મારા પર હુમલો કરવા માંગતો

હતો. મારો બાપ જયાં સૂધી જીવતો રહયો ચોરીઓ કરતો રહયો. અને જયારે હું મારા બાહુબળથી આ સ્થાને પહોંચ્યો તો કોઈ ખુશામદખોરે તેનો મકબરો ચણાવ્યો. આજ બહેતર તો એ હતું કે હું તેની આંખો કાઢી લેત અને તે મારા બાપની કબ્રથી ફરી આંખો મેળવી લેત.

નોંધ:

આ કીતાબ જો કોઇ ભુલ દેખાઇ તો

www.hajinaji.com પર જાણ કરવા વીનંતી.

PDF CREATOR: kitabguj@gmail.com